આજની સ્ત્રીના સંઘર્ષની સંવેદનશીલ કથા

પવિત્રતાના પાયા પર

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સુધા મૂર્તિ

VISIT…

આજની સ્ત્રીના સંઘર્ષની સંવેદનશીલ કથા

પવિત્રતાના પાયા પર



JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સુધા મૂર્તિ

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.

eBook

વિરનસની બુનિપાદ જપારે હચમચે છે...

આ નવલકથાની નાયિકા મૃદુલા, જિંદગી જીવવાના ઉત્સાહ અને તરવરાટથી ઉભરાતી છે. એક દિવસ એ કર્ણાટકથી મુંબઈ આવે છે અને સંજય નામના એક ટેલેનેટેડ ડોકટર સાથે પ્રેમ થતાં બંને જણાં લગ્ન કરીને બેંગલોરમાં સ્થાયી થાય છે.

સીધી જણાતી જિંદગીના રસ્તામાં અનેક વળાંકો આવતા હોય છે. મૃદુલાના જીવનમાં પણ એક ભયાનક વળાંક આવ્યો. એ કયો વળાંક હતો? એને કયા સંજોગોમાં પતિનું ઘર છોડવું પડ્યું? શું એને એવું ઘર મળે છે, જ્યાં એ પોતાની રીતે જીવી શકે? આવા ઘરની તલાશ એને શા માટે હતી?

માનવમનના ગૂંચવાડાઓથી ગૂંથાયેલી આ નવલકથા, આજના સમાજ સામે સંબંધોની નિખાલસતા અને ગુનાઈત ભાવનાઓનું પ્રતિબિંબ રજૂ કરે છે.

આવા અનેક સવાલ-જવાબના તાણાવાણાથી ગૂંથાયેલી આ દિલધડક કથા તમને અંત સુધી જકડી રાખશે!

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સુધા મૂર્તિનો જન્મ ઉત્તર કર્ણાટકના શિગૌનમાં ૧૯૫૦માં થયો હતો. તેઓ કમ્પ્યૂટર સાયન્સમાં MTech થયાં છે અને હાલ ઇન્ફોસિસ ફાઉન્ડેશનનાં ચૅરપર્સન છે. અંગ્રેજી અને કન્નડમાં તેમનાં અનેક પુસ્તકો પ્રકાશિત થયાં છે. તેમની પાસેથી નવલકથાઓ, ટૅક્નિકલ, પ્રવાસ વર્ણન, ટૂંકીવાર્તાઓ, લેખો તથા બાળવાર્તાસંગ્રહો મળ્યા છે. મોટા ભાગની મુખ્ય બધી જ ભારતીય ભાષાઓમાં તેમનાં પુસ્તકોનાં અનુવાદો થયાં છે.

સુધા મૂર્તિને સાહિત્ય માટે આર. કે. નારાયણ ઍવૉર્ડ પ્રાપ્ત થયો છે. ૨૦૦૬માં તેમને પદ્મશ્રીથી નવાજવામાં આવેલાં. કન્નડ સાહિત્યમાં ઉત્કૃષ્ટ પ્રદાન કરવા બદલ ઈ.સ. ૨૦૧૧માં કર્ણાટક સરકાર તરફથી તેમને Attimabbe ઍવૉર્ડ એનાયત થયો હતો.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સુધા મૂર્તિનાં પુસ્તકો

- ડંડં
- મહાશ્વેતા
- ડૉલર વહુ
- મનની વાત
- મનની વાત (ભેટ આવૃત્તિ)
- સંભારણાંની સફર
- સાચને નહી આંચ
- મારે તો ચાંદો જોઈએ
- તમે જ તમારું અજવાળું
- બોરસલ્લીની પાનખર
- નોખી માટીના જીવ
- માણસાઈની થાપણ
- મજાનો વાર્તાખજાનો

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

પવિત્રતાના પાયા પર

સુધા મૂર્તિ

અનુવાદ : શ્રદ્ધા ત્રિવેદી

આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'
રૉયલ એપાર્ટમેન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Visit us at : www.rrsheth.com
Email : sales@rrsheth.com

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

PAVITRATANA PAYA PAR

Originally published in English as

'HOUSE OF CARDS'

Written by Sudha Murty

Translated into Gujarati by Shraddha Trivedi

Published by **R. R. Sheth & Co. Pvt. Ltd.**

Mumbai □ Ahmedabad

Copyright © Sudha Murthy, 2014

Gujarati Translation Copyright © R. R. Sheth & Co. Pvt. Ltd., 2014

પ્રકાશક

આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.

મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

All rights are reserved.

No part of this publication may be reproduced, stored in a retrieval system, or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording, eBook or otherwise, without the prior written permission of the publishers.

Cataloging-in-Publication (CIP)

Murthy, Sudha

Pavitratana Paya Par /Sudha Murthy;

Translated by Shraddha Trivedi

Ahmedabad : **R. R. Sheth & Co. Pvt. Ltd.** ,

240 p., 22 cm.

ISBN :

(1) English Fiction I. Shraddha Trivedi II. Title

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

અર્પણ

પીડાના પિરામિડો સહન કરી રહેલી બધી જ

મૃદુલાઓને...

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

અનુવાદક તરફથી...

સુધા મૂર્તિ જેવાં પ્રતિષ્ઠિત લેખિકાની આ નવલકથા 'House of Cards'નો અનુવાદ કરવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું તેનો આનંદ છે. આખા સમાજને સાથે રાખીને, નાયિકા મૃદુલાને કેન્દ્રમાં રાખી લખાયેલી આ નવલકથામાં નારીચેતના, નારીસંવેદના, નારીગૌરવ અને જીવનમૂલ્યોને બહુ સચોટતાથી તથા ભાવપૂર્વક વ્યક્ત કરવામાં આવ્યાં છે.

સુધા મૂર્તિનાં બાળવાર્તાસંગ્રહના અનુવાદ પછી એમની બીજી કૃતિનો અનુવાદ કરવાની તક આપી તે માટે ચિંતન શેઠનો આભાર માનું છું ને મારો આનંદ વ્યક્ત કરું છું. આ નવલકથાનું વાચન દરેક સ્ત્રી-પુરુષને વિચારતાં કરશે ને તેમની વિચારણામાં તેઓ પરિવર્તન લાવશે તો, અંતે તો તેમને જ કુટુંબજીવનનો સાચો આનંદ મળશે. એ જ આ નવલકથા લેખનની અને અનુવાદની સાર્થકતા છે.

'પવિત્રતાના પાયા પર'ને ગુજરાતી સમાજમાં મૂકતાં મને ખૂબ આનંદની લાગણી થાય છે. અસ્તુ.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

– શ્રદ્ધા ત્રિવેદી

અનુક્રમણિકા

૧. એક ગામડું

૨. તાજાં સપનાં

૩. એક રૂપાળો ચોર

૪. નિયતિ

૫. અતીતના આયનામાં

૬. બીજી તક

૭. અંતર – બે પેઢી વચ્ચેનું

૮. પ્રેમના તાણાવાણા

૯. સાથીદાર

૧૦. સાસરિયાં

૧૧. પરિવર્તનો

૧૨. અલગ મૂલ્યો

૧૩. આદર્શોનું પતન

૧૪. કૌટુંબિક મુલાકાતો

૧૫. ભ્રમમુક્તિ

૧૬. નિર્ણય

૧૭. અંતની શરૂઆત

૧૮. પૈસો પરિવર્તન લાવે છે

૧૯. ચાંદીનો ચમચો

૨૦. દુનિયાદારી

૨૧. જીવનની તડકી-છાંયડી

૨૨. મીઠો બદલો

૨૩. પત્તાનો મહેલ

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

૨૪. મૂંગું રુદન

૨૫. સંબંધો

૨૬. જિંદગી ભણી એક પગલું

૨૭. અલગતાના માર્ગે

૨૮. વધતી વેદના

૨૯. આશાનાં કિરણો

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એક ગામડું

ઉત્તર કર્ણાટકમાં એક નાનકડું ગામ છે. વસ્તી હશે પાંચથી આઠ હજારની. તેની વચ્ચે ગામની શોભા વધારતું, ગામના ગૌરવ સમું એક અતિ સુંદર તળાવ. તેના કિનારે ભગવાન હનુમાનજીનું મંદિર! ગામનું નામ 'અલાદહલી'. આ નામ કેમ પડ્યું તેની એક સરસ વાત છે. કન્નડ ભાષામાં 'અલાદમારા' એટલે વડનાં વૃક્ષો. તો 'હાલી'નો અર્થ થાય 'ગામ'. હવે આ આખોય પ્રદેશ ઘેઘૂર વડના અસંખ્ય વૃક્ષોથી છવાયેલો! તેથી તેનું નામ પડી ગયું 'અલાદહલી.'

અલાદહલી ગામની બરોબર વચ્ચે બસસ્ટૅન્ડ! ગામમાં એક જ મુખ્ય રસ્તો, મુખ્ય સડક. તેની આસપાસ લોકોનાં ઘર! મોટા ભાગના લોકો અહીં જ રહેવાનું પસંદ કરે ને નજીકનાં બે શહેરો 'હુબલી' અને 'ધારવાડ' સાથે બધો વહેવાર ચલાવે અને શહેરોના સંપર્કમાં રહે. અલાદહલીમાં રહેવાનો મોટો ફાયદો એ અહીંની નફિકરી જિંદગી, ઘોંઘાટ વગરનું અને પ્રદૂષણ વગરનું સુંદર વાતાવરણ! વળી, અહીંની શાળા એ તો એનું સૌથી મોટું આકર્ષણ! કારણ? શહેરની શાળાઓ જેવું જ ઉત્તમ શિક્ષણ અને વળી અહીં દરેક વિષય બે ભાષામાં શીખવવામાં આવે, અંગ્રેજી અને કન્નડ! વળી વિદ્યાર્થીઓની ક્ષમતા, ગુણવત્તાને આધારે જ શહેરની શાળાઓની જેમ જ તેમને ક્રમ આપવામાં આવે. આ શાળામાં ભીમાણ્ણાની દીકરી મૃદુલા ભણે છે, અને શાળાના હોંશિયાર વિદ્યાર્થીઓમાં તેનો ગણના થાય છે. તેના બુદ્ધિ-ચાતુર્યને કારણે તે ખૂબ જાણીતી છે.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ભીમાણ્ણાનું કુટુંબ ખૂબ સમૃદ્ધ છે. તેઓ વિશાળ ફળદ્રૂપ જમીન ધરાવે છે. તેમના પૂર્વજોનું ઘર ઘણું જૂનું અને મોટું છે. ઘરની પાછળનો વાડો જાતજાતનાં શાકભાજી અને ફૂલફળોનાં છોડથી લીલોછમ્મ છે. વાડામાં જૂઈની ઘણી વેલીઓ છે. મૃદુલાના વાળ કાળા ભમ્મર, લાંબા અને ભરાવદાર છે. વળી તે વાળનો ચોટલો ગૂંથી, તેમાં ફૂલ નાંખ્યા વગર ક્યારેય ઘરની બહાર જતી નથી. તેને ફૂલોનો એટલો શોખ છે કે તે ફૂલ નાંખ્યા વગર ઘરનો ઉંબરોય ઓળંગતી નથી.

ભીમાણ્ણાની પત્ની રુક્માબાઈ કે રુક્મિણીનું પિયર બાજુનું જ ગામ! સ્વભાવે તે ભીમાણ્ણા કરતાં એકદમ જુદી. ભીમાણ્ણા કરતાં ઓછી વાતોડિયણ! તેમને બે બાળકો : કિરણ અને મૃદુલા.

જ્યારે કિરણનો જન્મ થયો ત્યારે ભીમાણ્ણાને પુત્રનું નામ હનુમાન રાખવું હતું. પણ રુક્માબાઈએ તેને કિરણ કહીને બોલાવવા માંડ્યો. થોડા સમય બાદ, પત્નીની તીવ્ર ઇચ્છા સામે ભીમાણ્ણા ઝૂકી ગયો અને તે પણ કિરણ કહીને બોલાવવા લાગ્યો. ત્રણ વર્ષ બાદ મૃદુલાનો જન્મ થયો, ત્યારે તેણે પોતાની ઇચ્છા પ્રમાણે જ કર્યું. તેણે કોઈ નવલકથા વાંચી હતી, તેમાં નાયિકાનું નામ 'મૃદુલા' હતું. ત્યારથી તેને એ નામ

ખૂબ ગમી ગયેલું. વળી કર્ણાટકના આ પ્રદેશમાં 'મૃદુલા' એ થોડું નવું નામ હતું. તેથી ભીમાણ્ણાએ આગ્રહ રાખ્યો કે દીકરીને 'મૃદુલા' નામે જ બોલાવવી.

મૃદુલા નાનપણથી ખૂબ તેજસ્વી! રુક્માબાઈ લોકોને વારંવાર કહેતી કે મૃદુલાને બુદ્ધિચાતુર્યનો વારસો પોતાના પિયરના કુટુંબ પાસેથી મળ્યો છે. આવા દરેક પ્રસંગે, વાચાળ ભીમાણ્ણા લગભગ શાંત રહેતો.

હનુમાન મંદિરની સામે વિશાળ વડ છે. મૃદુલા એ વડની નીચે ઝૂલા પર બેસતી.

ફેબ્રુઆરી કે માર્ચ મહિનો કન્નડા લોકોના નવા વર્ષનો એટલે કે ઉગડીના તહેવારનો સમય ગણાય. હજી ઉનાળાની માંડ શરૂઆત હોય, આંબાના ઝાડ પર લાલાશ પડતા લીલાં પાંદડાં હોય, નવી મંજરીઓ મહોરતી હોય ને કોયલના 'કુહુ... કુહુ...કુહુ' ટહુકાથી વાતાવરણ આનંદમય હોય! ગામનું એકેએક માણસ નવા વર્ષના સ્વાગતની તૈયારીમાં લાગી ગયું હોય!... પણ હનુમાન મંદિર પાસે તો નરી શાંતિ! નીરવતા!

પણ મૃદુલાને તો કશું જ ન સ્પર્શે! એ તો પોતાની મસ્તીમાં કશી જ ચિંતા વગર, કોઈપણ જાતની માથાકૂટમાં પડયા વગર, મુક્ત મને ઝૂલા પર ઝૂલી રહી છે. તે ખૂબ ખુશ છે.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મૃદુલા અન્ય જેવી નથી. તેની પ્રકૃતિ સામાન્ય યુવતી કરતાં જુદી છે. ઝૂલા પર ઝૂલતાં ઝૂલતાં તે પોતાનું ઘર જોઈ શકે છે. જીવનમાં તેને અખૂટ રસ છે, ખૂબ ઉત્સાહ છે. વાંચવાનો, રસોઈનો અને ચિત્રકળાનો જબરો શોખ છે. જીવનની પ્રત્યેક ક્ષણને તે ભરપૂર રીતે, સફળ રીતે માણવા ઇચ્છે છે. સૂરજ જાણે તેને માટે જ ઊગતો હોય તેમ એ માનતી, અને મેઘધનુષના રંગો તેને માટે કોઈક નવો જ કલ્પના-પ્રદેશ ઉઘાડતા. દરેક દિવસ તે પૂરા દિલથી જીવતી અને દરેક સુંદર ક્ષણ તે આનંદમાં વિતાવતી.

* * *

વર્ષો પસાર થયાં. કુટુંબ સમૃદ્ધ અને સુખી બનતું ગયું. ભીમાણ્ણાએ બધી જ આધુનિક સુખસગવડોથી ઘર સજાવ્યું.

દરમિયાન નાનકડી મૃદુલા મોટી થવા લાગી અને શાળામાં અવ્વલ રહેવા લાગી. દસમા ધોરણમાં તો તે પ્રથમ આવી. તેના શિક્ષકોએ તેને આગ્રહપૂર્વક કહ્યું કે તેણે મેડિકલ કે એન્જિનિયરિંગમાં જવું જોઈએ, પણ મૃદુલા એ વાતમાં સંમત નહોતી. સમાજમાંના પોતાના મોભાને કારણે ભીમાણ્ણા કોઈ નિર્ણય લેતા નહીં. તેથી તેમણે નિર્ણય લેવાનું મૃદુલા પર છોડયું અને તેણે શિક્ષક થવાનો આગ્રહ રાખ્યો. પણ રુક્માબાઈ થોડાં અવઢવમાં હતાં. તેમનો ભાઈ સત્યબોધ હુબલીમાં બૅન્કમાં ઑફિસર હતો. તેને સરલા નામની એક દીકરી. જે મૃદુલાથી છ મહિના જ મોટી હતી અને મૃદુલા જેટલી

બુદ્ધિશાળી પણ નહોતી ને તોય તેણે હુબલીમાં એન્જિનિયરિંગમાં ભણવાનું શરૂ કર્યું હતું. ભીમાણ્ણાએ રુક્માબાઈને સમજાવતાં કહ્યું : 'સમય હવે બદલાઈ ગયો છે. તમે તમારાં સંતાનોને એમ ન કહી શકો કે તું વકીલ થા કે તું ડૉક્ટર થા કે અમારી પસંદગીની વ્યક્તિ સાથે લગ્ન કર. ભણતર અને લગ્ન બાબતે આપણે બાળકોની ઇચ્છા પ્રમાણે જ કરવું જોઈએ, એ તેમનો અધિકાર છે. આખરે એમનું જીવન એમણે જીવવાનું છે, અને એ અંગેના નિર્ણયો કરવાનો એમનો અધિકાર છે. તેમને તેમની જાતે જ નિર્ણય લેવા દેવો જોઈએ.'

મૃદુલા વિશે કંઈ વિચારવાનું હોય ત્યારે ભીમાણ્ણા પોતાના અભિપ્રાયમાં બાંધછોડ કરતા. મૃદુલા તેમનું જીવન જ નહીં, તેમનો પ્રાણ હતી. લોકો જ્યારે મૃદુલાને પૂછે કે, તું માતાની લાડલી છે કે પિતાની? ત્યારે મૃદુલા કહેતી, 'હું મારી માની લાડલી દીકરી છું અને મારા પિતાની દુનિયા છું.'

મૃદુલાને પોતાનાં બાળપણમાં પિતા સાથે કરેલા સંવાદો અને વાતચીતો હજી યાદ છે. ગામમાં જ્યારે કોઈ પ્રાણી માંદું પડતું ત્યારે એના પિતા તરત જ પોતાના વાડામાંથી ઉપયોગી વનસ્પતિ લઈ ત્યાં પહોંચી જતા ને પ્રાણીની સારવાર કરવા માંડતા. સારવાર કર્યા બાદ, ભીમાણ્ણાને તેની ફી રૂપે લોકો એક વાટકો ભરીને ભાત અને ગોળ આપતા તથા પાંચનો સિક્કો આપતાં. પ્રાણીની સારવાર કર્યાનો એક પણ પૈસો તે પોતે નહોતા લેતાં. તેમને મળેલા સિક્કા, ભગવાન હનુમાન પાસે તે મૂકતા અને કહેતા : 'મૃદુલા, આ ભાત, ગોળ અને કોપરું આ બધું તું સરસ રીતે ચોળીને ભેળવી દે. પછી તેમાં થોડું ઘી રેડી ગાયોને ખવડાવ. તેમને માટે આ ખૂબ પૌષ્ટિક છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મૃદુલા જ્યારે કોઈ કામ કરવાનું નક્કી કરે ત્યારે તેના પિતા તેને પૂછતા : 'બેટા! તને ખબર છે કે ભગવાને માણસને શા માટે વાણીની, બોલવાની શક્તિ આપી છે ને પશુઓને નથી આપી?'

મૃદુલા બાળસહજ જવાબ દેતી : 'બોલવા માટે, વાતો કરવા માટે.'

'ના, બેટા, ના. માત્ર વાતો માટે જ નહીં, પણ સુખ-દુ:ખની વહેંચણી કરવા માટે. તેથી તારા જીવનમાં જ્યારે કોઈ મુશ્કેલી આવે કે તને આનંદ થાય તેવો કોઈ પ્રસંગ બને, તો તે તારે બીજા સાથે વહેંચવો જોઈએ. પણ આ બાપડાં પ્રાણીઓ વિશે તું વિચાર કર. બિચારાં કોઈનીએ સાથે પોતાની મુશ્કેલીની વાત તેઓ કરી શકતાં નથી! પોતાનું દુ:ખ કોઈ પાસે રજૂ કરી શકતાં નથી! તેમણે પોતે એકલાએ જ તે સહન કરવું પડે છે. મૃદુલા, તું એક વાત યાદ રાખજે કે તારે ક્યારેય કશું છુપાવવું ના જોઈએ. ખુલ્લા દિલે બધું વ્યક્ત કરવું જોઈએ, ક્યારેય કશું છુપાવતી નહીં. છુપાવવું એ પાપ છે.'

મૃદુલા પિતાની આવી બધી વાતો ખૂબ ધ્યાનથી સાંભળતી.

તે આવા મૈત્રીભર્યા, પ્રામાણિક અને ઉમદા વાતાવરણમાં ઊછરેલી તેથી તે બહિર્મુખી પ્રકૃતિની થઈ. પિતાની જેમ જ એ ભલી અને પરગજુ હતી, અને બીજાને મદદ કરવા તે હંમેશાં તૈયાર રહેતી.

માતા-પિતાના સહકારથી તે રોજ હુબલી જતી-આવતી, ભણતી અને ખૂબ સારા કરમે તે બી.એ. થઈ. તરત જ તેને ગામની સરકારી શાળામાં નોકરી પણ મળી ગઈ. પણ કિરષ્નને પોતાનો અભ્યાસ પૂરો કરવામાં ઘણો સમય લાગ્યો. ડિગ્રી મેળવવામાં તેણે ખૂબ વિલંબ કર્યો. તેણે નક્કી કર્યું કે નોકરીને બદલે પોતે કુટુંબનાં ખેતરો સંભાળશે.

ભીમાણ્ણા તેના આ નિર્ણયથી ખૂબ રાજી થયો. કારણ કે હવે કિરષ્ન ખેતરોનું ધ્યાન રાખશે તો પોતાને સમાજસેવા કરવાનો વધારે સમય મળશે. પરિણામે, હવે તે લગ્ન બાબતની સલાહો આપવાના કામમાં, શોકસભાઓમાં, ખરખરો કરવામાં કે પંચાયતની ચર્ચાઓમાં વધુ ને વધુ સક્રિય રહેવા લાગ્યો. તેમનો સમય આવી પ્રવૃત્તિઓમાં વધુ પસાર થવા લાગ્યો.

તો બીજી બાજુ હવે રુક્માબાઈને મૃદુલાના લગ્ન બાબતે ચિંતા થવા લાગી. એક દિવસે તેણે કહ્યું : 'મૃદુલા હવે બાવીસ વર્ષની થઈ. મારા ભાઈએ તો સરલા માટે મુરતિયો શોધવાનું શરૂ પણ કરી દીધું. તેમને માટે વળી સારી બાબત તો એ છે કે તેઓ એક મોટા શહેરમાં રહે છે. પરંતુ હુબલીમાં ઘણા બધા સારા છોકરાઓ યોગ્ય પત્નીની શોધમાં ચાલે છે. પણ કોઈનેય ખબર નથી કે આપણી દીકરી અહીં અલાદહલીમાં છે. તો મહેરબાની કરીને હવે આળસ છોડો અને કોઈ યોગ્ય મુરતિયો શોધો.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

રુક્માબાઈની વાત સાંભળી ભીમાણ્ણા હસવા લાગ્યો : 'સાંભળ! તારી ભત્રીજીમાં ઘણી ખામીઓ છે. તે સુંદર નથી. વળી તે પરદેશ રહેતા છોકરાને જ પરણવા ઇચ્છે છે, જ્યારે મૃદુલાને આવા કોઈ આગ્રહો નથી. વળી આપણી દીકરી સુંદર છે. તને જણાવું કે અર્જુન સાએ એવું ભવિષ્ય ભાખ્યું છે કે મુરતિયો લગ્ન માટે મૃદુલાનો હાથ માંગવા સામેથી આવશે.'

અર્જુન સા બદની એ હુબલીના જાણીતા જ્યોતિષી છે. ભીમાણ્ણાનો આ જવાબ સાંભળી રુક્માબાઈએ ગુસ્સે થઈ હાથમાં જે આવ્યું તે વાસણ લઈને ભોંય પર જોરથી ફેંકી ગુસ્સામાં પૂછ્યું : 'તમારા મિત્રે બીજી કઈ કઈ ભવિષ્યવાણી કરી છે એય કહોને!'

ગુસ્સે ભરાયેલી પોતાની પત્નીને શાંત પાડતાં ભીમાણ્ણાએ કહ્યું : 'આમ વાસણ પછાડ નહીં. મારાં દાદીએ આપ્યું છે. રુક્મા, થોડીવાર તારું કામ બાજુએ મૂક ને મારી વાત સાંભળ. મારા મિત્ર બદનીએ એમ પણ કહ્યું હતું કે લગ્ન બાદ તેનો પતિ ખૂબ સમૃદ્ધ થશે. તમે એની જરાય ચિંતા કરશો નહીં.'

‘તો શું આપણે આવી ભવિષ્યવાણી પર આધાર રાખીને બેસી રહેવાનું? કોઈ પ્રયત્ન જ કરવાનો નહીં? તેને યોગ્ય એવા સારા યુવકની શોધ કરવી એ આપણી ફરજ છે. આવી કોઈ ભવિષ્યવાણીને આધારે શું તમે એને કોઈ ભિખારી સાથે પરણાવી દેશો?’

‘અરે જો કદાચ તે ભિખારી હશે તો પણ આપણી દીકરી તેને સમૃદ્ધ કરી દેશે.’ આમ કહી ભીમાન્ના ઊભો થયો અને વાતાવરણને હળવું કરવાના હેતુથી તે પાડોશીના ઘર તરફ ગયો.

ધાર્યા પ્રમાણે જ થયું. રુક્મા આ બધી માથાકૂટ થોડી જ ક્ષણોમાં ભૂલી ગઈ ને બગીચામાં પોતાનાં કામે વળગી.

ભીમાન્નાના ઘરની બરોબર સામે, લગભગ સિત્તેર વર્ષનાં વૃદ્ધા ચંપાબાઈ કામીટકર રહે છે. તેમનાં ઘરના પાછલા વાડામાં મોટો બગીચો છે અને જાતજાતનાં ફૂલોથી ભરેલો છે. એકે એક છોડ તેમને પંડના બાળક જેટલો વહાલો છે. છોડને પાણી પાવું, નિંદામણ કાઢવું, ફૂલો ચૂંટવા – આ બધાં કામમાં તેમના રોજના ત્રણ-ચાર કલાક તો સહેજમાં પસાર થઈ જાય. તેમણે જાતજાતનાં ફૂલો-છોડ ઉછેરેલાં, આવાં રંગબેરંગી ફૂલો પુષ્કળ પ્રમાણમાં ઊતરતાં પણ સમ ખાવા જેવું એકેય ફૂલ તે પોતાના માટે નહોતાં વાપરતાં. એ તો આ બધાં ફૂલો શેરીનાં બધાં ઘરોમાં પહોંચી દેતાં.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ચંપાબાઈના પતિ તો વર્ષો પહેલાં અવસાન પામ્યા હતા. તે વિધવા હતાં. વળી તેમને એકેય બાળક નહોતું. આથી તેમણે ચંદ્રકાન્ત નામના ભત્રીજાને દત્તક લીધો હતો. તેણે પ્રાથમિક શિક્ષણ અલાદહલીમાં જ લીધું હતું ને પછી ઉચ્ચ શિક્ષણ મેળવવા તે ધારવાડ ગયો. એ પછી તે મુંબઈમાં મેડિકલનું ભણ્યો અને પરદેશ ગયો. થોડાં વર્ષો બાદ તે પાછો આવ્યો અને મુંબઈની જ એક યુવતીને પરણ્યો. છેવટે તેણે પોતાની હૉસ્પિટલ ખોલી અને ત્યાં જ સ્થાયી થયો.

કાકી પાસે તે અવારનવાર આવતો ને પોતાની સાથે મુંબઈ આવીને રહેવાનું કહેતો. પણ કાકી હંમેશાં ના પાડતાં ને કહેતાં : ‘ચંદ્રુ, અલાદહલી મારે માટે સ્વર્ગ સમાન છે. અહીંના લોકો સ્વભાવે ખૂબ સરળ ને માયાળુ છે. આ અમારો ભીમાન્ના મારા દીકરા જેવો છે. હવે આ ઉંમરે હું મુંબઈની ભીડ સહન ન કરી શકું. ત્યાંનો ઘોંઘાટ તો તોબા-તોબા!’

જુદાં જુદાં શહેરોમાં રહેતી બહેનો પ્રત્યે ચંપાબાઈને ખૂબ લાગણી! તેથી તેમને મળવા તે ઘણી વાર જતાં. તેમના આ પ્રવાસ દરમિયાન મૃદુલા તેમના બગીચાની સુંદર સારસંભાળ રાખતી. ચંપાબાઈ આના પ્રતિભાવ રૂપે ઢગલો ફૂલો આપી પોતાની આભારની લાગણી દર્શાવતાં.

❑

તાજાં સપનાં

મુંબઈની KEM હૉસ્પિટલમાં કામ કરતા ડૉ. સંજયે સાંજના છના ટકોરા સાંભળ્યા કે, એક ઝાટકે તે વાસ્તવિક દુનિયામાં આવી ગયા. તેમને યાદ આવ્યું કે એ સાંજે તેમણે ટ્રેનમાં મુસાફરી કરવાની છે. અંતર્મુખી પ્રકૃતિવાળા ડૉ. સંજય પોતાનાં કામ પ્રત્યે ખૂબ નિષ્ઠા, ઝનૂન ધરાવતા હતા. પોતાનાં કામમાં એ ડૂબી જતા. એ જ તેમની ભક્તિ હતી. જ્યારે તે કામ કરતા, ત્યારે તે દુનિયાની બધી બાબતો ભૂલી જતા. કામમાં આવી એકાગ્રતા કે સમર્પિતતાને કારણે ઘણા પ્રસંગોએ તેઓ બપોરનું કે સાંજનું ભોજન ચૂકી જતા. પણ આજે તેમને ટ્રેન પકડવાની હતી ને વળી તે ચૂકી જવાય તે પોસાય તેમ નહોતું. તેથી તેમણે OPD (બહારના દર્દીઓનો વિભાગ)નાં સિસ્ટર ઇન્દુમતીબહેનને કહી રાખેલું કે પોતાને યાદ કરાવે. તેમણે યાદ કરાવ્યું પણ ખરું ને તોય તે ભૂલી ગયા. અને જ્યારે યાદ આવ્યું કે તરત જ વૉશબેઝિનમાં પોતાના હાથ ધોવા લાગ્યા, જેથી કરીને બધું આટોપીને, વ્યવસ્થિત કરીને તે નીકળી શકે.

મુંબઈમાં ડૉ. સંજયને જો કોઈ સાથે અંગત સંબંધ હોય તો તે સિસ્ટર ઇન્દુમતી સાથે. માથે સફેદ જેવા રાખોડી વાળ ધરાવતાં તે પ્રૌઢ વયનાં હતાં. તે સંજય સામે વહાલભર્યું હસતાં અને જેમ કોઈ મા પોતાનાં સંતાનને વઢે તેમ વઢતાં : 'સંજય, તારી ઢીલાશ જોઈને તો એમ લાગે છે કે તું લગ્નને માંડવે પણ સમયસર માંડ પહોંચી શકીશ અને મને ખાતરી છે કે ત્યાં સુધીમાં તો તારી નવવધૂ બીજા કોઈને પરણી ચૂકી હશે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

હળવાશથી જ તેમણે આગળ કહ્યું : 'હું તને બરોબર ઓળખું ને! તેથી જ મેં તારો બધો સામાન ડૉ. ઍલેક્ષ સાથે રેલવે સ્ટેશને પહોંચાડી દીધો છે. તેણે કહ્યું છે કે તારો કમ્પાર્ટમેન્ટ (ડબ્બા) નંબર એ-૧૭ છે ને હવે તું ભાગ. દોડ.'

સંજય આભારદર્શક સ્મિત કરીને ઝડપથી નીકળી ગયો.

ડૉ. એલેક્ઝાન્ડર એ જ હૉસ્પિટલમાં સંજયના સહકર્મચારી! તે શ્યામ, પ્રતિભાશાળી, ચતુર અને સુઘડ વસ્ત્રો પહેરનારા અને ઉત્તમ વક્તા તરીકે જાણીતા અને લોકોમાં પ્રિય હતા. તે ગોઆના વતની હતા. અત્યારે સંજયવાળી ટ્રેનમાં એ લોન્ડા સ્ટેશન સુધી મુસાફરી કરવાના હતા. ત્યાં તે તેમનાં કાકીને મળીને પછી પણજી જવાના હતા.

ડૉ. સંજય મુંબઈના VT સ્ટેશને ઝડપથી પહોંચી ગયા. પ્લૅટફૉર્મ ખીચોખીચ હતું, મુસાફરો કરતાં પ્લૅટફૉર્મ પર બમણા માણસો હતા. દરેક જણ કશામાં વ્યસ્ત છે. કોઈ ગાડીની રાહ જોઈ રહ્યું છે તો કોઈ પોતાના આપ્તજનને 'આવજો', 'આવજો' –

કહી શુભેચ્છાથી વિદાય આપી રહ્યું છે. ગાડી લગભગ પ્લૅટફૉર્મ છોડવાની તૈયારીમાં હતી ત્યાં જ સંજય દોડવીર પી.ટી. ઉષા કરતાંય ઝડપથી દોડીને પોતાના ડબ્બા સુધી પહોંચ્યો. તેણે સમયસર પહોંચીને છેવટે ગાડી પકડી ખરી!

હાંફળોફાંફળો થયેલો સંજય છેવટે સાચા ડબ્બામાં પહોંચ્યો અને ઍલેક્ષની સામે બેઠો. શ્વાસ હેઠો બેસતાં સંજયે ચારેબાજુ નજર ફેરવી અને તેને આટલા ઓછા માણસોને જોઈને નવાઈ લાગી. પછી તેને ઓછા ધસારાનું કારણ સમજાયું. શાળાઓનું ઉનાળુ વૅકેશન પૂરું થયું છે ને તે ફરી ખૂલી ગઈ છે. સ્વસ્થ થયા બાદ તેને વિચાર આવ્યો કે આપણું જીવન કેટકેટલી ચિંતાઓથી ભરપૂર છે! આપણે જાતજાતના પ્રશ્નો – સમસ્યાઓ સાથે જીવીએ છીએ ને આપણે ઉત્તમ રીતે શીખીએ છીએ કે તેના ઉપર કેવી રીતે કાબૂ મેળવવો! પછી તો તે પોતે પોતાના વિચારોમાં ખોવાઈ ગયો.

ઍલેક્ષે સિગારેટ સળગાવી અને પૂછ્યું : 'સંજય! તું હુબલી કેમ જાય છે? સામાન્ય રીતે તો તું ખાસ મુસાફરી કરતો નથી.'

બાજુમાં બેઠેલાં એક બહેનને સિગારેટના ધુમાડાનો અણગમો હોવાથી તેમણે પોતાનું નાક હાથ-રૂમાલથી ઢાંકી દીધું. પણ ઍલેક્ષે એ તરફ જરાય ધ્યાન ન આપ્યું. તેણે તો સિગારેટ પીવાનું અને સંજય સાથે વાતો કરવાનું ચાલુ જ રાખ્યું.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજયે સંકોચપૂર્વક જવાબ આપ્યો, 'મારા મિત્ર સંતોષના લગ્ન છે.'

'હું નથી માનતો કે માત્ર લગ્નમાં હાજરી આપવાના હેતુથી જ તું ત્યાં જતો હોય. કારણ, આ અઠવાડિયે તો તારા ઉપર કામનું કેટલું બધું ભારણ છે! શું તારે ત્યાં અણવર (વરના ખાસ મિત્ર) બનવાનું છે? કે પછી કોઈ સુંદર યુવતી સાથે તેં મુલાકાત ગોઠવી છે?' ઍલેક્ષે હસતાં હસતાં કહ્યું.

'ઍલેક્ષ, આપણે ત્યાં લગ્નપ્રસંગે આ અણવર થવાનો જે રિવાજ છે એ, મને સમજાતો નથી. સંતોષ મારો મિત્ર છે. પણ હું વર્ષો થયાં એને મળ્યો નથી. કારણ તે અત્યારે અખાતી પ્રદેશો (મિડલ ઇસ્ટ)માં સ્થાયી થયો છે.

'તું હુબલી કેટલા દિવસ રહેવાનો છે? તું ગોઆ કેમ નથી આવતો? ગોઆ આવ, આપણે મજા કરીશું.''

'ના, હું નહીં આવી શકું. એક તો હું થોડા દિવસ જ રહેવાનો છું. વળી એ સ્થળની આસપાસ રહેતા તેમના કોઈ સ્વજન માટે પ્રો. જોગે મને સંપેતરું આપ્યું છે. તે મારે પહોંચાડવાનું છે.'

ડૉ. ચંદ્રકાન્ત જોગ GS મેડિકલ કૉલેજમાં એક ગાયનેકૉલૉજી (સ્ત્રીરોગ ચિકિત્સા)ના પ્રાધ્યાપક છે. સંજય તેમના મદદનીશ છે. સંજયને સામાન્ય રીતે કોઈ

લગ્નપ્રસંગમાં જવું ગમતું નહીં, પણ સંતોષે તેને તેના કપરા સમયમાં ખૂબ મદદ કરી હતી.

ગાડીએ ગતિ પકડી અને ખૂબ ઝડપથી દોડવા લાગી. પવનની ઠંડી લહેરો સંજયના ચહેરા પર અથડાવા લાગી. તે ખૂબ થાકી ગયો હતો, તેથી બરડાને આરામ મળે તે રીતે તે પાછળ ટેકવીને બેઠો. તેણે ઍલેક્ષને પૂછ્યું, 'શું ગોઆ જવા પાછળ તારે કોઈ ખાસ કારણ છે?'

'હા, હા. ચોક્કસ વળી. હું મારાં મમ્મી-પપ્પા અને ગર્લફ્રેન્ડ અનિતાને મળવા ઇચ્છું છું. આવતે મહિને હું મિડલ ઇસ્ટ (અખાતી પ્રદેશો) જવાનો છું. હું કંઈ તારા જેવો વૈરાગીબાવો નથી. અનિતા મને મારા સપનામાં પણ મળવા આવે છે.'

સંજય શાંત રહ્યો. થોડીવારે તેણે કહ્યું : 'તારે અહીં સારી નોકરી છે. વળી આવતી સાલ તો તને અનુસ્નાતકમાં પ્રવેશ મળી જશે. તો પછી મિડલ ઇસ્ટમાં જવાનું કારણ શું? ગોઆ ભલે નાનું રાજ્ય છે પણ તેમાં બે મેડિકલ કૉલેજો છે. તારો અનુસ્નાતકનો અભ્યાસ પૂરો થાય પછી તને બેમાંથી કોઈ એકમાં તો નોકરી મળી જ જશે.'

'અરે બાપરે! સાંભળ, સંજય! અહીં કોને પ્રાધ્યાપક બનવું છે? હું તો ખૂબ પૈસા કમાવા ઇચ્છું છું. જો તું ભારતમાં રહી સરકારી નોકરી કરી પૈસા કમાવા માંગતો હોય તો તારે ભ્રષ્ટાચાર કરવો જ પડે. પણ જો હું માત્ર ચાર જ વર્ષ મિડલ ઇસ્ટ – અખાતી પ્રદેશોમાં સખત મહેનત કરું તો હું એટલું કમાઈ શકું કે ત્યાંથી પાછા આવી અહીં મારી એક હૉસ્પિટલ ખોલી શકું. હું સિક્કાનો વરસાદ પાડી શકું, ટંકશાળ ખડી કરી દઉં.' સંજયે કુતૂહલતાપૂર્વક પૂછ્યું : 'તને ખાતરી છે કે તું ત્યાંથી પાછો આવે ત્યાં સુધી અનિતા તારી રાહ જોશે?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ઍલેક્ષ હસતો રહ્યો ને બારી બહાર જોતો રહ્યો.

ગાડી કરજત સ્ટેશને પહોંચી. ઍલેક્ષે બટાકાવડા વેચતા છોકરાને બોલાવ્યો. એ છોકરાએ કહ્યું કે, બટાકાવડા તાજા ને ગરમાગરમ છે. પણ તેણે સંજયને તો સાવ ઠંડુંગાર બટાકાવડું આપ્યું. પણ સંજય જરાય અકળાયો નહીં. તેણે કહ્યું : 'દોસ્ત, આ વડા તો સાવ બરફના ટુકડા જેવા છે. અમને જરા ગરમાગરમ કંઈક આપ.'

'જો એવું જ હોય તો તમે મારા શેઠનું માથું જ લઈ લો. તે હંમેશાં ગરમ હોય છે. પણ અત્યારે તો મને પાંચ રૂપિયા આપો.'

ઍલેક્ષ હસી પડ્યો ને તેણે પેલા છોકરાને પૈસા આપી દીધા. પણ સંજય ગંભીર થઈ ગયો. તે પેલા ગરીબ છોકરાની લાચારી, પરવશતા વિશે વિચારવા લાગ્યો. ગાડી ફરી ચાલવા લાગી અને આખા ડબ્બામાં બટાકાવડાની સોડમ ફેલાઈ ગઈ.

થોડી જ વારમાં સાંજના ભોજનનો સમય થયો. રેલવે કૅન્ટીનના બે કર્મચારી છોકરાઓ ઑર્ડર લેવા આવ્યા. ઍલેક્ષે પોતાના માટે બિનશાકાહારી અને સંજય માટે શાકાહારી ભોજનનો ઑર્ડર આપ્યો. પણ સંજયને લાગી આવ્યું. અનિતા સંદર્ભે તેણે પૂછેલા પ્રશ્નનો જવાબ ઍલેક્ષે નહોતો આપ્યો. ખરેખર તો પોતે જ આવો અંગત પ્રશ્ન પૂછવો નહોતો જોઈતો. એકાએક ઍલેક્ષે કહ્યું : 'અનિતા વધુમાં વધુ એક વર્ષ રાહ જોઈ શકે. મેં જ એને કહ્યું છે કે એનાથી વધારે તેણે રાહ ન જોવી. આપણે વ્યવહારુ થવું જોઈએ. જો આપણે વધુ પડતાં ભાવુક, લાગણીશીલ બની જઈએ તો સુખી જીવન જીવવું મુશ્કેલ થઈ જાય. આપણે સુખી ન થઈ શકીએ.'

'તું અનિતાને ક્યાં મળ્યો હતો?'

'માપુશા ચર્ચમાં. હું મારા મિત્ર માર્ક્ષના લગ્નમાં અણવર હતો અને અનિતા નવવધૂની ખાસ સખી હતી. એ વખતે મેં તેને પ્રથમ વાર જોઈ. પછી હું નવા વર્ષની ઉજવણી વખતે તેને ફરી મળ્યો. ગોઆની કૅથલિક સોસાયટીનો ખૂબ ખૂબ આભાર કે તેઓ વારંવાર આવા પ્રસંગો ગોઠવતા અને અમે મળી શકતાં અને પછી તો અમારી મૈત્રી ખૂબ ઝડપથી ગાઢ બનતી ગઈ.'

'શું તે પણ ગોઆની છે?'

'ના, એ તો મેંગલોરની છે. જે તારા કર્ણાટકમાં છે.'

'ઓહ! સરસ!'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ગાડીની બહાર ગાઢ અંધારું જામતું હતું. ઍલેક્ષ અનિતા વિશે વિચારતો હતો કે, 'અનિતા ગોઆની અન્ય છોકરીઓ જેવી નથી, પણ અલગ જ વ્યક્તિત્વવાળી છે.'

છેલ્લાં બે વર્ષથી તે ગોઆની રાજધાની પણજીમાં રહે છે અને તેના મામા ફ્રેડી રોડરીક સાથે કામ કરે છે. જ્યારે તે બી.એ. થઈ ત્યારે તેને તેના મામાએ પૂછેલું : 'આખો દિવસ ઘરમાં બેસી રહી તું શું કરીશ? હું એક એ.બી.સી. ફાર્માસ્યુટિકલ કંપનીમાં વિક્રેતા તરીકે કામ કરું છું. તો તું ત્યાં આવી મને મદદ ન કરી શકે?' તેનાં મામીએ પણ તેને આગ્રહ કર્યો. તેથી અનિતાએ મામાની ઑફિસમાં કામ કરવા માંડ્યું.

ખરેખર તો તેને ગોઆ લાવવાનું કારણ એ હતું કે તેનાં મામા-મામી તેનો પરિચય યુવાન અને યોગ્ય મુરતિયાઓ સાથે થાય એવું ઇચ્છતાં હતાં. અનિતા એક સારી ગાયિકા હતી ને ચર્ચમાં તે હંમેશાં પ્રાર્થનાઓ ગાતી. તેને ભણવામાં ખાસ રસ નહોતો. જોકે તેણે બી.એ.ની ડિગ્રી તો મેળવી લીધી હતી, પણ તેના મુખ્ય રસનું ક્ષેત્ર તો હતું ઘરની અંદરની સાજસજાવટ અને સુશોભનનું. તે તેના મામાની ઑફિસમાં નિષ્ઠાપૂર્વક ઘણું કામ કરતી, પણ તે વધારે મહેનત તો મામીના ઘરની સજાવટમાં કરતી. અનિતા કોઈ છોકરાના પરિચય માટે ક્યારેય સામેથી પહેલ નહોતી કરતી. માર્ક્ષના

લગ્ન વખતે ઍલેક્ષે જોયું કે અનિતા નવવધૂ કરતાં પણ ખૂબ સુંદર લાગતી હતી અને તેની આંખો જાણે તેના પર ચોંટી ગઈ. તે ગોરી હતી અને તેના વાળ ઘાટા ચમકદાર હતા. ઘણા યુવાન છોકરાઓ તેને મળવા માંગતા હતા.

ઍલેક્ષ હસ્યો. તેણે ભલે સંજયને એવું કહ્યું કે અનિતા તેની ગર્લફ્રેન્ડ છે અને પોતે તેને જ પરણશે. તેને યાદ આવ્યું કે તેનો ફોન નંબર મેળવવા અને તે ક્યાં, ક્યારે, કેવી રીતે બહાર જાય છે ને આવે છે તે બધું જાણવા પોતે કેવા આડાઅવળા રસ્તા અપનાવ્યા હતા! તે કોઈ પણ કારણ વગર અનિતાના મામા ફ્રેડીના ઘરે ગયેલો અને કલાકો સુધી બેઠેલો. તેને ડર હતો કે કોઈ યુવાન તેનાથી રખેને વહેલો પહોંચી જાય અને અનિતા સાથે ગોઠવાઈ જાય તો? પણ ફ્રેડી મામા ખૂબ ચતુર હતા. તેમણે સૂચવ્યું: 'અરે યાર, તું ચિંતા નહી કર... તું તેને પાર્ટીઓમાં અને ફરવા લઈ જા. તેને જાણવાનો – ઓળખવાનો પ્રયત્ન કર. પણ હમણાં લગ્નની વાત કરતો નહી.'

શ્રીમાન ફ્રેડી શાણા, સમજુ, પુખ્ત અને અનુભવી હતા. તેમને ઍલેક્ષ ગમતો. કેટલીકવાર ઍલેક્ષને ફ્રેડીમામાને ત્યાં જવું અજુગતું લાગતું. કારણ કે ઍલેક્ષ અને તેના કુટુંબ કરતાં આર્થિક રીતે તેઓ વધુ સમૃદ્ધ અને ચઢિયાતા હતા. તેમની પાસે સરસ ઘર અને ગાડી હતાં. જો પોતે અનિતાને પરણે તો તેણે અનિતાની સુવિધાની રીતભાત, રહેણીકરણી સાચવવી પડે. નહી તો ચર્ચમાં લોકો તેની હાંસી ઉડાવે. પણ અનેકવાર બહાર ફરવા ગયા બાદ તેને ખ્યાલ આવ્યો કે તે શરમાળ છે અને તેનો ઉછેર, ઘડતર સાવ જુદી રીતે થયાં છે. તેને પૈસાની બહુ પડી નહોતી. પણ ઍલેક્ષ જ્યારે અનિતાના પિતાને મળ્યો ત્યારે તેને લાગ્યું કે પોતે માને છે એટલું સહેલું નથી.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

અનિતાના પિતા, પિન્ટો બહુ કડક વ્યક્તિત્વ ધરાવતા હતા. તે માનતા કે સ્ત્રીઓએ ચોક્કસપણે કોઈક કામ કરવું જોઈએ. તેઓ મેંગ્લોર ફર્ટીલાઇઝર કંપનીના એક ઉચ્ચ અને પ્રામાણિક અધિકારી હતા. તેમને ત્રણ સંતાનો હતાં. એક દીકરી અનિતા. ઉપરાંત બે દીકરાઓ. એક દીકરો નેવી સાથે સંકળાયેલો મોટો વેપારી હતો અને બીજો દિલ્હીમાં હતો. તેમનું કુટુંબ ખૂબ ધાર્મિક હતું અને રવિવારની ચર્ચસભામાં કાયમ હાજર રહેતાં. તેઓ ચર્ચની દરેક પ્રવૃત્તિમાં ઉત્સાહથી ભાગ લેતાં. તેઓ આદર્શ ખ્રિસ્તી છે.

એકવાર પિન્ટો મેંગ્લોરથી જ્યારે અનિતાને મળવા આવ્યા ત્યારે ઍલેક્ષ તેમને મળ્યો, પણ પિન્ટોએ તેની સાથે વાતેય ના કરી. કંઈ ભાવ જ ન પૂછ્યો. ઉપરથી એવું કહ્યું કે, 'અરે, અમારી અનિતા તો એટલી સુંદર છે કે તેને માટે નેવીના મોટા મોટા વેપારીઓના અને એવી સારી જગ્યાએથી માંગા આવે છે.'

ઍલેક્ષને પોતાને માટે ખૂબ લાગી આવ્યું. તેને થયું પોતે માત્ર એમ.બી.બી.એસ. ડૉક્ટર જ છે. આવી દરખાસ્તો સમૃદ્ધ માણસો સામે જરાય ટકી શકે તેમ નથી. સિવાય

કે જો પોતાની માલિકીનું નર્સિંગ હોમ કે હૉસ્પિટલ હોય તો વાત જુદી છે! અનિતા સાથે વિવાહ કરવાનો, સંબંધ બાંધવાનો એક જ રસ્તો છે કે મિડલ ઇસ્ટ(આરબ પ્રદેશ)માં જવું, ખૂબ પૈસા કમાવા, પાછા આવવું અને અનિતા સાથે લગ્ન કરવા.

પણ સંજય સાથે આવી બધી વાતો કેવી રીતે કરી શકાય?

ઍલેક્ષના મનમાં આવા જાતજાતનાં વિચારો ચાલતાં હતા ત્યારે સંજયે કહ્યું કે ગોઆની કૉલેજમાં પ્રોફેસરની જગ્યા ખાલી છે ત્યાં નોકરીનો પ્રયત્ન કરવો જોઈએ. ઍલેક્ષે પૂછ્યું : 'સંજય, તું જ કહે. શું તું હંમેશ માટે ડૉ. જોગના સહાયક તરીકે કામ કરવાનું ઇચ્છે? કે પછી કોઈક સ્તરે પહોંચીને વધુ પૈસા કમાવાનું ઇચ્છે?'

પણ સંજયે કોઈ જવાબ ન આપ્યો. ચૂપ જ રહ્યો. હમણાં તો તેનું લક્ષ્ય તેને વધુમાં વધુ અનુભવ મળે તે જ હતો. પછી તે અનુસ્નાતકની પદવી મેળવવા ઇચ્છતો હતો. તે કંઈ સમૃદ્ધ, ધનવાન પરિવારનો નહોતો, છતાંય હાલ તો પૈસા તેને માટે મુખ્ય નહોતા. ધનને તે બહુ પ્રાધાન્ય આપતો નહોતો. થોડો સમય પસાર થયો ને રાતનું ભોજન આવ્યું. સંજયે પૂછ્યું : 'ઍલેક્ષ! આ ગાડી હુબલી ક્યારે પહોંચશે?'

'અરે વાહ! તને જાણે તારા રાજ્યની કંઈ ખબર જ ના હોય તેવી રીતે વાતો કરે છે! મને ગોઆ વિશે ગમે તે પૂછ. તું જે જાણવા માંગતો હોઈશ તે બધા વિશે તને કહીશ.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'ના, ગોઆ નાનું રાજ્ય છે. ને વળી તારા ઘણાં સંબંધીઓ ત્યાં રહે છે. જ્યારે મારે તો હુબલીમાં કોઈ સંબંધી નથી. વળી હું ક્યારેય ત્યાં ગયો જ નથી. હું માત્ર એટલું જ જાણું છું કે જ્યાંના પેંડા ખૂબ વખણાય છે તે ધારવાડની તે નજીક છે.'

'એની તને કેવી રીતે ખબર પડી?'

'પ્રો. જોગ ધારવાડથી કોઈ કોઈ વાર પેંડા લાવતા અને તેમના સહકર્મચારીઓને આપતા.'

'તો તારા સગાસંબંધીઓ ક્યાં રહે છે?'

'અરે! મારું કુટુંબ તો ખૂબ નાનું છે. એક મા ને બીજી બહેન! પિતાજી નથી. મારી બહેન પરણી ગઈ છે. તેનો પતિ બૅન્કમાં ક્લાર્ક છે ને હાલ તેઓ બેલૂરમાં રહે છે. મારી મા ટી.નરસિપુરામાં રહે છે.'

'સંજય તને ખબર છે કે ધારવાડ હિન્દુસ્તાની સંગીત, સારી કૉલેજો, મહાન સંગીતકારો અને ભેંસો માટે પણ ખૂબ જાણીતું છે.'

'આ બધું સાંભળીને થાય છે કે મારા કરતાં તું ધારવાડ વિશે ખૂબ જાણે છે.'

‘હા. સાચી વાત. બેલગામથી જો ગાડી (કાર) મારફતે જઈએ તો ત્રણ જ કલાકમાં પણજી પહોંચી જવાય. મારાં કેટલાંક પિતરાઈ ભાઈ-બહેનો હુબલી અને ધારવાડમાં ભણે છે. હુબલી ચોરીઓ માટે પણ નામચીન છે. હુબલી સ્ટેશને સૌથી વધુ ચોરીઓ થાય છે. ચોરોનો જાણે તે મુખ્ય અડ્ડો છે. લોકો કહે છે કે આ મુંબઈ જેટલું જ ખરાબ અને ભયાનક છે.’

બીજા મુસાફરે ટાપસી પૂરતા કહ્યું : ‘બિલકુલ સાચું. એકવાર મેં મારો બધો જ સામાન ત્યાં ગુમાવેલો.’ પછી તેણે પોતાની વાત ચાલુ રાખતાં કહ્યું : ‘મારું નામ કેશવ રાવ. હું બેંગ્લોરમાં સરકારી સચિવાલયમાં નોકરી કરું છું. મારે ઘણાં પ્રવાસો કરવા પડે છે. એક વાર હું હુબલી થઈ કોલ્હાપુર જતો હતો ત્યારની આ વાત છે. તે રાત્રે મારી બધી જ બૅગો ચોરાઈ ગઈ. સાહેબ તમે માનશો, મેં રાત્રે સૂતી વખતે જે ગંજી ને લુંગી પહેરેલાં તે જ પહેરીને સવારે બેંગ્લોર સ્ટેશને ઊતરવું પડ્યું.’

ઍલેક્ષે ટાપસી પૂરાવતાં કહ્યું : ‘હુબલી સ્ટેશને હંમેશાં ચોરીઓ થાય છે. તેનું કારણ ત્યાંની ભીડ છે. એક વાર મેં પણ મારી બૅગો લૉન્ડા સ્ટેશને ગુમાવેલી.’

સંજય ખાસ મુસાફરી કરતો નહી, તેથી તેને આવી કોઈ માહિતી જ નહોતી. એટલે કેશવ રાવની વાત સાંભળી તેને ખૂબ આઘાત લાગ્યો. તે સ્તબ્ધ થઈ ગયો. તેને થયું કે જો કપડાંવાળી પોતાની નાનકડી બૅગ ચોરાઈ જાય તો પોતાને પણ માત્ર ગંજી અને લુંગી પહેરીને જ ઘરભેગા જવું પડે! આવી કલ્પનાથી જ તે ગભરાઈ ગયો. પાટિયા નીચે મૂકેલી પોતાની નાનકડી બૅગ તેણે લઈ લીધી ને પોતાના માથાની નીચે ઓશીકાની જેમ ગોઠવી દીધી. આમ કરવાથી બૅગ સલામત પણ રહે ને બાકીની મુસાફરીમાં તે ઓશીકાનું ઓશીકું બની રહે. થોડીક જ વારમાં તે ઝોકાં ખાતો ખાતો ઊંઘી ગયો.

❑

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એક રૂપાળો ચોર

સુરેખાના હાથમાં એકદમ ઝીણી ઝીણી સુંદર ડિઝાઇનવાળી મહેંદી મૂકી મૃદુલા ઊઠી અને પોતાની જૂની સાડી વડે હાથ લૂછી નાંખ્યાં. પોતે મૂકેલી મહેંદી જોઈને એને ખૂબ સંતોષ અને આનંદ થયો. આખાય ગામમાં તેના જેવી મહેંદીની ભાત કોઈ પાડી શકતું નહી. આથી તેના બધા સહાધ્યાયીઓ લગ્નપ્રસંગે તેને જ બોલાવતાં. બીજાને મદદ કરવી એ જ એનો સ્વભાવ. વળી લગ્નસ્થળના દરેક કામ પર તે નજર રાખી શકતી. મૃદુલાની સાથે જ સુરેખા ભણતી ને તેની ખાસ બહેનપણી હતી. તેમની સાથે ભણતી બધી જ કુંવારી છોકરીઓને મહેંદી મૂકવાના પ્રસંગ પર ખાસ હુબલી બોલાવવામાં આવેલી.

લગ્નની સાંજે આકાશમાં કાળા ઘનઘોર વાદળાં હતાં અને વરસાદ હમણાં વરસી પડશે એવું લાગતું હતું. એ લગભગ શ્રાવણ માસ પૂરો થવામાં હતો – વર્ષાઋતુ હતી. સાંજના માંડ સાત વાગ્યા હશે પણ જાણે મધરાત થઈ હોય તેવું લાગતું હતું. લગ્નના મોટા હૉલના એક ઓરડામાં નવવધૂ સુરેખા બેઠી હતી. તે થોડી અસ્વસ્થ હતી. આજ સુધી તે પોતાનાં પ્રેમાળ કુટુંબીજનોની છત્રછાયામાં ઊછરી હતી. પણ હવે? આજે તે એક અજાણ્યા માણસ સાથે એક નવી જ દુનિયામાં પગ માંડવાની હતી. ગમે ત્યારે વરસી પડે તેવાં વાદળોની જેમ તેની આંખો આંસુથી ભરાઈ ગઈ હતી.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

લગ્નના હૉલનું વાતાવરણ એકદમ આનંદમય હતું. રેશમની સાડીઓનો ફડફડાટ, ધૂપસળીઓની માદક સુગંધ, તાજાં ચમેલીનાં ફૂલોની મહેક અને મોંમાં પાણી આવી જાય તેવી મીઠાઈઓની સુગંધથી આખું વાતાવરણ ઉત્સવમય હતું.

સુરેખાના પિતાએ જુદાં જુદાં અનેક ગામો અને શહેરોમાં કામ કરેલું, તેથી તેમને ઘણાં પરિચિતો અને મિત્રો હતા. એમાંના મોટા ભાગનાં સ્નેહીજનો લગ્નપ્રસંગમાં આવી પહોંચ્યાં હતાં. અલબત્ત, વરરાજાનું કુટુંબ બેંગ્લોરથી આવેલું અને તેમની સાથે બહુ ઓછા માણસો આવી શકેલા. તેમના ઉતારાની ગોઠવણ એ જ મકાનમાં પહેલે માળે કરી હતી.

મૃદુલા જ્યારે બાથરૂમમાં જઈ મહેંદીવાળા હાથને બરોબર ઘસીને ધોઈ રહી હતી ત્યારે તેણે વરસાદ પડતો હોય તેવો અવાજ સાંભળ્યો. વરસાદ શરૂમાં તો ધીમો ધીમો વરસતો હતો પણ પછી એનું જોર ખૂબ વધ્યું. જોરદાર ઝાપટાં પડવા લાગ્યાં. ખુલ્લી બારીઓમાંથી વરસાદનું પાણી લગ્નના હૉલમાં આવવા લાગ્યું.

વરસાદ પડવાથી જુદી જુદી વ્યક્તિઓને અલગ અલગ પ્રકારની લાગણીઓ થઈ. મૃદુલા માટે વરસાદ એ કુદરતની આપેલી અમૂલ્ય ભેટ હતી, આનંદનું પ્રતીક

હતી. તેને નવાઈ લાગતી. 'કેવી નવાઈની વાત! ઉનાળામાં તો આખી પૃથ્વી સુક્કી ભઠ્ઠ અને નરી ધૂળથી ભરેલી હોય છે. વરસાદ પડે છે ને ધૂળ બધી સ્થિર થઈ જાય છે, જમીન સાથે જાણે ચોંટી જાય છે, કચરો ધોવાઈ જાય છે અને વિશ્વ લીલુંછમ્મ બની જાય છે. કવિઓ અને કલાકારોને સર્જન કરવા પ્રેરણા આપે છે, પણ... લગ્નપ્રસંગે આવતો આ વરસાદ માત્ર ચિંતા જ કરાવે છે.'

એકાએક ભારે વરસાદને કારણે વીજળી ડૂલ થઈ ગઈ. સુરેખાનાં મા લીલાબહેન એકદમ હતાશ થઈ ગયાં અને બોલી ઊઠ્યાં : 'હે ભગવાન! એક તો જાન બેંગ્લોરથી મોટી મોટી આશાઓ સાથે આવી છે ને આ શું થયું?' ત્યાં જ તેણે મૃદુલાને જોઈ અને કહેવા લાગી : 'અરે ઓ મૃદુલા, જરા ઝડપ કર. મીણબત્તીઓ અને દીવાસળીનાં પેકેટો લઈ આવ. પહેલા માળે વરપક્ષને જ્યાં ઉતારો આપ્યો છે તે ઓરડામાં જઈ મીણબત્તીઓ કરી આપ. આપણા ખરાબ નસીબે જનરેટરને આવતાં વાર લાગશે. હું સુરેખાના પપ્પાને શોધું છું ને પેટ્રોમેક્સના દીવાઓની ગોઠવણ કરવાનું કહું છું.'

મૃદુલા ક્યારેય કોઈને પણ 'ના' પાડવાનું શીખી જ નહોતી. તે કોઈનેય ના પાડી શકતી જ નહી. તેનો સ્વભાવ જ એવો હતો. તેથી તે મલકાઈ અને કહ્યું : 'કાકી, ચિંતા ના કરો. હું બધા જ ઓરડામાં મીણબત્તી પ્રગટાવીને મૂકી આવું છું.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સૌથી પહેલાં તો તેણે સુરેખાના ઓરડામાં મીણબત્તી પ્રગટાવીને મૂકી. સુરેખા તેના હાથમાંની મહેંદી સુકાય તે માટે લાંબા હાથ કરીને બેઠી હતી. તેની આસપાસ ટોળે વળીને તેની બહેનપણીઓ તેની સાથે મજાકમશ્કરીઓ કરીને તેને ખીજવતી હતી.

પંડિત થિપ્પા ભટ્ટ તેમની સામે જ બેઠા હતા. સુરેખાની એક તોફાની બહેનપણી મેઘના તેમને પજવતી હતી. ટીખળ કરવા તેણે મહારાજને પૂછ્યું : 'પંડિતજી, આ લગ્નમાં પાણિગ્રહણ એટલે શું તે અમને સમજાવોને.'

'પહેલી જ વાર વરરાજા નવવધૂનો જમણો હાથ પોતાના હાથમાં લે તેને પાણિગ્રહણ કહે છે.' પંડિતજીએ કહ્યું.

'શું કોઈપણ છોકરો કન્યાનો હાથ ગમે ત્યારે પકડી શકે?'

'ના, છોકરો અને છોકરી બંને અપરિણિત હોવા જોઈએ ને લગ્નના શુભ મુહૂર્ત પર જ બંનેએ એકબીજાંનો હાથ પકડવો જોઈએ.'

કોઈકે મજાકના સૂરમાં પૂછ્યું : 'પણ જો કોઈ છોકરો છોકરીનો હાથ બસ સ્ટોપ પર પકડે તો શું થાય?' મેઘનાએ વચ્ચે ડપકો મૂકતાં પૂછ્યું : 'પંડિતજી! આ શુભ મુહૂર્ત એ વળી શું?'

થિપ્પા ભટ્ટ પણ જમાનાના ખાધેલ હતા. તેથી જ તે કોઈ પણ પ્રશ્નોથી ગભરાયા નહી. તેમણે શાંતિથી કહ્યું : 'ઓહ! જુઓ, એ તો ઘણી બાબતો પર આધાર

રાખે છે. દા.ત. : કેટલાંક મુહૂર્તો એટલે કે સમય હંમેશાં શુભ જ હોય છે. જેમ કે, અત્યારનો સમય તો ગોરજ સમય અથવા ગોધૂલિ કહેવાય છે. તે ખૂબ જ શુકનિયાળ, શુભ હોય છે. જો તમે હા પાડો તો હું અત્યારે જ તમારે માટે એક સારો મુરતિયો શોધી દઉં અને સાડા છથી સાતની વચ્ચે તમારાં લગ્ન કરાવી દઉં. સાત ફેરા ફેરવી દઉં.' મેઘના શરમાઈ ગઈ અને ચૂપ થઈ ગઈ.

મૃદુલા હજી પણ એક ઓરડામાં મીણબત્તી પ્રગટાવી બીજા ઓરડામાં જતી હતી, પણ તેને નીચેના માળે થતી વાતચીતો સંભળાતી હતી.

આ દરમિયાન વરસાદ પડવાથી અને લાઇટ જતી રહી હોવાથી વરરાજાની માતા ખૂબ દુ:ખી થઈ ગઈ. તેની બહેને કહ્યું : 'લગ્ન માટે બેંગ્લોરનો જ કોઈ સારો હૉલ રાખે તેવો આગ્રહ તારે રાખવો જોઈતો હતો. ત્યાં જો આવું થયું હોય તો અત્યાર સુધીમાં જનરેટર ચાલુ થઈ ગયા હોત. જો સાંભળ! આ બધું કેવું થઈ રહ્યું છે? જો વરસાદનું પાણી અંદર આવશે તો આપણે ઊંઘીશું ક્યાં?'

ત્યાં એમને કોઈનાં પગલાંનો અવાજ સંભળાયો. મૃદુલા વરરાજાની માતાના ઓરડામાં આવી અને કહેવા લાગી : 'માસી, આ બધી અગવડ પડી રહી છે તે માટે માફ કરશો, પણ થોડી જ વારમાં પેટ્રોમેક્સ અહીં આવી જ જશે. [illegible] મમ્મીએ વીજળીઘરમાં ક્યારનુંય કહેવડાવી દીધું છે. બોલો, તમારા માટે એકાદ મીણબત્તી કરી દઉં?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

બન્ને બહેનો એની સામે તાકી જ રહી. આ છોકરી કોણ છે? આ તો નવવધૂ કરતાં પણ સુંદર ને સારી છે. થોડી વારે સંતોષની માએ કહ્યું : 'ભલે, ભલે. કંઈ વાંધો નહીં. તમેય મૂંઝાતા નહીં. અમે ગોઠવણ કરી દઈશું.'

મૃદુલા બીજા ઓરડામાં ગઈ. વરરાજા સંતોષે માથા પર મૈસુરી ફેંટો બાંધ્યો હતો ને તે ખૂબ ઉત્સાહી દેખાતો હતો. ત્યાં ઘણા બધા મહેમાનો હતા. મૃદુલા ત્યાં લાંબો સમય રોકાઈ નહીં. તેણે બહુ ઝડપથી એક પછી એક ઓરડામાં જઈ, મીણબત્તીઓ કરી ને છેવટે છેલ્લા ઓરડામાં પહોંચી.

ત્યાં કોઈ જ નહોતું. ત્યાંની બારી ખુલ્લી હતી અને તેમાંથી હજી પાણી આવી રહ્યું હતું. બારીની નીચે તેણે એક નાનકડી બૅગ જોઈ. તે પલળી રહી હતી. મૃદુલાને થયું : 'જો હું આ બારી બંધ નહીં કરું તો આખું ભોંયતળિયું ભીનું થઈ જશે તો રાત્રે અહીં સૂનારને તકલીફ થશે.'

દરવાજા પાસે મીણબત્તી મૂકી, તે બારી પાસે ગઈ અને બારી બહાર હાથ કાઢી, બારી બંધ કરવા જતી હતી ત્યાં તેના હાથ વરસાદમાં પલળી ગયા. પછી જેવી તેણે પેટી પકડી કે એક હૂંફાળા અને મજબૂત હાથે તેને બહુ જ નરમાશથી, કોમળતાથી પકડી.

લગભગ તે વખતે નીચેના હૉલમાં મૂકેલા ઘડિયાળમાં સાંજના સાડા છ વાગ્યાનો ટકોરો પડયો. મેઘના મોટેથી બોલી : 'અરે જુઓ જુઓ, શુભ ચોઘડિયું આવી ગયું.'

તેની સાથે બધાં જ આનંદથી બોલવા લાગ્યાં, જાણે ચિચિયારીઓ કરવા લાગ્યાં.

એક પળ માટે સખત અંધારું છવાઈ ગયું ને મૃદુલા સખત ગભરાઈ ગઈ. પેલા માણસે ન તો તેને ચસકવા દીધી કે ન તો તેના હાથ છોડ્યા. પછી પુરુષનો ઘેરો કઠોર અવાજ સંભળાયો : 'મેં તને પકડી પાડી છે.'

મૃદુલા પોતાના હાથ છોડાવવા મથતી રહી ને ક્રોધથી બોલી : 'એટલે તમે કહેવા શું માંગો છો?'

'મને ખબર છે કે લગ્નસ્થળોએ અને રેલવે જંક્શનો પર ઘણા ચોર ફરતા હોય છે ને ચોરી કરતા હોય છે.'

'એવી કોઈ ચોરી મેં કરી નથી, કે નથી હું કોઈ ચોર. એવું લાગતું હોય તો પોલીસ સ્ટેશન જાઓ ને ફરિયાદ નોંધાવો.'

'જો મેં ચોરને રંગે હાથ પકડી લીધો હોય તો પછી મારે શા માટે પોલીસથાણે જવું? એક તો અંધારું છવાઈ ગયું હતું ને વળી લાઈટ પણ નથી. હંઅઅઅ... તેથી તેં વિચાર્યું હશે કે બૅગ લઈને ભાગી જવાશે. બરોબરને?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

આ સાંભળી મૃદુલાને સમજાયું કે જે માણસને પોતે જોઈ શકતી નથી તે તેને એક ચોર માની બેઠો છે. તે ખૂબ ગુસ્સે થઈ અને બોલી : 'હું કંઈ ચોર નથી.'

'બધા ચોર આમ જ કહે છે. પણ આ શહેરમાં કેવી કેવી પ્રવૃત્તિઓ થાય છે, કેટકેટલી રીતે ચોરીઓ થાય છે એ બધી માહિતી મને ગાડીમાંથી મળી ગઈ છે.'

'આવી માહિતી જાણવા મળી ગઈ એટલે શું?'

'એ જ કે હુબલી એ ચોરોનું સ્વર્ગ છે. મને થોડી બેચેની લાગતી હતી તેથી હું ગરમ પાણી લેવા નીચે ગયો હતો. જો હું સમયસર પાછો ન આવ્યો હોત તો તું ભાગી જ ગઈ હોત!'

'મારો હાથ છોડો. હું કંઈ ચોર નથી. હું અહીં મીણબત્તી કરવા આવી હતી. તમે જાતે જ જુઓ, પાણી બારીવાટે અંદર આવી રહ્યું છે. હું માત્ર બારી બંધ કરવા માંગતી હતી ને આ બૅગને પલળતી બચાવવા ઇચ્છતી હતી.'

'હું આ બધું સાચું માનતો નથી.' પેલા પુરુષે કહ્યું.

એકાએક વીજળી આવી ગઈ. હવે અજવાળામાં સંજય અને મૃદુલાએ પહેલી વાર એકબીજાંને જોયાં. મૃદુલાની સાડી ચોળાયેલી હતી, માથુંય ઓળવાનું બાકી હતું ને વળી તે થાકેલી લાગતી હતી. તેના ગાલ ગુસ્સાથી લાલ થઈ ગયા હતા. છતાંય પોતાનાં ભરાવદાર કાળા લાંબા વાળ, ચોખ્ખી નરવી ત્વચા અને મોટી ચમકતી આંખોથી તે ખરેખર સુંદર લાગતી હતી. તરસ્યો માણસ જેમ એકશ્વાસે પાણી ગટગટાવે તેમ સંજય જરાય શરમ રાખ્યા વગર મૃદુલા તરફ તાકીને જોઈ જ રહ્યો, જાણે કે એના રૂપને પીતો જ રહ્યો.

વ્યવસાયે ડૉક્ટર હોવાથી આજ સુધી તેણે અનેક સ્ત્રીઓના હાથને સ્પર્શ કર્યો હતો, પણ તે વખતે તેનો સંબંધ એક દર્દી અને એક ડૉક્ટર વચ્ચે હોય તેવો સ્પષ્ટ હતો, એનાથી જરા પણ વધારે નહી કે ઓછો નહી. તેને યાદ છે ત્યાં સુધી આજે પ્રથમ વાર જ તેણે કોઈ અજાણી છોકરીનો હાથ પકડ્યો હતો. તે ભાગ્યે જ કોઈ છોકરીને ઓળખતો, વળી તે શરમાળ હોવાથી તેની સાથે કાર્ય કરતી સ્ત્રીઓ સાથે પણ તે ભાગ્યે જ ભળતો. કોઈ સાથે તેને ખાસ પરિચય જ નહોતો.

મૃદુલા પણ સંજયને જોતી જ રહી. તેણે જોયું કે તે તેના જેવો ગોરો નથી, રૂપાળો નથી પણ ખાસ્સો ઊંચો છે. જો કે તે શ્યામ પણ નહોતો. તેના વાળ વાંકડિયા હતા ને શરીર સૌષ્ઠવ સારું હતું. તેનું શરીર કસાયેલું હતું. તેનો ચહેરો પ્રસન્ન હતો. જાણે કોઈ સરસ ભેટ અચાનક મળી હોય ને માણસ મલકી ઊઠે તેવી પ્રસન્નતા તેના ચહેરા પર હતી. તેનો ચહેરોમહોરો આકર્ષક હતો ને તે એકદમ વ્યવસ્થિત, ચુસ્ત હતો. જોકે તેણે એકદમ સામાન્ય કહી શકાય તેવાં કપડાં પહેર્યાં હતાં. તેણે સફેદ શર્ટ ને કાળું પેન્ટ જ પહેરેલું, છતાંય તે એક મૉડલ જેવો શોભતો હતો.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ત્યાં તો નીચેથી મેઘનાએ મોટેથી બૂમ પાડી, 'અરે મૃદુલા! તું ક્યાં છે? જોજો, લાઇટ આવી ગઈ છે. ઝટ નીચે આવ.'

મૃદુલાએ બૅગને ભોય પર ફેંકી, સંજયના હાથમાં છૂટી નીચે ભાગી. ગમે તે કારણ હોય, પણ મૃદુલા જરાય અસ્વસ્થ થઈ નહોતી. તેને નવાઈ લાગી કે આ માણસ છે કોણ? જોકે તેના હાથ મજબૂત હતા ને વળી સામાન્ય હોય તેના કરતાં વધારે ગરમ હતા. એટલે જ તેને લાગ્યું કે તે ખરેખર સ્વસ્થ નથી. તેને આ યુવાન પ્રત્યે કંઈક વિચિત્ર પ્રકારનું આકર્ષણ થયું. તો સાથે જ તેણે વિચાર્યું કે ભીની અને લઘરવઘર પહેરેલી સાવ સાદી સાડીમાં પોતે કેવી ભયંકર લાગતી હશે?

સંજયે પોતાની બૅગ તપાસી. તે બંધ જ હતી. વરસાદ તો હજીયે બારીમાંથી અંદર આવી રહ્યો હતો. તેને પેલી છોકરી પર દયા આવી. 'બિચારી ગરીબ છોકરી! તે ચોક્કસ આ લગ્ન પ્રસંગમાં મદદ કરવા કામ કરવા જ આવી હશે. તે ચોક્કસ મીણબત્તી પ્રગટાવી અજવાળું કરવા જ આવી હશે.'

તેના પર આવો ચોરીનો આક્ષેપ કરવા બદલ તેને હવે પસ્તાવો થવા લાગ્યો. ગરીબી એ બહુ ખરાબ બાબત છે તેનો તેને પૂરેપૂરો અનુભવ હતો. તે પોતાની જાતને કોસવા લાગ્યો : 'મારે એને આવું આકરું નહોતું કહેવું જોઈતું. હું બહુ ખરાબ બોલી ગયો. મૃદુલા! ખરેખર સુંદર નામ છે!'

મૃદુલા જ્યાં ઊભી હતી તે તરફ સંજયની નજર પડી, તો ફૂલોવાળું એક બક્કલ ત્યાં પડયું હતું તે તેણે ઉપાડી લીધું ને વિચારવા લાગ્યો કે આ પાછું આપવાના નિમિત્તે હું તેની માફી માંગી શકીશ.

તરત જ લગ્ન પહેલાંની વિધિઓ શરૂ થઈ. સંજય સંતોષને પૂરાં ત્રણ વર્ષ પછી મળ્યો, પણ થોડી જ મિનિટોમાં તેમની વાતો પૂરી થઈ ગઈ. સંતોષના નવા મિત્રો પ્રસંગમાં હાજર હતા, પણ સંજય તેમને ઓળખતો નહોતો. તેને થયું કારણ વગર પોતે આ પ્રસંગ માટે બે દિવસ વેડફ્યા. પછી તેને યાદ આવ્યું કે હુબલી નજીકની કોઈ જગ્યાએ તેને પ્રો. જોગે મોકલાવેલું સંપેતરું પહોંચાડવાનું હતું. પોતાને જ્યાં જવાનું હતું તે પણ તેણે જાણવાનું હતું. તેણે નક્કી કર્યું કે ભોજન વખતે કોઈને પૂછીને જાણી લઈશ.

તેણે ચારેબાજુ નજર ફેરવી ને મૃદુલાને ફરીવાર જોઈ. તેણે પીળા રંગની રેશમી સાડી પહેરી હતી અને પોતાના લાંબા ચોટલામાં ચંપાનાં ફૂલોની માળા પણ હતી. સુંદર અલંકારોથી તે શોભતી હતી. જાણે સોનાની પૂતળી ન હોય! તેની સુંદરતા પર તે મોહી પડયો હતો. તેની સાથે કરેલો વ્યવહાર યાદ આવતાં જ તેને પોતાના માટે જ ખરાબ લાગ્યું કે તેણે કેવો ભયંકર, આઘાતજનક વ્યવહાર કરેલો?

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

જમતી વખતે તેણે જોયું કે પોતાની બાજુમાં એક વૃદ્ધ વડીલ બેઠા છે. તેને લાગ્યું કે આ વૃદ્ધ વ્યક્તિ સાથે વાતો કરવી ઠીક રહેશે. કારણ કે સામાન્ય રીતે વૃદ્ધો બોલકા હોય છે. એ કંઈ પણ કહે તે પહેલાં પેલા વૃદ્ધ વડીલે જ પૂછ્યું : 'તમે કન્યાપક્ષ તરફથી આવ્યા છો કે વરપક્ષ તરફથી?'

'વરપક્ષ તરફથી.'

'ઠીક. હું કન્યાપક્ષ તરફથી આવ્યો છું.'

સંજયે પૂછ્યું : 'આટલામાં અલાદહલી ક્યાં છે તે આપ જાણો છો?'

'ચોક્કસ. અહીંથી તે માત્ર ત્રીસ કિલોમીટર જ દૂર છે. ત્યાં તમે કોને મળવા માંગો છો?'

'ચંપાબાઈ કામિટકરને.'

'તમે એને કેવી રીતે ઓળખો?'

'હું ખરેખર એમને જાણતો નથી, પણ એ મારા ગુરુના સંબંધી છે.'

‘તમારા ગુરુજીનું નામ શું?’

આટલા બધા પ્રશ્નો આ વડીલે પૂછ્યા તે સંજયને કંઈ ગમ્યું નહી, પણ તેની પાસે બીજો કોઈ રસ્તો જ નહોતો. તેથી તેણે કહ્યું : ‘ડૉ. જોગ.’

‘અરે! ચંદ્રકાન્ત! હું બહુ સારી રીતે તેને ઓળખું છું. પણ ચંપાબાઈ તો ઘણુંખરું પ્રવાસે બહાર જ હોય છે. ઠીક, હવે જુઓ સાંભળો. એ જો તમને એમના ઘરે ન મળે તો, તમે ભીમાન્નાને મળીને કામ પતાવી શકો.’

‘આ ભીમાન્ના કોણ છે?’

‘અલાદહલીમાંના બહુ સન્માનીય ને મહત્ત્વની વ્યક્તિ છે.’

‘હું તેમનું ઘર કેવી રીતે શોધી શકીશ?’

‘એ તો બહુ સહેલું છે. હનુમાન મંદિરની બાજુમાં જ તેમનું ઘર છે. ચંપાબાઈનું ઘર બરાબર તેમના ઘરની સામે છે.’

‘હું અલાદહલી કેવી રીતે જઈ શકીશ?’

‘એ કંઈ મુશ્કેલ નથી. કાલે બપોરે બે વાગે એક બસ અહીંથી ઊપડે છે. તમે ત્યાં જશો. નહી તો દર કલાકે બીજી બસો પણ નિયમિત જતી હોય છે.’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજયે ફટાફટ પોતાનું ભોજન પૂરું કર્યું ને જ્યારે તે પાણી પીવા ગયો તો કોઈએ તેના હાથમાં હૂંફાળું પાણી મૂક્યું. તેણે પાણી આપનાર છોકરાને પૂછ્યું : ‘મને ગરમ પાણી આપવાનું તને કોણે કહ્યું?’

છોકરાએ મૃદુલા તરફ આંગળી ચીંધીને કહ્યું : ‘એમણે કહ્યું.’ મૃદુલા તેના તરફ જોઈ હસતી હતી, પણ સંજયને તો ખૂબ શરમ આવી. તેણે મૃદુલા તરફ જોઈ માત્ર માથું હલાવ્યું.

વરસાદના વિઘ્ન વગર બીજા દિવસે લગ્નપ્રસંગ રંગેચંગે પૂરો થયો. વાતાવરણ આનંદ-ઉલ્લાસથી ભરેલું હતું. સંજયે નવદંપતિને ભેટ આપી ને બે વાગ્યાની બસ પકડી અલાદહલી જવું જ તેવું નક્કી કર્યું. બસ સ્ટેન્ડે જઈને જોયું તો મૃદુલા પણ ત્યાં ઊભી હતી. એકદમ સાધારણ લાગતી, સાદાં વસ્ત્રોમાં સજ્જ એવી મૃદુલાને જોઈ તેને ખૂબ આશ્ચર્ય થયું. તેને થયું : ‘માફી માંગવાનો આ ઉત્તમ સમય છે.’ એ તેની નજીક ગયો અને બહુ નરમાશથી, વિનયપૂર્વક કહ્યું : ‘મૃદુલાજી! હું ખૂબ દિલગીર છું. મને માફ કરશો.’

તે અવળી ફરી ને તેની સામું જોવા લાગી. નવાઈ પામતાં તેણે પૂછ્યું : ‘અરે! તમે અહીંયા ક્યાંથી?’

‘મારી અવિવેકી વર્તણૂક માટે ક્ષમા આપશો.’

‘હા એ તો સાચું જ છે. તમે મને ચોર માની લીધી. કદાચ મારાં ભીનાં કપડાંને લીધે તમે આમ માની બેઠાં હો!’ તે વખતે તમે એટલા બધા અધીરા ને આક્રોશવાળા થઈ ગયા હતા કે તમે મારી વાત જ સાંભળવા માગતા નહોતા, મિસ્ટર...’

‘મારું નામ સંજય છે. હું ડૉક્ટર છું ને મુંબઈમાં રહું છું.’

મૃદુલાએ જરા મજાકપૂર્વક કહ્યું : ‘મારે કંઈ આ બધી વિગતો જાણવી નથી અને મેં એટલા માટે પૂછ્યું પણ નહોતું.’

‘હું ફરી વાર તમારી માફી માંગું છું.’

‘ના, ના, એમાં તમારી કોઈ ભૂલ નહોતી. માણસના પોશાકનું પણ ઘણું મહત્ત્વ છે.’

એટલામાં બસ આવી ને બંને જણ તેમાં ચઢ્યાં. સંજય ચઢ્યો એટલે મૃદુલાને ઉચાટ થયો. સંજય રૂપાળો છે ને તેણે કહ્યું તેમ ડૉક્ટર છે. તો પછી તે પોતાની પાછળ શા માટે પડયો છે? તેને ખ્યાલ છે ત્યાં સુધી અલાદહલીમાં તો કોઈ તેને ઓળખતું નથી. જો તે છેક એનાં ઘર સુધી એનો પીછો કરશે તો તેની જુનવાણી મા કંઈ ચૂપ નહી રહે. જરૂર તેને કંઈક પૂછશે, કંઈક કહેશે અને! તેના પર પ્રશ્નોનો એવો મારો ચલાવશે કે તે મરવા જેવો થઈ જશે અને આમ થાય એટલે આખા ગામમાં ઢંઢેરો પિટાઈ જશે કે તે એને ઘેર આવ્યો છે. આ બધામાંથી છૂટવું હોય તો અત્યારે જ તેને પાછો મોકલી દેવો એ જ એક ઉત્તમ માર્ગ છે. મૃદુલાએ તેને પૂછ્યું : ‘અલાદહલીમાં તમે કોને ઘેર જવાના છો?’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજયે તેની સામું જોયું. તો તે ચિંતિત દેખાતી હતી. તેને ખ્યાલ આવી ગયો કે આ ભોળી, નાદાન છોકરી પોતાના મનના ભાવો છુપાવી શકતી નથી. એટલે એણે ચીડવવા કહ્યું : ‘તમારા.’

‘કેમ?’

‘હું તમારાં માતા-પિતાને મળી, બધી હકીકત જણાવી તેમની માફી માંગીશ.’

‘મેં તમને ક્યારનાય માફ કરી જ દીધા છે. તો આ બાબત માટે તમે આવવાના હો તો ના આવતા.’

‘પણ મારી ફરજ છે કે તમારાં માતાપિતાની માફી માંગવી.’

મૃદુલા વધારે ચિંતિત થઈ. જ્યારે કન્ડક્ટર આવ્યો ત્યારે સંજયે અલાદહલીની બે ટિકિટ લીધી. પૂરી મુસાફરી દરમિયાન મૃદુલા અસ્વસ્થ રહી. તે સતત પોતાની જાતને

કોસતી રહી કે, 'શા માટે પોતે મીણબત્તીઓ મૂકવા ઉપલા માળે ગઈ? મારે જવું જ નહોતું જોઈતું.'

જેવું અલાદહલીનું સ્ટેન્ડ આવ્યું કે મૃદુલા ફટાફટ બસમાંથી ઊતરી ગઈ.

બલદેવ નામે એક નાનો છોકરો તેની રાહ જોતો ઊભો હતો. તેના પગ ઉપર એક ઊંડો ઘા પડયો હતો. તેણે કહ્યું : 'દીદી! ગઈકાલે મને સાઇકલની ચેઇન બહુ ખરાબ રીતે વાગી ને મને તરત તમે જ યાદ આવ્યા. આ જોઈને મને કહોને કે મારે શું કરવું?'

સંજય કહેવા માંગતો હતો કે તેણે તરત જ ધનુરનું ઇન્જેકશન લઈ લેવું જોઈએ. પણ ત્યાં તો મૃદુલાએ કહ્યું : 'આ તારો ઘા ડેટોલ વડે સાફ કરી લે ને પછી મારે ઘેર આવ. હું તને દવા આપીશ.'

બલદેવ 'વારુ' કહીને ત્યાંથી જતો રહ્યો.

સંજય જરા અસ્વસ્થ થઈ ગયો. મૃદુલા સુંદર છે ને આ ગામમાં તેનું કુટુંબ સમૃદ્ધ ગણાતું હશે પણ તે કાંઈ ડૉક્ટર નથી. પૂરી જાણકારી વગર અને શું પરિણામ આવશે તે કશું જાણ્યા વગર તેણે આમ લોકોને સલાહો આપવી ન જોઈએ. તે પોતાની જાત પર કાબૂ ન રાખી શક્યો. તેણે કહ્યું : 'મૃદુલા, તમારે ગામના લોકોને ખોટું માર્ગદર્શન ન આપવું જોઈએ. તેનો અર્થ દવા ધોવો એ કંઈ એનો ઇલાજ નથી. તમારે એને ધનુરની રસી અપાવવી જોઈએ. જે અનિવાર્ય છે. કદાચ તમારા ઉપાયની ખૂબ ખરાબ અવળી અસર થાય ને છોકરાને ભોગવવું પડે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મૃદુલા હસતી રહી ને તેના શબ્દો પર ધ્યાન પણ ન આપ્યું. તેણે કહ્યું : 'એમ! એવું પણ થાય હેં?'

'મને ખબર નથી કે તમે શું ભણ્યાં છો, પણ હું એટલું તો જરૂર કહી શકું કે કોઈના જીવન સાથે રમત રમવાનો તમને હક્ક નથી. તમારે તેને કહેવું જોઈતું હતું કે તેણે ડૉક્ટર પાસે જવું જોઈએ.'

'ઠીક. બરાબર છે. હું એક શિક્ષિકા છું. તેનો અર્થ એ નથી કે હું તેઓને મદદરૂપ થવાનો પ્રયત્ન પણ ના કરી શકું. ચાલો, હવે તમે કહો છો તેમ કરીશું. આ ક્ષણેથી જ, જો કોઈ બીમાર પડશે તો તેને મુંબઈ મોકલી દઈશ. માત્ર એટલું જ કે તેમનું આવવા- જવાનું ભાડું તમારે આપવું પડશે.'

જવાબની રાહ જોયા વગર જ તેણે ચાલવા માંડ્યું. મૃદુલાએ પોતાના વ્યવસાયની મજાક કરી તેથી સંજયને બહુ ખરાબ લાગ્યું. તે વિચારવા લાગ્યો : 'તે કોઈ સમૃદ્ધ કુટુંબમાંથી આવતી હોવાથી બધાં પર રોફ જમાવે છે બાકી તે એક બેપરવાહ, બેજવાબદાર છોકરી છે. પણ મારે બીજી કોઈ માથાકૂટમાં પડવું જ નથી. હું

તો એક ખાસ કારણસર જ અહીં આવ્યો છું – માત્ર સંપેતરું આપવા. તો ચંપાબાઈ વિશે તપાસ કરી, તેમને સંપેતરું આપી, પાછો વળી જઉં ને મારા સરને તે વિશે જણાવી દઉં એટલે મારું કામ પૂરું. બસ, હવે હું તે પ્રમાણે કરીને આ ગામ છોડી દઉં.' ને તે ચાલવા લાગ્યો.

થોડુંક જ આગળ ગયા હશે ત્યાં હનુમાન મંદિર આવ્યું ને તે વધુ આગળ ગયા. મૃદુલા સંજયની આગળ જ ચાલતી હતી. મૃદુલા ચિંતા કરતી હતી કે સંજય તેના પિતાને શું કહેશે. પણ સંજયને એ જોઈને નવાઈ લાગી કે પોતે જે દિશામાં જઈ રહ્યો છે એ તરફ આ છોકરી કેમ જાય છે?

છેવટે તેઓ ભીમાણ્ણાના ઘરે પહોંચ્યાં. ભીમાણ્ણા વરંડામાં જ બેઠા હતા. સંજયે પૂછ્યું : 'મિસ્ટર ભીમાણ્ણા કોણ છે?'

ભીમાણ્ણા ઊભા થયા અને કહ્યું : 'હું ભીમાણ્ણા છું.'

'હું ચંપાબાઈ કામિટકરને મળવા માંગું છું.'

'ઓહ! એ તો બહારગામ ગયાં છે.'

'મારું નામ સંજય રાવ છે. હું મુંબઈમાં રહું છું ને ડૉક્ટર છું. પ્રો. અધ્યાપક ડૉ. જોગે એક સંપેતરું આપવા મને અહીં મોકલ્યો છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ભીમાણ્ણાને રમૂજ નવા મુલાકાતીમાં રસ પડ્યો. તેમણે બહુ ઉત્સાહપૂર્વક કહ્યું : 'અરે! તમે આમ બહાર કેમ ઊભા છો? અંદર આવો, બેસો. શરમાઓ નહીં. ચંપાબાઈ એકાદ કલાકમાં આવી જ પહોંચશે. તમે અહીં બેસીને તેમની રાહ જોઈ શકો છો.'

પછી ભીમાણ્ણાએ પોતાની પુત્રી સામે જોઈને કહ્યું : 'અરે! તું કોઈ અજાણ્યાની જેમ કેમ ત્યાં ઊભી છે? જો, જો, આ ડૉક્ટર આપણા ઘરે આવ્યા છે. ત્યાં લગ્નપ્રસંગ કેવો રહ્યો?'

મૃદુલા કંઈ જવાબ આપે તે પહેલાં જ ભીમાણ્ણાએ કહેવા માંડ્યું : 'સંજય રાવ, મૃદુલા મારી દીકરી છે. તેની બહેનપણીનાં લગ્ન માટે તે હુબલી ગઈ હતી. સુરેખા ને મૃદુલા સાથે ભણતાં હતાં. હું પણ સુરેખાના પિતાને ઘણાં સમયથી ઓળખું છું. મૃદુલા, જા, અમારા બે માટે સરસ મજાની કડક ચા બનાવી લાવ.'

મૃદુલા અંદર ગઈ ને થોડી જ વારમાં બે કપ ચા લઈ આવી. તે ધીમું ધીમું હસતી હતી. સંજયે ચાનો પ્યાલો લીધો અને ભીમાણ્ણાને સંપેતરાવાળું પૅકેટ આપ્યું ને કહ્યું : 'મને લાગે છે કે મારે હવે જવું જોઈએ. આજ રાતની મારી ગાડી છે. તો મહેરબાની કરીને આ પૅકેટ ચંપાબાઈને આપી દેશો.'

‘ના, તમે આમ જઈ ન શકો. તમારે અમારી સાથે ભોજન કરવું જ પડે. મને ખાતરી છે કે તમે સમયસર રેલવે સ્ટેશન પહોંચી જશો. તમે ચંદ્રકાન્તના સહાયક છો ને તે મારો ખાસ મિત્ર છે. હું તેના સહાયક મિત્રને જમાડ્યા વગર કેવી રીતે મોકલી શકું? તે મારા વિશે કેવું વિચારે? અરે, અમારાં ચંપાબાઈ પણ કેવું માને?’

સંજય થોડો અસ્વસ્થ થઈ ગયો. તેણે કહ્યું : ‘ના, ના. હું ફરી ક્યારેક આવીશ. હું આટલો બધો સમય અહીં રહી નહીં શકું.’ તેને લાંબો સમય રહેવામાં અજુગતું લાગતું હતું.

‘જુઓ, અમારા ગામમાં તમને જરાય કંટાળો આવશે નહીં. તમારે હનુમાનજીનું મંદિર, મોટું તળાવ અને અમારો □□ષધીય વનસ્પતિઓથી ભરેલો બગીચો જેવાં સ્થળોની મુલાકાત લેવી જ પડશે. સમય તો ક્યાંય નીકળી જશે. મૃદુલા, જા રસોઈ બનાવી દે. હું ને સંજય ગામમાં જરા લટાર મારી ફટાફટ આવી જઈશું.’

ભીમાન્નાએ પોતે એ રીતે ચાલવા માંડ્યું કે સંજય પાસે એને અનુસરવા સિવાય બીજો કોઈ વિકલ્પ જ ના રહ્યો. સંજય આજ સુધી આવા ખુલ્લા મનના, સ્પષ્ટ ને સીધા ને મૈત્રીપૂર્ણ વર્તન કરતા માણસને મળ્યો જ નહોતો. તેમની સાથે કેવી રીતે વર્તવું તેની પણ તેને સમજ નહોતી પડતી. સંજયના સદ્‌ભાગ્યે ભીમાન્નાએ મૃદુલા વિશે જ વાતો શરૂ કરી, ‘અમારી મૃદુલા ખૂબ બુદ્ધિશાળી છે. અમે અહીં આવા અંતરિયાળ ગામડામાં રહીએ છીએ તેથી ભણેલો ગણેલો મુરતિયો ખોળવો અમારે માટે મુશ્કેલ છે. મારા નજીકના પરિચિતો ને સંબંધીઓ બધા ખેડૂતો જ છે.’

‘તમે ડૉ. જોગની મદદ લઈ શકો.’

‘હા, તમે સાચા છો. પણ ચંદ્રકાન્તના અહીં આવ્યે દસથીયે વધારે વર્ષો થયાં. વળી મૃદુલાની ઇચ્છા છે કે છોકરો કર્ણાટકનો હોય તો સારું. અમે એવા છોકરાઓની તપાસ કરી, પણ તેમાંના કેટલાકને એમ થયું કે મૃદુલા નથી ડૉક્ટર કે નથી એન્જિનિયર. તો વળી કેટલાક છોકરા એને પસંદ ના પડયા. અમારી મૃદુલા માને છે કે, છોકરા પાસે ઓછા પૈસા હોય તો ચાલે. હું પણ કામ કરી કમાઈ શકું. પણ છોકરો સ્વભાવનો સારો હોવો જોઈએ. તે આપણા બધાં કરતાં જુદું વિચારે છે.’

સંજયને એકાએક બલદેવ યાદ આવ્યો. એટલે તેણે પૂછ્યું : ‘શું મૃદુલા દવાઓ વિશે કંઈ જાણે છે?’

‘હા. તેણે થોડું તબીબી શિક્ષણ પણ મેળવેલું છે. અમારે અહીં કોઈ મોટું દવાખાનું – હૉસ્પિટલ નથી. તેથી તે જરૂર પડયે ધનુરના ઇન્જેક્શન આપે છે, રસીકરણની શિબિરોમાં મદદ કરે છે અને લોકોની સારસંભાળ રાખે છે. તે પ્રાથમિક ઉપચાર તો ઉત્તમ રીતે કરે છે ને ગામની સ્ત્રીઓને તો તે ખૂબ મદદરૂપ થાય છે.’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

આ દરમિયાન તેઓ વાતો કરતાં કરતાં ભીમાણ્ણાના ઘરના આંગણે આવી પહોંચ્યા. જોયું તો ચંપાબાઈ પાછા આવી ગયાં હતાં. સંજયે તેમની સાથે વાતો કરી અને તેમનું પૅકેટ તેમને આપ્યું. તેણે જોયું તો આસપાસ ક્યાંય મૃદુલા દેખાતી નહોતી. તે માની જ નહોતો શકતો કે જે સુંદર છોકરીને મળે હજી પૂરા ચોવીસ કલાક પણ થયા નથી તે તેના ઉપર હંમેશનો જાદુ કરી જશે.

હુબલીથી પાછા આવ્યા બાદ સંજય લગભગ દરરોજ મૃદુલાનાં દિવાસ્વપ્નો જોવા લાગ્યો. જ્યારે તેણે પોતાની બૅગ ખોલી ત્યારે મૃદુલાનું બક્કલ તેના હાથમાં આવ્યું. તે તેને પાછું આપવાનું ભૂલી ગયો હતો. તેણે પોતાની જાતને કહ્યું : 'હું તેને ટપાલ દ્વારા મોકલી શકું. પણ મને એ ગમે નહીં. હું એને ફરી મળવાનો પણ નથી. તો બક્કલને કચરાપેટીમાં નાંખવું એ જ ઠીક રહેશે.'

પણ એ તેમ કરી ન શક્યો.

પછીના થોડા દિવસો એ પોતાના કામમાં એવો વ્યસ્ત રહ્યો કે તે બક્કલની વાત સદંતર ભૂલી જ ગયો.

❑

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

નિયતિ

દુબલી શિક્ષક મંડળ દુશેરાની રજાઓ દરમિયાન ત્રણ અઠવાડિયાંના વાર્ષિક પ્રવાસનું આયોજન કરતું. તેઓ આજુબાજુનાં ગામડાંમાંના શિક્ષકોને પણ આમંત્રણ આપતા. આ વખતના પ્રવાસમાં અલાદહલીમાંથી આચાર્ય શ્રી સાગર અને મૃદુલા જોડાવાનાં હતાં.

છેલ્લાં ચાર વર્ષ દરમિયાન આ શિક્ષક મંડળે દિલ્હી, કેરાલા અને તમિલનાડુના પ્રવાસો કર્યા હતા. આ વર્ષે તેમણે મહારાષ્ટ્રનો પ્રવાસ ગોઠવ્યો હતો. બધા શિક્ષકો ખૂબ ઉત્સાહમાં હતા અને પ્રવાસ દરમિયાન નિરાંતે ખર્ચ કરી શકાય એ માટે પૈસા ભેગા કર્યા હતા. તેમણે ગાડીનો એક આખો ડબ્બો રિઝર્વ્ડ કરાવી દીધો હતો ને રસોઇયાને પણ જોડે લઈ જવાની તેમની યોજના હતી. આના કારણે તેમના પૈસા પણ બચે ને વળી પૌષ્ટિક ભોજન મળે એ તો નફામાં! મહાનગરોમાં તો કર્ણાટકી સમાજમાં ઉતારો કરવો તેવું શિક્ષક મંડળે નક્કી કર્યું હતું. પ્રવાસમાં મુંબઈ, અજન્ટા- ઇલોરા, □□રંગાબાદ, નાસિક, નાગપુર અને બીજાં થોડાંક શહેરો જોવા તેવું નક્કી કરવામાં આવ્યું હતું.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

આ પ્રવાસ માટે રુક્મા ખુશ નહોતા. પણ ભીમાણ્ણાએ મૃદુલાને પ્રોત્સાહન આપ્યું હતું. મૃદુલાએ ક્યારેય ઉત્તર કર્ણાટકની બહાર પગ મૂક્યો જ નહોતો. તેથી જ તે ભારતના આ બીજા પ્રદેશો જોવા માટે ખૂબ ઉત્સુક હતી. જ્યારે તે પોતાનો સામાન ગોઠવતી હતી ત્યારે ચંપાબાઈ તેને પ્રવાસની શુભેચ્છાઓ આપવા આવ્યાં. ચંપાબાઈ તો પ્રવાસની બાબતમાં ખૂબ જાણકાર હતાં ને વળી મુસાફરી માટેની સૂચનાઓ આપવી તેમને ગમતી. તેમણે મૃદુલાને સલાહ આપતાં કહ્યું : 'મૃદુલા, બહુ સાડીઓ સાથે લઈ ના જતી. જો તારો પહેલો મુકામ પૂના હોય તો તું ત્યાંથી ઘણી સાડીઓ ખરીદી શકીશ. આ કાગળમાં ચંદ્રકાન્તનું સરનામું અને ફોન નંબર છે. અજાણ્યા શહેરમાં કોઈ ડૉક્ટરનું સરનામું પાસે હોય તો સારું પડે. જો તારી ઇચ્છા હોય તો તું તેના ઘરે મુંબઈમાં રહી પણ શકે.'

'કાકી, તેમને મેં બારેક વર્ષ પહેલાં જોયેલા. આજે તો તેમનો ચહેરો સુધ્ધાં મને યાદ નથી. વળી હું મરાઠી બોલી શકતી પણ નથી.'

'મૃદુલા, મને કોઈ આવાં બહાનાં બતાવવાની જરૂર નથી. ચંદ્રકાન્તને ફોન કર અને કહે કે તું ભીમાણ્ણાની દીકરી છે. એટલે એ તારી સાથે કન્નડમાં વાત કરશે. તે તેની માતૃભાષા છે.'

વિષય બદલતા ભીમાક્કાએ કહ્યું : 'ચંપાબહેન! તમારી ભાણી પરણેલી છે ને તે કર્ણાટકમાં છે, નહીં?'

મૃદુલાને ખ્યાલ આવી ગયો કે હવે ચર્ચાનો અંત જલ્દીથી આવવાનો નથી. ચંપાબાઈ સાંજનું વાળુ અહીં જ કરીને જશે ને તેથી તે માને મદદ કરવા રસોડામાં ગઈ.

બીજા દિવસે સવારે મૃદુલા પ્રવાસે જવા નીકળી.

તેમના પ્રવાસનું પહેલું સ્થળ પૂણે હતું. બધાં પ્રવાસીઓમાં મૃદુલા સૌથી નાની હતી. તેમણે પર્વતી ટેકરી, ચતુશૃંગી મંદિર, સંભાજી પાર્ક અને દગડુ શેઠના ગણપતિ – આ બધું જોયું. તેણે જોયું કે ચંપાબાઈના કહેવા પ્રમાણે પ્રવાસમાંની બધી શિક્ષિકાઓ લક્ષ્મી રોડ પર આવેલી દુકાનોમાં સાડીઓ ખરીદવા ગઈ. મૃદુલા આજ સુધી માનતી હતી કે ખરીદી માટે હુબલીનું બજાર સૌથી મોટું ને સરસ છે. પણ એણે જ્યારે પૂણેનું મોટું બજાર જોયું ત્યારે એને ખ્યાલ આવ્યો કે હુબલીનું બજાર પૂણેની સરખામણીમાં ઘણું નાનું છે.

અહીં શેરડીના રસનાં ઘણાં બધાં કેન્દ્રો હતાં ને તેઓ ઘણી સરસ રીતે શેરડીનો રસ આપતાં હતા. અલાદહલીમાં શેરડી પાકતી નહોતી. કારણ કે તે પ્રદેશ શેરડી માટે અનુકૂળ નહોતો ને વળી શેરડી માટે તો અઢળક પાણી જોઈએ. વળી ત્યાં જે શેરડીનો રસ મળતો હતો તેનો સ્વાદ મધુર હતો. અહીંના લોકો શેરડીના રસમાં લીંબુ, ખાંડેલી વરિયાળી અને આદુનો રસ ઉમેરતાં. વળી તે બરફ પર રાખતાં. મૃદુલા પૂનામાં રહી ત્યાં સુધી એણે ખૂબ લહેજતથી રસ પીધો ને ખૂબ મઝા કરી.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

જ્યારે બધાં મુંબઈ પહોંચ્યા ત્યારે માણસોની ભીડ જોઈ મૃદુલા તો ગભરાઈ જ ગઈ ને ઢીલી થઈ ગઈ. આટલું વિશાળ મહાનગર, આટલા બધાં માણસો ને અતિ ઝડપી ચાલતી ગાડીઓ જોઈને તે તો સ્તબ્ધ જ થઈ ગઈ! તેને અલાદહલીમાં પાછા જતાં રહેવાનું મન થયું કારણ કે ત્યાંનું શાંત વાતાવરણ તેને યાદ આવી ગયું. શિક્ષક મંડળના બધાં સભ્યો સેન્ટ્રલ મુંબઈમાં આવેલ માટુંગામાંના કર્ણાટકી સમાજમાં રોકાયા.

શિક્ષક મંડળે નક્કી કર્યું કે બીજા દિવસે એલિફન્ટાની ગુફાઓ, ગેટ વે ઑફ ઇન્ડિયા અને નરીમાન પોઇન્ટ જોવા જવું. આ માટે તેમણે એક બસ ભાડે કરી લીધી. પણ સવારના ચા-નાસ્તા પછી મૃદુલાની તબિયત થોડી બગડી. તેણે તેના સાથીદારને કહ્યું : 'મારી તબિયત ઠીક નથી, પણ તમે બધાં જાઓ. અહીંયા વૉચમેન છે ને રસોઇયો પણ છે. જો મારે કંઈ જોઈતું કરતું હશે તો તેઓ મને મદદ કરશે. હું થોડી દવા લઈ લઈશ ને સાંજે તમે જ્યારે પાછા આવશો ત્યારે તો એકદમ સાજીનરવી થઈ જઈશ.'

શિક્ષક મંડળના અન્ય સભ્યોને તેને માટે ખૂબ ચિંતા થઈ, પણ થોડો સમય જો આરામ કરશે તો પોતે જરૂર સાજી થઈ જશે તેવી એણે હૈયાધારણા આપી. જો તેને કંઈ

વધુ તબિયત બગડે તો તે તેમને બોલાવશે, ફોન કરશે તેવું મૃદુલા પાસે વચન લીધા પછી જ તેઓ પ્રવાસે નીકળ્યા. હકીકતે તો મૃદુલા ગભરાઈ ગઈ હતી. તેને થયું કે પોતે શેરડીનો રસ વધારે પ્રમાણમાં પીધો છે. તરત જ તેને તાવ ચઢ્યો. તેણે પોતાની પાસેની દવાઓ લીધી પણ તોય તાવ જરાય ઊતર્યો નહીં. થોડી જ વારમાં તેને ઝાડા- ઊલટી થવા માંડ્યાં. તેને થયું કે આવી પરિસ્થિતિમાં નાળિયેરનું પાણી ખૂબ પીવું જોઈએ અથવા તેને ગ્લુકોઝના બાટલા ચઢાવવા જોઈએ. તે લાચાર થઈ ગઈ. તેને થયું : 'જો આવું ને આવું જ ચાલુ રહેશે તો આખા શિક્ષક મંડળનો પ્રવાસ મારે લીધે બગડશે. બધાં જ શિક્ષકો કેટલાય મહિનાઓથી આ પ્રવાસની રાહ જોતાં હતા. હું સાજી ન થાઉં ત્યાં સુધી હું મુંબઈ જ રહી શકું પણ સવાલ એ છે કે મુંબઈમાં રહેવું ક્યાં? જો આવી જ પરિસ્થિતિ અલાદહલીમાં ઊભી થઈ હોત તો વાત ખૂબ સરળ થઈ જાત. મારા પિતા શિગૉન કે હુબલીથી કોઈ પણ ડૉક્ટરને બોલાવવાની ગોઠવણ કરત.'

મૃદુલાને એકાએક યાદ આવ્યું કે ચંપાબાઈએ જરૂર પડે ડૉ. જોગનો સંપર્ક કરવાની તેને માહિતી આપી રાખી છે. ત્યાં તો તેને પેટમાં દુ:ખાવો શરૂ થયો. ડૉ. ચંદ્રકાન્તનો સંપર્ક કરવો કે નહીં તે બાબતમાં તે થોડી અવઢવમાં હતી, પણ આ સિવાય પોતે બીજું કરી શું શકે? ઘણાં મનોમંથનને અંતે, અનિચ્છાએ તેણે ડૉક્ટરને ફોન જોડ્યો. પણ જ્યારે સામે છેડે રહેલી વ્યક્તિ મરાઠીમાં બોલવા લાગી, એટલે તે મૂંઝાઈ. તેણે અંગ્રેજીમાં કહ્યું : 'I am Mridula, Bheemanna's daughter from Aladahalli.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

તરત જ પેલા માણસે કન્નડમાં કહ્યું : 'હું ચંદ્રકાન્ત બોલું છું. તું ક્યાંથી બોલે છે? શું તું મુંબઈમાં છે?'

મૃદુલાએ પોતાની આપવીતી કહી સંભળાવી. ડૉ. જોગે બહુ જ પ્રેમથી, કોમળતાથી કહ્યું : 'તું જરાય ચિંતા ના કરીશ. તને ગ્લુકોઝનો બાટલો ચઢાવવાની જરૂર છે. હું અત્યારે મારી હૉસ્પિટલમાં જ છું. હું મારી ગાડી મોકલું છું, જેથી તું સીધી અહીં જ આવી જઈ શકે.'

ફોન મૂક્યા પછી ડૉ. જોગે પોતાના બધા જ મદદનીશો તરફ જોયું ને છેલ્લે તેમની નજર સંજય પર આવીને અટકી. તેમણે તેને કહ્યું : 'સંજય, એક માત્ર તું જ મારો એવો સહાયક છે જે કન્નડ બોલી શકે છે. જ્યારે તું અલાદહલી ગયો હતો ત્યારે કદાચ તું મૃદુલાને મળ્યો હોઈશ. તો મહેરબાની કરીને તું મારી ગાડી લઈને જા અને તેને હૉસ્પિટલમાં લઈ આવ. જો એનું કોઈ પરિચિત એની સાથે હોય તો તેને જરા સારું લાગશે. પછી તરત જ તેને સ્ત્રીઓના વિભાગમાં દાખલ કરી દેજે. દરમિયાન હું એને માટે ખાસ સગવડોવાળા રૂમની ગોઠવણ કરું છું. બિચારી નાદાન છોકરી! મુંબઈની દુનિયા જોઈ તેને ખૂબ આઘાત લાગ્યો હશે, ને તેમાં વળી આ ઉપાધિ! તે ખૂબ બીમાર છે.'

ચંદ્રકાન્ત તેનાં કાકી ચંપાબાઈને ખૂબ ચાહતા હતા. તે જાણતા હતા કે ભીમાન્ના તેમની દેખભાળ બહુ સરસ રીતે રાખે છે. હવે આજે ભીમાન્નાની દીકરી માંદી છે તો તેને મદદ કરવી એ પોતાની ફરજ છે. આ સમયે એમનાં પત્ની પરદેશ હતાં. તેથી તેમણે નક્કી કર્યું કે જ્યાં સુધી મૃદુલાને સારું ન થાય ત્યાં સુધી તેને હૉસ્પિટલમાં રાખવી. પછી તેનાં બધાં મિત્રો ફરીને મુંબઈ પાછા ન આવે ત્યાં સુધી એને બહેનોની હોસ્ટેલમાં રાખવી. તેમને થયું. 'કર્ણાટકમાંથી આવતા વિદ્યાર્થીઓમાં માત્ર સંજય જ એક વ્યવસ્થિત છોકરો છે. કદાચ એ તેને ઓળખતો પણ હોય. હવે પછીના દસ દિવસો સુધી તેનું ધ્યાન રાખે, તેને મદદ કરે એમ હું સંજયને કહીશ.'

અણધારી રીતે મળેલી આ તક અને નવી જવાબદારીથી તે મનમાં તો ખૂબ ખુશ થયો પણ તેણે પોતાનો એ આનંદ જરાય બહાર દેખાવા ન દીધો. તેણે તો પોતે એમ જ માની લીધેલું કે પોતે હવે ફરી ક્યારેય મૃદુલાને મળી શકશે નહીં. જ્યારે તે કર્ણાટક સમાજમાં પહોંચ્યો ત્યારે તે ખૂબ જ બીમાર હતી અને તે અલાદહલીના સરોવરના વિખરાયેલા સફેદ કમળ જેવી લાગતી હતી. સંજયે તેને પૂછ્યું : 'મૃદુલા! આ શું? શું તું માંદી પડવા મુંબઈ આવી છે?'

દર્દભર્યા કણસતા અવાજે મૃદુલાએ કહ્યું : 'તમે ગમે ત્યાં હો, માંદગી સ્વતંત્ર છે. તે ગમે તે સ્થળે આવી શકે. પણ માંદગીનું ખરું કારણ તો ખોટાક છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

તેનાં બધાં જ મિત્રો તે દિવસનો પ્રવાસ પૂરો કરી પાછાં આવ્યાં ત્યારે બધાં જ ચિંતિત હતાં. તેઓ માનતાં હતાં કે મૃદુલાએ સંજય સાથે જવું જોઈએ, જેથી તેની બરાબર કાળજી લેવાય ને તેનો ઉત્તમ ઉપચાર થાય. આચાર્ય શ્રી સાગરે તેને આશ્વાસન આપતાં કહ્યું : 'મૃદુલા, તું ચિંતા નહીં કર. અમે દસ દિવસ ફરીને પાછા મુંબઈ આવી જઈશું. એ દરમિયાન તું સાજી થઈ ગઈ હોઈશ. તેથી એ પછી તું અમારી સાથે જોડાઈ શકીશ. તું આ રીતે જો ડૉક્ટરની દેખભાળ નીચે હોય તો અમને પણ નિરાંત રહે. જો તારી ઇચ્છા હોય તો હું તારા પિતા સાથે વાત કરું.'

હવે મૃદુલા પાસે બીજો કોઈ વિકલ્પ જ નહોતો. સંજય તેને હૉસ્પિટલમાં લઈ આવ્યો. ભોંયતળિયે પ્રસૂતિગૃહ હતું અને પહેલા માળે બહેનોનો વિભાગ હતો.

કેટલાક સ્પેશિયલ રૂમ્સ હતા. તે મોટેભાગે ડૉક્ટરો કે તેમનાં સંબંધીઓ માટે જ તે વપરાતા. મૃદુલાને આવા એક સ્પેશિયલ રૂમમાં રાખવામાં આવી.

સંજય જ્યારે મૃદુલાના દવા વગેરે વિશેના પત્રો જોવામાં વ્યસ્ત હતો ત્યાં ઍલેક્ષ આવ્યો ને કહેવા લાગ્યો : 'અરે સંજય! આજે જ્યારે ખૂબ કામ છે ત્યારે તું OPDમાં કેમ ના ગયો?'

'આજે એક ખાસ દર્દીનું ધ્યાન રાખવાનું છે.'

‘પણ કહે તો ખરો કે આજે તું આમ બહેનોના વિભાગની બહાર કેમ ઊભો છે? શું એ ખાસ દર્દી કોઈ છોકરી છે?’ ઍલેક્ષને કંઈક અણસાર આવી ગયો.

સંજયે તરત જ કહી દીધું : ‘હા, દર્દી એક છોકરી છે. હુબલીમાં લગ્નપ્રસંગમાં હતો ત્યાં હું તેને મળ્યો હતો.’

‘ચાલ ત્યારે સારું થયું. છેવટે તેં હુબલીમાં કશુંક તો ગુમાવ્યું જ.’

‘ગુમાવ્યું? એ વળી શું?’

‘તારા જેવા યુવાન કુંવારાઓ માટે ખૂબ મૂલ્યવાન કોઈ વસ્તુ હોય તો તે છે દિલ! મારી બધી જ શુભેચ્છાઓ તને પાઠવું છું.’ ઍલેક્ષ હસ્યો, તેની છાતી પર ધબ્બો માર્યો ને ચાલ્યો ગયો.

પછીના થોડા દિવસો મૃદુલાને બાટલા ચઢાવવામાં આવ્યા. પછી તે પોતે પહેલાં જેવી હતી તેવી થઈ ગઈ. તેણે તેનાં માતાપિતાને આ અંગે કશું જ જણાવ્યું નહીં, કારણ કે જો તેઓ જાણે તો ચિંતામાં જ અધમૂઆ થઈ જાય. હવે તો પોતાનાં મિત્રો પાછા આવે ત્યાં સુધી તેણે રાહ જોવી જ રહી. પછી તો તે બહેનોની હોસ્ટેલમાં રહેવા લાગી. તેનો એક માત્ર મુલાકાતી હતો સંજય!

‘તારી માંદગીને કારણે તેં મુંબઈમાંની એલિફન્ટાની ગુફાઓ જોવાની ગુમાવી. મારે આવતીકાલે રજા છે. હું તને ત્યાં લઈ જઉં?’ પોતે આવી રીતે પૂછવાની પહેલ કરી તેથી સંજયને પોતાને માટે જ આશ્ચર્ય થયું. માત્ર તેને બહાર લઈ જઈ શકાય તે હેતુથી પોતે રજા લીધી છે તે વાત તેણે છુપાવી.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મૃદુલાને જોકે થોડી શરમ આવતી હતી, પણ તે તેની સાથે જવા ઇચ્છતી હતી. તેણે પૂછ્યું : ‘જો હું તમારી સાથે આવું તો ડૉક્ટર કાકાને કંઈ વાંધો તો નહીં હોય ને?’

‘ના, ના, આ માટે કંઈ તમારે તેમની મંજૂરી લેવાની જરૂર નથી.’

મૃદુલા કોઈ પુરુષ સાથે બહાર ગઈ હોય તેવો આ પહેલો જ પ્રસંગ! તેઓ પહેલાં ગેટ વે ઑફ ઇન્ડિયા ગયાં, કારણ કે ગુફાઓ તરફ જવાની હોડીઓ / મોટરબોટ ત્યાંથી મળતી હતી. જ્યારે તેઓ મોટરબોટની રાહ જોઈ રહ્યાં હતાં ત્યારે મૃદુલા ચારેબાજુ જોતી હતી. તેને થયું કે આ શહેર કંઈક જુદા જ પ્રકારનું છે. દરેક માણસ અહીં કોઈ ને કોઈ પ્રવૃત્તિ કરી જ રહ્યું હતું. અહીંની તસુએ તસુ જમીનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બોટમાં બેસવાનો તેમનો વારો આવ્યો ત્યારે સંજયે પોતાના બેઉ હાથ લંબાવીને તેને અંદર આવવામાં મદદ કરી. તે ક્ષણે મૃદુલાને ખ્યાલ આવ્યો કે સંજયનો એક હાથ બીજા હાથ કરતા થોડોક ટૂંકો છે. સંજયે જોયું કે મૃદુલાએ પોતાના હાથ વિશે નોંધ કરી લીધી છે ત્યારે તેને ક્ષોભ થયો પણ મૃદુલાએ ના તો કશું કહ્યું કે ના કશું પૂછ્યું.

બૉટ એલિફન્ટાની ગુફાઓ તરફ ચાલવા લાગી. તે યુવાન પ્રેમીજનો, પરિવારજનો અને કૉલેજનાં વિદ્યાર્થીઓથી ભરચક હતી. બોટમાંની એક બેઠક યોગ્ય રીતે ગોઠવાયેલી નહોતી. બેઠકને ઠીકઠાક કરવાનાં ઓજારો હાજર હતાં પણ બોટનું ધ્યાન રાખનાર છોકરાને તે ઓજારો વાપરવાનું ને બેઠક કેવી રીતે સરખી કરવી તે આવડતું નહોતું. જે મુસાફરે એ બેઠક પર બેસવાનું હતું તેને જરાય બેસતાં ફાવતું નહોતું. તેણે સારી રીતે બેસીને જવાય તે માટે તો પૈસા આપ્યા હતા. બેઠક જરાય સારી નહોતી. તેથી તે પેલા છોકરા પર અકળાયો ને જેમતેમ બોલવા લાગ્યો, પણ પેલો છોકરો તો સાવ લાચાર હતો! જ્યારે સંજયને ખ્યાલ આવ્યો કે શું થઈ રહ્યું છે ત્યારે તેણે પેલા છોકરા પાસે ઓજારોની પેટી માંગી. માત્ર દસ જ મિનિટમાં તેણે બેઠકને સરસ રીતે ગોઠવી દીધી, રિપેર કરી નાંખી. પેલો મદદનીશ છોકરો આભારવશ થઈ સંજયને કહેવા લાગ્યો : 'સાહેબ! સુથારોના મજૂરીના ભાવો ખૂબ હોય છે તેથી મારા શેઠ સુથારને બોલાવતા નથી ને મને આવા કોઈ પ્રકારના કામની તાલીમ મળી નથી. તેથી મુસાફરો – પ્રવાસીઓ મારા પર અકળાય છે. પણ તમે તો યંત્રો અને ઓજારોના સારા જાણકાર છો સાહેબ! મારું સદ્નસીબ કે આજે તમે આવ્યા. તમારો ખૂબ ખૂબ આભાર સર!' પણ સંજય તો ચૂપ જ રહ્યો.

લગભગ અડધા કલાક બાદ, બોટ એલિફન્ટાની ગુફાઓ પાસે પહોંચી. બધાં જ પ્રવાસીઓ ખૂબ જ ઉત્સાહિત હતાં. તેમાંથી બહુ ઓછા એવા માણસો હતા જેમને ખરેખર ગુફાઓ જોવામાં સાચો રસ હતો. સામાન્ય રીતે સંજય વાતો કરતો હોય પણ અત્યારે જ્યારે તેઓ દરિયાકિનારેથી ગુફાઓ તરફ જઈ રહ્યાં હતાં ત્યારે તે શાંત હતો. મૃદુલાએ કહ્યું : 'તમને ખ્યાલ આવ્યો કે પેલો મદદનીશ છોકરો તમને મિકેનિક, એક કારીગર માની બેઠો? મારે એને કહેવું હતું કે ખરેખર તમે એક ડૉક્ટર છો.'

'હા, ભલે. ડૉક્ટર પણ આખરે તો માનવશરીરના સંદર્ભમાં એને સરખું-સારું કરનાર એક કારીગર જ છે.'

'હા, એય સાચું.'

'અમારી હૉસ્પિટલમાં જ્યારે કોઈ તબીબીયંત્ર કે સાધન બગડી જાય છે ત્યારે તેઓ મને જ બોલાવે છે. મને વસ્તુઓ રિપેર કરવી ગમે છે.'

'તો પછી તમે એન્જિનિયરિંગમાં કેમ ના ગયા?'

'તેની પાછળ એક કારણ હતું' – આટલું કહી સંજય શાંત થઈ ગયો. તે જરાય વધુ વાત કરવા માંગતો નહોતો.

થોડુંક ચાલ્યાં ને તેઓ ગુફા પાસે પહોંચી ગયાં. ગુફાઓની દીવાલો પર મંદિરમાં હોય છે તેવી વિશાળ મૂર્તિઓ કંડારેલી હતી. તે અત્યંત સુંદર હતી. પરંતુ મૃદુલા તો

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજય વિશે જ વિચારતી હતી. 'જ્યારે તેને યોગ્ય લાગશે ત્યારે સંજય ભલે મારા પ્રશ્નનો જવાબ આપે. મારે બળજબરીથી એના અંગત જીવન વિશે માહિતી મેળવવી નથી.'

ગુફાની બહાર થોડીક હોટેલો હતી અને થોડાક ફેરિયાઓ હતા જેઓ ગુફાના ચિત્રોના પોસ્ટકાર્ડ, ફિલ્મી પત્રિકાઓ વેચતા હતા. વળી તત્કાળ ફોટો પાડતા ફોટોગ્રાફરો પણ હતા અને ટી-શર્ટ વેચનારા પણ હતા. આ ઐતિહાસિક સ્થળ કરતાં વધુ તો ઉજાણીનું જાણીતું સ્થળ હોય તેવું લાગતું હતું. સંજય અને મૃદુલાએ કોઈ હોટેલમાં જઈ ચા પીવાનું નક્કી કર્યું. ચા પીતાં પીતાં સંજયે વાત શરૂ કરી, 'જ્યારે હું નાનો હતો ત્યારે બીજાં બાળકો જેવો એકદમ સામાન્ય જ હતો. હું જ્યારે ચાર કે પાંચ વર્ષનો હોઈશ, હું ઝાડ પર ચઢી ગયો. મને જોકે આ ઘટના જરાય યાદ નથી. પણ મારાં માતાપિતાએ મને કહ્યું કે હું ઝાડ ઉપરથી નીચે પટકાયો ને બેભાન થઈ ગયો. મારા પિતા ગામડામાં ડૉક્ટર તરીકેનું કાર્ય કરતા હતા ને ક્યારેય કોઈ દર્દી પાસેથી પૈસા લેતા નહીં. જોકે તેમણે કોઈ □□પચારિક કે વ્યવસ્થિત કેળવણી લીધી નહોતી. તેમ છતાં દવાઓ તેઓ જાતે જ ઘરે બનાવતા. તેથી તેમણે મારા ઘરગથ્થુ ઉપચારો કર્યા, પણ મારો હાથ યોગ્ય રીતે ગોઠવાયો નહોતો. પાછળથી મારી મા મને એક મોટી હૉસ્પિટલમાં લઈ ગઈ. હાડકાના એક મોટા ડૉક્ટરને બતાવ્યું. પણ તે ઘણું મોડું થઈ ગયું હતું. મારે ઑપરેશન કરાવવું પડ્યું. જો કે ઑપરેશન દરમિયાન મારો એક હાથ જરાક ટૂંકો થઈ ગયો.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

અચકાતાં અચકાતાં મૃદુલાએ પૂછ્યું : 'શું એ હાથને કારણે તમને કોઈ મુશ્કેલી પડે છે?'

'ના, જરાય મુશ્કેલી પડતી નથી. હા, જો હું એનો વધારે પડતો ઉપયોગ કરું કે ખૂબ ભારે વસ્તુ ઊંચકું તો મને થોડો દુ:ખાવો થાય. પણ જ્યારે હું કોઈ ટોળામાં હોઉં ત્યારે હું વિચિત્ર માણસ છું તેવું મને મનથી લાગ્યા કરે છે.'

મૃદુલા તેનું દુ:ખ સમજી શકી. તેને તેના માટે સહાનુભૂતિ થઈ, પણ હાલ શું બોલવું તે તેને ન સમજાયું. ત્યાં તો સંજયે જ વાત આગળ ચલાવી.

'જ્યારે આ મુશ્કેલી મારી સામે આવી ત્યારે મારી માતાએ તેનો સામનો કરવા ખૂબ હિંમત આપી. મારી આ ખોડને બાજુએ મૂકીને હું એક સારો ડૉક્ટર જરૂર બની શકું તેવું તે દૃઢપણે માનતી હતી. તે મારી શક્તિ હતી. આજે હું જે કાંઈ છું તેનો યશ મારી માને ફાળે જાય છે.'

સંજય થોડો ગળગળો થઈ ગયો ને ભૂતકાળમાં સરી પડ્યો. તેની માતા રત્નમ્મા નાણાં ધીરનાર એક સામાન્ય શાહુકાર હતાં. તેમને ધન-પૈસા પ્રત્યે ખૂબ લગાવ હતો. તેણે પોતાની માતાને ઘણીવાર કહ્યું હતું કે તેને માતાનો આ વ્યવસાય જરાય ગમતો

નથી. પણ તેની માતા કહેતી કે તેને આમાં મજા પડે છે. તે સાચી હતી. દરેકે પોતાને જેમાંથી આનંદ મળતો હોય તે જ કામ કરવું જોઈએ.

સંજય હજી પોતાનો ભૂતકાળ જ વાગોળતો હતો. તેને પોતાના શારીરિક શિક્ષણ—ખેલકૂદના વર્ગની યાદ આવી. શાળામાં ભણતો હતો ત્યારે PTના વર્ગમાં શિક્ષક વિદ્યાર્થીઓને તેમના હાથ લાંબા કરવાનું કહેતા. તે પણ બંને હાથ લાંબા કરતો. ત્યારે તેના સહાધ્યાયીઓ તેના હાથની ઠેકડી ઉડાવતા. સંજય ત્યારે અકળાઈ જતો ને તેમને પકડવા તેમની પાછળ દોડતો. જ્યારે તે તેમને પકડી શકતો નહી ત્યારે તે ઘેર જતો ને ખૂબ રડતો. રત્નમ્મા તેને શાંત પાડતી અને તેને હિંમત આપતાં કહેતી : 'બેટા! આ તો ભગવાનનો નિર્ણય છે. કાલની કોને ખબર? કદાચ એક દિવસ એવો પણ આવે જ્યારે તું તારા આવા જ હાથથી દુનિયા પર રાજ પણ કરતો હોય. ઈશ્વરની લીલા અપાર છે. ધીરજ ધર.'

'પણ તમે મારા સવાલનો જવાબ તો ના જ આપ્યો?' મૃદુલાએ તેને યાદ કરાવ્યું.

'હા, ખરી વાત. તો સાંભળો. હું મારા આ હાથ માટે અનેકવાર હૉસ્પિટલ ગયો હતો. ત્યાં ડૉક્ટરો મને મદદ કરતા તેથી મને પણ ડૉક્ટર થવાનું મન થયું. મારા પિતાને ત્રણ અને મારી માતાને બે બહેનો હતી. એમાંથી મોટાભાગે તો ઘણી બહેનો જન્મ વખતે જ અવસાન પામી. તેથી મને સ્ત્રીરોગના નિષ્ણાત થવાનો વિચાર આવ્યો. જોકે હું જાણતો હતો કે બહેનો મોટે ભાગે સ્ત્રી દાક્તરની પાસે જ જાય છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

આ દરમિયાન તેમની ચા પીવાની પૂરી થઈ ગઈ ને પાછા પોતાને સ્થળે જવા તેમણે એ પછીની બોટ પકડી લીધી.

પછીના થોડા દિવસો દરમિયાન સંજય અડધો દિવસ દવાખાનાનું કામ કરતો અને રોજ સાંજે મૃદુલાને બહાર ફરવા લઈ જતો. દિવસો બહુ ઝડપથી પસાર થઈ ગયા ને મુંબઈ રોકાણનો તેમનો છેલ્લો દિવસ આવી ગયો. નાગપુરથી તેમનું શિક્ષક મંડળ આવી ગયું. મૃદુલા મુંબઈ રેલવે સ્ટેશનથી તેમની સાથે જોડાઈ જશે તેવું નક્કી કર્યું. ત્યાંથી પછી આખું મંડળ કોલ્હાપુર જવાનું હતું ને ત્યાંથી હુબલી.

મૃદુલાએ પોતાનો સામાન તૈયાર કર્યો ને પોતે બહેનોની હોસ્ટેલ પર જ સંજયની રાહ જોશે તેવું નક્કી કર્યું. સંજયની રાહ જોવામાં મૃદુલાને આનંદ આવતો હતો. તેને યાદ આવ્યું કે જ્યારે હૉસ્પિટલમાં તેને દાખલ કરવામાં આવી હતી અને તેને બાટલો ચઢાવવામાં આવ્યો હતો ત્યારે સંજય આખી રાત તેની સાથે રહ્યો હતો જેથી આ અજાણ્યા નગરમાં તેને જરાયે એકલું ન લાગે. જોકે તે વખતે તો તેને ખૂબ શરમ આવતી હતી કારણ કે આ યુવાનને તે ખાસ ઓળખતી જ નહોતી. જ્યારે આજે તે તેના તરફ

આકર્ષાઈ છે અને આજ પછી તે તેને ફરી જોવા મળશે કે કેમ તે પણ એક પ્રશ્ન જ હતો.

એ દિવસે સંજય પણ પોતાના કામમાં એકાગ્ર થઈ શક્યો નહોતો. તે સતત મૃદુલાના વિચારો કરતો રહ્યો. તેને એવું લાગ્યું કે જાણે તે તેને વર્ષોથી ઓળખે છે. તેને યાદ આવ્યું કે હુબલીના લગ્નપ્રસંગમાં અંધારામાં જ્યારે વરસાદ પડતો હતો ત્યારે પોતે તેનો હાથ પકડ્યો હતો. તે વખતે તે તેને પહેલી વાર મળ્યો હતો, પણ આજે મુંબઈમાં તેને તેનું એટલું જ આકર્ષણ છે તે જરાયે ઓછું થયું નથી. તેણે આવી સુંદર અને ભોળી, નિર્દોષ છોકરીઓ ફક્ત સિનેમામાં જોઈ હતી કે પુસ્તકોમાં વાતાર્ઓમાં વાંચી હતી, પણ વાસ્તવિક જીવનમાં આવી છોકરી મળવી એ ખરેખર અશક્ય હતું. સંજયને થયું કે ખરેખર પોતે નસીબદાર છે કે તેને તે મળી શક્યો, તેની સાથે તેની ઓળખાણ થઈ.

તે મનોમન વિચારવા લાગ્યો કે, 'આજે તે જતી રહેશે, પછી ફરી હું તેને ક્યારે મળીશ? મને ખબર છે કે જે વ્યક્તિ મૃદુલાને પરણશે તે ખરેખર ભાગ્યશાળી હશે. સામાન્ય રીતે લોકો મારા ટૂંકા હાથની ટીકા કરે છે અને એ વિશે જાતજાતના પ્રશ્નો પૂછે છે. વળી બેધડકપણે તેઓ એમ પણ પૂછે છે કે આ વારસાગત છે કે જન્મજાત ખોડ છે? જેથી હું લઘુતાગ્રંથિ અનુભવું છું. મૃદુલાએ મને તેના વિશે કશું જ પૂછ્યું નહીં અને મારા હાથ વિશે જાણ્યા પછી પણ તેના વર્તનમાં કોઈ ફેર પડ્યો નહીં. હું તેનાં માતાપિતાને મળ્યો છું ને તેનું ઘર પણ જોયું છે. મને ખબર છે કે તેનું કુટુંબ સમૃદ્ધ છે. વળી જરાય દંભ નહીં કે પૈસાની લાલચ પણ નહીં. લગ્નસંબંધમાં, જો પત્ની વધારે પડતી મહત્ત્વાકાંક્ષી હોય તો મારા જેવા સાદા માણસને ખૂબ જ સહન કરવું પડે. તો તેની સાથે લગ્ન કરીને હું જ તે નસીબદાર માણસ કેમ ન બની શકું? અમે બંને એક જ જ્ઞાતિના છીએ અને એક જ ભાષા બોલીએ છીએ. તે ખૂબ બુદ્ધિશાળી છે અને જો અમે લગ્ન કરીશું તો બહુ ઝડપથી અમે એકબીજાંને અનુકૂળ થઈ જઈશું. ના, કદાચ હું એને માટે એટલો યોગ્ય ન પણ હોઉં. તે એક સંપન્ન કુટુંબમાંથી આવે છે ને તે કદાચ મને એક સારો મિત્ર જ ગણતી હોય. કદાચ તેણે લગ્ન વિશે વિચાર્યું જ ન હોય. શક્ય છે કે તેણે કદાચ બીજી કોઈ વ્યક્તિને પસંદ કરી પણ હોય. અથવા તેનાં માતાપિતાએ તેનાં લગ્ન બીજે કરાવવા વિચાર્યું હોય. માનો કે તે પોતે જ મને ''ના'' પાડી દે તો તે નકાર શું હું સહન કરી શકીશ? મારામાં તે ઇન્કાર સાંભળવાની ક્ષમતા છે?'

એક ક્ષણ માટે તે સ્તબ્ધ થઈ ગયો. પછી તેને ઍલેક્ષના શબ્દો યાદ આવ્યા : 'કોઈ ભારતીય છોકરી પહેલ કરશે નહીં. છોકરાએ જ પહેલ કરવી પડે. છોકરાએ જ છોકરીને પૂછવું જોઈએ ને ખરાબ લાગે તોય બહુ બહુ તો તે ''ના'' કહેશે.'

'તમે કેવી રીતે જાણી શકો કે છોકરી ''હા'' કહેશે કે ''ના''?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'જો છોકરીની સંમતિ હશે તો પણ તે તરત જ ઉત્તર નહી આપે. તે એમ જ કહેશે કે તે તેને પછી જણાવશે અથવા હું મારા પિતા સાથે વાત કરી જોઉં. જો તને આવો જવાબ મળે તો માનજે કે છોકરીની ''હા'' છે. જે છોકરી ''ના'' પાડવા માંગતી હશે તે તું તેની પાસે પ્રસ્તાવ મૂકીશ તે પહેલાં જ તને રાખડી બાંધી દેશે. તે જાહેરમાં જ કહેશે કે તું એના ભાઈ જેવો છે. કોઈ હિંમતવાળી છોકરી હશે તો તે તને લાફો મારી દેશે. જો કે એવું ભાગ્યે જ બને, પણ તારે તે માટે તૈયાર રહેવું જોઈએ. 'મુગલ-એ-આઝમ'નું પેલું બહુ પ્રચલિત અને લોકપ્રિય ગીત 'પ્યાર કિયા તો ડરના ક્યા?' – એ તો તેં સાંભળ્યું છે ને! એનો અર્થ એટલો જ કે જો તમારામાં તે સહન કરવાની તાકાત હોય તો જ તમે કોઈ છોકરીને પ્રેમ કરી શકો. નહી તો બીજો વિકલ્પ છે જ ઍરેન્જ્ડ મેરેજનો. તમે ને તમારાં માતાપિતા છોકરીને જુઓ અને પાંચ મિનિટમાં જ નિર્ણય લઈ લો.'

સંજય મૃદુલા પાસે પોતાનો પ્રેમ વ્યક્ત કરવા માટે અવઢવ અનુભવતો હતો, પણ તેની પાસે બીજો કોઈ વિકલ્પ નહોતો. તેને મૃદુલાનું, માથામાં નાંખવાનું, બક્કલ યાદ આવ્યું. શબ્દો દ્વારા પ્રેમ વ્યક્ત કરવો એ એને માટે ખૂબ અઘરું હતું. તેથી આ બક્કલે તેને પત્ર લખવાનું નિમિત્ત પૂરું પાડ્યું. હવે સંજય સામે એક બીજી મોટી સમસ્યા ઊભી થઈ. પ્રેમપત્ર કેવી રીતે લખાય તેની તેને ખબર જ નહોતી. આ પ્રેમના ક્ષેત્રનો તેનો કોઈ અનુભવ જ નહોતો. પરીણામે પચીસ વર્ષના યુવાન સંજય પહેલી વાર પ્રેમપત્ર લખતા તરુણ જેવી મૂંઝવણ અનુભવવા લાગ્યો. આખરે તેણે પત્ર લખવો શરૂ કર્યો.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'પ્રિય મૃદુલા,

મારો પત્ર જોઈ તને નવાઈ લાગશે. હું કાંઈ કોઈ મોટો લેખક નથી ને કોઈ છોકરી ઉપરનો આ મારો પહેલો જ પત્ર છે. હું તને ખૂબ જ ચાહું છું. તું મને ખૂબ જ ગમે છે. તેં મને જેવો જોયો છે તેવો જ હું છું. તારી પાસે હું જરાય જુઠ્ઠું નહી બોલું. હું એકદમ ગરીબ કુટુંબમાંથી આવું છું. અમારી પાસે થોડી જમીન છે, એ સિવાય કોઈ મિલકત નથી. મારે પિતા નથી. મારી બહેનનાં લગ્ન થઈ ગયાં છે. સુંદરતા કે સમૃદ્ધિ બેમાંથી એકેય બાબતમાં હું તારી સમકક્ષ નથી. મારા ટૂંકા હાથ વિશે તો તું જાણે જ છે, પણ હું મહેનતુ અને પ્રામાણિક છું. મારું હવે પછીનું જીવન હું તારી સાથે પસાર કરવા ઇચ્છું છું. જો તું મારી બાબતમાં આ રીતે જ વિચારતી હોય તો મને જવાબ આપજે. નહી તો આ પત્ર ફાડી નાંખજે ને આ વિશે ભૂલી જજે.'

લિ. સંજય'

તેણે વારંવાર પત્ર વાંચ્યો. હવે એમાં વધુ શું લખી શકાય તે અંગે તેને કશી સમજ ન પડી. પછી તેણે તેનું બક્કલ અને પત્ર કવરમાં મૂક્યાં ને તેને ગુંદરથી ચોંટાડી

દીધું.

બહેનોની હોસ્ટેલ પરથી મૃદુલાને લઈ સંજય VT સ્ટેશન પર પહોંચ્યો. શિક્ષક મંડળના સભ્યો તેની રાહ જ જોઈ રહ્યાં હતાં. મૃદુલા તેઓ સાથે જોડાઈ ગઈ અને સંજયને 'આવજો' કહી શકાય તે માટે તે બારી પાસે બેઠી. એન્જિનની સીટી વાગી ને ગાડી ઊપડવાનો સિગ્નલ પડ્યો. ઘણી અવઢવ અને મૂંઝવણ બાદ સંજયે મૃદુલાને કવર આપ્યું. ખૂબ ધીમા અવાજે તેણે કહ્યું : 'આ બહુ મહત્ત્વનું છે, મૃદુલા.'

'પણ આ છે શું?'

પણ ત્યાં તો ગાડીએ સ્ટેશન છોડ્યું ને સંજય વ્યથિત થઈ, અસ્વસ્થતાથી હાથ હલાવતો પ્લૅટફૉર્મ ઉપર એકલો ઊભો રહ્યો.

❑

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

અતીતના આયનામાં

સંજય પોતાની રૂમમાં પાછો આવ્યો અને આશ્ચર્ય સાથે વિચારવા લાગ્યો કે પોતે જે કર્યું છે તે બરોબર કર્યું છે કે નહીં? કદાચ એમ પણ બની શક્યું હોત કે રૂબરૂમાં મળીને મૃદુલાને પોતાની લાગણી દર્શાવતાં કહ્યું હોત કે, 'મૃદુલા, હું તને ચાહું છું' તો તે આ પત્ર કરતાં વધારે અસરકારક થઈ શક્યું હોત. પણ તે જાણતો હતો કે એમ કહેવું કે કરવું એ પોતાના માટે વધારે મુશ્કેલ છે.

તેને થયું; 'શું અત્યાર સુધીમાં તેણે પોતાનો પત્ર વાંચી લીધો હશે? તે શું વિચારતી હશે? તેને મારા કરતાં વધારે સારી વ્યક્તિ જરૂર મળી જ શકે. તે રૂપાળી છે ને વળી આદર્શવાદી છે. તેણે ક્યારેય પોતાના જીવનમાં ગરીબી જોઈ જ નથી. હકીકતે તો તેણે અલાદહલી સિવાયનું બહારનું હરીફાઈભર્યું જગત જોયું જ નથી. એ મારી સાથે શા માટે લગ્ન કરે? છેવટે તો હું અપંગ છું. મારી માતાનો નાનકડો શાહુકારીનો ધંધો છે. હું મૃદુલાના કુટુંબ પાસેથી એવી આશા જ કેવી રીતે રાખી શકું કે તેઓ તેમની દીકરી મને આપે?'

ને તોય સંજયને ઊંડે ઊંડે કંઈક આશા હતી. લીમડા પાંચાળ હતા પણ વ્યવહારડાહ્યા નહોતા. મૃદુલા ભણવામાં તેજસ્વી પણ તેની બહેન લક્ષ્મીની જેમ ગામગપાટા મારવામાં કે લોકોની પંચાત કરવામાં હોંશિયાર નહોતી. તેથી તેઓ કદાચ લગ્ન માટે સંમત થઈ પણ જાય. સંજય સાંજનું ભોજન પણ સરખું કરી ન શક્યો. તે પથારીમાં પડયો ખરો પણ ઊંઘ હજારો માઇલ દૂર હતી.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

પથારીમાં પડયાં પડ્યાં જ તેણે અતિગીચ, હદ પારની વસ્તીવાળું પાર્લા જોયું. તેણે નર્સ ઇંદુમતીને હૉસ્પિટલ પર રહેવા કહ્યું અને તેને કહ્યું કે જો ખૂબ જ સિરિયસ પેશન્ટ હોય કે એવી કોઈ ઇમરજન્સી હોય તો જ પોતાને બોલાવવો. તે પોતાના બાળપણની વાતોમાં સરી ગયો.

કોઠાસૂઝ ભારે હતી. તેણે ઘણી ગરીબી અને ભૂખમરો વેઠ્યાં હતાં અને તેમાંથી કેવી રીતે રસ્તો કાઢવો તે તેને સરસ રીતે આવડતું હતું. તેના પિતા ડરપોક હતા ને તે હંમેશાં 'લોકો શું કહેશે' તેની જ ચિંતા કર્યા કરતા. પણ તેની માતા આ બેય સ્થિતિઓ સામે ટકી શકે તેવી મજબૂત હતી.

તેના પિતા તેને વારંવાર કહેતા : 'આપણા વિશે સમાજમાં કેવી છાપ છે ને લોકો શું કહે છે તે બધાંનું પણ ધ્યાન રાખવું જોઈએ.' ત્યારે તેની માતા કહેતી : 'લોકો તમને હંમેશાં સલાહો જ આપશે, પણ દીકરા, એક વાત હંમેશાં યાદ રાખજે કે તું જે વિચારે છે તે સાચું છે ને તે પ્રમાણે જ કરજે.'

માતા-પિતાનાં વિધાનો હંમેશાં રાત અને દિવસની જેમ સામસામેના રહેતાં. જોકે તેની માતા ઘણું ઓછું બોલતી પણ કુટુંબમાં તેનો નિર્ણય આખરી ગણાતો. લોકો જો એમ કહે કે તમારે તમારી લડાઈ છોડી દેવી જોઈએ, તો પિતાજી બહુ સરળતાથી હાર સ્વીકારી લેતા. તેઓ કહેતા કે જીવનમાં હાર કે જીત જેવું કંઈ છે જ નહીં. પિતા કુટુંબથી જુદા જ પડતા હતા.

હૉસ્પિટલની પરસાળમાં મૂકેલા ઘડિયાળમાં મધરાતના બારના ટકોરા થયા. તેનો અર્થ એટલો જ કે હજી સુધી કોઈ સિરિયસ પેશન્ટ આવ્યું નથી. ઇન્દુમતીએ ચોક્કસ એ જવાબદારી બીજા કોઈને સોંપી દીધી હશે. ખરેખર આ તેની ભલમનસાઈ હતી. જોકે તેમ છતાં તે ઊંઘી શક્યો નહીં. તેનું ચિત્ત વળી પાછું રખડવા માંડ્યું.

મેટ્રિકમાં તેના ઘણાં સરસ માર્ક્સ હતા. પણ આ દરમિયાન જ તેના પિતાજીનું અવસાન થયું ને બહેન લક્ષ્મી પરણી ગઈ. તે સાસરે સંયુક્ત કુટુંબમાં રહેવા લાગી. તેના સાસરિયાં એક મોટા ઘરમાં રહેતા હતાં. ચારેય ભાઈઓ મૈસૂરમાં જ સાથે રહી કામ કરતાં હતાં ને સાથે જ રહેતા હતા. તેમાંના કોઈ પણ ભાઈ એ ઘર છોડવા અને બહાર જવા તૈયાર નહોતા. કારણ તેઓ જાણતાં હતાં કે જે છેક સુધી આ ઘરમાં રહેશે તેને જ આ કૌટુંબિક વારસારૂપ ઘર મળશે અને પૈતૃક સંપત્તિમાં જે ગણો તે આ એક ઘર જ છે. 'હમ સાથ સાથ હૈ' અને 'હમ આપકે હૈ કૌન?' જેવી ઘણીબધી સંયુક્ત કુટુંબની અગત્યતા અને લાભ સમજાવે છે. જાગે કે સંયુક્ત કુટુંબ તરફી વકીલાત કરે છે. પણ સંજયે જોયું હતું કે મોટાં કુટુંબોમાં સ્વાર્થીપણું, ઈર્ષ્યાભાવ અને અંદરખાને બીજાઓ માટેનો નકારાત્મક ભાવ વિશેષ હોય છે. સંયુક્ત કુટુંબ એક સુસંગઠિત કુટુંબ હોય છે એવી જે છાપ સમાજમાં જોવા મળે છે તે ખરેખર ખોટી છે. એનાં કરતાં તો અલગ થઈ જવું એ વધારે સારું. જોડે રહીને રોજ લઢવું એના કરતાં તો જુદા રહીને ભાઈભાંડુ કે માતાપિતા સાથે સારો મીઠો સંબંધ રાખવો એ વધુ સારું છે.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

જ્યારે તેણે મૈસૂરની કૉલેજમાં દાખલ થવાનું નક્કી કર્યું ત્યારે તેની બહેન અને માતાએ એ ઘરમાં જ રહેવું તેવો જ આગ્રહ રાખ્યો હતો. એ ત્યાં રહેવા ઇચ્છતો નહોતો પણ નહોતી તેનામાં શક્તિ કે નહોતી આર્થિક આઝાદી કે તે માતાની આજ્ઞા ઉથામી શકે. તે એ પણ જાણતો હતો કે હોસ્ટેલમાં રાખી તેને ભણાવવો એ માતાને પોષાય તેમ નથી. વળી તે એમ પણ માનતી હતી કે જો તે સંયુક્ત કુટુંબમાં રહે તો તેની દેખભાળ પણ સહુ રાખી શકે. એ ધારણા સદંતર ખોટી નીવડી. જે આવા કુટુંબમાં રહેતું હોય તે જ માણસ સમજી શકે કે અંદરખાને શું ચાલી રહ્યું છે. કુટુંબના માણસો વચ્ચે અંદરોઅંદર તીવ્ર હરીફાઈ જ થતી હોય છે. આર્થિક સ્થિતિના સંદર્ભમાં ઘરના પુરુષો વચ્ચે મતભેદો એકદમ સામાન્ય હતા. પરંતુ સ્ત્રીઓ તો નાનામાં નાની દરેક બાબતોની સરખામણી કરતી. કદાચ છે ને જો કુટુંબની કોઈ સ્ત્રી સાડી લાવી હોય તો બીજી સ્ત્રીઓ પણ સાડી લાવવાની જ. પછી ભલેને તેના પતિને કોઈ પાસે પૈસા ઉછીના લેવા પડયા હોય! જો

કોઈ એક જણ સોનાનો દાગીનો લાવે તો બીજાઓ તેનાથી પણ વધારે મોંઘી કોઈ વસ્તુ ખરીદી લાવે જ. લક્ષ્મી હવે આવા વાતાવરણવાળા કુટુંબમાં રહેવા ટેવાઈ ગઈ હતી અને કુટુંબમાં ગોઠવાઈ ગઈ હતી. તે પણ જાણે તેમાંની એક બની ગઈ હતી, કુટુંબમાં એવી એકરૂપ થઈ ગઈ હતી. પણ સંજયને ત્યાં ગૂંગળામણ થતી હતી.

સંજયે જ્યારે અહી રહેવાની શરૂઆત કરી ત્યારે તેની માએ બે કોથળા ભરી ચોખા મોકલ્યા હતા. આ જોઈ લક્ષ્મીની નણંદો ને દેરાણી-જેઠાણીઓએ કટાક્ષમાં કહ્યું : 'એકલા ચોખાથી કંઈ ઓછું ચાલે છે. તારે દાળ વગેરે બીજી વસ્તુઓ પણ ખોરાકમાં લેવાની હોય ને વળી સાબુ, દંતમંજન, માથામાં નાંખવાનું તેલ એ બધું ઘણુંય જોઈએ જ ને!'

તે પછી તેઓ તેની મજાક કરતા હોય તેમ હસવા લાગતાં. ઘરનાં બાળકો તેને વારંવાર તેના ટૂંકા હાથ વિશે પૂછતાં ને તેની અપંગતા પર મશ્કરી કરતા. ક્યારેક તો તેને અમ્મા અને લક્ષ્મી પર ખૂબ ગુસ્સો આવતો. તેને થતું કે આના કરતાં તો મને અનાથાશ્રમમાં મૂકી દીધો હોત તો સારું થાત! છેવટે ત્યાં મને થોડી શાંતિ અને એકાંત તો મળત!

ગમે તેમ પણ એ ઘરમાં તેણે બે વર્ષ કાઢી નાખ્યાં. તે એક સારે પોઇન્ટથી હતો અને પ્રિ-યુનિવર્સિટીની પરીક્ષામાં તેણે ખૂબ સરસ માર્ક્સ મેળવ્યા. જ્યારે તેણે મેડિકલનું ભણવાનું નક્કી કર્યું ત્યારે એને ખ્યાલ આવ્યો કે કોઈ પણ સરકારી કૉલેજમાં તેને એડમિશન મળી જાય તેવા તેના માર્ક્સ છે. તેણે જાણીજોઈ મૈસૂર મેડિકલ કૉલેજમાં અરજી ના કરી. તેને બેંગ્લોર કૉલેજમાં ઍડમિશન મળી ગયું. અમ્માએ તેને પૂછ્યું પણ ખરું કે, 'સંજય, તેં મૈસૂર કૉલેજમાં ઍડમિશન કેમ ના લીધું?'

તેણે તેને જુઠ્ઠું કહ્યું : 'મા, મારા માર્ક્સ થોડાક ઓછા હતા તેથી મૈસૂર મેડિકલ કૉલેજમાં મને પ્રવેશ ના મળ્યો.'

પણ સાચી હકીકત તો એ હતી કે તે મૈસૂરમાં કે તેની બહેનના ઘરે રહેવા માંગતો જ નહોતો. જુઠ્ઠું બોલવું એ જરાય સારી વાત નથી એમ એ માનતો જ હતો. તેમાંય મા પાસે તો ન જ બોલવું જોઈએ, પણ ક્યારેક આવું અસત્ય બોલવું જરૂરી હોય છે. જેથી તમારું જીવન પ્રમાણમાં સરળ રીતે પસાર થઈ શકે. તેણે જોયું હતું કે કેટલીકવાર તેની માતા પણ ખોટું બોલતી, પણ એ કાંઈ મોટું પાપ નથી. છેલ્લા બે વર્ષ દરમિયાન સંયુક્ત કુટુંબમાં રહી તે ઘણો ઘડાયો હતો અને તેણે અસંખ્યવાર જુઠ્ઠાણાઓ સાંભળ્યાં હતાં. તેથી જ તેણે પોતાની માતાને કહી દીધું કે હવે ભણવા માટે તે બેંગ્લોર જશે.

જ્યારે તે બેંગ્લોર આવ્યો ત્યારે જીવન તેને ખૂબ સુંદર લાગ્યું, પણ ત્યાંનું જીવન ખૂબ ખર્ચાળ હતું. પોતાની માતાએ પોતાને ટેકો આપવા કેટલો બધો સંઘર્ષ કર્યો

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

છે તેનો વિચાર આવતાં જ તેની આંખો આંસુથી ભરાઈ ગઈ. સંતોષના મકાનની અગાશી પરનો નાનો રૂમ તેણે ભાડે લીધો. તે જાતે જ રસોઈ બનાવતો ને પછી કૉલેજમાં ભણતો. સંતોષની માતા એક ભલી સ્ત્રી હતી. તેણે કહ્યું : 'સંજય, તું દરરોજ રસોઈ બનાવવાની માથાકૂટ શા માટે કરે છે? તું આ રીતે તારો કિંમતી સમય વેડફી રહ્યો છે. અમારા ઘેર ખાઈ લે તો ચાલે. હું તો કૂકરમાં થોડા વધારે ચોખા આસાનીથી ઉમેરી દઉં ને રાંધી શકું.'

પણ તેણે ક્યારેય આ વાતનો સ્વીકાર કર્યો નહી. હા, ક્યારેક કોઈ મોટો તહેવાર હોય ત્યારે તે તેમની સાથે ભોજન કરતો. તેના પિતાએ તેને એક ન ભૂલી શકાય તેવો પાઠ ભણાવ્યો હતો. તેમણે કહેલું કે, 'બેટા, એક વાત હંમેશાં યાદ રાખજે. જેટલો વધારે સંઘરો તેટલું વધારે દુ:ખ. **अति सर्वत्र र्वायेत्** — અરે! વધારે પડતું મધ પણ ઝેર સમાન છે.'

તેથી જ કોઈની પણ સાથે અંગત કે નિકટનો ગાઢ સંબંધ બંધાય જ નહી તેવો સ્વભાવ સંજયનો થઈ ગયો. તેને લોકો સાથે બેસવું, ગપાટા મારવા, તેમની અંગત વાતોમાં રસ લેવો કે કોઈને સલાહ આપવાનું ક્યારેય ગમતું જ નહી. આથી જ તેને કોઈ કટ્ટર દુશ્મનોય નહોતા તેમ જ ગાઢ કોઈ મિત્રો પણ નહોતા. અરે મા કે લક્ષ્મી સાથે પણ તે જરૂર પૂરતી, કામ પૂરતી જ વાતો કરતો. આથી જેમ કાચબો પોતાના કોચલામાં જ જીવે તેમ તે પણ પોતાનામાં જ જીવતો. એ તેની પ્રકૃતિ હતી, આ જ તેનો સ્વભાવ હતો.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

પણ જ્યારે તેણે મૃદુલાને પહેલી જ વાર જોઈ, તેને ખૂબ આશ્ચર્ય થયું. તે પવનની સાથે હવામાં મોકળાશથી ઝૂલતાં તાજાં ફૂલો જેવી લાગતી હતી. તે ખૂબ સુંદર હતી, તે દિલની સાચી હતી ને વળી ખૂબ પ્રેમાળ હતી. તેના કુટુંબમાં મહેમાનગતિ બહુ દિલથી થતી. મૈસૂરના ઘર જેવું નહી, કે જ્યાં પૈસાને આધારે વ્યક્તિને માનસન્માન મળતું હોય. મૃદુલા અને તેનાં પરિવારજનો ખૂબ સ્ફૂર્તિમય અને ભર્યુંભર્યું જીવતાં હતાં. તેમને ત્યાં દરેક દિવસ તહેવારની જેમ ઉજવાતો. મૃદુલા કારણ વગર પણ મલકાતી અને ક્યારેક હસી પડતી. શું આને કારણે જ એ તેના તરફ આકર્ષાયો હતો? જે હોય તે, પણ તેણે ક્યાંક વાંચ્યું હતું કે વિરુદ્ધ ધ્રુવો જ એકબીજાં પ્રત્યે ખેંચાય છે, આકર્ષાય છે. પણ તે એટલું તો જરૂર જાણતો હતો કે તેની આર્થિક સમૃદ્ધિ, તેનાં ખેતરપાદર કે જમીનને કારણે તે તેના તરફ નહોતો આકર્ષાયો. તેને પોતાનામાં વિશ્વાસ હતો, આત્મવિશ્વાસ હતો.

તેનું મન ફરી પાછું વર્તમાનમાં આવ્યું. બહુ થોડા સમયથી બંને અરસપરસને ઓળખતાં થયાં છે. આ પહેલાં તેઓ ક્યારેય સાથે ભણ્યાં નહોતાં કે મિત્રો પણ નહોતાં. મૃદુલા કદાચ 'ના' પાડશે એવા વિચાર માત્રથી જ ઠંડી રાત્રીમાં પણ તે પરસેવે રેબઝેબ થઈ ગયો. 'ના' શબ્દ એને માટે કંઈ નવો નહોતો. તેણે ઘણીવાર 'ના' સાંભળી

છે. એવા કડવા અનુભવો તેને ઘણીવાર થઈ ચૂક્યા છે, પણ આ વખતે તે 'ના' સાંભળવા જરાય તૈયાર નહોતો.

જ્યારે તે બેંગ્લોરમાં ભણતો હતો ત્યારે વસુધા નામે તેની એક સહાધ્યાયી સાથે તેને થોડોક નજીકનો સંબંધ હતો. વસુધા વાચાળ ને ખાસ્સી બોલકી છોકરી હતી. તેઓ પાંચ વર્ષ એક સાથે જ ભણ્યા. તેઓ સારા મિત્રો હતા. તે સંતોષની પિતરાઈ બહેન હતી ને તેથી ઘણીવાર તે તેને ઘેર આવતી. વસુધાની સંજય સાથેની મૈત્રીની સંતોષ ઘણીવાર મશ્કરી કરતો. વસુધા કંઈ બહુ રૂપાળી, આકર્ષક નહોતી. સંજય તેને રોજ જોતો તેથી તેને થોડી થોડી ગમવા લાગેલી. આ એ સમયની વાત છે જ્યારે તે માંડ વીસેકનો હશે. પણ એક દિવસની વાત છે. તે કોઈ કામે જતો હતો ત્યારે વસુધા અને સંતોષ વચ્ચે થતી વાતચીત તેને કાને પડી. વસુધા કહેતી હતી : 'સંતોષ, મહેરબાની કરીને મને અને સંજયને ખીજવવાનું બંધ કર. તે મારા વર્ગમાં ભણે છે ને હોંશિયાર વિદ્યાર્થી છે. મને તેના પ્રત્યે માન છે પણ તેના ટૂંકા હાથને માટે મને તેના પર દયા આવે છે. મારા જેવી સંપૂર્ણ ને સામાન્ય છોકરી શા માટે તેની સાથે લગ્ન કરે? દયા એ પ્રેમથી અલગ લાગણી છે.'

તેની આવી વાતો સાંભળી તેને ખૂબ જ આઘાત લાગ્યો. તેને પોતાની સામે જે કહ્યું હતું તે યાદ આવ્યું. તે કહેતી : 'બેટા! સાંભળ, જ્યાં સુધી તને પરિણામની ખબર ન હોય કે તેના વિશે ચોક્કસ ન હોય ત્યાં સુધી તારે તારા દિલની ઊંડામાં ઊંડી લાગણી કોઈ પાસે ક્યારેય વ્યક્ત ના કરવી. પૂરેપૂરો વિચાર કર્યા વગર ક્યારેય કોઈ સાથે તારી નબળાઈઓની વાત ના કરીશ. બાકી તો લોકો તેનો લાભ જ લેશે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

પણ પિતાએ આનાથી એકદમ ઊંધી જ વાત કહેલી : 'દરેક વ્યક્તિ એક ટાપુ છે. બે ટાપુઓને જોડવા માટે એક પુલની જરૂર પડે છે. તે પુલનું નામ છે સંબંધ. જીવનમાં તમે તમારી સાચી લાગણી છુપાવો ત્યારે નહીં, પણ તે વ્યક્ત કરો તો જ એ સંબંધોમાં સચ્ચાઈ આવે, સાચી આત્મીયતા આવે.'

સદ્‌ભાગ્યે તે પિતાની નહીં પણ માતાની સલાહને અનુસર્યો. નહીં તો તેના પર દરેક વ્યક્તિ હસતી હોત! દરેક જણ તેની મજાક ઉડાવતું હોત!

આ બનાવ બન્યા પછી, જ્યાં સુધી તે મુંબઈ આવ્યો ત્યાં સુધી તેણે એક પણ છોકરી સાથે વાત સુધ્ધાં કરી નહોતી. તેનું હૃદય જાણે પથ્થરનું થઈ ગયું હતું. પણ જ્યારે તે મૃદુલાને પહેલી વાર મળ્યો ત્યારે તેનું દિલ અગ્નિ પાસે રહેલા માખણની જેમ પીગળી ગયું. તે માત્ર શારીરિક આકર્ષણ જ નહોતું. તેમાં એક પ્રકારની સલામતી અને એકદમ ઓછે અંશે પણ તેના પ્રત્યે માલિકીભાવ હતો. તેને એ ખબર નહોતી કે મૃદુલાને તેના માટે શી લાગણી છે?

પોતાની ઇન્ટર્નશીપ પૂરી થયા પછી આગળ ભવિષ્યમાં શું કરવું તે વિશે તે વિચારતો હતો ત્યારે તેને કોઈએ પણ માર્ગદર્શન આપ્યું નહોતું. રત્નમ્માએ તેના ભવિષ્યનો નિર્ણય લેવા પોતાના પુત્રને પૂરતી સ્વતંત્રતા આપી હતી. તેણે કહ્યું : 'સંજય, અમારાં બધાં કરતાં તું વધારે ભણેલો છે. મારાં કરતાં તું દરેક વાતને, સ્થિતિને વધુ સારી રીતે સમજી શકે. હું માત્ર તને એટલી જ સલાહ આપી શકું કે તું કોઈ ખોટી સંગતમાં ફસાઈ ન જાય કે કોઈ ખોટે માર્ગે જતો ન રહે તેનું ધ્યાન રાખજે. વ્યવહારુ થજે અને નિર્ણય લેવાનો આવે ત્યારે યોગ્ય નિર્ણય કરજે.'

તેના ખુલ્લા દિલના અભિપ્રાય માટે સંજયને પોતાની માતા માટે ખૂબ માન થતું. જ્યારે સંતોષના ઘરમાં, તે જે કરે તે માટે તેનાં માતા અને પિતા વચ્ચે હંમેશાં મતભેદો રહેતા. તેના પર ઘણી બધી પાબંદીઓ હતી. જ્યારે સંજય મુક્ત પંખી જેવો હતો. મા પણ દીકરા પાસે આવી જ મોકળાશની અપેક્ષા રાખતી. જ્યારે તેની માતાએ નાનકડી દુકાન શરૂ કરી ત્યારે તેને કંઈ ગમેલું નહીં, જોકે તે દુકાન હજી ચાલુ જ છે.

કૉલેજમાં ઍલેક્ષ તેના કરતાં એક વર્ષ આગળ હતો. તેઓ સારા મિત્રો હતા. સંજયની ઇન્ટર્નશીપ દરમિયાન ઍલેક્ષ મુંબઈથી તેને મળવા આવ્યો અને તે ભવિષ્યમાં શું કરવા માંગે છે તે અંગે પૂછપરછ કરી. સંજયે કહ્યું : 'હું સ્ત્રીરોગના વિષય સાથે અનુસ્નાતક કરવા માંગું છું.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'એ ખરેખર સારું છે, પણ કર્ણાટકમાં સરકારી બેઠકોમાં પ્રવેશ મળવો ખૂબ અઘરો છે. તારે પહેલો નંબર લાવવો પડે, નહીં તો તને એનાટોમી કે પેથૉલૉજીમાં પ્રવેશ મળી શકે.'

'હા, હું જાણું છું. મને લાગે છે કે મારે કામનો થોડો અનુભવ પણ લેવો જોઈએ.'

'સરસ! જો તું કામ કરવા ઇચ્છતો હોય તો મુંબઈ આવ. તું ત્યાં રહેવાનું રાખ અને કોઈ પણ સરકારી હૉસ્પિટલમાં ડ્યુટી પરનો ડૉક્ટર બની જા. તેનાં ઘણાં લાભ છે. તને સારામાં સારી રીતનો દાક્તરીનો અનુભવ થશે, બધાં કાર્યો કેવી રીતે થાય છે તે અંગે ઘણું જાણવાનું પણ મળશે. વળી એ જ સમયે તું અનુસ્નાતકમાં પ્રવેશ માટેની પરીક્ષાની તૈયારી પણ કરી શકીશ. હું હાલ KEM હૉસ્પિટલમાં કામ કરું છું. હું તને ત્યાં નોકરી અપાવી શકું પણ તે હંગામી હોય, કાયમી નહીં. વળી પગાર પણ કંઈ મોટો ન હોય. જો તું અનુભવ જ લેવા માંગતો હોય તો તું મુંબઈમાં જરૂર આવી શકે. ત્યાં તું થોડાં વર્ષ કામ કર ને પછી તારે શું કરવું તે તું નક્કી કર.' ઍલેક્ષ પોતાનો સંપર્ક કરવા માટેની બધી માહિતી આપીને ગયો.

સંજય ક્યારેય કોઈ કાર્ય ઉતાવળે કરતો નહીં, તેથી તેણે તેના પર ખૂબ વિચાર કર્યો. તે ક્યારેય કર્ણાટકની બહાર ગયો જ નહોતો. તેથી તેના જીવનના બદલાવ માટે પણ આ એક સરસ તક હતી. તે પૂરતી પૂર્વ તૈયારી કર્યા વગર

પ્રવેશપરીક્ષા આપવા માંગતો નહોતો. તેણે હમણાં જ સાંભળ્યું હતું કે તેના વર્ગના એક તેજસ્વી વિદ્યાર્થીને ગાયનેકોલૉજીમાં પ્રવેશ મળ્યો નહોતો. શક્ય છે કે તે વિદ્યાર્થીએ પ્રવેશપરીક્ષા અંગે પૂરતી તૈયારી ન પણ કરી હોય. પણ આ સાંભળી સંજયને ખૂબ આઘાત લાગ્યો. તેથી તેણે વિચાર્યું કે સૌથી ઉત્તમ રસ્તો એ છે કે મુંબઈ જવું, થોડો અનુભવ મેળવવો, પાછા આવવું અને પછી પરીક્ષા આપવી.

હજી સુધી તેને ઊંઘ આવતી નહોતી. તેને સતત એ જ ઉચાટ રહેતો કે શું મૃદુલા 'ના' પાડશે?

જ્યારે તે મુંબઈ આવ્યો ત્યારે શહેરની જીવનરીતિ જોઈ, ચહલપહલ જોઈ, તે હેબતાઈ જ ગયો! આખા શહેરમાં જ્યાં જુઓ ત્યાં નરી ભીડ! માણસોનાં ટોળેટોળાં! તેને બેંગ્લોર પાછા જવાનું મન થયું. પણ ઍલેક્ષે તેનું રહેવાનું ખૂબ આરામદાયી બનાવી દીધું. તેને એક સાચો મિત્ર મળ્યો. ઍલેક્ષ ભણવામાં કંઈ એટલો બધો તેજસ્વી નહોતો, પણ નેતૃત્વના ગુણો અને સંબંધો બાંધવાની કુશળતા એ તેનાં વ્યક્તિત્વનાં સબળ પાસાં હતાં. એક જ અઠવાડિયામાં તેને રેસિડેન્ટ ઍન્ડ ઑન ડ્યુટી ડૉક્ટર તરીકેનો નિમણૂકપત્ર બંને મળ્યાં. સામાન્ય રીતે બુદ્ધિશાળી અને તાલીમ પામેલા યુવાન દાક્તરો સરકારી હૉસ્પિટલોમાં કામ કરતા નથી. કાં તો તેઓ દરેક પ્રકારની સુખસગવડ આપે તેવી રીતે ખાનગી પ્રૅક્ટિસ કરે છે અથવા બધું પૈસા કમાવવા પરદેશ જાય છે.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ઍલેક્ષે તેને હૉસ્પિટલનું રાજકારણ સમજાવ્યું. 'સંજય, ગાયનેકૉલૉજી વિભાગમાં ત્રણ એકમો છે. તે એકમોના વડા ડૉ. જોગ, ડૉ. પારેખ અને ડૉ. ભોંસલે છે. ડૉ. પ્રકાશ સારી વ્યક્તિ છે પણ તેમને પોતાનું જ નર્સિંગહોમ છે. તેથી તેમને તેની સાથે વધારે નિસબત હોય તે સ્વાભાવિક છે. તેમનું વધારે પડતું ધ્યાન નર્સિંગહોમમાં જ હોય છે. ડૉ. ભોંસલે એ સ્થાનિક વ્યક્તિ છે અને એક પ્રધાનના સંબંધી છે, તેથી તે સતત વ્યસ્ત હોય છે. ડૉ. જોગ શ્રેષ્ઠ છે. તે તટસ્થ, વિદ્વાન, ઘણી જાણકારી ધરાવનાર અને એક સારા શિક્ષક છે. વળી તે તારા રાજ્યમાંથી આવ્યા છે. તેમની સાથે તને સારું ફાવશે. આપણા દેશમાં ભલે સમાન તકો દરેકને મળવી જોઈએ એવા બણગાં ફૂંકતાં હોઈએ, એવી વાતો કરતાં હોઈએ, પણ વ્યવહારમાં તો જાતિ, ભાષા અને સંબંધો – આ બધી બાબતો જ બહુ અગત્યનો ભાગ ભજવે છે. હું ઇચ્છું કે તું ડૉ. જોગ સાથે કામ કર, પણ છેવટે નિર્ણય તારે લેવાનો છે.'

સંજયે ડૉ. જોગ સાથે કામ કરવાનું સ્વીકાર્યું, પણ ડૉ. જોગ ક્યારેય તેની સાથે કન્નડમાં વાત કરતા નહીં અને તેની તરફ પક્ષપાત પણ દાખવતા નહીં. તે હંમેશાં તટસ્થતાથી જ વર્તતા. જોકે, જો દર્દી કન્નડ જાણતો હોય તો સંજય તેમની સાથે કન્નડમાં વાત કરતો જેથી દર્દીને પોતાપણું લાગે, ઘર જેવું લાગે – એ વાત જુદી જ હતી. આવા

જ કોઈ એક પ્રસંગ દરમિયાન ડૉ. જોગને ખબર પડી કે સંજય પણ કર્ણાટકથી આવેલો છે. એનાથી એમને કોઈ ખાસ ફેર ન પડયો. ખરેખર તો કામ પ્રત્યેની સંજયની નિષ્ઠાથી તે ખૂબ પ્રભાવિત થયા.

સંજયના વિચારો ફરી પાછા મૂદુલા પર આવ્યા ને તે તેની પ્રતિક્રિયા વિશે વિચારવા લાગ્યો. 'શક્ય છે કે તે પોતાની બહેનપણીઓ પાસે પોતાના પત્રની મજાક ઉડાવતી હોય. મુંબઈમાં આવ્યે મારે લગભગ ત્રણ વર્ષ થયાં. હવે મારે નક્કી કરી લેવાનો સમય આવી ગયો છે. કાં તો મારે મુંબઈમાં રહીને અનુસ્નાતકનો અભ્યાસ પૂરો કરવો અથવા બેંગ્લોર પાછા જવું.'

છેવટે તે ઊંઘી ગયો.

❑

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

બીજી તક

અ લાદહલીમાં નવેમ્બર અને ડિસેમ્બર વર્ષના ઉત્તમ મહિનાઓ. એ સમયે ન તો ધોધમાર વરસાદ હોય કે ન આગ વરસાવતા પવનો હોય! આકાશ એકદમ ચોખ્ખું ને વાતાવરણ ખુશનુમા! પૂર્ણિમાની રાત તો બહુ ઉત્સાહપૂર્વક લોકો ઊજવે! બધાં સગાંસંબંધીઓ સરોવરને કિનારે ભેગાં થઈને ચંદ્રના અજવાળામાં અથવા આંબાવાડિયામાં ભોજનનો આનંદ માણે! આ ભોજનની ખાસિયત એ કે તેમાંની જે ખાસ મુખ્ય વાનગી હોય તે સફેદ જ હોય. જેવી કે, દહી-ભાત, ભોજનને અંતે પીરસાતી ખાંડવાળી મીઠાઈ, સફેદ ચિરોહી, ખીર અને જુવારની રોટલી!

દર વર્ષે ભીમાન્ના આ તહેવાર જે રીતે ઊજવતા, એજ રીતે એમણે આ વર્ષે પણ ઊજવ્યો. તેમના ઘણા મિત્રો જુદા જુદા ગામથી આવ્યા. રુક્માબાઈનાં સંબંધીઓ પણ એમાં જોડાયાં. ચંપાબાઈ તો ભીમાન્નાના કુટુંબીજન જેવાં જ હતાં, તેથી તેમનાં સગાંઓને પણ આમંત્રણ અપાયું. તેઓ પણ આવ્યાં. ભીમાન્નાએ ખાસ હુબલીથી રસોઇયો બોલાવ્યો હતો. તેણે રસોઇયાને કહ્યું : 'અમે કંઈ રાજામહારાજા કે ભગવાન નથી. અમે એકદમ સામાન્ય માણસો છીએ. અમે દરેકને મોંઘી મોંઘી તોલાગાંઠો આપી ન શકીએ. હા, પણ અમે સહુને પ્રેમથી સ્વાદિષ્ટ ને પૌષ્ટિક, સારામાં સારું ભોજન જરૂર કરાવી શકીએ. તો તમે ઘરનું બનાવેલું ઘી, ગોળ અને ફળો છૂટથી વાપરજો. વસ્તુ સારી બનાવજો, એમાં કશી કસર ના કરશો. જે કોઈ આપણી સાથે આ જમણમાં જોડાયા હોય તેમને ભોજનનો સ્વાદ યાદ રહી જાય તેવું જમણ હોવું જોઈએ. વળી આવતા વરસ સુધી તેમને આ તહેવારનું જમણ અને આપણી સંગત યાદ રહે તેવું કરવું જોઈએ.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મહારાષ્ટ્રના પ્રવાસમાંથી પાછા ફર્યા બાદ મૃદુલા તેના પોતાના જ ઘરમાં કંઈક વધારે પડતી શાંત થઈ ગઈ હતી. તેના જીવનમાં પ્રથમ જ વાર એવું થયું હતું કે કોઈએ તેને પ્રેમપત્ર લખ્યો હોય! શરૂમાં તો એને આઘાત લાગ્યો. પણ એકવાર તેણે આખો પત્ર વાંચ્યો, પત્ર ફરીવાર વાંચ્યો. તેને સંજય વધારે ગમવા લાગ્યો. લગ્ન એ જીવનની એક સીમાચિહ્ન ઘટના છે ને એ અંગેનો નિર્ણય તે એકલી જાતે ન લઈ શકે. આ નિર્ણયમાં તેનાં માતાપિતાનો પણ બહુ મહત્ત્વનો મોટો ફાળો હોવો જોઈએ. તેણે આ વાત પોતાનાં માતાપિતાને જણાવવાનું નક્કી કર્યું. મૃદુલા શાંત થઈ ગઈ છે અને સૂનમૂન રહે છે એ વાત ભીમાન્નાના ધ્યાનમાં આવી નહોતી. એ તો આ ઉત્સવની તૈયારીમાં જ ખૂબ વ્યસ્ત હતા. તો તેની માતાએ એમ માન્યું કે પ્રવાસ દરમિયાનની નાનકડી માંદગી અને થાકને કારણે તે આટલી બધી શાંત થઈ ગઈ છે. તે તેની સાથે વાત કરવા માંગતી હતી પણ ઘરમાં ઘણા મહેમાનો હતા ને તેમાં તે સતત વ્યસ્ત રહેતી. રુક્માનો ભાઈ

સત્યબોધ પણ પોતાની પત્ની અને બાળકો સરલા અને સતીશ સાથે આવ્યા હતા. સતીશ એ સત્યબોધનો પંડનો દીકરો નહોતો. તે તેની પત્નીનો દૂરનો પિતરાઈ હતો, જેણે પોતાનાં માતાપિતાને ગુમાવી દીધા હતાં. તેથી સત્યબોધ અને તેની પત્નીએ તેને પોતાના દીકરા તરીકે દત્તક લીધો હતો.

તહેવારના દિવસે તૈયાર થયેલા ભોજન સાથે બધાં જ મહેમાનો સરોવર કિનારે પહોંચ્યાં. ભીમાન્નાએ તેમને કહ્યું કે તે અને તેમનું કુટુંબ થોડી જ વારમાં આવી પહોંચે છે. રુક્માએ રસોડું લગભગ સાફ કરી દીધું હતું. હવે તેઓ ચાર જણા જ ઘરમાં રહ્યાં. મૃદુલાને થયું : 'પત્ર વિશે માતાપિતાને વાત કરવાનો આ ઉત્તમ સમય છે.'

ભીમાન્ના હીચકે ઝૂલતાં ઝૂલતાં પત્નીને કહેતા હતા કે, 'જલ્દી કરો.' મૃદુલા બહુ જ શાંતિથી પત્ર લઈ આવી અને ભીમાન્નાના હાથમાં મૂકી, તે લાકડાના થાંભલાની પાછળ જઈ ઊભી રહી. ભીમાન્નાએ પત્ર વાંચ્યો અને તેને ખૂબ નવાઈ લાગી. તેણે તરત જ કામમાં વ્યસ્ત એવી પોતાની પત્નીને પૂછ્યું : 'પેલા મુંબઈથી આવેલા તે ડૉક્ટર વિશે તારો શું અભિપ્રાય છે?'

ભીમાન્નાનો આવો ઊંચો સૂર અને અનઅપેક્ષિત પ્રશ્ન સાંભળી, પોતે જે કામ કરતી હતી તે પડતું મૂકીને રુક્મા બહાર આવી અને પૂછ્યું : 'તમે આ ક્ષણે તેના વિશે જાણવા માંગો છો? ને તેય હમણાં જ?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ભીમાન્નાએ બહુ જ સહજતાથી કહ્યું : 'કારણ કે તેણે આપણી મૃદુલા પર પત્ર લખ્યો છે અને તેણે જણાવ્યું છે કે તે મૃદુલાને પરણવા માંગે છે.'

એ દરમિયાન કિરણ પણ બહાર આવ્યો. રુક્માએ જવાબ આપ્યો : 'આપણે એને એક જ વાર મળ્યા છીએ ને તેના વિશે કે તેના કુટુંબ વિશે આપણે કશું જાણતાં નથી.'

'એ માટે તું બેફિકર રહે. તે આપણી જ જ્ઞાતિનો છે. તું જાણે છે તેમ તે ડૉક્ટર છે. હવે કહે તારો શો વિચાર છે?'

'આટલા ટૂંકા સમયમાં હું મારો અભિપ્રાય કેવી રીતે આપી શકું?'

'ઠીક, તું થોડો સમય વિચાર કર. અરે! હું એક વાત તો તને કહેવાની ભૂલી જ ગયો.' પછી ભીમાન્નાએ રુક્માને સંજયના હાથ વિશે વાત કરી.

રુક્મા આ સાંભળી થોડી અસ્વસ્થ થઈ ગઈ. 'મને લાગે છે આપણે આ બાબતમાં આગળ ન વધીએ. આપણી મૃદુલાને આનાથી ઘણો સારો છોકરો મળી રહેશે.'

મૃદુલા ઘરની અંદર જતી રહી. તે તેનાં માતાપિતાને આ બાબતે છૂટથી ચર્ચા કરી શકે તેવું ઇચ્છતી હતી. કિરણ પણ તેની પાછળ પાછળ ગયો. તે સંજય વિશે

વધારે જાણવા માંગતો હતો. તેણે કહ્યું : 'મૃદુલા, તેં તો મને સંજય વિશે કશી વાત જ કરી નથી.'

'ભાઈ, એના વિશે મેં આ દૃષ્ટિએ ક્યારેય વિચાર જ કર્યો નહોતો.' પછી તેણે સંજય અને પોતાની વચ્ચે જે કંઈ થયું તેની બધી વાત કરી. આ દરમિયાન, ભીમાન્ના પોતાની પત્નીને કહી રહ્યા હતા : 'જો બાકીની બધી રીતે સરસ હોય તો આ હાથની વાત તો ગૌણ છે. એક માત્ર આ હાથને કારણે લગ્ન માટે ના ન પડાય. છોકરો દેખાવડો અને બુદ્ધિશાળી છે. તેના વિશેની વધુ માહિતી આપણે ચંદ્રકાન્ત પાસેથી મેળવી શકીશું. આપણે તો માત્ર મૃદુલાની શી ઇચ્છા છે તે જ જાણવું જોઈએ. મૃદુલાની સંમતિ છે કે નહી તે મહત્ત્વનું છે.'

પણ રુક્માને મનમાં હજી અવઢવ હતી. 'શી ઉતાવળ છે? જો કદાચ હું ભાઈને કહીશ તો તે આનાથી પણ સારો મુરતિયો શોધી લાવશે.'

'તારો ભાઈ પોતાની દીકરી માટે પણ યોગ્ય વર શોધી શક્યો નથી. તેથી એ વાત તો તું ભૂલી જ જા. આ છોકરો વ્યવસ્થિત છે, ખાનદાન છે, તેથી જ તેણે આ પત્ર લખ્યો છે. હા, જો મૃદુલા ના પાડે તો આગળ કશું જ વિચારવાની જરૂર નથી.'

ભીમાન્નાએ મૃદુલાને બહાર બોલાવી. તે એક શરમાળ ગાયની જેમ ઓસરીમાં આવી. તેને ખ્યાલ આવી ગયો કે તેને શા માટે બોલાવવામાં આવી છે. ભીમાન્નાએ કહ્યું : 'મૃદુલા, તું એમ ન માનતી કે અમે તારે માટે બીજો છોકરો શોધવા સક્ષમ નથી. અમારી ચિંતા ઓછી થઈ જાય માટે તું આ છોકરા સાથે લગ્ન કરી લે એવો અમારો આગ્રહ નથી. હું માનું છું કે અમે અમારી દીકરીને એવા છોકરા સાથે પરણાવીએ કે જે સારો માણસ હોય. તે કેટલો ધનવાન છે તેની ફિકર નહી કરીએ. મૃદુલા, હવે તારે નિર્ણય કરવાનો છે. બેટા, એકદમ નિશ્ચિંત થઈ જા. અમને કહે કે તું શું વિચારે છે?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

પોતાના હાથને અદબમાં રાખીને જ મૃદુલાએ બહુ શાંતિથી કહ્યું : 'માનો કે લગ્ન થયા બાદ જો અકસ્માત થયો હોત ને સંજયનો હાથ આવો થયો હોત તો માનું છું કે તમે વિરુદ્ધમાં ન જાત. તેથી જો તમારા બંનેની સંમતિ હોય તો તેને જીવનસાથી બનાવવામાં મને જરાય વાંધો નથી.'

મૃદુલાનો આટલો જલ્દી અને નિર્ણયાત્મક પ્રતિભાવ સાંભળીને ભીમાન્ના અને રુક્મા બંને એકબીજા સામે આશ્ચર્યથી જોવા લાગ્યાં.

❑

અંતર – બે પેઢી વચ્ચેનું

મૈસૂર પાસે આવેલું તિરુમાકુડાણુ નરસિપુરા એક યાત્રાધામ તરીકે જાણીતું છે. તે ટી. નરસિપુરા તરીકે જ ઓળખાતું. શહેરની વચ્ચે આવેલા નરસિંહ મંદિરની આગળના ભાગમાં નાની નાની દુકાનો છે. તેમાંની એક દુકાન રત્નમ્માની પણ ખરી. તેમની વય લગભગ અઠ્ઠાવનની છે, તે વિધવા છે અને તેમનું ઘર તેમની નાનકડી દુકાનની બરોબર પાછળ છે. તેઓ ફૂલો, અગરબત્તીઓ, કપૂર, કેળાં, શ્રીફળ અને બીજી પૂજાની સામગ્રીઓ વેચે છે. કેટલાંક શ્રદ્ધાળુઓ કાવેરી નદીને ખૂબ પવિત્ર માને છે અને તેમાં ડૂબકી મારવાનું ઇચ્છતાં હોય છે. તેથી રત્નમ્મા પ્લાસ્ટીકનાં ડબલાં, સાબુ અને સામાન્ય કહી શકાય તેવા ટુવાલો પણ તેઓ માટે રાખે. આવી તો અનેક દુકાનો એ ગલીમાં છે, છતાંય દરેક જણ ઓછોવત્તોય નફો તો કરી શકે છે.

મે મહિનામાં ગાડું ખેંચનો તહેવાર હોય, ત્યારે બધાંનો ધંધો પૂરજોશમાં ચાલે. એ બુદ્ધ પૂર્ણિમાનો આગળનો દિવસ હોય. આ દિવસ નરસિંહ ચૌદશ તરીકે પણ ઓળખાય. આ દિવસે દેશના જુદા જુદા ભાગમાંથી શ્રદ્ધાળુઓ આવે. ઓછામાં ઓછા મૈસૂરથી પણ વધારાની બસો આવે. સામાન્ય દિવસોએ તો અહીં ભીડ ખાસ હોય જ નહીં. માત્ર મૈસૂરથી થોડા શ્રદ્ધાળુઓ જ અહીં દર્શનાર્થે આવે, પણ તેઓ આ દુકાનોમાંથી કંઈ ખરીદી ન કરે. તેઓ ફળો અને શ્રીફળ વગેરે ઘેરથી લાવે અને સીધા મંદિરમાં જ જઈ ભગવાનને ધરાવે. આ કારણથી ઘણાંખરાં દુકાનદારો આની સાથે સાથે બીજો ધંધો પણ કરે.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

રત્નમ્માને નાણાં ધીરવાના ધંધામાં ઠીક ઠીક નફો થતો. તે ઘણી મુત્સદ્દી હતી ને ધંધાના સમયે તે કઠોર પણ બનતી. જ્યારે તે નાણાં ધીરતી ત્યારે વ્યાજનો દર ઘણો ઊંચો રાખતી. લોકો અવારનવાર તેને માટે બોલતાં, 'રત્નમ્મા એ બહુ કઠણ હૃદયની કાઠી સ્ત્રી છે.'

પણ આવી ટીકાઓથી તે જરાય અસ્વસ્થ થતી નહી. તે બહુ શાંતિથી પોતાની જાતનો, પોતાના વિચારોનો ન્યાય કરતી. તે વિચારતી : 'શું લોકોને જ્યારે ખૂબ જરૂર હોય ત્યારે હું પૈસા નથી આપતી? લોકોએ પણ તેમની શરતોને જાણવી જોઈએ ને પાળવી જોઈએ. જ્યારે હું પૈસા પાછા માંગું ત્યારે શું કામ તેઓ અકળાય છે?' મહાભારતનો કર્ણ શા માટે મહાન ગણાયો? કારણ કે તે ધન અને વસ્તુઓનું બધાંને દાન કરતો રહ્યો. હવે હું જો વ્યાજનો દર ઘટાડીને લોકોને પૈસા ધીરવા માંડું તો મારા આંગણે લાં...બી લાઇન થઈ જાય. પછી જો હું પૈસા ક્યારે પાછા આપો છો તે બાબતે પૂછવાનું બંધ કરું તો તેઓ ઘણાં લાંબા સમય બાદ આપે અથવા તો આપે જ નહી. તો

મારો ધંધો પડી જ ભાંગે. લોકો તો હંમેશાં જાતજાતની વાતો કર્યા કરે. જો તેમને મફતમાં પૈસા જોઈતા હોય તો પછી મારો સંપર્ક ના કરવો.'

રત્નમ્મા શું વિચારે છે એ કોઈ જાણી શકતું નહીં, પણ બીજાના મનની વાત અને રહસ્યો તે બહુ ઝડપથી જાણી જતી. તે ક્યારેય વિચલિત થતી નહીં ને ક્યારેય ઊંચા સાદે બોલતી નહીં. પૈસો જ તેનું સમગ્ર વિશ્વ હતું અને તે દરેક બાબતનું ધ્યાન રાખતી, હિસાબ રાખતી. તે પોતાના કોઈ પણ ગ્રાહકને ચાનું પણ પૂછતી નહીં. પણ હમણાં હમણાં ટી. નરસિપુરાના લોકોને એક ખરાબ શાહુકારનો અનુભવ થવા માંડ્યો. તેથી આજકાલ લોકોને રત્નમ્મા સારાં લાગવાં માંડ્યાં છે.

આમ તો રત્નમ્મા પોતાની દુકાન છોડીને ક્યાંય જતાં નહીં છતાંય આખા ગામની અંદરબહારની બધી વાતો તે જાણતાં. તે કહેતાં કે જ્યારે માણસે જીવનમાં ગણનાપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તે પછી જ લોકો સૂફિયાણી વાતો કરે છે. તે કહેતાં કે જે લોકો મોટી મોટી તત્ત્વજ્ઞાન ભરેલી વાતો કરે છે તેઓ જીવનમાં તેનું ક્યારેય આચરણ કરતા નથી હોતા.

એક દિવસની વાત છે. લક્ષ્મીનો તેની માતા પર ફોન આવ્યો : 'મા, શંકરની બદલી બેલૂર થઈ છે. હું ત્યાં આવી તને મળવા માંગું છું.' રત્નમ્મા એક દિવસ માટે પણ દુકાન બંધ ન રાખતી, તેથી લક્ષ્મી જ તેની માતાને મળવા આવતી. આ વખતે તેની આ મુલાકાત પાછળ એક ખાસ કારણ હતું. સંજયે લક્ષ્મીને મૃદુલાનો ફોટો મોકલ્યો હતો અને પોતાના થનાર લગ્ન વિશે જણાવ્યું હતું. તેથી લક્ષ્મી આ બાબતે માતા સાથે ચર્ચા કરવા માંગતી હતી.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

થોડા દિવસ પછી લક્ષ્મી પોતાના પુત્ર અનિલ સાથે આવી. રત્નમ્માની દુકાનમાં જ્યારે સંજયના લગ્ન અંગે વાતો થઈ ત્યારે લક્ષ્મી થોડી અકળાઈ ગઈ પણ મા તો શાંત જ હતી. લક્ષ્મીએ બહુ આક્રોશપૂર્વક કહ્યું : 'મા, તું ગમે તે કહે, પણ સંજયે તો આપણને મૂર્ખ જ બનાવ્યા. આપણી આબરૂ ઉપર પાણી જ ફેરવી નાખ્યું.'

પિતાના ગયા પછી લક્ષ્મી એનું ધ્યાન વધારે રાખતી હતી ને સંજય કરતાં વધારે બોલકણી પણ હતી, આથી તેની આવી ટિપ્પણી પર રત્નમ્મા શાંત જ રહી. લક્ષ્મીએ બોલવાનું ચાલુ જ રાખ્યું. 'મેં મારાં સાસરિયામાં બધાંને કહ્યું હતું કે સંજય કોઈ ડૉક્ટરને જ પરણશે અને પોતાનું નર્સિંગહોમ ખોલશે. જ્યારે આ મૃદુલા તો એક સરકારી શાળામાં સામાન્ય શિક્ષિકા જ છે. હું તો મૂર્ખ જ ઠરીને!'

'પણ બધાંને તેં એવું કેમ કહ્યું હતું? સંજયે તો મને આવું ક્યારેય કહ્યું જ નથી. શું તેણે તને કહ્યું હતું?'

'ના, એવું તો એણે ક્યારેય કહ્યું તો નહોતું. પણ મેં આવું કેમ કહ્યું તે માટે મારી પાસે કારણો છે. મારી નણંદ વિમળાએ મને કહ્યું હતું કે તે પોતાની દીકરી ઉષાને સંજય સાથે પરણાવવા ઇચ્છે છે. મને વિમળા દીઠીયે ગમતી નથી. પણ હું તેની લાગણીઓને ઠેસ પહોંચાડવા માંગતી નહોતી અને તેથી કહી દીધું કે સંજય તો માત્ર કોઈ ડૉક્ટરને જ પરણશે. હવે એ લોકો મારી મજાક ઉડાવશે. આપણે આ છોકરી વિશે કંઈ પણ જાણતાં નથી કે તે ક્યાંની છે તેની પણ આપણને ખબર નથી. આપણે ક્યારેય અલાદહલી ગયાં પણ નથી, તો સંજય ત્યાંની છોકરીને પરણવા કેમ ઇચ્છે છે?'

રત્નમ્મા જરાય વિચલિત થયાં નહી, સ્વસ્થ જ રહ્યાં. તેમણે પૂછ્યું : 'પણ તું શું કામ આટલી આકળી થાય છે? છોકરી દેખાવમાં સારી છે ને સંજય ભણેલો છે. તે ચોક્કસ તેને મળ્યો હશે ને આ નિર્ણય લેતાં પહેલાં તેણે ઘણો વિચાર કર્યો પણ હશે. આવું વિચારીને અને ગુસ્સે થઈને તું નાહકનું તારું બ્લડપ્રેશર વધારી રહી છે.'

સંજયે મા સાથે ક્યારેય લગ્નની વાત કરી નહોતી. હકીકતે તો પરણવાલાયક વય ધરાવતી ઘણી છોકરીઓનાં માતાપિતાઓએ પરોક્ષ રીતે રત્નમ્મા પાસે વાતો મૂકી જ હતી. સંજય અંગે પોતાની દીકરી માટે સંકેતો આપ્યાં જ હતાં. ટી. નરસિપુરામાં રહેતા શ્રી સેથુરાવ તો વિશાળ જમીનના માલિક હતા અને તેમનો ધીરધારનો ધંધો પણ ખરસ ચાલતો હતો. તેમણે પરોક્ષ રીતે રત્નમ્માને બેથી ત્રણ વાર સંજય વિશે પુછાવ્યું હતું. એક વાર તો એવું થયેલું કે મૈસૂરની એક ડૉક્ટર થયેલી છોકરીએ તેને સંજય વિશે પૂછેલું અને એવુ સૂચન પણ કરેલું કે જો તેઓ પરણશે તો બે ભેગાં થઈ નર્સિંગહોમ ખોલી શકશે. પણ રત્નમ્માએ કોઈ જવાબ આપ્યો નહોતો. રત્નમ્મા વિચારતી હતી કે, 'જ્યારે દીકરી મોટી થાય છે ત્યારે તે માતાની બહેનપણી બની જાય છે. પણ જ્યારે દીકરો, મોટો થાય છે ત્યારે તે અજાણ્યો બની જાય છે. લક્ષ્મીને હજી આ સત્ય સમજાયું નથી. શક્ય છે કે જ્યારે તેનો દીકરો અનિલ મોટો થશે પછી તેને આ વાત સમજાશે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

હકીકતે તો રત્નમ્માએ લગભગ છેલ્લા એક વર્ષથી તો સંજયને જોયો જ નહોતો. એકવાર તેણે કહેલું કે, 'મા, હું તને વધારે પૈસા મોકલીશ. તેં ખૂબ કામ કર્યું, હવે તું દુકાન બંધ કરી શકશે.' એ વખતે રત્નમ્માએ મનોમન વિચાર્યું, 'આ કામ કંઈ મારે માટે જરાય વધારે નથી, પણ ખરેખર તો મુદ્દો એ છે કે હું આવી નાની દુકાન ચલાવું તેવું તે ઇચ્છતો નથી. તેને જરૂર આ તેના મોભા માટે યોગ્ય નથી લાગતું. તેને ગૌરવભંગ થતો હોય તેવું લાગે છે. પણ હું આવા ખોટા, ભ્રામક, છેતરામણા મોભાની ચિંતા કરતી નથી, એવા મોભાની મને કોઈ પડી નથી.'

આ દરમિયાન એક ગ્રાહક આવ્યો અને તેના વિચારોમાં ખલેલ પહોંચી. તેણે ટુવાલ અને મગની કિંમત પૂછી. અનેક વસ્તુના ભાવ પૂછતાં પૂછતાં તેણે રકઝક કરવા

માંડી : 'અરે! અહીં તો આ બધું ખૂબ મોંઘું છે. મૈસૂરના દેવરાજ બજારમાં તો આ બધું ખૂબ સસ્તામાં મળે છે.'

ભાઈ પરનો ગુસ્સો ગ્રાહક ઉપર ઠાલવતાં લક્ષ્મીએ કહ્યું : 'તો પછી તમારે ત્યાંથી જ ખરીદવું હતું ને! તમે અહીં શા માટે આવ્યા?'

સદ્‌ભાગ્યે ગ્રાહક થોડો બહેરો હતો. રત્નમ્મા એકદમ સજાગ થઈ ગઈ. તે પાયાનો નિયમ જાણતી હતી કે, ગ્રાહક એ ભગવાન છે. તેણે મીઠાશથી પણ હુકમ આપતી હોય એ રીતે કહ્યું : 'બેટા, આ દીકરાને લઈને અંદર જા અને રસોઈ બનાવ.'

લક્ષ્મીએ મોં બગાડયું ને કતરાતી આંખે મા સામે જોતાં જોતાં અંદર ગઈ.

રત્નમ્માએ ગ્રાહકને સમજાવવાનું શરૂ કર્યું, 'તમારી વાત સાચી છે. મૈસૂરમાં બધી વસ્તુઓ ખૂબ સસ્તી મળે છે. અમે પણ ત્યાંથી જ ખરીદીએ છીએ, ત્યાંથી બસમાં અહીં લઈ આવીએ છીએ. બસમાં લાવીએ ત્યારે તેનું ભાડું પણ આપીએ છીએ. વળી ઊંચકવા માટે મજૂર રાખીએ તેને મજૂરી પણ આપીએ. વળી નાણાં ધીરનાર પાસે અમે વ્યાજે પૈસા લઈએ, તો જ દુકાનમાં ધંધો કરી શકીએ. આ સિવાય અમારી પાસે બીજા વિકલ્પો નથી. રંગની દૃષ્ટિએ તમે જુઓ તો તમને આ વસ્તુઓ બરોબર દેવરાજ માર્કેટ જેવી જ લાગે, પણ તમે તેની ગુણવત્તા તો જોઈ જ નથી. દરેક પણ સારી વસ્તુ મેળવવા માટે કિંમત તો ચૂકવવી જ પડે. હવાલ સાથે માલની ગુણવત્તા જુઓ, અને જો તમને તે સારાં લાગે તો જ ખરીદજો. મન ના માને તો ના ખરીદતા.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

તેને સાંભળ્યા બાદ ગ્રાહકનું મન બદલાઈ ગયું. ગ્રાહકે તેની ખરીદી કરી. ગ્રાહકને જે જોઈતું હતું તે બધું પતાવીને રત્નમ્મા વિચારવા લાગી : 'ગ્રાહકને સમજવો ખૂબ કઠિન છે. દરેક માણસનું વ્યક્તિત્વ, સ્વભાવ, પ્રકૃતિ જુદાં જ હોય છે. તેમની સાથે વાતો કરતાં કરતાં જે તેમને સમજતાં જવાનું હોય. એ રીતે તેમને સમજીને જ મારે વાતો કરવાની હોય. લક્ષ્મીને આ વાત ક્યારે સમજાશે? તેનો પતિ શંકર બૅન્કમાં ક્લાર્ક છે. તે ત્યાં કામ કરે કે ન કરે, તેને તો નિયમિત પગાર મળવાનો જ છે. પણ મારું જીવન તો અસ્થિરતાઓથી ભરેલું છે. ક્યારેક ભરતી તો ક્યારેક ઓટ. એ તો આખો દિવસ ઘરમાં બેસી રહે છે તો પછી તેને પૈસો, ગ્રાહક અને ધંધો આ બધાનું મહત્ત્વ ક્યાંથી સમજાય?'

ત્યાં તો રત્નમ્માએ અનિલના રડવાનો અવાજ સાંભળ્યો ને તે ખિજાઈ. બધી જ સુખસગવડો હોવા છતાં લક્ષ્મી એક બાળકને પણ સારી રીતે સાચવી શકતી નથી.

તેને તેનો ભૂતકાળ યાદ આવ્યો.

નરસિંગ રાય જેવા પતિ અને બે નાનકડાં બાળકો સાથે જીવન પસાર કરવું સહેલું નહોતું. તેના પતિમાં સામાન્ય સમજ પણ નહોતી. પોતાના દર્દીઓની દવાઓ લખી

આપવાના સંદર્ભમાં તે ખૂબ સારા હતા, પણ તેની સામે ફી લેવાની બાબતમાં તદ્દન અવ્યવહારુ હતા. જ્યારે પોતે પતિને આગ્રહ કરતી કે દર્દીઓ પાસેથી તમે પૂરતી ફી લો જેથી ઘર વ્યવસ્થિત ચાલી શકે. ત્યારે તે કહેતા, 'હું મારા દર્દીઓ પાસેથી પૈસા કેવી રીતે માંગી શકું? એ તો ભગવાન ધનવન્તરીએ મને આપેલી ભેટ છે. જ્યારે દર્દીઓ સાજા થઈ જાય છે ત્યારે તેઓ મને પૈસા આપી જ જાય છે. પણ હું તેમના પર ફી આપવાનું દબાણ કરું તો આ ભેટની અસર ધીરે ધીરે ઘટતી જાય ને એક દિવસ નષ્ટ થઈ જાય.'

જોકે ગામના લોકો કાંઈ ખાસ ભણેલાં નહોતાં પણ તેઓ વ્યવહારુ, સમજુ અને ચતુર હતાં. જ્યારે કોઈ માંદું પડે ત્યારે દર્દીઓ અને તેનાં સગાંસંબંધીઓ આવે અને નરસિંગ રાયના પગે પડે ને રડતાં રડતાં કહે, 'તમે અમારે માટે ભગવાન છો. મહેરબાની કરીને દર્દીને બચાવો.'

જ્યાં એકવાર દર્દી સાજો થઈ જાય કે તેઓ તેની ઉપેક્ષા કરતા. રત્નમ્માને નવાઈ લાગી કે તેણે કેવી રીતે બે બાળકો સાથે આ ગામમાં ઘર ચલાવ્યું હશે? તે સમયે જ તેણે જમીનની દેખભાળ કરવાનું અને પોતાનો ધંધો શરૂ કરવાનું નક્કી કર્યું. તેને લક્ષ્મીના લગ્ન માટે કેટલો બધો સંઘર્ષ કરવો પડેલો તે પણ યાદ આવ્યું. અનાયાસે જ તેની નજર દીવાલ પર લટકાવેલા લક્ષ્મી અને શંકરના લગ્ન વખત પાડેલા ફોટા પર ગઈ.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

લક્ષ્મી ખૂબ સુંદર છોકરી હતી, અરે આજે પણ, એક બાળકની માતા બન્યા બાદ પણ તે સુંદર લાગે છે. પણ ગરીબ ઘરની છોકરી માટે એકલી સુંદરતા સારા ઘરને માટે પૂરતી કામ લાગતી નથી. ઘણાં લોકોએ નરસિંગ રાયની મદદ લીધી હતી. પણ જ્યારે તેનો પતિ લક્ષ્મીની કુંડળી અને ફોટો લઈને તેમને ઘેર માંગું લઈને જતો ત્યારે તે લોકો તેને એક પ્યાલો પાણી પાતાં અને માત્ર મીઠી મીઠી વાતો કરી તેને વિદાય કરતા. પછી તેઓ કહેતાં કે કુંડળી મળતી નથી. તેનો અવ્યવહારુ પતિ તો એમ માની જ લેતો કે તેઓ સાચું બોલે છે. પણ સાચું કારણ શું છે તે પોતે જાણતી હતી. તેને ખબર હતી કે કુંડળી નથી મળતી એ તો એક બહાનું છે. ખરેખર તો પોતે ગરીબ છે, પોતાની પાસે ધન ઓછું છે તે છે.

ઘણે બધે ઠેકાણેથી નનૈયો, નકાર સાંભળ્યાં પછી દીકરી માટે વર શોધવાનું રત્નમ્માએ જાતે જ બીડું ઝડપ્યું. શંકર તેમનો દૂરનો સગો! પણ લક્ષ્મી અને શંકર વચ્ચે દસ વર્ષનો તફાવત! પણ સદ્‌ભાગ્યે તેનાં માતાપિતા નહોતાં. આથી ભારે દહેજની માંગણી ના કરી. આથી રત્નમ્માએ શંકરને વાત કરી અને તે લક્ષ્મી સાથે પરણવા તૈયાર થઈ ગયો. પણ નરસિંગ રાય દુ:ખી થયા. તેમણે દલીલ કરી કે, 'આ કજોડું જ

છે. રત્ના! વળી શંકર લોભિયો અને ગુસ્સાવાળો છે. વળી તે ઝઘડાળુ અને લુચ્ચો પણ છે. મને તેનું કુટુંબ પણ નથી ગમતું!'

પણ રત્નમ્માએ એક કાને સાંભળી બીજે કાને કાઢી નાંખ્યું. સાંભળ્યું ન સાંભળ્યું કર્યું ને લક્ષ્મી શંકરને પરણીને સાસરે પણ ગઈ.

ધોમધખતા ઉનાળાની ગરમીમાં રત્નમ્મા પરસેવે રેબઝેબ થયાં. સાડીના પાલવ વડે તેમણે પોતાનું મોં લૂછ્યું. તે વખતે દુકાનમાં કોઈ જ ગ્રાહક નહોતા. પોતાના અનુભવના કારણે તેમને ખ્યાલ પણ હતો કે થોડા કલાક કોઈ આવશે પણ નહીં. બપોરનું ભોજન કરવા અંદર જવાનું હોવાથી તે દુકાન બંધ જ કરતાં હતાં ત્યાં તેમણે દૂરથી રામુને આવતો જોયો.

જોકે તેમનું ચિત્ત તો હજી પતિના વિચારોમાં અટવાયેલું જ હતું. પતિને કહેવાનું તેમને મન હતું કે, 'જો દરેક માણસ નરસિંગ રાય જેવો હોય તો તેમની પત્નીનું જીવતર તો નર્યું સંઘર્ષમય જ થાય. માણસે આક્રમક પણ થવું જોઈએ અને સફળતા માટે તે અનિવાર્ય છે. લક્ષ્મી બોલે છે બહુ પણ અંદરથી ડરપોક છે. તેની જીભ લાંબી છે પણ હિંમત ઝાઝી નથી. એ તો સારું છે કે તેને જુસ્સાવાળો પતિ મળ્યો છે. ગમેતેમ, પણ સંજય મારા જેવો છે. તે બોલે છે ઓછું, પણ છે ભારે હિંમતવાળો.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

આવા વિચારોમાં તે મગ્ન હતી ને દરમિયાન રામુ તેની દુકાને આવી પહોંચ્યો. ઘણાં સમયથી રામુ તેને ત્યાં ખેતરમાં કામ કરતો હતો. તેણે કહ્યું : 'લક્ષ્મી અમ્માએ મને પાછળના વાડામાં એક છોડ વાવી જવાનું કહ્યું છે. તો હું શાનો છોડ રોપું? જ્યારે પંડિતજી જીવતા હતા ત્યારે તેઓ લીમડો રોપાવતા. તેમને લીમડો પ્રિય હતો. તો હું વાડામાં અત્યારે લીમડો રોપું?'

હસતાં હસતાં રત્નમ્માએ કહ્યું : 'ના રામુ. તું ચંપાનો છોડ રોપ.'

'અમ્મા! હું કેટલું ઊંડું ખોદું?'

'છેક અંદરની જમીન તો ખડકાળ છે. તો તું ખડક સુધી પહોંચે ત્યાં સુધી ખોદ.'

રામુએ ખોદવાનું શરૂ કર્યું. લગભગ તે જ વખતે ભોજનના સમયની સૂચના આપતો મુખ્ય મંદિરનો ઘંટ વાગ્યો. રત્નમ્માએ હાથ જોડી ભગવાન નરસિંહને ભક્તિભાવથી પ્રણામ કર્યાં. ભગવાનમાં તે સમર્પિત હતી કે તેને તેમનામાં ભક્તિ હતી માટે તેણે હાથ નહોતા જોડ્યાં, માત્ર ટેવવશ એમ કરેલું. પછી તે જમવા માટે ઘરમાં ગઈ.

લક્ષ્મીએ બે થાળીઓ પીરસી. અનિલ ત્યાં ભોંયતળિયે પાથરેલી સાદડી પર ઊંઘી ગયો હતો. ઘર ખૂબ નાનું હતું. એક ઓરડામાં તિજોરી હતી. ત્રીસેક માણસ સમાઈ શકે તેવો દીવાનખંડ હતો, સૂવા માટેનો નાનો ઓરડો, નાનું રસોડું ને નાનકડો

ભોજનખંડ હતો. પૂજા માટે કોઈ અલગ ઓરડી નહોતી. રત્નમ્મા એવું માનતાં કે ભગવાન દરેક સ્થળે છે, કણેકણમાં છે માટે એવી અલગ ઓરડીની જરૂર નથી. તેથી તેમણે પોતાની શ્રદ્ધાના પ્રતીક રૂપે રસોડાના કબાટ પર બે-ત્રણ મૂર્તિઓ મૂકી હતી.

જ્યારથી સંજયે કમાવાનું શરૂ કર્યું ત્યારથી તે નિયમિત રીતે ઘેર પૈસા મોકલતો. લક્ષ્મીએ પછી આગ્રહપૂર્વક લીપણવાળા ભોંયતળિયાને કઢાવી સિમેન્ટનું ભોંયતળિયું કરાવ્યું. જોકે રત્નમ્માને આવો ખર્ચ કંઈ ગમેલો નહી. તેણે કહ્યું : 'આવી વસ્તુ માટેનું મહેનતથી કમાવેલો પૈસો શા માટે વેડફે છે? આ જ પૈસાનો ઉપયોગ આપણે ધીરધારના ધંધામાં કરી શક્યા હોત, જેથી આપણી કમાણી વધી શકે.'

રત્નમ્મા ભોંય પર બેઠી ને જમવા લાગી. લક્ષ્મીએ રાગીના લાડુ અને શાકવાળો સંભાર બનાવ્યો હતો. બીજા વાટકામાં રાયતું હતું. રત્નમ્માને ખીજ ચડી. તેણે વિચાર્યું : 'જો લક્ષ્મી રોજ આ પ્રમાણે જ રાંધે તો આ એક પ્રકારનો બગાડ જ છે. આ તો ખૂબ ખર્ચાળ છે ને વળી આવું ખાધા પછી માણસને ઊંઘ જ આવે. મોટે ભાગે સ્ત્રી ઘરાકો બપોર પછી જ ઉધાર લેવા આવે. સ્વાભાવિક રીતે એ વખતે તેમના ઘરના પુરુષો બહાર ગયા હોય તેથી આ અંગે તેમને કશી ખબર ન પડે. જો હું ઊંઘી જાઉં તો મારા ધંધા પર તેની વિપરીત અસર પડે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

લક્ષ્મીને તે વઢવા જ જતી હતી, ત્યાં તેની નજર ભોંય પર સૂતેલા દોહિત્ર અનિલ પર પડી. તેણે તેનો વિચાર બદલી નાંખ્યો. બહુ જ કુશળતાથી, હોંશિયારીથી તેણે પોતાની દીકરીને પૂછ્યું : 'તારા ઘરે જમવામાં તું રોજ શું બનાવે છે?'

લક્ષ્મી પણ રત્નમ્માની જ દીકરીને? તે તરત જ સમજી ગઈ કે મા આમ કેમ પૂછે છે? માના મનમાં શું ચાલી રહ્યું છે? તેથી તેણે કહ્યું, 'જો આપણે વ્યવસ્થિત ખાઈ ન શકીએ કે શરીરની કાળજી ન લઈ શકીએ તો એ કમાવાનો શો અર્થ? એવું મારો વર મને હંમેશાં કહે છે. તેથી હું રોજ બે પ્રકારનાં શાકભાજી, સંભાર, રસમ અને કોઈ ને કોઈ મિષ્ઠાન્ન બનાવું છું.'

રત્નમ્માએ જમવાનું શરૂ કર્યું. તેણે કોઈ જવાબ ન આપ્યો. પણ મનોમન વિચારવા લાગી કે, 'જો લક્ષ્મી તેના પતિની બધી આવકને આમ રસોઈમાં જ વાપરી નાંખે તો મુશ્કેલીના સમય માટે તે પૈસા બચાવી જ ન શકે. શંકર લોભી માણસ છે ને શક્ય છે કે મારી સંપત્તિ પર તેની નજર હોય. તેથી જ કદાચ પોતાનો પૂરો પગાર વાપરી નાંખતા હોય! મને પણ જીવનમાં મોજશોખ કરવા ને સારું સારું ખાવાપીવાનું ગમે છે. પણ હું મારી જાત પર સંયમ રાખું છું ને પાઈ પાઈ બચાવું છું.'

તેને ચિંતા થવા લાગી કે પોતાની કાળી મજૂરી કરીને કરેલી કમાણીમાંથી જે થોડું લક્ષ્મીને મળશે તો શંકર તેનો ઉપયોગ મોજશોખ માટે કરશે ને કદાચ બધું જ ઉડાડી મૂકે. પોતાના ભેગા કરેલા પૈસા આમ કોઈ ઉડાડી મૂકે એ વિચાર માત્રથી તે કંપી

ઊઠી, તે બેચેન બની ગઈ. પછી તેણે લક્ષ્મીની સાડી તરફ જોયું. તે કંઈ રેશમી નહોતી, બહુ ભારે નહોતી તો ખાસ સસ્તી પણ નહોતી. તે પોતાના વિચારોને રોકી ન શકી. તેને થયું : 'લક્ષ્મી આટલી મોંઘી સાડી ઘરમાં શા માટે પહેરે છે? ગમેતેમ, તોય તે છેવટે એક ગૃહિણી છે. સાધારણ સાડી પહેરે તોય ચાલે. આ જ પૈસાનો ઉપયોગ તે બીજે પણ કરી શકે. પણ લક્ષ્મી તો એમ વર્તે છે કે જાણે પોતે ખૂબ ધનવાન હોય! મેં તો વર્ષો સુધી નવી સાડી ખરીદી જ નહોતી.'

થોડાં વર્ષો પહેલાં લક્ષ્મીએ પોતાના દીકરા અનિલની પહેલી વર્ષગાંઠ ઊજવી હતી અને માને પોતાને ઘેર આવવાનો ખૂબ આગ્રહ કર્યો હતો. એ દિવસે દુકાન બંધ રાખી રત્નમ્મા ખૂબ આનંદથી મૈસૂર ગયાં હતાં. પણ ત્યાં જઈને મિજબાનીની ભવ્યતા જોઈને તેઓ માંડ ભોજન લઈ શક્યાં હતાં. બાળકની વર્ષગાંઠ નિમિત્તે તેઓએ કેટલો બધો પૈસો વેડફ્યો છે એ જોઈ તેમને ખૂબ આઘાત લાગેલો. ભોજન ખૂબ મોંઘું હતું ને છોકરા માટે મોંઘાં કપડાં ખરીદ્યાં હતાં. રત્નમ્માએ વારંવાર કહ્યું કે પોતાને સાડીની ભેટ ન આપે. આના કરતાં તો પૈસા સારા પડે. પણ લક્ષ્મીએ કંઈ સાંભળ્યું જ નહી ને પોતાની માને સાડી ભેટ રૂપે આપી જ. રત્નમ્માએ લક્ષ્મીને કહ્યું કે આવી ભવ્ય પાર્ટી કરવા કરતાં છોકરાને માટે સોનાની માળા કરાવી હોત તો સારું પણ એ તો બહેરાને વાત કરવા જેવું હતું. છેવટે તેણે બાળકને લાંબા આયુષ્યના આશીર્વાદ આપ્યા. કોઈ જ ભેટ આપી નહી. તેમના કહેવા પ્રમાણે વડીલોના શુભેચ્છાઓ અને આશીર્વાદ એ કોઈ પણ ભેટ કરતાં વધુ કિંમતી છે.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ભગવાન નરસિંહનાં પત્ની લક્ષ્મીદેવી ખૂબ પ્રસિદ્ધ છે. ભગવાન નરસિંહના મંદિરમાં ઘણાં લોકો લક્ષ્મીદેવીને સાડી ચઢાવતાં. માતાજીને માત્ર એક દિવસ પૂરતી તે સાડી પહેરાવવામાં આવતી. કોકવાર માતાજીની સાડી પર હળદર અને સિંદૂરના ડાઘા પણ પડી જતા. આવી સાડીઓ લોકોને પ્રસાદ રૂપે આપી દેવામાં આવતી. એ સાડી એક વાર ધોવાય કે તે નવા જેવી જ લાગે. જો રેશમી સાડી હોય તો તે મુખ્ય પૂજારીની પત્ની પોતાના માટે રાખી લે. બાકી, રત્નમ્માને દર વર્ષે સાદી એક-બે સાડીઓ મળતી જ. માતાજીના પ્રસાદ રૂપે સાડી મળતી તેથી તે પોતાને ભાગ્યશાળી માનતી. વળી પોતાને પૈસોય ખર્ચ્યા વગર આવી સાડી મળે છે તેનો તેને ખૂબ આનંદ થતો. આવી સાડીઓથી તેનું કબાટ ભરેલું હતું.

રત્નમ્મા જમી રહી. ત્યાં જ તેણે પાછળના વાડામાં થતા ખોદકામનો અવાજ સાંભળ્યો. અને શું થઈ રહ્યું છે તેની તપાસ કરવા ત્યાં ગયાં. પાછલો વાડો ખૂબ મોટો હતો. તેના એક ખૂણામાં તેના સ્વર્ગસ્થ પતિએ વાવેલું કરંજનું વૃક્ષ હતું. આયુર્વેદના નિષ્ણાત તરીકે તેમણે તેના અનેક ઉપયોગો રત્નમ્માને સમજાવ્યા હતા. જ્યારે તેવો જીવિત હતા ત્યારે આવા ઘણાં દેશી, આયુર્વેદિક છોડ રોપેલા ને ઉછેરેલા. પણ હવે રત્નમ્મા માત્ર કોળાના વેલાને ઉછેરવાનું જ પસંદ કરતા. તેઓ વિચારતાં કે ઘાણાં

જેવી □□ષધીય વનસ્પતિઓ ઉગાડવી એ પૈસાનો નર્યો બગાડ છે, કારણ કે ધાણાનાં બીને ઉગાડવામાં ખૂબ જ ખર્ચો થાય છે. તેનો ઉપયોગ માત્ર રસોઈમાં એક પ્રકારની સુગંધ આવે તે માટે જ થાય છે. જ્યારે કોળું ઉછેરવું-ઉગાડવું એ ખૂબ ફાયદાકારક છે. તે કોળાનાં બી અહીં-તહીં ગમે ત્યાં નાંખી શકે ને વળી તેની કોઈ ચિંતા જ નહીં. આ એવી વેલી છે જેને બહુ કાળજીની, દેખરેખની જરૂર પડતી નથી. વળી કોળું ઝટ બગડી પણ જતું નથી. તેથી તે ઘણાં મહિનાઓ સુધી ઘરમાં રાખી શકાય છે. ઉનાળામાં જ્યારે કોઈપણ શાકભાજી ન હોય, ત્યારે કોળું ખૂબ મોંઘું મળે છે. તો પૈસા કમાવાનો આ પણ એક રસ્તો છે.

રત્નમ્મા ઘરમાં પાછાં આવી હાથ ધોઈ ને ખાટલા પર આડા પડયા ને વિચારે ચડ્યા 'આ કરંજ વૃક્ષનો ઉપયોગ શો? બધા નવરા ને યુવાન છોકરાઓ તેની છાયામાં બેસે છે ને પોતાના કિંમતી સમયને વેડફે છે. ક્યારેક તો તેઓ કોળાની ચોરી પણ કરી જાય છે એટલે તો મારે પૈસા ખર્ચીને તારની વાડ બનાવવી પડી.'

થોડીક ક્ષણો માટે, પોતાના મૃત પતિની યાદ આવતાં તેઓ અસ્વસ્થ થયાં. 'જો મારા પતિએ કરંજ વૃક્ષને બદલે અડધો ડઝન ચંપો વાવ્યા હોત તો કેવું સારું થાત? ગૌરીનાં દર્શને આવતી સ્ત્રીઓને ફૂલ વેચી શકાત અને કમાણી પણ થાત. હું કરું છું કે હું આ કરંજ વૃક્ષ કપાવી નાંખું. મને તેમાંથી લાકડું તો મળે. પણ મને ખાતરી છે કે લક્ષ્મી જરૂર તેનો વિરોધ કરશે. એ આ ઝાડને એ 'અપ્પાનું ઝાડ' કહે છે અને તે આ વૃક્ષ સાથે લાગણીથી જોડાયેલી છે. તે મારી મુશ્કેલીઓ સમજી શકતી નથી. આ ઝાડ કાપવાનો ઉત્તમ સમય તો તે છે જ્યારે તે અહીં ન હોય.'

પછી તે પોતાના દીકરા વિશે વિચારવા લાગી. શું તે પણ તેના આ નિર્ણયનો વિરોધ કરશે? એકાદ મિનિટ તે ચિંતિત થઈ ગઈ. પરણેલી દીકરી કરતાં પોતાના દીકરાનો સામનો કરવો વધારે કઠિન છે. પછી તેને યાદ આવ્યું કે તેનો દીકરો એક પ્રેમાળ છોકરીના પ્રેમમાં પડ્યો છે. કદાચ તેને ટી. નરસિપુર અને વધતે ઓછે અંશે આ કરંજ વૃક્ષ પણ યાદ ન હોય!

થોડી વાર પછી જ્યાં ખોદાતું હતું ત્યાંથી થોડો ખોખરો અવાજ આવ્યો. રામુ કોઈક ખડક જેવા પથ્થરને તોડતો હતો. રત્નમ્માએ જોયું કે લક્ષ્મી પોતાની બાજુમાં આવીને સૂઈ ગઈ છે.

એક વાર તે મૈસૂરની મુલાકાતે ગઈ હતી, ત્યારે રત્નમ્માએ જોયું હતું કે શંકર પોતાની પત્ની માટે રોજ પાંચ રૂપિયાના ચંપાનાં ફૂલ લાવતો હતો. રત્નમ્માએ આખા વર્ષમાં આની પાછળ કેટલો ખર્ચ થાય તેનો હિસાબ માંડ્યો : અઢારસો રૂપિયાથી યે વધુ! જે ફૂલો ચોવીસ કલાક પછી કરમાઈ જવાનાં છે તેની પાછળ આટલા બધા પૈસા વેડફાય! આવી વાત સ્વીકારવી તેમને માટે ખૂબ અઘરું હતું. તેમને ખબર હતી કે

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

શંકર વાંકાબોલો છે ને તેથી જ તેનાં સંબંધીઓ તેને આઘો જ રાખતા હતા, તેની ઉપેક્ષા કરતા હતા. આમ હોવા છતાં, પોતાની દીકરીના હિતમાં તેમણે કહ્યું : 'શંકર, તારે એ પૈસા બચાવવા જોઈએ ને તેનું ક્યાંક રોકાણ કરવું જોઈએ, જેમકે ફિક્સ ડિપોઝીટ જેવી યોજનામાં.'

શંકરે સામાને વાગે તેવા સૂરમાં બહુ કર્કશતાથી જવાબ આપ્યો : 'સાસુજી! જો આપણે શ્વાસ લેવાનું બંધ કરી દઈએ તો આનાથી પણ વધુ પૈસા બચાવી શકીએ.' રત્નમ્માને ખૂબ દુ:ખ થયું : 'અરેરે! એણે ન મારી ઉંમર કે મારા સ્થાનનું માન રાખ્યું!'

બસ, રત્નમ્માએ શંકર સાથે એ છેલ્લી વાર આર્થિક બાબતની વાત કરી હતી. તે વખતે તેણે મનમાં ગાંઠ વાળી દીધી હતી કે હવે ક્યારેય આ લોકોને આર્થિક મદદ ન કરવી. તે જાણતી હતી કે તેમનું જીવન તળિયા વગરના ટબ જેવું છે. જો તે તેમને કાયમ પૈસા આપશે તો તે બહુ ઝડપથી જ વાપરી નાંખવાનાં છે.

પણ જ્યારે લક્ષ્મીએ શાંતિનો ભંગ કરતાં પૂછ્યું ત્યારે તે પાછાં વર્તમાનમાં આવી ગયાં. લક્ષ્મીએ પૂછયું : 'અમ્મા, તમે સંજયના લગ્ન બાબતે કશું જ ન કહ્યું. તારું આમાં અપમાન થયું તેવું તને ન લાગ્યું?'

'ના, જરાય નહીં. એક દિવસ તો એ પરણવાનો જ હતો ને!' પછી તેણે વિચાર્યું : 'શંકરની અસર તળે લક્ષ્મી ખૂબ બદલાઈ ગઈ છે. ખરેખર તેને સંજયના લગ્ન માટે કંઈ જ ચિંતા નથી. એ ધનવાન છોકરીને પરણે કે ગરીબ છોકરીને પરણે એમાંની કોઈ બાબત સાથે તેને નિસ્બત નથી. પણ જો તેનો ભાઈ કોઈ ધનવાન કુટુંબની છોકરી સાથે પરણે તો પોતાનો મોભો વધે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

રત્નમ્માને એવા કોઈ મોભાની પડી નહોતી. તેની પાસે સોનાનાં થોડાં ઘરેણાં હતાં, જે બૅન્કના લૉકરમાં હતાં ને તેણે તે ક્યારેય પહેર્યાં નહોતાં. તે દીકરીને આપવા કે વહુને – એ વિશે તેણે કોઈ નિર્ણય કર્યો નહોતો. સોનું તેને માટે માત્ર ઘરેણું નહોતું. તે તેની અસ્કયામત, મિલકત હતી, એક પ્રકારની બચત હતી. જો ક્યારેક ખરાબ પરિસ્થિતિ આવે તો પોતે તેને ગીરવે મૂકી શકે અથવા વેચી શકે. રેશમી સાડીઓ પાછળ પૈસા ખર્ચવાનો શો અર્થ? એક વાર તે ધોવાય પછી તે એવી ઝાંખી થઈ જાય કે તેની કિંમત જ ન રહે કે તે વેચી પણ ન શકાય.

હવે તેનું મન મૃદુલા પર ગયું. 'મૃદુલા ધારવાડ જિલ્લાની છે. ત્યાંના લોકો હંમેશાં શુદ્ધ સોનું જ ખરીદે. એ સારું છે કે એ લોકો એમાં તાંબું ઉમેરીને જાતજાતની આકર્ષક ડિઝાઇન નથી પાડતાં. જો સોનું શુદ્ધ હોય તો તરત જ પીગળી જાય અને જરાય બગાડ ન થાય. સામાન્ય રીતે લગ્નનો બધો ખર્ચ છોકરીવાળા જ ઉપાડતાં હોય છે. વરપક્ષે ભાગ્યે જ ખર્ચ થતો હોય છે. મૃદુલાના પિતા તો જમીનના માલિક છે. તે પોતાની દીકરીને ઇચ્છા પ્રમાણે આપી શકે, પણ હું એ બાબતમાં પડવા માંગતી નથી.

ગમે તેમ, પણ તે છોકરી કંઈ મને મારા ધીરધારના ધંધા માટે સોનું આપવાની નથી. જો તેનાં માતાપિતા મને ભેટ તરીકે સાડી આપવા ઇચ્છતાં હશે તો હું કહીશ મને સાડી નહીં પણ રોકડ રકમ આપો. હું આ વાત સંજયને પણ જણાવીશ. પરંતુ તે લક્ષ્મીને જે આપવું હોય તે આપી શકે છે, કારણ કે તેઓ ભાઈ-બહેન છે. હું એમાં ડખલ નહીં કરું. હું એક બાબત સ્પષ્ટ કરી દઈશ કે હું મૃદુલાને મંગલસૂત્ર, મારી જૂની બુટ્ટીઓ અને પગની આંગળીઓમાં પહેરવાનાં બિછિયાઓ જ આપીશ. હું આથી વધારે કશું ખર્ચીશ નહીં. સાસુનાં ઘરેણાં વહુને મળવાં એ શુભ શુકન છે. નવદંપતિ માટે સૌથી ઉત્તમ ભેટ તો મારા આશીર્વાદ છે. હું લગ્નની તૈયારી અંગે કે લગ્ન સંબંધી કોઈ પણ ચર્ચા કરવા માંગતી જ નથી. આ બધી વ્યવહારની વાતો લક્ષ્મી, શંકર અને સંજય વચ્ચે જ થશે.'

દરમિયાન લક્ષ્મીએ તેના તરફ જોયું ને વિચારવા લાગી કે, 'જો હું મા સાથે વધારે રહી હોત તો મારા પર માની અસર વધારે હોત. પણ મારાં લગ્ન નાની ઉંમરે થઈ ગયાં તેથી હું મારા પતિ સાથે મોટા શહેરમાં રહેવા લાગી. નોકરીને કારણે મારા પતિની ઘણી જગ્યાએ બદલીઓ થઈ, તેથી હું ય ઘણું ફરી, મેં ઘણું જોયું. મને એ નથી સમજાતું કે મારી મા સતત પૈસાની વાત જ કેમ કરે છે? પૈસા વિશે જ કેમ વિચારે છે? મારે એક જ ભાઈ છે. હું ઇચ્છું છું કે તેનો લગ્નપ્રસંગ બહુ ઠાઠમાઠથી, જાહોજલાલીપૂર્વક થાય. જો આ લગ્ન કુટુંબ દ્વારા ગોઠવાયેલાં હોત તો હું બધો વહેવાર બહુ સરસ રીતે ગોઠવત પણ હવે મારા કહેવાનો કોઈ અર્થ નથી, મારા બોલવાનું કશું મૂલ્ય નથી. જાણે ભેંસ આગળ ભાગવત! જો છોકરી બેંગ્લોર કે મૈસૂરની હોત તો અમે લગ્ન માટે મોટો હૉલ રાખત. તો મારાં નણંદ, જેઠાણી-દેરાણીઓને ઈર્ષ્યા થાય તેવી રીતે પ્રસંગ ઉજવત. પણ સંજયે તો મને ખરેખર ખૂબ જ નિરાશ કરી. તેણે જ મૃદુલા પાસે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો, તેથી સ્વાભાવિક જ છે કે છોકરીનાં માતાપિતા કે સંબંધીઓ અમારાં વચનની કિંમત નહીં રાખવાનાં!'

જો કે પોતે આજ સુધીમાં ક્યારેય તેને મળી નથી છતાં મૃદુલાની બાબતે લક્ષ્મી અસ્વસ્થ થઈ ગઈ. તે જાણતી હતી કે સંજયના લગ્ન પ્રસંગમાં અમ્મા જરાય ખર્ચ કરશે નહીં. તે ક્યારેક માને મળવા આવતી ત્યારે અમ્માએ લક્ષ્મીને ક્યારેય ભેટ આપી નથી. ઊલટાનું તે કહેતી : 'ખરેખર સાડી આપવી એ બગાડ છે, નિરર્થક છે. એને બદલે હું તને હાર આપીશ.'

લક્ષ્મી આવું ઘણાં વર્ષોથી સાંભળતી આવી છે, પણ હજી સુધી તેણે હાર જોયો નથી. તેની નણંદો અને દેરાણાં-જેઠાણાં આ બાબતે તેની મશ્કરી પણ કરતાં. તેઓ જાણી જોઈને લક્ષ્મીને કહેતાં, 'જો, આ વખતે મારી માએ મને કેટલી સરસ સાડી આપી છે!'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

બંને પક્ષને ખબર હતી કે પતિની જાણ બહાર પતિના પૈસે જ સાડી લાવવામાં આવી છે ને લક્ષ્મી પણ આમાં અપવાદરૂપ નહોતી. તે પણ શંકરને કહ્યા વગર પૈસા લેતી અને મૈસૂરથી સાડી ખરીદતી. પછી પોતાનાં દેરાણી-જેઠાણીને કહેતી કે જુઓ, આ સાડી મને મારી માએ આપી છે. સંજય ગૌરીવ્રત નિમિત્તે ક્યારેક પૈસા મોકલતો કે ક્યારેક સાડી પણ મોકલતો. તેમ છતાં શંકર તો એમ જ માનતો કે આ સાડી પણ એના જ પૈસાની છે.

પોતાને આવી ક્ષોભજનક સ્થિતિમાં મૂકવા બદલ લક્ષ્મી સંજય પર ખૂબ ગુસ્સે થઈ. તેણે વિચાર્યું, 'સંજયના લગ્ન અંગે મા ભલે ચૂપ રહે, પણ હું તો કહીશ. હું તો સંજય અને તેનાં સાસરિયાં પાસેથી સાડી માંગીશ જ. અમારે લગ્નમાં કોને કોને આમંત્રણ આપવું? માને તો એના ધીરધારના ધંધાને કારણે ઘણાં સંબંધો છે. પણ એમાં કોઈ જ સાચો મિત્ર નથી જે ખરેખર સંજયના લગ્નમાં આનંદ માણે ને ખુશ થાય. માને તો જીવનમાં પોતાનાં આગવા સિદ્ધાંતો છે. તે કહેશે : 'જો તમે ધંધો કરતાં હો તો કોઈ જ સાથે એવી મિત્રતા કેળવવી જોઈએ જ નહીં, કારણ કે તેઓ જ તમારી પાસે ઉધાર માંગે.'

એક વાર જો લોકો તમારા મિત્ર બની જાય, તે પછી ઊછીના આપેલા પૈસા પાછા માંગવા ખૂબ અઘરું પડે. તમે પૈસાય ગુમાવો ને દોસ્તો પણ.'

તેથી તેની માને ખાસ કોઈ મિત્રો નહોતા.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

લક્ષ્મીએ પડખું ફેરવ્યું ને જોયું તો એની મા ઘસઘસાટ ઊંઘતી હતી. શક્ય છે કે આજના ભોજનની આ અસર હોય ને તે ઊંઘતી હોય!

❑

પ્રેમના તાણાવાણા

શં કર અને લક્ષ્મીએ નક્કી કર્યું કે ભીમાણ્ણાને જઈને મળવું ને લગ્નની ગોઠવણ અંગે વાત કરવી. મૂળ તો આ લક્ષ્મીનો વિચાર હતો. સંજયને થયું કે આ યોગ્ય છે કારણ લક્ષ્મી તેનાથી મોટી છે ને તેની એકની એક બહેન છે. તેથી તેણે ભીમાણ્ણાને લક્ષ્મી તેમને મળવા આવવાની છે તે વાત અગાઉથી જ જણાવી દીધી હતી.

થોડા દિવસ પછી શંકર અને લક્ષ્મી તેમને મળવા જવા નીકળ્યાં. એક રાત્રિની મુસાફરી બાદ બીજે દિવસે પરોઢમાં તેઓ હુબલી પહોંચ્યાં. રાતે જ બસમાં પાછાં નીકળી જવું એવું તેમણે નક્કી કર્યું હતું. કિરણ હુબલી રેલવે સ્ટેશને તેમને લેવા આવ્યો હતો ને તેમની રાહ જોતો હતો. હુબલીથી અલાદહલી એક કલાકમાં પહોંચી જવાય તેમ હતું ને કિરણ તેમને તે પ્રમાણે લઈ જશે તેવું નક્કી કરવામાં આવ્યું હતું.

પણ જ્યારે લક્ષ્મી અને શંકર ગાડીમાંથી ઉતર્યાં કે તરત જ શંકરે આખી યોજના બદલી નાંખી.

'અલાદહલી સીધા જવું એ તેને કંઈ યોગ્ય લાગતું નથી', તેણે કહ્યું : 'પહેલાં આપણે અજંટા હોટલ પર જઈશું ત્યાં નાહોધોઈ, નાસ્તો કરી તાજામાજા થઈ જઈએ, પછી આપણે અલાદહલી જઈશું.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

કિરણને આ અચાનક થયેલા ફેરફારથી થોડી નવાઈ તો લાગી, પણ તે શાંત રહ્યો ને માત્ર હકારમાં માથું હલાવ્યું. શંકરે બિલ ભરતી વખતે આપવાનો ડોળ તો કર્યો, પણ જ્યારે કિરણે આગ્રહપૂર્વક પોતે જ બિલ ભરશે તેમ કહ્યું ત્યારે તેણે ના ન પાડી.

લગભગ ૧૧ વાગ્યાની આસપાસ કિરણ, શંકર અને લક્ષ્મી અલાદહલી પહોંચ્યાં. રુક્મા અને ભીમાણ્ણાએ તેમનું ભાવભર્યું સ્વાગત કર્યું. તેઓ ખૂબ રાજી થયાં. તરત જ મૃદુલા પણ ત્યાં આવી પહોંચી. તેણે લીલા બ્લાઉઝ સાથે એકદમ સાદી સફેદ સાડી પહેરી હતી. તેણે નહોતા હોઠ રંગ્યા કે નહોતું અત્તર છાંટયું, તો પણ તે નવોઢા જેવી સુંદર લાગતી હતી. લક્ષ્મીને મૃદુલા શ્વેત સુગંધીદાર જૂઈની વેલ જેવી લાગી. લક્ષ્મીને તરત જ એના આ કુદરતી સૌદર્યની ઈર્ષા થવા માંડી. એ પછી તેણે તેમણે પહેરેલાં સોનાનાં ઘરેણાં જોવાં માંડ્યાં ને એને આધારે તેમની આર્થિક સદ્ધરતા વિશે વિચારવા લાગી, પણ તે નિરાશ થઈ. મૃદુલાએ જરૂર પૂરતાં જ ઘરેણાં પહેર્યાં હતાં, ગળામાં સોનાની સેર, કાનમાં સોનાનાં બુટિયાં અને હાથે સોનાની ચાર બંગડીઓ. તેની માતાએ

પણ એટલાં જ ઘરેણાં પહેર્યાં હતાં. બસ, વધારામાં મંગલસૂત્ર પહેરેલું. લક્ષ્મીને એ ન સમજાયું કે આ સ્ત્રીઓ પોતાનાં ઘરેણાંનો દેખાડો કેમ નથી કરતી?

તેને પોતાનો વિવાહનો દિવસ યાદ આવ્યો.

તે પોતાની માની, રત્નમ્માની ના છતાં પાડોશી શેટ્ટી કાકાને ત્યાં ગઈ હતી ને તેમની પાસેથી સોનાનો ઢોળ ચઢાવેલાં ઘરેણાં લઈ આવી હતી. લક્ષ્મીએ પગથી માથા સુધી એ ઘરેણાં પહેર્યાં હતાં જેથી તેનાં સાસરિયાં પ્રભાવિત થઈ જાય. પણ તે ખોટી પડી હતી. કારણ શંકરની બહેન વિમળા ખૂબ હોંશિયાર હતી. તે સમજી ગઈ કે આ ઘરેણાં બનાવટી છે. તેણે કટાક્ષપૂર્વક કહ્યું : 'અરે! આવાં ઘરેણાં તો નાની નાની પ્લાસ્ટિકની કોથળીઓમાં દોઢસો રૂપિયામાં મળે છે. મારી દીકરી ઉષા પોતાની સ્કૂલના કાર્યક્રમમાં નૃત્યમાં રહી હતી ત્યારે તે આવાં જ ઘરેણાં લઈ આવી હતી.'

લક્ષ્મીએ ભીમાન્નાનો અવાજ સાંભળ્યો. તે તેમને ઘરની બહાર બોલાવતાં હતાં ને તેમને લઈ બહાર જવા ઇચ્છતાં હતાં. ભીમાન્ના, શંકર અને લક્ષ્મીને ગામમાં આંટો મારવા લઈ ગયાં. તેમને તેમની આવી તળપદી કન્નડ બહુ રુચિ નહી. આ પહેલાં તેમણે આવી કન્નડ ભાષા સાંભળી જ નહોતી. અલબત્ત, ભીમાન્ના તો બહુ સરળતાથી તેમની સાથે વાતો કરતા હતા ને તેમની સાથે વાતચીત કરતા હતા. ચાલતાં ચાલતાં રસ્તે જો ભીમાન્નાને કોઈ મળે તો તેઓ કહેતા, 'આ ક્ષીરસાગર રાય છે. તેમનો સાળો મુંબઈમાં ડૉક્ટર છે. તેઓ અહીં લગ્નની વાત કરવા આવ્યા છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

બીજાની લાગણીની દરકાર ન રાખે તેટલી હદ સુધીનું ભીમાન્નાનું આ ખુલ્લાપણું શંકરને ખાસ ન ગમ્યું. પણ તેને એટલો તો ખ્યાલ આવી જ ગયો કે ભીમાન્ના એ આ ગામની એક બહુ મહત્ત્વની, માનનીય વ્યક્તિ છે.

તેમની પાસે બૅન્કમાં પણ ખાસ્સા પૈસા છે ને ઠીક ઠીક પ્રમાણમાં જમીન છે. પણ શંકરને એ ન સમજાયું કે ભીમાન્ના શા માટે પોતાની સુંદર દીકરીને એક અપંગ વ્યક્તિ સાથે પરણાવે છે? શંકરને ઈર્ષા થવા માંડી. શંકરને પોતાના લગ્નમાં તો માત્ર એક સુંદર છોકરી જ મળી હતી. સંજય ખરેખર નસીબદાર છે કે એને સારી છોકરી અને ધનવાન સસરા પણ મળ્યાં. ગમેતેમ, પણ ભીમાન્નાનું સગવડો ને રાચ-રચીલા વગરનું ઘર જોઈ તે ખૂબ નિરાશ થયો. તેને પોતાનું બેલૂરનું ઘર યાદ આવ્યું. તેમાં બધી જ આધુનિક સુખસગવડો હતી. જોકે એ બધાં સાધનો હપ્તેથી ખરીદ્યાં હતાં એ વાત જુદી છે. શંકરના પગારની લગભગ ૭૦% ટકા જેટલી રકમ આ લોન ચૂકવવા પેટે વપરાતી. ધારો કે કોઈ વસ્તુની લોન પૂરેપૂરી ચૂકવાઈ જાય તો લક્ષ્મીએ કંઈક નવું ખરીદવાનું વિચારી જ લીધું હોય! તેની માંગણીઓનો કોઈ અંત જ નહોતો. તે સતત બીજી સ્ત્રીઓ સાથે સરખામણી કર્યા જ કરતી હોય. હાલમાં તે સતત આગ્રહ કર્યા કરતી કે નવી લોન લઈને કોઈ સેકન્ડહેન્ડ ગાડી પણ ખરીદો. જ્યારે શંકર વિચારતો,

‘જો ભીમાક્કાની જેમ મારી પાસે પૈસા હોત તો મેં મર્સીડીઝ બેન્ઝ ગાડી ખરીદી લીધી હોત ને હુબલીમાં ત્રણ માળનો બંગલો બનાવ્યો હોત.’

ભીમાક્કા વૈભવી જીવનનો આનંદ લૂંટતાં નથી માટે શંકરને તેમના પર દયા આવી! પણ એક બાબત તો નોંધવી જ રહી : સંજયને સાસરું પસંદ કરવા માટે દાદ દેવી પડે!

જમવાની ગોઠવણ કરવા માટે રુક્મા રસોડામાં ગઈ. મૃદુલાએ જ લક્ષ્મી સાથે વાત કરવાની પહેલ કરી : ‘તમે મારાથી મોટાં છો તો હું તમને ‘‘મોટીબહેન’’ કહીને બોલાવી શકું?’

લક્ષ્મીને આ વાત વિચિત્ર અને મુર્ખામીભરી લાગી. લગ્નને ઘણાં વર્ષો થયાં છતાં તે પોતાને પોતે સાસરિયાના કુટુંબનો એક ભાગ છે તેવું સ્વીકારતી નહોતી. તેણે કયારેય નણંદોને ‘બહેન’ માનીને બોલાવી નહોતી. તે હંમેશાં તેમને પોતાનાં હરીફો તરીકે જ જોતી ને તેમની સાથે પોતાની સરખામણી કર્યા કરતી. તેની માતાએ તેને કયારેય સલાહસૂચન આપ્યાં નહોતાં કે તેનાં સાસરિયાં તેની પાસે શી અપેક્ષા રાખતાં હશે અથવા તેણે તેમની સાથે કેવી રીતે વર્તવું જોઈએ. સંયુક્ત કુટુંબમાં તેણે માનભંગ, ઈર્ષા અને માણસોની મુત્સદ્દીપણાથી ઘણું સહન કર્યું છે. પોતાના અનુભવોમાંથી જ કેવી રીતે ઊભાં થવું, ટકવું ને વિકસવું – એ બધું તે શીખી છે. લક્ષ્મીને મૃદુલાની દયા આવી. એને થયું એણે કયારેય સાચી દુનિયા જોઈ જ નથી. જ્યાં તમને સાચો ઉમદા પ્રેમ અને મમતા બાજ્યે જ મળે છે! તેણે તરત જ ચાલાકીથી કહ્યું : ‘જરૂર, ચોક્કસ! મૃદુલા, તું મને જરૂર દીદી કહીને બોલાવી શકે છે!’

પછી તેણે સીધો જ પ્રશ્ન કર્યો : ‘મૃદુલા! તું સંજયને પહેલી વાર કયારે મળેલી?’

પછી ધારણા મુજબ જ મૃદુલાએ કશું જ સંતાડયા વગર બધી જ વાત વિગતવાર એને કહી.

ત્યાં તો જમવાનો સમય થયો. ત્યાં લગભગ પચાસેક મહેમાનો હતા, પણ તેમાંના ભાગ્યે જ કોઈ ભીમાક્કાના કુટુંબીજન હોય! સગાંઓમાં જોઈએ તો તેમાં રુક્માનો ભાઈ સત્યબોધ, તેની પત્ની અને તેમનાં બે બાળકો. સરલા હજી બેરોજગાર હતી. સતીશ ગણિત સાથે અનુસ્નાતક થયા બાદ હુબલી કૉલેજમાં પ્રાધ્યાપક છે. આ ચારેય યુવાન પિતરાઈઓ લગભગ સરખી ઉમરનાં ને તેમને એકબીજાં સાથે બનતું પણ ઘણું! લક્ષ્મીએ જોયું કે આ ચારેય પિતરાઈ ભાઈ-બહેનો વચ્ચે જરાય સ્પર્ધા જેવું જ નથી, જે તેને માટે ખૂબ જ નવાઈની વાત હતી.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

જમણ પૂરું થવાને આરે જ હતું. એ દરમિયાન આ ચતુર દંપતીએ એ જાણી લીધું કે તેઓ જે કાંઈ કહેશે તે બધું જ આ લોકો આપશે. જમ્યા પછી જ્યારે તેઓ વાતચીત કરવા બેઠાં, ત્યારે ત્યાં કોઈ જ પ્રકારની ચર્ચા ન થઈ. સંજયે તેમને વિનંતી કરી જ હતી કે મહેરબાની કરીને પૈસાની વાતો ન કરશો. તેથી શંકરે બહુ સિફતથી, ચતુરાઈપૂર્વક પોતાની માંગણી રજૂ કરી. શંકરે કહ્યું : 'અમારે પૈસા જોઈતા નથી અને અમને એમાં રસ પણ નથી. પણ અમે ઇચ્છીએ છીએ કે તમે લગ્ન બહુ ભવ્યતાથી કરો. સામાન્ય રીતે વરરાજાને જે આપવામાં આવે છે તે તમે સંજયને આપી શકો છો.'

'સામાન્ય રીતે વરરાજાને જે અપાય છે તે' એ શબ્દો ભોળા ભીમાણ્ણા સમજી ન શક્યા તેથી તેમણે પૂછ્યું : 'મહેરબાની કરીને મને વિગતે સમજાવો. હું તમારું કહેવું સમજી શક્યો નથી.'

'જુઓ અમારામાં રિવાજ છે કે છોકરાને સૂટ (પેન્ટ-કોટ વગેરે), રસોડા માટે ચાંદીનાં વાસણો, પૂજાનાં ચાંદીનાં વાસણો, કુટુંબની બધી સ્ત્રીઓ માટે સાડીઓ અને ઘરના પુરુષ વર્ગ માટે શર્ટ અને પેન્ટનું કાપડ, સોનાની એક ચેઇન, એક ઘડિયાળ, વીટી...' કહેતાં કહેતાં તો શંકરનો અવાજ ઘસાતો ચાલ્યો.

ભીમાણ્ણાએ શાંતિથી કહ્યું : 'એ કંઈ બહુ મોટી વાત નથી. અમને પણ નથી.'

રુક્મા પૂછવા ઇચ્છતાં હતાં કે, 'તમે મૃદુલાને, તમારી પુત્રવધૂને શું આપશો?' પણ ભીમાણ્ણાની હાજરીને કારણે ડરના માર્યા તે પૂછી ન શક્યાં. શંકરે ઉમેર્યું, 'લગ્ન વખતે અમને લકઝરી મોટરમાં આવવું ગમશે અને તે બધી ગોઠવણ પણ તમારે કરવાની રહેશે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'આ બધી ગોઠવણ કેવી રીતે કરવી તેની અમને ખબર નથી. એ તમારા પર છોડ્યું. તમે બસ કરીને આવજો, અમે ભાડું ચૂકવી દઈશું.'

ભીમાણ્ણાએ આ સાથે વાતચીત પતાવી. તે જ રાતે લક્ષ્મી અને શંકરે આનંદપૂર્વક અલાદહલી છોડયું.

મુંબઈના ડૉક્ટર સાથેની મૃદુલાની આ અવિધિસરની સગાઈની વાતથી અલાદહલીના લોકો ખૂબ જ નિરાશ થયા. ગામના દરેક પ્રસંગ વખતે ઓછામાં ઓછા 300 માણસો તો ભેગાં થતાં જ અને રસોઈની વાનગીઓ પર તો ખૂબ જ ધ્યાન આપવામાં આવતું જેથી લોકો, મહેમાનો રાજી રાજી થઈ જાય. આનાથી ઊલટું, મૃદુલાનાં સાસરિયાં તો કંઈક અલગ જ નીકળ્યાં. તેમના ઘેરથી માત્ર બે જ જણ આવ્યાં ને વળી બે વાર જમ્યા પણ નહી.

બીજે દિવસે રજા હોવાને કારણે સરલા અને સતીશ તે દિવસે ત્યાં જ રોકાઈ ગયાં. સતીશ અને મૃદુલા તો જાણે ખાસ મિત્રો! તેઓ સાથે જ ઊછર્યાં હતાં અને

બાળપણમાં સતીશ તેની દરેક લાંબી રજાઓ ગાળવા અહીં ગામડે આવતો. સતીશ મૃદુલાને ચીડવવા લાગ્યો : 'પ્રાથમિક સારવારની તાલીમ લઈને તું પશુઓની અડધી ડૉક્ટર તો બની જ ગઈ છે. હવે તું અડધી સ્ત્રી-ડૉક્ટર થઈ ગઈ. સંજય જેવા બુદ્ધિશાળી ડૉક્ટરને પરણીને હવે તો તું પૂર્ણ ડૉક્ટર બનવાને રસ્તે છે.'

મૃદુલા શરમની મારી હસતી જ રહી.

સરોવરની એક બાજુએ એક ખાસ ધોબીઘાટ હતો. મહેમાનો વિદાય થયા પછી, સરલાએ આગ્રહ રાખ્યો કે તે ત્યાં ધોબીઘાટે જ કપડાં ધોવાં ઇચ્છે છે. મૃદુલા સંમત થઈ. તે જાણતી હતી કે સરલા તો ખરેખર પાણીમાં રમવા ઇચ્છે છે. મોટા સરોવરમાં કપડાં ધોવાની મજા જ કંઈક ઓર છે! એક ગોળ પથ્થર પર પગ ટેકવીને ઊભા રહેવાનું ને પછી કપડાં ધોવાના ખાસ પથ્થર પર લૂગડાં ધોવાનાં! જ્યારે કપડાં વીંઝાય ત્યારે ચારે બાજુ પાણીનો છંટકાવ થાય. જાણે ઝરમર ઝરમર વરસાદ ના વરસતો હોય! શહેરનાં ઘરોમાં નળ નીચે કપડાં ધોવા અને આ રીતે સરોવરમાં કપડાં ધોવા એ બે જુદી જ વાત છે!

મૃદુલા અને સરલા સરોવર તરફ ચાલ્યાં. જ્યાં તેઓ ધોબીઘાટ પર પહોંચ્યાં કે મૃદુલાએ કપડાં પલાળવાનું, ઘસવાનું શરૂ કર્યું. સરલા તો કામકાજ ભૂલી જઈ થોડે આઘે જઈ પાણી સાથે રમવા લાગી. અચાનક મૃદુલાને લાગ્યું કે કોઈક પેન્ટમાં કંઈક છે. તેણે એ પેન્ટના ખિસ્સામાં હાથ નાંખ્યો ને તેમાં રહેલું પાકીટ કાઢ્યું. તે સતીશનું પેન્ટ હતું. અચાનક એ જ વખતે તેણે એક ચીસ સાંભળીને તે પોતાની આસપાસ જોવા લાગી. તેણે જોયું તો સતીશ તેની પાછળ દોડતો આવતો હતો. તે હજી ઘણો દૂર હતો. તેથી તે શું કહેતો હતો તે સંભળાતું નહોતું. વળી પાછું એનું ધ્યાન પાકીટમાં ગયું. તેને ચિંતા હતી કે અંદરના પૈસા પલળી ના ગયા હોય તો સારું. તેથી તેણે પાકીટ ખોલ્યું. તેને પૈસા તો મળ્યા પણ સાથે એક ખૂણામાં એક ફોટો ખોસેલો હતો તે પણ મળ્યો. તેને મઝા આવી ગઈ. તેને થયું ચાલો સતીશને ચીડવવાનું એક કારણ તો મળ્યું. પણ... જ્યારે તેણે આખો ફોટો બહાર કાઢીને જોયો તો તેને ખૂબ જ આઘાત લાગ્યો. એ એનો જ, કૉલેજના ઓળખપત્ર પરનો પોતાનો જ ફોટો હતો. શું કરવું તેની તેને કંઈ સમજણ જ ના પડી. તેને આવી અપેક્ષા તો ક્યારેય નહોતી. તે તો માત્ર તેનો સારો પિતરાઈ ભાઈ છે એટલું જ સમજતી હતી. જો આ બાબતે તેને પહેલાં ખબર પડી હોત તો વાત કંઈક જુદી જ હોત. પણ હવે તો તે માત્ર સંજય વિશે જ વિચારતી હતી. તે માત્ર તેને અને તેને જ સમર્પિત હતી. તે ઊંધી ફરી ગઈ ને સતીશ તરફ પીઠ ફેરવી ઊભી રહી. તેણે પોતાનો ફોટો લઈ લીધો અને તેને સંતાડી દીધો.

તરત જ સતીશ તેની પાસે આવી પહોંચ્યો, 'અરે મૃદુલા! મારું પાકીટ અહીં છે? જ્યારે મેં કપડાં ધોવા નાંખ્યાં ત્યારે એ મારા પેન્ટમાં રહી ગયું હતું. તેમાં અગત્યનાં

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

કાગળ છે.'

મૃદુલાએ પાકીટ તેના તરફ ધર્યું ને ગુસ્સામાં કહ્યું : 'જો તેમાં તારા અગત્યનાં કાગળ હોય તો તારે એ પાકીટ ભૂલી જવું ન જોઈએ. લે, આ તારું પાકીટ.'

સતીશે બહુ જ શાંતિથી પોતાનું પાકીટ લીધું અને ચાલવા માંડ્યો. મૃદુલાને જોવા તે પાછળ ફર્યો પણ તેણે જોયું કે મૃદુલાએ તો પોતાનું કપડાં ધોવાનું કામ ચાલુ કરી દીધું છે. તેણે જે કહેવાનું વિચાર્યું હતું તે કહેવાનું રહી ગયું અને તેણે ઘાટ છોડી દીધો. તે ઊંડા વિચારમાં પડી ગયો.

❑

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સાથીદાર

થોડા સમય બાદ સંજય અને મૃદુલાનાં લગ્ન થઈ ગયાં. સંજયે મુંબઈની નોકરી છોડી દીધી.

લગ્ન પહેલાં મૃદુલાએ સંજયને કહેલું : 'તમે બેંગ્લોરમાં નોકરી શા માટે નથી શોધતા? ત્યાં સ્થાયી થવું આપણે માટે સરળ રહેશે. છેવટે એ આપણી જગ્યા તો ખરી ને ભાષા દૃષ્ટિએ પણ સારું રહેશે. આપણે બંને એક જ પ્રદેશના છીએ. બેંગ્લોર વિક્ટોરિયા હૉસ્પિટલની હંગામી ધોરણની પણ સરકારી નોકરીની જાહેરાત મેં છાપામાં જોઈ હતી. મને લાગે છે કે તમારે મારા સૂચન પર વિચાર કરવો જોઈએ.'

સંજય સહમત થયો. તેને કંઈ મુંબઈમાં સ્થાયી થવાનો શોખ નહોતો. ત્યાંથી ઘણો સારો અનુભવ તે મેળવી ચૂક્યો હતો. તે જાણતો હતો કે ત્યાં રહેવા માટે સારું મકાન મેળવવું અને રહેવું ઘણું ખર્ચાળ છે. વળી, જે નોકરી માટે મૃદુલાને ખૂબ જ લગાવ છે તે તેણે છોડી દેવી પડે. વળી બીજા રાજ્યમાં તેની બદલી પણ ન થઈ શકે કે જેથી તે મુંબઈ જઈ શકે. એના કરતાં જો બેંગ્લોરમાં તે કોઈ નોકરી શોધી કાઢે, તો તેની ત્યાં બદલી થઈ શકે. વળી તેને આત્મવિશ્વાસ હતો કે અનુસ્નાતક અભ્યાસ ક્રમમાં તેને જરૂર પ્રવેશ મળી જ જશે. તેથી મૃદુલા અને સંજયે બેંગ્લોરમાં પોતાનું ઘર બનાવવાનું નક્કી કર્યું.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજયને વિક્ટોરિયા હૉસ્પિટલમાં નોકરી મળી ગઈ. લગ્ન પછી મૃદુલા ત્યાં જોડાઈ શકે કે કેમ તે અંગે પૂછ્યું. જ્યારે મૃદુલા પહેલી વાર બેંગ્લોર આવી ત્યારે તે જાણે નવી જ દુનિયામાં આવી પડી હોય તેવું તેને લાગ્યું. તેનું મોટા ભાગનું જીવન અલાદહલીમાં જ પસાર થયું હતું. તેથી બેંગ્લોરમાં શરૂમાં તેને માટે બધું કઠિન રહ્યું. અંગ્રેજી મિશ્રિત સ્થાનિક કન્નડ ભાષા સમજવી તેને માટે ખૂબ અઘરું હતું. સંજય અને મૃદુલા હૉસ્પિટલ નજીક રહેવા ઇચ્છતાં હતાં, પણ તેનું ઊંચું ભાડું તેમને પોસાય તેમ નહોતું. તેમણે શોધખોળ કરી અને યેલાહાન્કામાં ભાડે રહેવાનું નક્કી કર્યું. એ શહેરથી ઘણું દૂર હતું પણ ત્યાંનું ભાડું પોષાય તેવું હતું.

મૃદુલાએ યેલાહાન્કાની સરકારી શાળામાં બદલી તો કરાવી દીધી પણ અલાદહલી અને અહીની શાળામાં તેને આભ-જમીન જેટલો તફાવત જોવા મળ્યો.

અલાદહલીની શાળા ખૂબ જ પ્રખ્યાત હતી અને ત્યાં આજુબાજુનાં ગામડાંઓમાંથી વિદ્યાર્થીઓ ભણવા આવતા હતા. આ શાળા માત્ર મકાન પૂરતી જ મર્યાદિત નહોતી. તેમાં રમત માટેનું મોટું મેદાન હતું ને પોતાનું ખુલ્લું રંગમંચ પણ હતું. જ્યારે મૃદુલા ત્યાં કામ કરતી હતી ત્યારે તેની દેખરેખ નીચે શાકભાજી અને

□□ષધિઓની એક સરસ વાડી બનાવવામાં આવી હતી. દર અઠવાડિયે બે કલાક વાડીમાં – બગીચામાં કામ કરવું એ દરેક વિદ્યાર્થી માટે ફરજિયાત હતું. ત્યાં ઉગાડેલી શાકભાજીનો ઉપયોગ રસોઈમાં થતો. ગામલોકોની સહાયથી બાળકોને રોજ બપોરે ભોજન કરાવવામાં આવતું હતું. એ માટે કોઈપણ સરકારી મદદ લેવાતી નહીં. શાળામાં આજ્ઞાપાલન અને શિસ્તને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવતું. તેથી વિદ્યાર્થીઓ બહુ નમ્ર બનતા અને શિક્ષકે કહેલી વાતો ગંભીરતાથી સાંભળતાં. જાણે કે મોટું સંયુક્ત કુટુંબ હોય તેવું સૌને લાગતું. તેથી જ તે શાળામાં શિક્ષિકા થયાનો મૃદુલા માટે ખૂબ આનંદની વાત હતી.

પણ યેલાહાન્કાની શાળા તો ખૂબ જ જુદી હતી. એ વિસ્તારમાં માત્ર એ એક જ સરકારી શાળા હતી એવું નહોતું. જ્યારે વિદ્યાર્થીઓ સામે અનેક શાળામાંથી પસંદગી કરવાનાં વિકલ્પો હોય, તો ઉત્તમ શિક્ષણ લેવાની ઇચ્છાથી કોઈ સરકારી શાળાને પસંદ ન પણ કરે. ખૂબ ખર્ચાળ હોવા છતાં અંગ્રેજી માધ્યમની ખાનગી શાળાઓ ત્યાં ખૂબ જાણીતી હતી. શિક્ષકોના અભિગમો પણ જુદા હતા. બેંગ્લોર જેવાં મોટા શહેરોમાં, કેટલાક શિક્ષકો ઘેર ટ્યૂશનો આપતા હતા. તો કેટલાક કોઈ કંપની સાથે જોડાઈને ધંધો પણ કરતાં. એ લોકોને શિક્ષણ કરતાં ધંધાના વિકાસમાં વધારે રસ રહેતો. મોટા ભાગના શિક્ષકો શિક્ષક તરીકેના પગારને પોતાના ગુજરાનનિર્વાહ માટે મુખ્ય સ્રોત નહોતા ગણતા. એ લોકો તો એને માત્ર ઍપિટાઇઝર જ ગણતા હતા. તેથી શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે ખાસ કોઈ આત્મીયતા જ નહોતી રહેતી. કોઈ સાથે વ્યક્તિગત રીતે લાગણીભર્યા સંબંધ જ નહોતા.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

છતાંય પરિસ્થિતિ સાવ ખરાબ નહોતી. કેટલાક શિક્ષકો, જેમ કે આચાર્ય શ્રી મુનિઅપ્પા જેવા મૃદુલા જેવી વિચારધારાવાળા પણ હતા. તેઓ શિક્ષણને એક પવિત્ર વ્યવસાય માનતાં અને વિદ્યાર્થીઓને બહુ નિષ્ઠાથી ભણાવતાં. આચાર્ય મુનિઅપ્પા કોલારથી આવેલા ને ખૂબ પ્રેમાળ, ઉષ્માભર્યા માણસ હતા. તેઓ પણ પોતાના કુટુંબ સાથે યેલાહાન્કામાં રહેતા હતા. મૃદુલાના શાળામાં જોડાયાના પ્રથમ દિવસે તેમણે બહુ જ સ્નેહપૂર્વક કહ્યું : 'મૃદુલાબહેન, તમે જરાય ગભરાતાં નહીં કે મૂંઝાતા નહીં. તમારી પાસે તો શિક્ષણનો બે વર્ષનો સુંદર અનુભવ છે. અહીં આ શાળામાં કન્નડ માધ્યમના ચાર વિભાગો અને એક અંગ્રેજી માધ્યમનો વિભાગ છે. તમને જ્યાં સૌથી વધુ સુવિધાજનક લાગે તે વર્ગ અને ભાષા પસંદ કરવાની તમને છૂટ છે.'

પૂરી નિષ્ઠાથી કામ કરવા મૃદુલા માટે આવાં થોડાં પ્રોત્સાહક શબ્દો પૂરતા હતા.

પછી તો તરત જ સંજય અને મૃદુલાની દિનચર્યા બહુ સરળતાથી ગોઠવાઈ ગઈ. મૃદુલા વહેલી ઊઠી જતી, રસોઈ બનાવતી અને સંજયને ઘરમાં, ઘરનો જ નાસ્તો

કરાવતી. તે બપોરના ભોજન માટે ટિફિન લઈ જતો, હૉસ્પિટલમાં ખાઈ લેતો અને રાત્રે જ ઘેર આવતો. સંજયના ગયા પછી મૃદુલા શાળાએ જતી અને સાંજે ઘેર આવ્યા બાદ ઘરની સાફસફાઈ કરતી. તેને પોતાની જાત માટે કોઈ સમય જ નહોતો રહેતો. જો કોઈ સિરિયસ પેશન્ટ આવી જાય અથવા હૉસ્પિટલમાં રાત્રે ફરજ બજાવવાની આવે ત્યારે સંજય ત્યાં જ રહેતો. તે વખતે તેમની પાસે નહોતો ટેલિફોન કે નહોતું વાહન! તેથી સંજય મુનિઅપ્પાને ઘરે ફોન કરીને કહેતો અને મૃદુલા માટે સંદેશો મોકલાવતો. તેમનો વીસ વર્ષનો દીકરો અરુણ, દિવસના કોઈ પણ સમયે પોતાની સાઇકલ પર મૃદુલા-સંજયના ઘેર આવતો અને તેને સંદેશો પહોંચાડતો. ઇજનેરી શાળામાં ભણતો અરુણ ખૂબ સારો અને બુદ્ધિશાળી છોકરો હતો. તેનો મુખ્ય વિષય કમ્પ્યૂટર વિજ્ઞાનને લગતો હતો.

મૃદુલાએ પોતાનાં પિયર અલાદહલીમાં ક્યારેય સ્વતંત્રપણે રસોઈ બનાવી નહોતી. તે હંમેશાં માને મદદ કરતી અને જ્યારે ઘણાં મહેમાનો ઘેર આવવાનાં હોય ત્યારે હુબલીથી રસોઇયો બોલાવવામાં આવતો. તેથી ઘરમાં મૃદુલાને માથે બહુ જવાબદારી રહેતી નહીં. પણ હવે તો તેણે જ રસોઈ બનાવવી પડતી, અને વધારે મહત્ત્વની બાબત તો એ હતી કે તેણે ઘરને તાળું મારીને જવું પડતું. અલાદહલીમાં તો આવું ભાગ્યે જ બન્યું હશે. મૃદુલા ક્યારેક ગભરાઈ જતી. કારણ કે તેને જાતજાતની વાનગીઓ બનાવતાં આવડતું નહોતું. તે શીખી પણ નહોતી. રસોઈ માટે તેને માર્ગદર્શન આપનાર ઘરમાં તો કોઈ હતું નહીં. પણ આચાર્ય મુનિઅપ્પાનાં પત્ની શ્રીમતી કાન્તામ્મા ખૂબ સારાં અને મિલનસાર હતાં. તે મૃદુલાના સલાહકાર થઈ ગયાં.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એક દિવસે મૃદુલાએ તેમને પૂછ્યું : 'કાન્તામ્મા, જાતજાતની વાનગી બનાવવામાં તમે મને મદદ કરશો?'

'મૃદુલા, મારા જેવી અભણ વ્યક્તિ તારા જેવી બુદ્ધિશાળી વ્યક્તિને કેવી રીતે શીખવી શકે? જ્યારે હું માત્ર સોળ જ વર્ષની હતી ને મારાં લગ્ન થઈ ગયાં. મારાં સાસુ મારી મા સમાન જ હતાં અને આ બધાં માટે હું તેમની ખૂબ આભારી છું. હું આજે જે કાંઈ જાણું છું તે બધું તેમણે મને શીખવ્યું છે. મને જે કાંઈ આવડે છે તે બધું જ હું તને જરૂરથી શીખવીશ.'

મૃદુલા કાન્તામ્મા જેટલી ભાગ્યશાળી નહોતી. રત્નામ્મા બેંગલોર આવી શકવાનાં નહીં કે નહીં તેને કશું શીખવી શકવાનાં. જ્યારે જ્યારે સંજય અને મૃદુલા તેમને બેંગલોર આવવાનું કહે ત્યારે હંમેશાં તેઓ કહે : 'જોને, ખેતરમાં કેટલું બધું કામ છે? જો હું ત્યાં દેખરેખ માટે ના હોઉં તો માણસો કંઈ કામ જ ના કરે. તેઓ બિયારણ વગેરે લઈ જાય અને આખા વર્ષનો પાક નિષ્ફળ જાય. વળી તમારે મારી એવી કોઈ મદદની જરૂર પણ

નથી. મૃદુલા કંઈ નાની કીકલી નથી. જો ખાસ જરૂર હશે તો તેની મા તેને જરૂર મદદ કરશે.'

રત્નામ્માએ પોતે પણ ટી. નરસિપુરામાં કોઈ તહેવાર હોય કે રજાઓ હોય, તેમણે નવદંપતીને ક્યારેય આમંત્ર્યા નહોતાં. મૃદુલા તો લક્ષ્મીને બોલાવતી, પણ મૃદુલાને મળવાનું તે ટાળતી. પોતાના દીકરાને શાળાઓમાં રજા પાડવી પડે તેવું બહાનું કાઢી તે પણ બેંગ્લોર જવાનું ટાળતી. તેથી મૃદુલાએ પોતાનું નવું જીવન કાન્તામ્માની મદદથી શરૂ કર્યું. તે જુદીજુદી વાનગીઓના પ્રયોગો સંજય ઉપર કરતી. મોટે ભાગે તો પરિણામમાં નિષ્ફળતા જ હોય. પણ સંજય ક્યારેય નકારાત્મક ટીકા ન કરતો. આથી મૃદુલા પોતાની રસોઈની બાબતમાં વધારે સભાન થવા લાગી.

આર્થિક સંકડામણ સિવાય તેમની વચ્ચે બીજો કોઈ પ્રશ્ન નહોતો. મૃદુલા સંજય કરતાં વધારે કમાતી. તે પોતાનો પગાર મૃદુલાને આપી દેતો અને કહેતો કે આનું જે આયોજન કરવું હોય તે કર. તેની માત્ર એક જ વિનંતી હતી કે તેમાંથી તે થોડા પૈસા માને મોકલાવે. તેથી હિસાબકિતાબ બધો મૃદુલા રાખતી ને આગ્રહ પણ રાખતી કે સંજયે પોતાના પાકીટમાં થોડા પૈસા તો રાખવા જ. બંને ભેગા મળીને, ઘરનું ભાડું ભરતાં, થોડા પૈસા રત્નામ્માને મોકલાવતાં ને બાકીમાંથી ઘર ચલાવતાં. રત્નામ્મા સંજયને ત્યાંથી વધારે પૈસા મળે, ઓછા મળે કે કદાચ ના મળે તો પણ ક્યારેય તે મન પર લેતાં નહીં. પણ તે ક્યારેય પૈસા વેડફે તો નહીં જ. તે તેનું રોકાણ ધીરધારના ધંધામાં જ કરે. તેમને માટે તો જે પૈસો વ્યાજ ખેંચી ન લાવે તેના જેવું ખરાબ કશું જ નહોતું. જોકે તેમનો આવો અભિગમ સંજયને નહોતો ગમતો, પણ તે માને કશું કહી શકતો નહીં.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ભીમાન્ના એકવાર મૃદુલાને ઘરે આવ્યા ત્યારે ગામડેથી તેને માટે જથ્થાબંધ કરિયાણું લેતા આવ્યા. તેમનો આગ્રહ હતો કે દર વર્ષે તેઓ કરિયાણું અલાદહલીથી જ મોકલાવશે, પણ સંજયને એ ગમતું નહીં. તેણે મૃદુલાને કહ્યું : 'આપણે આપણા પૈસે જ થોડું થોડું ખરીદવું. તારા પિતા પાસે મંગાવવું મને ગમતું નથી.'

એટલે મૃદુલાએ થોડા થોડા પૈસા બચાવવા માંડ્યાં ને એમાંથી તેણે TV, ફ્રીઝ અને સંજય માટે નવું સ્કૂટર ખરીદ્યું. તેઓ આનંદ અને સંતોષથી જીવન જીવતાં હતાં.

સંજયને બહુ ઓછા મિત્રો હતા, તેથી મિત્રો સાથે ગપાટામાં સમય વેડફાતો નહીં. તેણે તરત જ અનુસ્નાતકની પદવી માટેની પરીક્ષાની તૈયારી કરવા માંડી. એકવાર તે હૉસ્પિટલમાં પ્રવેશે એટલે આખું જગત વિસરાઈ જાય. જેવી તેની હૉસ્પિટલની ફરજ પૂરી થાય સહેજ પણ સમય વેડફ્યા વગર તે પુસ્તકાલયમાં જાય અને અભ્યાસનું વાંચવા માંડે. ડૉ. જોગના શબ્દો તે હંમેશાં યાદ રાખતો : 'જો તમે એકાગ્રતાથી શીખો, જ્ઞાન અને કુશળતા પ્રાપ્ત કરો તો તે જ સાચી પ્રતિભા છે, તેમાં

જ તમારી બુદ્ધિમત્તા છે. જો તમે કામ કરતાં પૈસા પાછળ ભાગશો તો, તો પૈસો તમારાથી દૂર ભાગશે. પણ જો તમે કુશળતા પ્રાપ્ત કરશો તો પૈસો તમારી પાછળ દોડતો આવશે.'

❑

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સાસરિયાં

મૃદુલા દુલા આજ સુધી રૂઢિચુસ્ત વાતાવરણમાં ઊછરી હતી તેથી પોતે આજ સુધી સાસરે જઈ નહોતી શકી તે માટે તે પોતાને દોષિત ગણતી હતી. તેણે સંજયને અનેકવાર કહ્યું કે મને તમારી માતા અને બહેનને મળવા લઈ જાઓ, પણ તેમને મળવા માટે તેણે કોઈ જ ઉત્સાહ કે રસ ન દાખવ્યો, ન કોઈ ઉમળકો બતાવ્યો. પણ એકવાર લાંબી રજાનો મેળ પડયો એટલે મૃદુલાએ આગ્રહ રાખ્યો કે તે આ રજાઓમાં ટી. નરસિપુરા જવા માંગે છે. તેણે સંજયને પૂછ્યું, 'મમ્મી માટે હું શું લઈ જાઉં? લગ્ન પછી હું પહેલીવાર એમને મળીશ.'

પણ સંજય આવું કંઈ માનતો નહી. સ્વભાવે તે થોડો અલગ હતો. તેણે કહ્યું : 'મારી મા ક્યારેય કોઈ ભેટની અપેક્ષા રાખતી જ નથી. તું જે આપશે તે તેને ગમશે ને તે સ્વીકારી લેશે.'

તેથી મૃદુલાએ કાન્તામ્માને પૂછ્યું ત્યારે તેણે સલાહ આપી કે તું ખાલી હાથે ના જઈશ. કાન્તામ્માએ કહ્યું : 'લગ્ન પછી તારાં સાસુ એ તારી મા સમાન જ ગણાય. જો તું તેમને ખુશ રાખીશ તો તારી માતા પણ ખૂબ ખુશ થશે. તારે તારા સાસુથી પરિચિત થવું જોઈએ, તેમનાથી ટેવાવું જોઈએ. જો કોઈપણ કારણસર તેઓ તારાથી નારાજ થાય તો પણ તારે અસ્વસ્થ થવું નહી કે તેમનાથી રિસાવું નહી, નારાજ થવું નહી. ગમે તેમ હોય તે ઉંમરલાયક છે, મોટાં છે ને તું નાની છે. મને ખબર છે કે તારામાં ખૂબ જ ધીરજ છે. મને લાગે છે તું તારા સાસુ માટે સરસ સાડી, તાજાં ફળો અને ફૂલો લઈ જા.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

દરમિયાન, લક્ષ્મીનો પત્ર આવ્યો. તેણે આ દંપતીને લખ્યું હતું, 'બેલૂરમાં ઘણાં સુંદર મંદિરો છે, અમારી ગમે ત્યારે બદલી થઈ શકે. તો મારે ઘેર આવો.' આમ તો શંકર ત્યાંની એક બૅન્કમાં ક્લાર્ક તરીકે કામ કરતો હતો, પણ તેને પોતાનો ધંધો કરવાની તીવ્ર ઇચ્છા હતી. તેના એક મિત્રને બેલૂરમાં પોતાની હોટલ હતી. શંકરે બૅન્કમાંથી થોડી લૉન લીધી અને લક્ષ્મીના નામે હોટલના વ્યવસાયમાં તેણે પૈસા રોક્યા.

છેવટે સંજય અને મૃદુલા શુક્રવારે સાંજે ટી. નરસિપુરા જવાં નીકળ્યાં. જ્યારે તેઓ બસ-સ્ટૅન્ડે પહોંચ્યાં ત્યારે તેમને આવકારવા ત્યાં કોઈ જ નહોતું. રત્નમ્માનું ઘર નજીક જ હતું તેથી તેઓ ચાલતાં જ ઘેર ગયાં.

રત્નમ્મા દુકાનમાં જ બેઠાં હતાં ને તેમને જોઈને ખૂબ ખુશ થયાં. જ્યારે તેણે પોતાના પુત્ર અને તેની નવોઢાને જોઈ એટલે તે ઊભાં થયાં. પછી તેણે મૃદુલાને કહ્યું કે, 'દુકાનમાં તારો જમણો પગ પહેલો મૂક. મને ખરેખર ખૂબ દુ:ખ થાય છે કે દુકાનમાં

કોઈ સ્ત્રી નથી જે તને તારો હાથ પકડીને ઘરમાં લઈ જાય. અરે, લક્ષ્મી પણ આવી ન શકી. તો માઠું ના લગાડતી હોં!'

રત્નમ્મા તેમને માટે સાદડી પાથરી ને રસોડામાં ગયાં. મૃદુલા ત્યાં બેઠી અને સંજય પાછલા વાડામાં ગયો. મૃદુલાએ ચારે બાજુ જોયું તો તેને ખૂબ નવાઈ લાગી. આમ તો એ પણ ગામડામાં જ ઊછરી હતી, પણ એના ગામના કોઈપણ ઘર કરતાં આ કંઈક અલગ હતું. અલાદહલી કરતાં આ ગામ ઘણું વિકસેલું હતું. વળી આ તો યાત્રાધામ મનાતું હતું ને મૈસૂર જેવા મોટા શહેર સાથે ગાઢ રીતે સંકળાયેલું હતું. પણ રત્નમ્માનું ઘર તો અલાદહલીના ગરીબ ખેડૂતના ઘર કરતાં પણ વધુ બદતર હતું. આધુનિકતાની સગવડની નિશાની રૂપ અહીં બે જ વસ્તુ હતી; એક પાણીના નળ અને બીજું વીજળી. ઘરમાં એક બ્લેક ઍન્ડ વ્હાઇટ ટી.વી. છે. બાકી નથી રેડિયો કે નથી ગૅસની સગડી. ઘરના એક ખૂણામાં માટીનો ચૂલો છે અને ચૂલામાં બળતણ તરીકે વાપરવા માટે નારિયેળીનાં સૂકાં પાનનો ઢગ છે. ગરીબી કરતાંય ઘર પ્રત્યેની કાળજીનો અભાવ વધારે દેખાતો હતો.

મૃદુલાને નવાઈ લાગી, 'મારી મા રુક્મા આ ઘર વિશે કેવું વિચારે? જો સંજયનું આવું ઘર મારાં માતાપિતાએ જોયું હોત તો શું તેઓ મને સંજય સાથે પરણાવત?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

લગભગ તે જ વખતે સંજય ત્યાં આવ્યો જ્યારે તેણે મૃદુલાના ચહેરા સામું જોયું, તેને તરત જ ખ્યાલ આવી ગયો કે અત્યારે મૃદુલાના મનમાં શું ચાલી રહ્યું હશે. તેણે દુઃખ સાથે કહ્યું : 'તું જાણે છે ને કે મા એકલી જ છે, સાવ એકલી. તેથી ઘરની દેખરેખ તે સારી રીતે નથી રાખી શકતી.'

ત્યાં રત્નમ્મા રસોડામાંથી બહાર આવ્યાં. તેઓ સ્ટીલના પ્યાલામાં પાણી અને પોતાની નવ પુત્રવધૂ માટે બે કેળાં લાવ્યાં હતાં. વાચાળ મૃદુલા એમની સામે જાણે મૂંગી જ થઈ ગઈ. તેને સમજાતું નહોતું કે શું કહેવું, શું બોલવું? આવી શાંતિ અસહ્ય હતી. અરે માતા અને દીકરો પણ એકબીજા સાથે વાત કરતાં નહોતાં. છેવટે સંજયે પૂછ્યું : 'મા, તમે કેમ છો?'

'હું મઝામાં છું. તું કેમ છે?'

'હુંય મઝામાં છું. લક્ષ્મી કેમ છે?'

'તેય આનંદમાં છે.'

બસ, ત્યાં વાતચીત પૂરી થઈ ગઈ. કોઈએ મૃદુલા સાથે વાતચીત ન કરી. પણ તેણે પૂછ્યું : 'આજે રાત્રે હું રસોઈ કરી શકું?'

'હા, ચોક્કસ, તું કરી જ શકે.' રત્નમ્માએ કહ્યું. પણ તેના અવાજમાં ન તો ભાવ હતો કે ન તો ધિક્કાર! અવાજ એકદમ સામાન્ય હતો. વેપારધંધામાં જવાબ આપે

તેવો ભાવહીન જવાબ હતો.

અત્યારે તો સંજયના ઘણાં મિત્રો ટી. નરસિપુરામાં નહોતા. મોટા ભાગના તો બીજે સ્થળે જતા રહ્યા હતા, બહુ જ થોડા ત્યાં રહ્યા હતા. સંજય ખરેખર તો એમને મળવા માંગતો નહોતો, પણ તેને ગામમાં રખડવું હતું, ફરવું હતું, બધાં સ્થળો તેને જોવાં હતાં જ્યાં તેનું બાળપણ પસાર થયું હતું. તેથી તેણે કહ્યું : 'હું સહેજ બહાર જઉં છું. થોડી વારમાં જ આવી જઈશ.'

ત્યાં કેટલાક ગ્રાહકો દુકાનમાં આવ્યા એટલે રત્નમ્મા તેમની પાસે ગયાં. તેમણે ગ્રાહકો સાથે વાતચીત કરવા માંડી અને તેમની પાસેથી તેઓ કંઈક ખરીદે તેવી રીતે તેમને સમજાવવાં લાગ્યાં. મૃદુલાને આ જોઈ ખૂબ નવાઈ લાગી કે તેની સાસુ ઘરમાં એકદમ શાંત હોય છે પણ દુકાનમાં તો ખૂબ બોલકાં બની જાય છે!

મૃદુલા અંદર, બહુ જ આછા અજવાળાવાળા રસોડામાં ગઈ. કેટલોક સમય શોધખોળ કર્યા બાદ તેને થોડા ચોખા, તુવેરની દાળ અને થોડો રાગીનો લોટ મળ્યો. પણ તેને તેલ કે શાકભાજી શોધ્યેય મળ્યાં નહી, તેથી તે રસોડાની બહાર આવી.

તેણે એક થાળીમાં, સાસુ માટે પોતે લાવેલી સાડી, ફળો અને ફૂલો મૂક્યાં. થોડીવારમાં ગ્રાહકો ગયા એટલે રત્નમ્મા અંદર આવ્યાં. કોઈ પણ પ્રકારના સંકોચ વગર રત્નમ્માએ મૃદુલાને સીધું જ કહ્યું. 'શાકભાજી શોધીશ નહી. અભરાઈ ઉપર એક નાનું કોળું છે. લસણ મરચું દુકાનમાં છે અને મીઠો લીમડો વાડામાં છે. તું લાંબી મુસાફરી કરીને આવી છો તેથી તું જરૂર થાકી ગઈ હોઈશ. હું ભાત અને સાંભાર બનાવી દઉં છું.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

રત્નમ્માની વાત એકદમ સીધી ને સ્પષ્ટ હોય, ને તેમાંય વળી જો આર્થિક બાબત હોય ત્યારે તો ખાસ. કોઈ ગેરસમજ વધારે ખર્ચો ન કરાવી બેસે એ બાબતે તે ખૂબ જ જાગૃત! જો મૃદુલાને ખબર પડે કે ઘરમાં શાકભાજી નથી તો તેના અવ્યવહારુ પતિને બજારમાં કંઈક લાવવા મોકલશે. સંજય કોઈ પણ પ્રકારનો ભાવતાલ કર્યા વગર બજારમાંથી ઢગલો શાક લઈ આવશે. આખરે તો તેમણે જ પૈસા ગુમાવવા પડે.

જ્યારે તેણે પુત્રવધૂએ લાવેલી ભેટો જોઈ ત્યારે તે વધુ નિરાશ થયાં. તેણે મનમાં વિચારી લીધું કે તેઓએ કેટલા બધા પૈસા વેડફ્યા છે! તેમણે સહસા જ મૃદુલાને પૂછ્યું : 'અરે મૃદુલા! તેં આવી મોંઘી સાડી કેમ ખરીદી? હું એવી કોઈ જગ્યાએ કે પ્રસંગોમાં જતી નથી જ્યાં હું આ પહેરી શકું. હું તારી જેમ શાળામાં શિક્ષિકા પણ નથી. તારાં લગ્ન વખતે મને જે કાંઈ આપવામાં આવ્યું હતું તે હજી એમ ને એમ વપરાયા વગરનું પડયું છે. આટલા બધાં ફળો ખાતી પણ નથી, ખાઈ શકું પણ નહી ને માથામાં ફૂલો નાંખતી પણ નથી.'

શું બોલવું એની મૃદુલાને સમજ ના પડી.

ત્યાં રત્નમ્માએ દુકાનમાંથી બીજા ગ્રાહકનો અવાજ સાંભળ્યો. આજે શુક્રવાર તેથી રોજ કરતાં વધારે ભીડ રહેવાની. જો તે તેમનું ધ્યાન ન રાખે તો તેઓ તો બાજુની દુકાનમાં જતાં રહેવાનાં. તેને પુત્રવધૂ સાથે બેસવાનું ને ગપાટા મારવાનું પાલવે નહીં. તેથી તેણે કહ્યું : 'સંજય આવી જાય પછી તમે મંદિરે જઈ આવજો. આ ફળો ત્યાં મૂકજો ને પછી નદીકિનારે થોડું ફરી કરીને પાછાં આવજો. નિરાંતે ફરજો.'

સંજય આવી ગયો એટલે બંને જણાં મંદિરે જવા નીકળ્યાં. સંજયે રસ્તામાં ગામનાં ઘણાં લોકો સાથે તેની ઓળખાણ કરાવી. તેમાંની કોઈક સ્ત્રીઓએ તો કહ્યું પણ ખરું કે, 'સંજય, છેવટે અમે તારી પત્નીને જોઈ ખરી હોં! અમે સાંભળ્યું હતું કે તારી વહુ મુંબઈની છે. શું તે કન્નડા બોલી શકે છે?'

મૃદુલાએ જ રસ લેતાં વાતમાં જોડાતાં જવાબ આપ્યો : 'અરે! હું કાંઈ મુંબઈની નથી. હું ધારવાડની છું અને કન્નડા સારી રીતે બોલી શકું છું.'

તેને વિચાર આવ્યો, 'આવાં નાનાં ગામડાંઓમાં અફવા આગની માફક ફેલાઈ જતી હોય છે અને ટી. નરસિપુરા પણ એમાંથી બાકાત નથી.'

ત્યાં મંદિરને ઓટલે કેટલીક પરિણિત પ્રૌઢ સ્ત્રીઓ બેઠી હતી. મૃદુલાને તેની મા યાદ આવી અને સાથે જ અહીં દર શુક્રવારે સાંજે જે એક પ્રથા હતી તે પણ યાદ આવી. તે દિવસે કોઈ પણ જાતના, જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વગર રુકમા નાગરવેલનાં પાન, હળદર, કંકુ, ફૂલો, ફળો અને થોડા પૈસા, આવી જરૂરિયાતવાળી સ્ત્રીઓને આપતાં. તેથી મૃદુલાએ દસ રૂપિયા અને નાગરવેલનાં પાન દરેકને આપ્યાં. પછી તેણે સૌને પ્રણામ કર્યાં.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

આ પછી સંજય અને મૃદુલા નદીકિનારે ફર્યાં અને ઘેર પાછાં આવ્યાં ત્યાં સુધીમાં તો રત્નમ્મા પાસે સમાચાર પહોંચી ગયા હતા કે, 'રત્નમ્માની નવી આવેલી વહુએ દરેકને દસ રૂપિયા અને નાગરવેલનાં પાન આપ્યાં.'

આ સાંભળી રત્નમ્મા અસ્વસ્થ થઈ ગયાં. તેને થયું : 'દસ રૂપિયાનું મૂલ્ય મૃદુલા સમજે છે ખરી? આશીર્વાદ ક્યારેય પૈસા પર આધારિત ન હોય, તે ક્યારેય પૈસાની તોલે ન આવી શકે. જો આશીર્વાદમાં તેટલી તાકાત હોત તો જગત કંઈક જુદું જ હોત.'

રત્નમ્માએ પોતાના જીવનમાં ઘણી બધી વ્યર્થતાઓ પણ જોઈ હતી. પોતાના દીકરાના હિતમાં તે પોતાની વહુને કંઈક ચેતવવા ઇચ્છતી હતી. જ્યારે લોકોને પૈસા જોઈતા હોય છે ત્યારે તેઓ રત્નમ્માને કહેતાં, 'મહેરબાની કરીને મને પૈસા આપો. હું તે બહુ ઝડપથી પાછા આપી દઈશ. હું તમારો હંમેશ માટે ગુલામ બની રહીશ.'

પણ રત્નમ્મા જ્યારે પૈસા પાછા માંગતાં ત્યારે તે જ લોકો તેમને 'લોભી ઘુવડ' કહેતાં. રત્નમ્માને થયું; 'એ સ્ત્રીઓને તો જુઓ. તેઓ તો સારાં ઘરનાં છે. મફતના પૈસા લેવાની તેમણે ના કેમ ન પાડી? જો મૃદુલાને મન આવી સ્ત્રીઓના આશીર્વાદનું મૂલ્ય હોય તો મને તેનો વાંધો જ નથી. તે તેમના ચરણસ્પર્શ કરે તો ય ભલે કરે, પણ તેણે આમ પૈસા તો ન જ આપવાના હોય ને? જો ઘરની સ્ત્રી જ આવી ઉડાઉ હોય તો મારા દીકરાનું ભવિષ્ય શું?'

આ સમય દરમિયાન યુગલ ફરીને પાછું આવી ગયું. એ વખતે રાતના નવ વાગ્યા હતા. રત્નમ્માએ દુકાન બંધ કરી દીધી હતી. તેણે ભોજન માટે ભાત, કોળાનો સંભાર, રાગીના લાડુ અને ચટણી બનાવ્યાં હતાં. સંજયને રાગીના લાડુ ખૂબ ભાવતાં. જોકે મૃદુલા હમણાં હમણાં જ એ બનાવતાં શીખી હતી, પણ તે રત્નમ્માના લાડુ જેવા સ્વાદિષ્ટ નહોતા બનતા.

'સંજય, ભવિષ્ય બાબતે હવે તેં શો વિચાર કર્યો છે? શું તું હજી પણ વધારે ભણવા ઇચ્છે છે?'

'હા, મા. તે માટે મેં આ વર્ષે અરજી કરી છે. મારું લક્ષ્ય સરકારી નોકરી મેળવવાનું અને ભણાવવાનું છે. ખાનગી દવાખાનું ચલાવવા કરતાં એમાં વધારે આનંદ રહેશે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

રત્નમ્માને આ બધી ગૂંચભરેલી વાતો સમજાઈ નહીં એટલે તે ચૂપ રહ્યાં.

સંજયે બહુ લાગણીથી પૂછ્યું : 'મા, તું તારો સમય કેવી રીતે પસાર કરે છે?'

'મારે તો ઢગલો કામ છે,' રત્નમ્માએ કહ્યું, 'દરેક અઠવાડિયે મૈસૂરથી માલસામાન, પુરવઠો આવે ને મારે તેનો એકદમ વ્યવસ્થિત, ચોક્કસ હિસાબ રાખવાનો હોય, તેમાં ઘણો સમય જાય. વળી આજકાલ તો દુકાનો વચ્ચે પણ ઘણી તીવ્ર સ્પર્ધાઓ ચાલે છે. જો એક જ દિવસ હું દુકાન બંધ રાખું, તો મારા ઘરાકો હું ગુમાવી દઉં. આજકાલ તો વળી ખેતર માટે ખેતમજૂરો મળવા પણ મુશ્કેલ થઈ ગયા છે. કાવેરી નદીને કિનારેથી મોટા પાયે રેતી મોકલવાનો ધંધો ચાલે છે. તેં પણ તે જોયું જ હશે. મોટા ભાગના મજૂરો ત્યાં જાય છે, કારણ કે ત્યાં તેમને વધારે મહેનતાણું આપવામાં આવે છે. બાંધકામ માટે રેતી તો જોઈએ જ. ત્યાંની રેતી બહુ સારી રહે છે. જ્યાં સુધી બેંગ્લોરમાં મોટા પાયે મકાનો બાંધવાનું કામકાજ ચાલશે ત્યાં સુધી ખટારા ભરી ભરીને રેતી ત્યાં મોકલાશે.'

સંજય વિચારવા લાગ્યો કે ટી. નરસિપુરમાં ચાલતાં ચાલતાં તેણે શું શું જોયું? તેણે છાપામાં વાંચ્યું હતું કે ગંગા, યમુના અને મહાનદી જેવી મોટી નદીઓ પર પણ આવો ત્રાસ શરૂ થઈ ગયો છે. રેતીના ધંધાર્થીઓ રેતી આ રીતે લે છે તે કાયદેસર રીતે માન્ય

છે કે નહી તેની કોઈ તપાસ જ કરતું નથી. આવા ખોદકામને લીધે ઠેરઠેર ખાડા પડી જાય છે ને ચોમાસાની ઋતુમાં તેમાં પાણી ભરાઈ જાય છે ને પછી એવાં બંધિયાર પાણીને કારણે અનેક રોગો ફેલાય છે.

રત્નમ્મા સંજય સાથે સતત વાતો કરતાં રહ્યાં, 'મેં હવે ''ચિઠ્ઠી ઉપાડ''નો એક નવો ધંધો પણ શરૂ કર્યો છે. તેમાં દર મહિને અમે બધાં મળીએ છીએ. એક મિટિંગ થાય છે. આ મહિનાની મિટિંગ આવતી કાલે આપણે ઘેર છે.'

સંજય માતાનું મન સ્પષ્ટ રીતે પારખી ગયો. મિટિંગમાં મુખ્ય ચર્ચા તો પૈસા અને ધીરધારના ધંધા પર જ થવાની. મૃદુલા આ બધું સાંભળે તેવી તેને જરાય ઇચ્છા નહોતી. પોતાની માતા વિશે તે કેવું માનશે તે વિશે તે સભાન થઈ ગયો. તેણે કહ્યું : 'મા, હું અહી આવ્યો ને તને મળાયું તેથી હું ખૂબ ખુશ છું. આ પ્રકારની રજાઓ મળવી એ મારે માટે ખૂબ મુશ્કેલ છે. તેથી કદાચ કાલે મૃદુલા અને હું બેલૂર જઈએ અને લક્ષ્મીને પણ મળી આવીએ.'

આ નવી યોજના, નવી વાત સાંભળી મૃદુલાને આશ્ચર્ય થયું. સંજયે આ અંગે તેની સાથે કોઈ ચર્ચા કરી નહોતી. તે ક્યારેય પોતાના પતિના મનને સમજી શકી નહોતી. પણ રત્નમ્મા જરાય વિચલિત થયાં નહોતાં. તેમણે પૂછ્યું : 'તમે કેટલા દિવસની રજાઓ મળી છે?'

'ત્રણ દિવસની. તેમાનો એક દિવસ તો અહી ટી. નરસિપુરામાં પૂરો થયો.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'ઠીક ત્યારે. આવતીકાલે સવારે નાસ્તો કરીને તમે નીકળી જજો. અહીથી સીધી તો કોઈ બસ છે જ નહી. તેથી તમારે પહેલાં તો મૈસૂર જવું પડશે અને ત્યાંથી બીજી બસ તમને મળશે જે ત્યાં તમને લઈ જશે. પણ તું ત્યાં જાય તે પહેલાં તું લક્ષ્મીને ફોન કરી જણાવી દેજે.'

'શું લક્ષ્મીને ત્યાં ફોન આવી ગયો? મને તો તેની ખબર જ નથી.'

'હા. શંકરને દેખાડો કરવો ગમે છે ને લક્ષ્મી હંમેશાં તેની સાથે હોય છે. હકીકતે તો તેમને ફોનની કશી જરૂર નથી. પણ શંકરનો એક ભાઈ મહાદેવ મૈસૂરમાં રહે છે તેને ત્યાં ફોન છે. આ ભાઈઓ અને તેમની પત્નીઓ વચ્ચે તીવ્ર હરીફાઈ ચાલે છે. કોણ વધારે પૈસા કમાય છે તેની હરીફાઈ થવી જોઈએ, તે સારી વાત છે પણ કોણ વધારે પૈસા ખરચે છે તેની હરીફાઈ ના હોવી જોઈએ. દરેક અઠવાડિયે શંકર અને લક્ષ્મી ભાડાની ટૅક્સી કરીને આસપાસમાં મોજમજા કરવા, નાનકડા પર્યટનો કરે છે.'

'મા, તને આવી બધી માહિતી કોણ આપે છે?'

'શેટ્ટીકાકા. લક્ષ્મી અને શંકર પંદર દિવસ પહેલાં તેમને શ્રીંગેરીમાં મળ્યાં હતાં. તો એકાદ મહિના પહેલાં તેઓ ધર્મસ્થળમાં હતાં. તેઓ પૈસા બચાવવાનો પ્રયત્ન પણ

કરતાં નથી અને મારી સલાહ પણ માનતાં નથી. જો તમે ત્યાં જઈ રહ્યાં છો તો તમે પણ આ વિશે વાત કેમ ના કરી શકો?'

પોતાની દીકરી પાણીની જેમ પૈસા વાપરે છે તેવું વિચારીને રત્નમ્મા થાકી ગયાં. પછી તેઓ રાત્રે શું કરવું તેના વિચારમાં ડૂબી ગયાં. થોડીવારે મૃદુલાએ સંજયને પૂછ્યું : 'લક્ષ્મીના ઘરે જવાની તમારી યોજના વિશે તમે તો મને કશું કહ્યું નહી.'

'હા, પણ મને વિચાર આવ્યો કે હવે મને આવી રજાઓ મળશે નહી ને વળી હું મારી પ્રવેશપરીક્ષાની તૈયારીમાં પડયો હોઈશ. લક્ષ્મીએ આપણને આમંત્રણ આપીને બોલાવ્યાં છે ને તેં પણ મને ઘણીવાર કહેલું કે તને લક્ષ્મીને મળવાનું મન છે.'

સંજયે બહુ સરળતાથી યોજના બદલવાનું કારણ છુપાવ્યું અને મૃદુલા તો તે જે કહે તે માની જ લે. તેણે કહ્યું, 'ઠીક છે. તમે સાચા છો, પણ હવે મારી પાસે વધારે પૈસા નથી. કોઈપણ ભેટ લીધા વિના પહેલી જ વાર આપણે એમને ઘેર કેવી રીતે જઈ શકીએ?'

'એ કાંઈ મોટો પ્રશ્ન નથી. લક્ષ્મીને એથી કંઈ ખરાબ નહી લાગે.'

મૃદુલાને નવાઈ લાગી કે તેની સાસુ તેમની સાથે વધારે રહેવા માટે ભાગ્યે જ નહોતાં કરતાં. બીજે દિવસે સવારે રત્નમ્માએ નાસ્તો બનાવ્યો. તેઓ જવા નીકળે તે પહેલાં તેમણે મૃદુલાને અંદર બોલાવી અને બહુ જ ભાવથી કહ્યું : 'આપણને ખબર નથી કે ક્યારે આપણો કપરો સમય આવશે. જ્યાં સુધી હાથમાં પૈસો હોય ત્યાં સુધી જીવન સારું છે. લોકો પણ ત્યારે આપણા મિત્રો હોય છે. પણ જ્યારે આપણી પાસે પૈસા નથી હોતા ત્યારે કોઈ મદદ કરવા આવતું નથી. તો તારા પગારમાંથી થોડા થોડા પૈસા તું બચાવતી રહેજે. હું આ અંગે સંજય સાથે કોઈ વાત નહી કરી શકું. પણ હું તારી સાથે તો મનની વાત વહેંચી શકું.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મૃદુલા બહુ શાંતિથી બધું સાંભળતી રહી. પછી તે તેની સાસુના પગને સ્પર્શી. તેમની પાસેથી આવી સલાહ મળી તેથી તેને ઘણું સારું લાગ્યું.

જ્યારે તેઓ મૈસૂર પહોંચ્યાં ત્યારે મૃદુલા ખૂબ ખુશ હતી. તેણે કહ્યું : 'સંજય, આપણે બે-ત્રણ દિવસ અહી રોકાઈ શકીએ? જુઓ, આજે શનિવાર છે. તો આજે આપણે મૈસૂરનો રાજમહેલ, કિરષ્ન રાજ સાગર ડેમ અને ચામુંડી પર્વતો જોઈ શકીએ.'

સંજયને થયું, 'આપણે રહીશું ક્યાં? લક્ષ્મીનાં સાસરિયાં તો આપણને આવકારશે નહી. હોટલમાં રહેવાનું આપણને પોસાય એમ નથી. અહી આપણું કોઈ સંબંધી નથી, જેને ત્યાં આપણે નિશ્ચિંત થઈ એકદમ હળવાશથી રહી શકીએ.' તેથી તેણે પોતાની પત્નીને આશ્વાસન આપતો હોય તેમ કહ્યું : 'આપણે ફરી આવીશું ને ત્યારે આપણે થોડો વધારે સમય રહીશું.'

મૃદુલા પાસે જે થોડા પૈસા હતા તેમાંથી તેણે દેવરાજ માર્કેટમાંથી લક્ષ્મી માટે એક સિન્થેટીક સાડી, ફળો, શાકભાજી અને ફૂલો ખરીદ્યાં. સાસુના ઘરને જોયા પછી, તેણે લક્ષ્મીનું ઘર કેવું હશે તેની માત્ર કલ્પના કરી. મૈસૂર બસસ્ટેન્ડ પરથી તેમણે લક્ષ્મીને ફોન કર્યો અને તેઓ આજે તેના ઘરે આવવાનાં છે તેવું સાંભળી ખૂબ ખુશ થઈ.

જ્યારે તેઓ બેલૂર પહોંચ્યાં ત્યારે શંકર બસસ્ટેન્ડ પર તેમની રાહ જોતો ઊભો હતો. સંજયે કહ્યું : 'શંકર, તમે શા માટે આવ્યા? અમને તો તમારું સરનામું ખબર છે. અમે જાતે જ ઓટોરિક્ષા કરીને ત્યાં આવી પહોંચત.'

શંકરે કશું કહ્યું નહી, તે માત્ર હસતો રહ્યો. તેમને માટે તેણે એક ટેક્સી રોકી રાખી હતી, જે તેમની રાહ જોઈ રહી હતી. જ્યારે તે દંપતીને લઈને ઘેર ગયો, મૃદુલાના આશ્ચર્યનો પાર ન રહ્યો. શંકર તો માત્ર એક સામાન્ય બૅન્ક ક્લાર્ક છે પણ તેનું ઘર તો મૅનેજરના ઘરનેય આંટી મારે તેવું છે! તેમાં બધી જ આધુનિક સુખસગવડો, મોંઘું રાચરચીલું અને સાધનો હતાં. અલાદહલીમાં ધનવાન ગણાય તેવી મૃદુલાને ત્યાં પણ એવું નહોતું.

જ્યારે મૃદુલાએ પોતાની લાવેલી ભેટ ટેબલ પર મૂકી ત્યારે લક્ષ્મીએ હસતાં હસતાં કહ્યું : 'અરે મૃદુલા! આ બધી વસ્તુઓ શા માટે લાવી? અમારે જે જોઈતું હોય તે બધું અહી બેલૂરમાં મળે છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

લક્ષ્મીએ પણ મૈસૂર સિલ્ક સાડી પહેરી હતી અને માથામાં નવાં તાજાં ફૂલો નાંખ્યા હતાં. મૃદુલાએ કહ્યું : 'મોટીબહેન, તમે ખૂબ સુંદર રીતે તૈયાર થયાં છો. શું તમારે કંઈ બહાર જવાનું હતું?'

'ના રે ના, હું તો ઘરમાંય મોટે ભાગે આવાં જ કપડાં પહેરું છું. શંકરને સુઘડતા જ ગમે છે.'

મૃદુલાને ખૂબ નવાઈ લાગી. તેને તેના લગ્ન નિમિત્તે માત્ર એક જ મૈસૂર સિલ્ક સાડી મળી હતી. તે તેણે કોઈ ખાસ પ્રસંગે પહેરવા રાખી મૂકી હતી ને આજ સુધીમાં તેણે તે માત્ર એક જ વાર પહેરી હતી.

ભોજન અતિ સુંદર, સ્વાદિષ્ટ હતું. જમવાના ટેબલ પર બધાં બેઠાં. જાતજાતની વાનગી પીરસાઈ. મૃદુલાને આનંદ થયો ને આશ્ચર્ય પણ થયું. તેણે પૂછ્યું : 'મોટીબહેન! આટલા ઓછા સમયમાં તમે આટલી બધી વાનગીઓ કેવી રીતે બનાવી શક્યાં?'

'અરે એમાં કોઈ મોટી વાત નથી. કેટલીક વાનગીઓ મેં બહાર હોટલમાંથી મંગાવી છે અને બાકીનું અમારા રસોઇયાએ બનાવ્યું છે.'

'તમે ત્રણ જ જણ છો ને તોય રસોઇયો?' મૃદુલાએ નિખાલસતાથી જ પૂછ્યું.

લક્ષ્મીને માટે તેનો જવાબ આપવો થોડો અઘરો થઈ પડયો. તે તતપપ થઈ ગઈ. તેણે કહ્યું : 'ના, ના. એ તો જ્યારે મારે ત્યાં મહેમાનો હોય ત્યારે જ હું રસોઇયાને બોલાવું છું.'

એક ટૅક્સી હંમેશાં તેમના ઘર સામે ઊભી જ રહેતી હોય છે. જ્યારે તેમને ક્યાંય જવું હોય ત્યારે તેઓ તેમાં જાય છે. સંજયે શંકરને અનેકવાર કહ્યું કે અમે બસ દ્વારા જ બધે ફરીશું. તેના વારંવાર કહેવા છતાં શંકર સંમત ના થયો. તેણે કહ્યું : 'તું મારો મહેમાન છે. હું તને કંઈ બસમાં ફરવા ના લઈ જઈ શકું.'

રવિવારે શંકર તેઓને બેલૂરનાં મંદિરો બતાવવા લઈ ગયો. હસનમાંની તાજ અશોકમાં ભોજન કરાવ્યા બાદ તેઓ હલેબીડ ગયાં. મૃદુલાને ચિંતા થવા લાગી કે અમારી પાછળ આ લોકો ખૂબ ખર્ચ કરે છે. તે આખો દિવસ ત્યાં રહ્યાં. લક્ષ્મીએ મૃદુલાને મૌઘી સાડી અને પોતાના ભાઈને એક સરસ ઘડિયાળ ભેટમાં આપી. મૃદુલા ભાવવિભોર અને ગળગળી થઈ ગઈ. તેને થયું કે તેને એક બહેનપણી અને બહેન મળી છે. જીવન ખરેખર સુંદર છે.

શંકર જ્યારે સંજય અને મૃદુલાને બસસ્ટૅન્ડે મૂકીને ઘેર આવ્યો ત્યારે લક્ષ્મીએ ટીકા કરતાં કહ્યું : 'મૃદુલા ખરેખર કંજૂસ છે. મારી માને લાયક જ [illegible] છે.'

શંકર લક્ષ્મી જેટલો ચતુર નહોતો. એણે પૂછ્યું : 'તું આવું કેમ કહે છે?'

'તેણે મને એક સાવ સસ્તી સિન્થેટિક સાડી આપી અને મેં આપેલી રેશમી સાડી એણે બેશરમ થઈને લઈ લીધી. તેણે ભેટમાં શાકભાજી આપ્યાં, જાણે મારાં ઘરમાં શાકભાજી હોય જ નહી...!'

શંકરે પણ તેમાં ટાપસી પુરાવીને કહ્યું : 'સંજય પણ ખૂબ લુચ્ચો છે. તેણે ટૅક્સીનું બિલ આપવા એકપણ વાર પૂછ્યું નહી. આખરે તેણે એક વિવેક તરીકે પૂછવું તો જોઈતું હતું. પૂછવા જેટલો વિવેક તો બજાવવો જોઈએ ને! મને નથી લાગતું કે એ સારું કમાતો હોય! ગામડાગામનો એક સાધારણ ડૉક્ટર પણ કદાચ એનાથી વધારો કમાતો હશે.'

પ્રવાસ પૂરો કરી બેંગ્લોર પાછાં આવ્યાં બાદ મૃદુલા શંકર અને લક્ષ્મીનાં વખાણ કરતી હતી. પણ વાસ્તવમાં તેઓ સંજય અને તેના વિશે શું વિચારે છે તેનાથી તે તદ્દન અજાણ હતી એટલે તે ખૂબ ખુશ હતી.

થોડા મહિનાઓ પસાર થયા અને શંકરની ભાણી ઉષાનાં લગ્ન નક્કી થયાં. વરરાજા LIC માં અધિકારી તરીકે કામ કરે છે.

ઉષાની માતા વિમલાએ એકવાર સંજયને પોતાની દીકરીના મુરતિયા તરીકે વિચાર્યો હતો પણ હવે તેને સંજય જરાય ગમતો નથી. એ વખતે તેને હાથની ખોડ હોવા

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

છતાં તે ડૉક્ટર છે એ વાતે તે ખૂબ પ્રભાવિત હતી. એ પરિચિત કુટુંબનો હતો અને દેખાવડો તથા સ્વસ્થ છોકરો હતો. વધુ મહત્ત્વની વાત તો એ હતી કે રત્નમ્મા પૈસા માટે સજાગ છે તેથી તેમની પાસે ખૂબ મિલકત છે. તેમાંનો મોટા ભાગનો પૈસો તેના પુત્રને જ મળવાનો. ભલેને રત્નમ્મા કંજૂસ હોય, પણ તે વહુ માટે તો કંઈ ક્રૂર સાસુ નહોતી. આવું બધું મનમાં રાખી, વિમલા અને તેના પતિએ વિચારેલું કે આ જોડું સારું છે. પણ લક્ષ્મીએ જરાય રસ બતાવ્યો નહીં એટલું જ નહીં, આ વિચારને જરાય આગળ વધવા દીધો નહીં. હવે સંજય પરણી ગયો અને ઉષા માટે બીજો વર પણ શોધાઈ ગયો.

અંદરખાને વિમલા અને લક્ષ્મીને જરાય બનતું નહીં પણ તેઓનું અરસપરસ સાથેનું વર્તન એવું સરસ રહેતું કે બહારનાને ગંધ સુધ્ધાં આવે નહીં કે તેઓને બારમો ચંદ્રમા છે. વિમલાએ થોડીક કંકોત્રીઓ લક્ષ્મીને આપી અને કહ્યું કે તારે જેને બોલાવવાં હોય તેમને બોલાવજે.

જ્યારે લક્ષ્મીએ સંજયને કંકોત્રી મોકલી ત્યારે મૃદુલા ખૂબ ઉત્સાહમાં આવી ગઈ. લગ્ન બેંગ્લોરમાં હતાં. તેઓ બેંગ્લોર રહેવા આવ્યાં પછી તેને એક પણ કૌટુંબિક પ્રસંગમાં હાજર રહેવાનું મળ્યું નહોતું તેથી તે ત્રણેત્રણ દિવસનો લગ્નસમારંભ માણવા ઇચ્છતી હતી. અલાદહલીમાં તો મહેમાનોથી તેનું ઘર ભર્યું ભર્યું રહેતું ને પ્રસંગોનાં અનેક આમંત્રણો આવતાં. સામાજિક હળવામળવાનું પોતાને ગમતું નથી તેવું મૃદુલાને લાગ્યા કરતું. હળવામળવાના અવસરો ગુમાવ્યાની ખોટ તેને સાલતી હતી.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

શ્રી. નરસિપુરાની મુલાકાત લઈને ઘેર આવ્યા બાદ, પોતાનાં સાસુનાં ઘરનો વિચાર આવતાં જ તે અસ્વસ્થ થઈ જતી. જોકે તેને લક્ષ્મીની સોબત ગમતી, લક્ષ્મી સાથે રહેવું ગમતું પણ તેથી તે કાંઈ વારંવાર ત્યાં જઈ ન શકે. તેથી આ કંકોત્રી તેને માટે આનંદનો સાગર લઈને આવી. તેણે સંજયને પૂછ્યું : 'શું આપણે દરેક પ્રસંગમાં જઈ શકીશું?'

સામાન્ય રીતે સંજય આવી બધી બાબતોને ધ્યાનમાં લેતો નહીં. પણ આ વખતે તેણે બહુ જ સ્પષ્ટતાથી તેને કહ્યું : 'ના, આપણે માત્ર સત્કાર સમારંભમાં જ જઈશું.' મૃદુલાનો ઉછેર જ એવી રીતે થયો હતો કે તે માનતી કે કુટુંબમાં જ્યારે વડીલોએ નિર્ણય લીધો હોય તો પછી કોઈપણ જાતનો પ્રશ્ન કરવો નહીં. તેથી સંજયના આવા નિર્ણયથી તે થોડી નિરાશ તો થઈ ગઈ પણ તેણે વાત ત્યાં જ અટકાવી દીધી. વાતનું વતેસર ન થવા દીધું. ખેંચતાણ ન કરી.

તેમણે એક સરસ ભેટ ખરીદી ને તેઓ સત્કાર સમારંભમાં ગયાં. મૃદુલાએ આટલો ભવ્ય સમારંભ પહેલી જ વાર જોયો. સુશોભન, ફૂલો, સંગીત અને વર-વધૂના ભરતકામવાળાં ભારે વસ્ત્રો પાછળ અઢળક પૈસો વાપરવામાં આવ્યો હતો. એક અલાયદો ઓરડો હતો જેમાં મહેમાનોને આપવાની ભેટસોગાતો રાખી હતી. જો અલાદહલીમાંથી

કોઈ આવીને જુએ તો તેમને ગેરસમજ જ થાય કે આ તો કોઈ પ્રધાનની દીકરીનાં લગ્ન છે.

મૈસૂરથી આવેલાં લક્ષ્મીનાં સગાંઓએ સંજયને જોયો પણ કોઈએ તેની સાથે વાત કરવાની દરકાર ન કરી. વરઘોડિયાને અભિનંદન અને શુભેચ્છાઓ આપવા માટે મોટી લાઈન થઈ ગઈ હતી. એ લાઇનમાં ઊભા રહેતાં પહેલાં સંજય અને મૃદુલા લક્ષ્મી પાસે જાણે કે દોડ્યાં. તે હમણાં જ બ્યુટીપાર્લરમાંથી આવી હતી અને નવવધૂ કરતાં પણ સુંદર લાગતી હતી. તેણે તેમને કહ્યું કે જ્યારે શુભેચ્છકોની ભીડ ઓછી થાય ત્યાં સુધી તમે રોકાઈ જાવ. પછી નવદંપતિને શુભેચ્છા આપવા જજો.

કૂથલી કરનારાઓ માટે આવા લગ્નસમારંભો સ્વર્ગ સમાન છે. ત્યાં એક ખૂણામાં થોડા લોકો ટોળે વળીને બેઠાં હતાં અને ગપાટાં મારતાં હતાં. સંજય તેમને ઓળખતો હતો. તેઓએ હજી સુધી સંજય કે મૃદુલાને જોયાં નહોતાં પણ તેઓ વચ્ચે થતી વાતચીત સંજય બહુ સ્પષ્ટતાથી સાંભળી શકતો હતો. તેમાંના એકે કહ્યું : 'મેં સાંભળ્યું છે કે વિમલાના પતિ દિનેશે આ લગ્નમાં લગભગ પાંચેક લાખ રૂપિયા ખર્ચ્યા છે.'

'હા, તેને તેમ કરવું પડયું હશે કારણ કે અનેક ઠેકાણેથી ઉષા માટે ના આવી હતી.'

'તને ખબર છે કે સંજય પણ ઉષાને પરણવા માંગતો નહોતો?'

'તું કયા સંજયની વાત કરે છે? પેલા ટૂંકા હાથવાળો, જે લક્ષ્મીનો ભાઈ છે તેની?'

'હા તે જ બુદ્ધુ માણસની.'

'પણ મેં તો કંઈક જુદું જ સાંભળ્યું છે. મને તો એવું સાંભળવા મળ્યું છે કે ઉષા માટે લક્ષ્મીની જ વ્યક્તિગત ઇચ્છા નહોતી. તેથી સંજય સુધી આ વાત પહોંચી જ નથી. લક્ષ્મીએ કહી દીધું હતું કે સંજય તો કોઈ ડૉક્ટરને પરણવા ઇચ્છે છે.'

'ઠીક છે. હવે તો તે પરણી પણ ગયો. પછી તે કોને પરણ્યો?'

'કોઈ અંતરિયાળ ગામડાની છોકરીને જે તેને પરણવા ઇચ્છતી હતી. કાં તો તેને જ કોઈ ખોડ હશે અથવા તેનાં મા-બાપ ચોક્કસ ખૂબ ગરીબ હશે.'

'તમે સાચા છો. સંજય સાચેસાચો MBBS ડૉક્ટર ન પણ હોય. લક્ષ્મીએ માત્ર ડંફાસ જ મારી હશે. એનાં સર્ટિફિકેટ્સ ચકાસવા કોણ જવાનું છે?'

'હા, એ ય સાચું છે. જો તે સાચેસાચ ડૉક્ટર હોય, તો તેણે અત્યાર સુધીમાં પોતાનું નર્સિંગ હોમ ખોલી નાંખ્યું હોત. મારા જમાઈ પ્રસાદને જુઓ. તેણે નર્સિંગ હોમ બાંધવા માટે અત્યારથી જમીન ખરીદી લીધી છે અને તેની પાસે પોતાની ગાડી પણ છે.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

શંકર પણ ખૂબ હોંશિયાર છે. તેની પાસે ગાડી છે અને લક્ષ્મી પણ દરેક મહિને સોનાનાં ઘરેણાં ખરીદીને મિલકત એકઠી કરે છે.'

સંજયને બધું અજુગતું લાગ્યું. મૂદુલા તો, લોકો તેમના વિશે કેવી કેવી વાતો કરે છે તે સાંભળીને સ્તબ્ધ જ થઈ ગઈ. આ પછી તરત જ તેમણે પ્રસાદને જોયો. તે નવદંપતિને શુભેચ્છા આપનારાની હારને તોડીને સીધો નવદંપતિ પાસે પહોંચી ગયો હતો.

સંજય અને પ્રસાદ કૉલેજકાળથી એકબીજાને બહુ સારી રીતે ઓળખતા હતા. પ્રસાદે ચાર વર્ષનો અભ્યાસક્રમ પૂરો કરવા માટે આઠ વર્ષ લગાડ્યાં હતાં. એક વિદ્યાર્થી તરીકે પણ તે હંમેશાં ભ્રષ્ટાચાર કરતો ને છેતરતો. સ્નાતકની પદવી પ્રાપ્ત કર્યા બાદ એ ગર્ભપાત(એબોર્શન)નો નિષ્ણાત થયો. એટલે કે તેને તે કામમાં ખૂબ ફાવટ આવી ગઈ. તે એવી છોકરીને પરણ્યો જે ધનવાન કુટુંબની કદરૂપી હતી અને દહેજના એક ભાગ રૂપે તેના સસરાએ તેને જમીન અને એક ગાડી આપ્યાં હતાં.

સંજયને ખૂબ વિચિત્ર લાગ્યું અને માઠું પણ લાગ્યું. તેને વિચાર આવ્યો કે, 'લોકો મારી સાથે પ્રસાદની સરખામણી કેવી રીતે કરી શકે? અમારે આ લગ્નસમારંભમાં જ આવવું જોઈતું નહોતું.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

પરિવર્તનો

સંજયને અનુસ્નાતક વર્ગમાં પ્રવેશ મળી ગયો અને નક્કી થઈ ગયું કે તેણે વાણીવિલાસ હૉસ્પિટલમાં જવાનું છે અને તે ગાયનેકૉલૉજીમાં અભ્યાસ કરશે. તે તરત જ ખૂબ વ્યસ્ત થઈ ગયો. તેને સ્કોલરશીપ મળી હતી, પણ આવકનો મુખ્ય સ્રોત તો મૃદુલાની સરકારી શાળામાંની સ્થાયી નોકરીનો પગાર જ હતો.

કૉલેજમાં તેની સાથેના વિદ્યાર્થીઓમાં કેટલાકને દવાખાનાના કામનો અનુભવ હતો અને કેટલાક સીધા જ કૉલેજમાંથી આવ્યા હતા. તે વિભાગનાં વડા હતાં ડૉ. કમલા. એમની સાથે સંજયે આ પહેલાં પણ કામ કરેલું હતું. તેની કામની નિષ્ઠા, અનુભવ, ધીરજ અને બુદ્ધિમત્તાને લીધે તેમને પણ તે ગમતો ને તેને માટે તેમને માન હતું. જે જે તેને સોંપવામાં આવ્યા તે બધા જ કેસોની જવાબદારી તેણે સંપૂર્ણપણે સ્વીકારી.

થોડા મહિના પછી મૃદુલા અને સંજય યેલહાન્કાની બહાર નીકળ્યા ને વિજયનગર ગયા. સદ્‌ભાગ્યે મૃદુલાની વિજયનગરની શાળામાં બદલી થઈ ગઈ. યેલહાન્કાની શાળામાં તેને ખાસ ગમતું નહોતું. અલબત્ત, તેમાં પણ તેને ત્યાંના આચાર્ય મુનિઅપ્પા અને કાન્તામ્માની ખોટ પડવાની જ, જેનું તેને દુ:ખ પણ હતું. આ મોટા શહેરમાં તેને માટે ને પોતાનું કુટુંબ હોય તેવું જ હતું. પણ એક વર્ષ પછી આચાર્ય મુનિઅપ્પા નિવૃત્ત થવાના હતા અને પછી તેઓ કોલાર પાછા જવાના હતા જ્યાં તેમની પાસે ઘણાં બધાં ઘેટાંબકરાં અને ખેતરો હતાં.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

જ્યારે તે વિજયનગરની શાળામાં જોડાઈ ત્યારે એને થયું કે યેલાહાન્કાની શાળા કરતાં અહીં ઘણો તફાવત છે. કોઈને કોઈની પડી નહોતી. શાળામાં કોઈ સાથે અર્થપૂર્ણ કે સારા સંબંધની અપેક્ષા જ ન રાખવી એવું તે સમજી ગઈ હતી. સરકારી શાળાઓ બંધ થવાની સ્થિતિમાં હતી. શાળાની બહુ યોગ્ય રીતે દેખભાળ નહોતી થતી, તેમાં વ્યવસ્થિત મરામત પણ થતી નહોતી. શિક્ષકો એવું માનતા હતા કે આ તો સ્થાનિક નગરપાલિકાની ફરજ છે. નગરપાલિકા કહેતી કે આ જવાબદારી સરકારની છે અને આમ દોષનો ટોપલો એકબીજા પર નંખાતો તેમાં મરો થતો શાળાનો અને તેમાં ભણતાં વિદ્યાર્થીઓનો.

ચાર વર્ષ પૂરાં થયાં અને પરિસ્થિતિ બદલાઈ ગઈ. સંજયે પોતાનો અભ્યાસ પૂરો કર્યો અને ડૉક્ટર તરીકે કામ શરૂ કર્યું. સરકારી હૉસ્પિટલમાં તે વ્યાખ્યાતા તરીકે પણ કામ કરવા માંડ્યો. મૃદુલાનો પગાર પણ વધ્યો અને સાથેસાથે તેમણે બૅન્કમાંથી લોન લઈ વિજયનગરમાં એક ફ્લૅટ પણ ખરીદ્યો. તરત જ તેઓ શિશિર નામના તંદુરસ્ત પુત્રનાં માતાપિતા બન્યાં!

આ બાજુ અલાદહલીમાં કિરષ્ન પણ બાજુના જ ગામની છોકરી વત્સલાને પરણ્યો. ભીમાણ્ણા અને રુક્માની ઇચ્છા હતી કે કોઈ ગામડાની છોકરી જો ઘરમાં આવે તો ખેતી વિષયકની તકલીફો, કામકાજ, તેમાંની મુશ્કેલીઓ આ બધું તે સમજી શકે.

સરલા પ્રસણ્ણાને પરણી, જે સૉફ્ટવૅર એન્જિનિયર હતો, અને તે USA, કેલિફોર્નિયામાં સાન જોશેમાં સ્થાયી થઈ. તેણે ત્યાં કામકાજ શરૂ કર્યું. તે દર વર્ષે એક વાર ભારત આવતી અને દરેકને મળતી.

આ દરમિયાન સતીશ શૈલાને પરણ્યો જે હુબલીમાં બૅન્કમાં નોકરી કરતી હતી.

ઍલેક્ષે મેંગલોરના ચર્ચમાં પોતાની ગર્લફ્રૅન્ડ અનિતા સાથે લગ્ન કર્યાં. મૃદુલા અને સંજય ત્યાં લગ્નપ્રસંગમાં ગયા હતા. તે એક બહુ મોટો ભવ્ય સમારંભ હતો. મોટા મોટા સરકારી અધિકારીઓ પણ સમારંભમાં આવ્યા હતા. ઍલેક્ષ અખાતી પ્રદેશોમાંથી ખૂબ કમાઈને આવ્યો હતો અને પાણીની જેમ તેણે પૈસા વાપર્યા હતા. અનિતા અને મૃદુલા પહેલી જ વાર મળ્યાં ત્યારે જ બંને વચ્ચે બહેનપણાં બંધાઈ ગયાં. બેઉએ નક્કી કર્યું કે તેઓ એકબીજાનાં સંપર્કમાં રહેશે.

શંકરની બદલી મંડી ખાતે થઈ.

તમે જો અલાદહલી કે ટી. નરસિપૂરમાં જાઓ તો ૧૫ વર્ષ બાદ પણ તે તેવું ને તેવું જ હતું. તેમાં કશો જ ફેરફાર થયો નહોતો.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

જ્યારે લક્ષ્મીએ સાંભળ્યું કે સંજયને સરકારી સ્થાયી નોકરી મળી ગઈ છે, તે બેચેન થઈ ગઈ. 'આ ભણતરનો શો અર્થ? મારા ભાઈએ કેટલો બધો સમય વેડફ્યો! તેણે બે વર્ષ મુંબઈમાં અને ચાર વર્ષ બેંગલોરમાં ગુમાવ્યાં. હવે તે ખૂબ ઓછા પગારવાળી સરકારી નોકરીમાં ખૂબ આનંદથી કામ કરે છે. જો તે વ્યવહારુ હોત તો તેણે બહુ સારી જગ્યાએ દવાખાનું ખોલ્યું હોત ને ખૂબ પૈસા બનાવી શક્યો હોત. જે ખાનગી પ્રૅક્ટિસમાં એકદમ જરૂરી છે. તેવું સરળતાથી અને કુશળતાથી કામ કરવાનું તે શીખ્યો જ નથી. મૃદુલાની તો કંઈ વાત જ કરવા જેવી નથી. એને તો બધાં જ સારાં ને સાચાં લાગે છે ને બધાનું જ માને છે. આખરે તો તે ગામડામાં જ ઊછરેલીને! જો એની જગ્યાએ હું હોઉં તો મારા વરને વશમાં કરી દઉં ને તેને પોતાનું જ દવાખાનું ખોલવા માટે દબાણ કરું. અમારા ઘરમાં આ અવ્યવહારુ યુગલને સાચું માર્ગદર્શન આપે એવું કોઈ નથી. મારી મા એની દુનિયામાં રાચે છે અને મને તો ખરેખર એ નથી સમજાતું કે એ શા માટે આવી નાની દુકાન ચલાવે છે! આ બધાને અંતે તેને કેટલો નફો થતો હશે?'

લક્ષ્મીને શરમ આવી, ક્ષોભ થયો. તેને યાદ આવ્યું કે તેની નણંદો તેની કેવી મશ્કરી કરતી હતી? મહાદેવની પત્ની શ્યામલાએ એકવાર કટાક્ષમાં કહ્યું પણ હતું કે, 'અરે વાહ લક્ષ્મી! તું તો બહુ ધનવાન કુટુંબમાંથી આવે છે ને! તારો ભાઈ ડૉક્ટર છે,

તેની પત્ની સરકારી શાળામાં શિક્ષિકા છે. તારી માતાને પોતાની દુકાન છે. જ્યારે મારી તરફ જો. મારા પિતા તો માત્ર મહેસૂલી અધિકારી જ છે. અમારે તો માત્ર એક જ જણની આવક છે.'

લક્ષ્મીને ખબર તો હતી જ કે શ્યામલા કંઈ પોતાનાં વખાણ નથી કરતી. તે વખતે લક્ષ્મીને જાણે કોઈએ ઊંચી એડીનાં ચંપલ રેશમી શાલમાં વીંટાળીને માર્યાં હોય તેવું લાગ્યું હતું. આવું અપમાન તેને હાડોહાડ લાગ્યું હતું. તેને નવાઈ લાગી કે, 'મારી મા નાણાં ધીરધારનાં ધંધામાંથી, ખેતરમાંથી કે પોતાની દુકાનમાંથી કેટલું કમાતી હશે?'

જો તે આ અંગે સંજયને કંઈ પૂછે તો તેને ખબર છે કે સંજય તેનો કોઈ જ જવાબ નહીં આપે. સંજય તો સાવ અવ્યવહારુ છે. હા, તેનો વર શંકર જરાય એવો નથી. તેને પોતાના આવા ચાલાક વર માટે ખૂબ ગૌરવ છે.

તેણે શંકર તરફ ફરીને પૂછ્યું : 'તમને શું લાગે છે મા પાસે કેટલા પૈસા હશે?'

શંકરનું મગજ તે વખતે ઠેકાણે નહોતું. થયેલું એવું કે એણે જે માલમાં રોકાણ કરેલું તે જરાય વેચાતો નહોતો. તેમાં તેની પત્નીએ આવો પ્રશ્ન કર્યો તેથી તે ગુસ્સે થયો. તેણે ચિડાઈને પૂછ્યું : 'તે માટે મને શું કામ પૂછે છે? તારી માએ કે તારા ભાઈએ ક્યારેય મારી સાથે આર્થિક બાબતની ચર્ચા કે વાત સુદ્ધાં કરી નથી. જો તારે એને વિશે કંઈ પણ જાણવું હોય તો ત્યાંના સાથીદારોને જઈને પૂછ.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

લક્ષ્મીને તરત જ સમજાઈ ગયું કે જો પોતે વાત લંબાવશે તો ઘરમાં કંકાસ થશે. તેથી તે એકદમ ચૂપ થઈ ગઈ. તે મૃદુલા વિશે વિચારવા લાગી, 'તેને આ દુનિયાનો સાચો પરિચય નથી. જો કોઈ માણસ તેની સાથે સારી સારી મીઠી વાતો કરશે તો તે માણસને તે સારો જ માની લેશે. પણ આપણે જે કહીએ છીએ તે અને હકીકતો જે હોય છે તે બે વચ્ચે મોટો તફાવત હોય છે. મૃદુલા એકદમ પારદર્શક અને ખૂબ ભોળી છે. તે હંમેશાં પોતાને શું જોઈએ છે તેને બદલે બીજાઓની લાગણીઓ વિશે અને તેઓને કેવું લાગશે એવું વિચારે છે.'

છેવટે લક્ષ્મી મૃદુલાને મળી. તેણે તેનાં વખાણ કરતાં કહ્યું : 'મૃદુલા, તું ભાગ્યશાળી છે. તું ગરીબ બાળકોને ભણાવે છે અને તારો પતિ ગરીબ દર્દીઓની સારવાર કરે છે. ખરેખર, તમે એકબીજા માટે જ સર્જાયા છો.' આ વખાણ ખરેખર સાચા છે એ વિચારે મૃદુલા ખૂબ ખુશ થઈ.

જ્યારે લક્ષ્મી ખરેખર વિચારતી હતી કે, 'આ દિવસો દરમિયાન બેંગ્લોર બહુ ઝડપથી વિકસી રહ્યું છે. ત્યાં શાળાઓ કરતાં ટ્યૂશન ક્લાસ વધારે છે. કેટલાય શિક્ષકોએ રાજીનામું આપીને, જ્યાં તેમને વધારે આવક થાય તેવાં સ્થળે ટ્યૂશનના વર્ગો ચાલુ કર્યા છે. શાળાના પગાર કરતાં પણ આમાં તેમને વધારે કમાણી થાય છે. તો પછી

મૃદુલા આવી તુચ્છ પગારવાળી સરકારી શાળામાં શા માટે નોકરી ચાલુ રાખે છે? આને બદલે જો તે ટ્યૂશનો કરે તો પણ ખૂબ કમાઈ શકે. પણ હું તેને આવું સીધું તો ન કહી શકું. તે મારી કંજૂસ માની સાચેસાચી સંપૂર્ણ પુત્રવધૂ છે. મૃદુલા ક્યારેય પોતાને માટે કશું ખરીદતી નથી. તે એકેએક પાઈ ઘર માટે જ વાપરે છે. તેણે લગ્ન પછી એક ગ્રામ સોનું પણ ખરીદ્યું નથી. મૃદુલાના લગ્ન વખતનાં બધાં જ ઘરેણાં ખૂબ વજનદાર છે. જો હું તેને ઠેકાણે હોત તો, તો મેં થોડા ઓછાં વજનવાળાં સોનાનાં અનેક સેટ અને ઘરેણાં ખરીદ્યાં હોત. વળી બિચારી પાસે માત્ર એક જ રેશમી સાડી છે. જ્યારે મને પહેલી વાર સારા દિવસો રહ્યા હતા ત્યારે પણ મારી માએ મને એક પણ ભેટ આપી નહોતી. મારી મા બહુ લુચ્ચી છે, મીઠી છે. તે કહેશે : 'ના, અમારામાં આવો કોઈ રિવાજ નથી.' તેથી તે ક્યારેય કોઈને ભેટ આપતી નથી. તે કોઈ એટલે મૃદુલા કે હું.'

ત્યાં તો ઘડિયાળમાં બારના ટકોરા થયા.

લક્ષ્મીને યાદ આવ્યું કે આજે સવારથી તેણે ઘરનું કોઈ કામ કર્યું નથી. તેનો દીકરો અનિલ હજી સુધી ઊંઘતો હતો. ગઈ રાત્રે તેઓ એક સિનેમા જોવા ગયેલાં, તેથી રાત્રે ખૂબ મોડાં ઊંઘ્યાં હતાં. તેને સુસ્તી લાગતી હતી, તેથી તેનેય પડી રહેવાનું મન થતું હતું. ઘર સાફ કરવાનું કે રસોઈ બનાવવાની આળસ આવતી હતી. ત્યાં તેને એક વિચાર આવ્યો. તેણે તેના પતિને કહ્યું : મને એકદમ કંટાળો આવા લાગી છે. જ્યારે હું થોડીક આગળ વળું છું કે મને કંટાળો આવે છે તો આજે આપણે બહાર જમવા જઈશું? અનિલ અને તમે બેઉ જણા તૈયાર થાવ ત્યાં સુધી હું આરામ કરવા ઇચ્છું છું.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

શંકરે હમણાં જ પેપર વાંચવાનું પૂરું કર્યું હતું. તેણે કહ્યું : 'ચોક્કસ. તું આરામ કર. આપણે જ્યારે નીકળવાનો સમય થશે ત્યારે હું તને જગાડીશ.'

લક્ષ્મી મનોમન હસી રહી : 'સ્ત્રીનું મગજ ખરેખર કોઈ વાંચી ન શકે, તેનો પતિ સુધ્ધાં! સ્ત્રીનું મન પારખવું ખૂબ અઘરું છે. જો તેને ખ્યાલ આવી જાય કે તે અભિનય કરે છે અથવા રસોઈ બનાવવાનું તેને મન નથી તો તેણે કટાક્ષપૂર્ણ એકાદ ટીકા કરી હોત અથવા પોતાની મૃત માતા સાથે તેને સરખાવત અને કહેત : 'જો સાંભળ, મારી મા બહુ જ સરસ રસોઈ બનાવતી હતી, તે ત્રીસ ત્રીસ માણસની રસોઈ એક સાથે બનાવી શકતી.' પતિને એવું લાગવું જોઈએ કે તેની પત્ની નાજુક છે ને તેને કોઈ શારીરિક તકલીફ છે. પતિને વશ કરવાનો આ એક સરસ કીમિયો છે. જ્યારે તમારો પતિ કંઈક કહે ત્યારે તમારે તરત જ હા પાડી દેવી જોઈએ નહીં. જો તેને એકવાર એવો ખ્યાલ આવી જાય કે તેની પત્ની આજ્ઞાંકિત અને કામગરી છે, તો તેને વધારે ને વધારે કામ આપશે. તે પછી તેણે ઑફિસમાં અને ઘરમાં એમ બંને ઠેકાણે કામ કરવું પડે. હું કાંઈ મૃદુલા જેવી નથી કે બધો સમય બસ કામ જ કર્યા કરું.'

શંકરે તેને અનેકવાર કહેલું, 'લક્ષ્મી, તું તો B.A. સુધી ભણેલી છે. બૅન્કમાં નોકરી માટે અરજી કેમ નથી કરતી? તો આપણને વધારાની આવક થાય ને! આપણે વધારે લોન લઈ શકીએ અને પોતાનું મકાન પણ બાંધી શકીએ.'

જોકે લક્ષ્મીને આવી વાત જરાય ગમતી નહીં, પણ તે શંકર પાસે પોતાની આ નારાજગી જરાયે બતાવતી નહીં. પતિને એવું લાગવું જોઈએ કે તેની પત્ની તેની વાત ધ્યાનથી સાંભળે છે. તે બહુ સહજભાવથી કહેતી, 'હું ઇચ્છું છું કે હું કરું પણ હજી અનિલ એટલો નાનો છે કે એને ઘરમાં એકલો છોડી જવાનું મારું મન માનતું નથી. જો કદાચ તમારી મા જીવિત હોત તો તે આપણાં બાળકની દેખરેખ રાખી શકત ને તો મેં બહુ ખુશી ખુશી નોકરી શોધી કાઢી હોત. અનિલ બધું જાતે કરતો થઈ જાય, તે પછી હું ચોક્કસ કોઈ કામ શોધી કાઢીશ.'

આ રીતે તે બહુ ચતુરાઈથી પોતાની મૃત સાસુનાં વખાણ કરતી અને આડકતરી રીતે તે શંકરને કહી દેતી કે તેના કુટુંબમાંથી કોઈ પોતાનાં બાળકના ઉછેર માટે મદદ કરતું નથી. એટલે કે કોઈ એવું નથી જે તેમનાં બાળકનું ધ્યાન રાખી શકે. શંકરને આ રીતે તે શાંત પાડી દેતી.

❑

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

અલગ મૂલ્યો

પ્રધાન નાગલિન્ગેગોવડા લાંબા સમયથી રાજકારણમાં સક્રિય હતા. તે શાંત અને ખાનદાની માણસ હતા, સજ્જન હોવાથી જાહેર નિવેદનો આપવાનું ટાળતા. ઘણાં લોકોને તો ખબર પણ નહોતી કે તેઓ પ્રધાન હતા. કર્ણાટકના કુનીગલ નગર પાસે તેમના કુટુંબની ઘણી જમીનો અને તે તેમનું મતદારનું મથક પણ હતું.

નાગલિન્ગેગોવડાને ત્રણ દીકરા. મોટો દીકરો જમીનોની દેખભાળ રાખતો અને બીજો પોતે જાતે જ ધંધો કરતો. તેઓ બંને પરણેલા હતાં અને તેઓ તેમના પિતાનાં રાજકીય કાર્યોમાં ક્યારેય દખલ કરતાં નહોતા. તેમની પત્ની નિંગમ્મા ઇચ્છતી હતી કે તેનો ત્રીજો દીકરો સુરેશ ડૉક્ટર બને. તેથી તેણે તેના પતિને કહ્યું : 'ઘણાં પ્રધાનોનાં સંતાનો સરકારી કૉલેજોમાં ભણી પરદેશ પણ ગયાં. તમે તો ઘણાં લાંબા સમયથી તમારા પક્ષનું કામ કરો છો. તો તમે સરકારી મદદ લઈ સુરેશને કોઈ ખાનગી કૉલેજમાં પ્રવેશ કેમ નથી અપાવતા?'

જોકે સુરેશને કાંઈ ડૉક્ટર બનવાની ઇચ્છા નહોતી, પણ તેણે માતાના કહ્યા પ્રમાણે કર્યું. માની ઇચ્છા પૂરી કરી. તેણે તેનું MBBS પૂરું કર્યું, સરકારી શિષ્યવૃત્તિ મેળવી, પરદેશ ગયો અને ભારત પાછો આવી સુષ્માને પરણ્યો ને હવે ચાર વર્ષ બાદ તે બેંગલોર સરકારી હૉસ્પિટલમાં સહાયક સર્જન તરીકે કામ કરતો.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

નિંગમ્માને ત્યાં પૌત્રો હતાં. તેના મોટા દીકરાઓને ત્યાં તેમનાં લગ્નના એક વર્ષમાં જ સંતાનો આવેલાં. પણ સુરેશ અને સુષ્મા એટલા ભાગ્યશાળી નહોતાં. સુષ્માને સારા દિવસો તો રહેતા, પણ થોડા જ સમયમાં તેને કસુવાવડ થઈ જતી. બાળક રહેતું જ નહીં. તેથી સુરેશ તેને પોતે જે હૉસ્પિટલમાં કામ કરતો હતો તે જ દવાખાનાનાં સ્ત્રીરોગનાં નિષ્ણાત ડૉ. કમલા પાસે લઈ ગયો.

ડૉ. કમલા ઘણાં સમયથી સ્ત્રીરોગ વિભાગના અધ્યક્ષા છે, તેમણે ઘણા બધા ટેસ્ટ કરાવ્યા, બધા પ્રકારની ચકાસણી કર્યા બાદ, જે પરિણામો આવ્યાં તેનો બહુ કાળજીપૂર્વક અભ્યાસ કર્યા બાદ તેમણે પોતાનો અભિપ્રાય આપ્યો કે, 'સુષ્મા, તારું ગર્ભાશય બહુ નાજુક છે. નવ મહિના સુધી બાળકને ધારણ કરી રાખવા તે સક્ષમ નથી. જેથી હવે જ્યારે તું ગર્ભ ધારણ કરે ત્યારે, તારે ખાસ પ્રકારના ટાંકા, જે 'શિરોડકરના ટાંકા' તરીકે ઓળખાય છે તે લેવા પડશે. ઉપરાંત, પ્રસૂતિ સુધી તારે પથારીમાં સૂઈને આરામ કરવો પડશે.'

સુરેશ તેમનો સહકર્મચારી હોવાથી ડૉ. કમલા આ બાબતમાં તેને વચ્ચે લાવવા અવઢવ અનુભવતા. તે ખાસ મહત્ત્વનો દર્દી ગણાય. જો બધું પાંસરું ઊતરે, સારે સારું ચાલે તો ડૉ. કમલાને થોડો યશ મળે કે ન મળે, પણ જો કંઈક અઘટિત થાય, કંઈક ખોટું થાય તો કોઈ પણ વ્યક્તિ સાચી હકીકત શું છે તે જાણવા પ્રયત્ન નહીં કરે. તેને બદલે તે અંગે પૂછપરછ થશે અથવા તેમની બદલી પણ થાય. આ બાબતે તે પૂરેપૂરા સભાન હતાં કે કેસ પોતે જટિલ નથી પણ એના પછીની જે કાર્યવાહીઓ હોય, તે બહુ ભારે હોય, તેની અસર તેનાં નોકરીના સંબંધો પર પડે અથવા હૉસ્પિટલમાંની તેની ભવિષ્યની કામગીરી પર પણ પડી શકે.

ડૉ. કમલાએ પોતાનાં ત્રીસ વર્ષના અનુભવમાં એવા કેટલાય કેસો જોયા હતા જ્યાં તે પૂરા આત્મવિશ્વાસથી કહેતાં કે કશું જ ખરાબ નહીં થાય છતાંય થતું. તેથી તેમણે એવું વિચાર્યું કે આવી બાબતમાં દર્દીને જ્યાં સુખ-સગવડભર્યું લાગતું હોય તેવા ડૉક્ટર પાસે પણ તપાસી લેવડાવવી. તેમને બીજા ડૉક્ટર પાસે પણ મોકલવા. તેથી થોડી વાર અટકીને તેમણે કહ્યું : 'મને લાગે છે જો તમે ઇચ્છો તો બીજા ડૉક્ટર પાસે જઈ, તેમની સાથે તપાસ કરાવડાવી, બીજો અભિપ્રાય પણ મેળવી શકો છો.'

સુરેશને ડૉ. કમલા માટે ખૂબ જ ઊંચો, સારો અભિપ્રાય હતો. તે જાણતો હતો કે તે ભ્રષ્ટ નથી ને તેમનાં ક્ષેત્રમાં તે અદ્વિતીય છે. તેણે એક વર્ષ સુધી તેમનાં માર્ગદર્શન નીચે અભ્યાસ કર્યો હતો તથા તેણે કહ્યું : 'ના મેડમ! અમારે બીજા અભિપ્રાયની જરૂર નથી. મને તમારામાં પૂરો ભરોસો છે. મને ઇચ્છા છે કે આ કેસ તમારા જ હાથમાં રાખો.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

આથી સુષ્માએ જેવો ગર્ભ ધારણ કર્યો કે તે ડૉ. કમલા પાસે તેમણે આપેલા સમયે આવી જતી. યોગ્ય સમયે ડૉ. કમલાએ તેના ગર્ભાશય પર ટાંકા લીધા અને તેને કહ્યું : 'હવે કંઈ પણ ભારે વજન ઊંચકવાનું નહીં. સૂઈ જ રહેવાનું. બાળકના જન્મ માટેની જે તારીખ આપી હોય તેના બરોબર એક મહિના પહેલાં હૉસ્પિટલમાં દાખલ થઈ જવાનું.'

સુષ્મા થોડી ગભરાઈ ગઈ અને પૂછવા લાગી, 'ડૉક્ટર, શું તમને લાગે છે કે, મારે સિઝેરિયન – શસ્ત્રક્રિયા કરાવવી પડશે?'

'એ વિશે અત્યારથી કહેવું અઘરું છે. એ તો માત્ર પ્રસૂતિના સમયે જ સ્થિતિ જોઈને નિર્ણય લેવો પડે છે. પણ તું ચિંતા ના કરતી. તું તો ઘણી સ્વસ્થ છે.'

ડૉ. કમલાને બે સહાયકો હતાં – એક ડૉ. લતા અને બીજા ડૉ. સંજય. ડૉ. લતાના પિતા સરકારમાં બહુ ઉચ્ચ જગ્યાએ IAS અધિકારી હતા તે બેંગ્લોરમાં ઊછરી હતી, અને બહુ શ્રીમંત કુટુંબમાંથી આવતી હતી. તેણે ક્યારેય ગામડું જોયું જ નહોતું. તે વિદ્યાર્થી તરીકે હોશિયાર હતી. તે કોઈ પણ વ્યક્તિ પર પ્રભાવ પાડી શકે તેવું

અંગ્રેજી પરનું પ્રભુત્વ અને વ્યક્તિત્વ ધરાવતી હતી. તેણે MBBSનો અભ્યાસ બેંગ્લોરમાં જ કર્યો હતો. પછી તે વધુ કામ શીખવા ઇંગ્લૅંડ ગઈ અને થોડાં વર્ષો ત્યાં રહ્યા બાદ તે પાછી આવી. તે પછી તેણે પોતાનો અભ્યાસ સંપૂર્ણ કર્યો અને હૉસ્પિટલમાં વ્યાખ્યાતા તરીકે જોડાઈ ગઈ. સામાન્ય રીતે લતા કોઈ પણ પ્રકારની જવાબદારી ઉઠાવતી નહી પણ દેખાવ એવો કરતી કે જાણે તે ખૂબ જ હતી. તેનો પતિ ઇન્કમટેક્ષ ઑફિસમાં અધિકારી તરીકે કામ કરતા હતા. એના પિતાએ એમને સદાશિવનગરમાં એક બંગલો ભેટ તરીકે આપ્યો હતો ને તે પોતાની ગાડીમાં જ રોજ હૉસ્પિટલ આવતી.

ડૉ. કમલા, લતા કરતાં સંજયને વધુ પસંદ કરતાં. જ્યારે ડૉ. કમલા કોઈ કામ માટે બહારગામ જાય ત્યારે તે પોતાની જવાબદારી ડૉ. સંજયને આપતાં. આમ તો તે કંઈ ખાસ બોલતો નહી, પણ તે પોતાનાં કામને ખૂબ વફાદાર હતો. તે પૂરી નિષ્ઠાથી બધું કામ કરતો. અરે, જ્યારે ડૉ. કમલા જો હૉસ્પિટલમાં હાજર ન હોય ત્યારે હૉસ્પિટલના કર્મચારીઓ સુધ્ધાં લતા કરતાં સંજય પાસે જવાનું વધારે પસંદ કરતાં.

એક દિવસની વાત છે. હૉસ્પિટલમાં ડૉ. લતાની ડ્યૂટી હતી. રાત્રે આઠ વાગ્યે પ્રધાનનાં ઘરેથી ફોન આવ્યો કે સુષ્મા અત્યારે ત્યાં હૉસ્પિટલમાં આવવા નીકળી ગઈ છે. તે રસ્તામાં જ છે, ને તેને પ્રસૂતિની પીડા શરૂ થઈ ગઈ છે. કમનસીબે તે સમયે ડૉ. કમલા ચેન્નાઈ ગયેલાં. ડૉ. લતા ગભરાઈ ગયાં કારણ કે સુષ્મા એ VIP – પેશન્ટ હતી. ને આસપાસમાં કોઈ અનુભવી ડૉક્ટર પણ નથી. તે તરત જ સંજય પાસે ગયા અને તેનો સમય પૂરો થયો હોવાથી તે નીકળવાની તૈયારીમાં જ હતો ત્યાં જઈ તેને રોક્યો અને હમણાં ન જાય તેવી વિનંતી કરી. તેણે કહ્યું : 'સંજય, આ ખૂબ અગત્યનો કેસ છે. મેડમ બહાર ગામ છે. મહેરબાની કરીને જશો નહી.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'મને માફ કરશો. તેમને સ્ત્રીડૉક્ટરની જ ઇચ્છા હોવાથી હું તમને કંઈ મદદ કરી નહી શકું.'

લગભગ તે જ વખતે સુષ્મા ત્યાં આવી પહોંચી. તેને ખૂબ જ દુ:ખાવો થઈ રહ્યો હતો. ડૉ. સુરેશે ડૉ. લતાને કહ્યું : 'મેડમે મને કહ્યું હતું કે બાળકની જન્મતારીખ જે આપીએ તેના એક મહિનો પહેલાં સુષ્માને દવાખાને દાખલ કરી દેજો. મને માફ કરો. હું તે પ્રમાણે કરી શક્યો નથી. અમારા ક્ષેત્રમાં ચૂંટણી આવતી હોવાથી અમે બધાં એમાં વ્યસ્ત હતાં. સુષ્માને પ્રસૂતિની પીડા ઊપડી ત્યારે અમને આ યાદ આવ્યું. બાળક ફરકતું નથી એવું તેને લાગતું'તું.' સંજયને વિચાર આવ્યો, 'સુરેશ કેવો પતિ છે? તેની પત્નીને આવી કઠિન, મુશ્કેલ પ્રસૂતિ આવવાની છે. વળી એ એક ડૉક્ટર છે, શિરોડકર ટાંકાનું મહત્ત્વ કેટલું બધું છે તે વિશે તે જાણે છે. જ્યારે એની પત્નીને આટલી બધી દવાની જરૂરિયાત હતી, ત્યારે તેને વિશે તે ભૂલી જાય ને બીજા કામમાં વ્યસ્ત થઈ જાય તે કેવી રીતે ચાલે?'

ડૉ. લતા જવાબદારી લેવા તૈયાર નહોતી. તેણે કહ્યું : 'મેડમ બહારગામ છે. તમે તમારી પત્નીને કોઈ પણ ખાનગી નર્સિંગ હોમમાં લઈ જાવ. અમને વાંધો નથી.'

સુરેશે આગ્રહ રાખ્યો કે, 'ના, અમે બીજે ક્યાંય જવા માંગતાં નથી. તેના કેસની શરૂઆતની બધી જ રજેરજ માહિતી અહીં છે. તમે પણ ઘણાં કેળવાયેલાં જ છો.'

લતાને સમજણ ના પડી કે શું કરવું? તેથી તેણે સંજયને બાજુમાં લઈ જઈને વિનંતી કરી કે, 'સંજય, મારા કરતાં તું વધારે અનુભવી છે. હું એકલી આ VIP કેસને સાચવી નહીં શકું. મને એટલો વિશ્વાસ નથી. હું કદાચ સંભાળી ન પણ શકું. તો તું મને મદદ કર. તને વિનંતી કરું છું કે મને મદદ કરીશને!'

સંજય માટે આ કંઈ ખાસ અઘરો કેસ નહોતો. તેણે આવો જ એક કેસ મુંબઈમાં સાચવ્યો જ હતો. ડૉ. જોગ બહુ સારા ઉપરી અધિકારી હતા. તેમની નિશ્રામાં સંજયે જાતજાતના કેસો સંભાળ્યા હતા. સંજયે વિચાર્યું, 'લતા બધી રીતે લાયક જ છે. એ શા માટે આટલી બધી ગભરાઈ ગઈ છે? મને નવાઈ એ લાગે છે કે લંડનમાં તે શું ભણી? તેને કેવી રીતે પદવી મળી?'

પછી તેણે દર્દીનો વિચાર કર્યો ને બાકીનું બધું ભૂલી ગયો. તેણે લતાને મદદ કરવા માથું હલાવીને સંમતિ આપી. રંજનાને ખ્યાલ આવી ગયો કે સુષ્માને તાત્કાલિક શસ્ત્રક્રિયા(સિઝેરિયન)ની જરૂર છે. કારણ કે બાળકના ડોકની આસપાસ નાયડો વીંટળાઈ ગયો હતો. તેથી તેણે સુષ્મા પર શસ્ત્રક્રિયાની (ઑપરેશનની) તૈયારી કરવા માંડી. લતા તેની સહાયક બની રહી. તેમણે સિઝેરિયન કર્યું. બાળકને બહુ સલામત રીતે બહાર લેવામાં આવ્યું. નવજાત બાળકને જોઈ તે ખૂબ ખુશ થયો. થોડી મિનિટો બાદ તે પોતાના હાથ ધોવા ગયો અને તેણે પોતાનાં કપડાં બદલી લીધાં.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ડૉ. લતા નવજાત દીકરાને લઈ તેના પિતા અને દાદીની પાસે ગઈ. નિંગમ્મા પોતાના પહેલા પૌત્રને જોઈને ખૂબ ખુશ થઈ અને ભાવુક બની ગઈ. થોડાક જ સમય બાદ, પ્રધાન પણ હૉસ્પિટલમાં પહોંચ્યા. નિંગમ્મા પતિ તરફ ફરીને કહ્યું, 'ભગવાન શંકરની ખૂબ કૃપા આપણા પર છે. આ લેડીડૉક્ટરે ખૂબ જ મહેનત કરી છે. તેણે સુષ્મા અને બાળકની બહુ જ સરસ દેખભાળ રાખી છે.'

લતાએ તકનો લાભ લઈ લીધો ને કહ્યું : 'હા સાહેબ! આ બહુ કઠિન કેસ હતો. છેવટે મારે સિઝેરિયન કરવું પડ્યું.'

'તમે અહીં કેટલા સમયથી કામ કરો છો?' બહુ નિસબતપૂર્વક પ્રધાને તેને પૂછ્યું.

‘છેલ્લાં પાંચ વર્ષથી. સાહેબ, તમે મારા પિતાને, શ્રીમાન બાલાસુબ્રમણ્યમને તો ઓળખતા હશો.’

‘ઓહ! તો તું ચીફ સેક્રેટરી બાલાસુબ્રમણ્યમની દીકરી છે, એમ?’

‘હા, સાહેબ.’

અચાનક બાળક રડવા માંડયું એટલે લતા બાળકને અંદર લઈ ગઈ. સંજય હજી પાછો આવ્યો નહોતો. તે હજી પણ હૉસ્પિટલમાંનો ડૉક્ટરોનો ગણવેશ બદલવામાં વ્યસ્ત હતો. સુષ્મા હજી એનેસ્થેશિયાની અસર નીચે હતી, ભાનમાં આવી નહોતી. લતા ખૂબ ખુશ હતી કે પોતે લોઢું ગરમ હતું ત્યારે જ હથોડો માર્યો હતો. તકનો બહુ સરસ લાભ લઈ લીધો હતો.

થોડા જ દિવસમાં પ્રધાન મિ. નાગલિન્ગેગોવડાને ત્યાં પૌત્રના નામકરણ માટે પ્રસંગ યોજાયો. આ બહુ આનંદદાયક વિધિ હોવાથી, અને પ્રધાન પણ ચૂંટણીમાં જીતેલા, તેથી તેમને મન હતું કે જેમણે જેમણે તેમને મદદ કરી છે તે સહુનો આભાર માને. તેથી બે પ્રસંગો ભેગા કરીને એક મોટી પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું. પ્રધાનશ્રીએ થોડાંક આમંત્રણપત્રો ડૉ. લતાને મોકલાવ્યાં અને કહેવડાવ્યું કે જેમણે જેમણે સુષ્માના ઑપરેશનમાં મદદ કરી હોય તે સહુને આમંત્રણ આપે. લતાએ નર્સો, આયાઓને એ બધાને આમંત્રણ પાઠવ્યાં પણ સંજયને આમંત્રણપત્ર આપ્યું નહીં. તેને બીક હતી કે જો પ્રધાનને ખબર પડી જશે કે ઑપરેશન ડૉ. સંજયે કર્યું હતું તો પોતાનું ખરાબ દેખાશે.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

કાર્યક્રમનો દિવસ આવ્યો અને ગયો પણ સંજય અજાણ જ હતો કે તેને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

થોડા દિવસ પછીની વાત છે. સંજય પોતાના રૂમમાં એક પરિસંવાદમાં વ્યાખ્યાન આપવાની તૈયારી કરતો બેઠો હતો. તે થોડોક ઢીલો થઈ ગયો કે લાંબા સમય સુધી આવું કેમ ચાલી શકે? તેને કામ કરવું ગમતું, તેની કદર થાય એ પણ એટલું જ મહત્વનું છે, કારણ કે તે બધી જ પ્રેરણા, શક્તિ અને બળ આપે છે. ડૉ. કમલા તેના ઓરડામાં આવ્યાં. તેઓ નિવૃત્તિનાં આરે જ હતાં. તેમણે તેમનાં જીવનમાં ઘણાં ચઢાવઉતાર જોયાં હતાં. પોતાની લાંબી કારકિર્દીમાં તેમણે ઘણી વ્યક્તિઓને મદદ કરી હતી અને તેનો તેમને આનંદ પણ હતો. ડૉ. કમલાને જોયાં એટલે સંજયે પોતાનું કામ અટકાવ્યું અને તેમના પ્રત્યે આદર વ્યક્ત કરવા તે ઊભો થઈ ગયો. ડૉ. કમલાએ હસીને કહ્યું : ‘સંજય, બેસી જાઓ. તમારું પેપર ક્યારે પૂરું થશે? તે અંગે તમે શું માનો છો?’

ડૉ. કમલાને શૈક્ષણિક ક્ષેત્રમાં ખૂબ રસ હતો. તે સંજય જેવા મહેનતુ યુવાનોને ખૂબ હિંમત આપતાં. કારણ કે સરકારી હૉસ્પિટલોમાં બહુ ઓછી વ્યક્તિઓ એવી હોય છે જેને શૈક્ષણિક અને બૌદ્ધિક રીતે કંઈક પ્રાપ્ત કરવામાં રસ હોય. તેમને ખબર હતી કે લતાનું જ્ઞાન ઉપરછલ્લું છે, સાવ પોલું છે. તેને સારા ડૉક્ટર થવા કરતાં પ્રસિદ્ધિમાં વધારે રસ છે. લતા માત્ર તેના પિતાની લાગવગને કારણે જ અહીં છે. નહીં તો તે ક્યારેય હૉસ્પિટલમાં આવી શકી ન હોત. ડૉ. કમલા એ વાત વિશે પૂરાં સભાન હતાં કે ઑપરેશન કોણે કર્યું છે ને સંજયને કેમ આમંત્રણ અપાયું નહોતું. સંજયે પૂછ્યું : 'મેડમ, કાર્યક્રમ કેવો રહ્યો?'

'એ માત્ર આભારદર્શનનો અને □□પચારિક કાર્યક્રમ હતો. મારા તારા જેવા સામાન્ય માણસોને તો આવા મેળાવડા-પાર્ટીઓ પાછળનું કારણ જ સમજાતું નથી.'

સંજય ચૂપ જ રહ્યો. કમલાએ પ્રધાનનાં કુટુંબે પોતાને આપેલી સાડી સંજયને બતાવી અને કહ્યું : 'તને તો ખબર છે કે મેં ઑપરેશન કર્યું નથી. સંજય કદાચ સુષ્માની ગર્ભાવસ્થા દરમિયાન મેં એને તપાસેલી તેથી તેમણે મને આપી હોય. પણ મને એક વાતની તો ખૂબ નવાઈ લાગી...'

'શાની મેડમ?'

'મને નવાઈ એ વાતની લાગી કે સ્ટેજ પર લતાનાં વખાણ કરતાં હતાં ને તે પણ ખોટેખોટું હસતી હતી. તે કહેતી હતી કે તેણે લંડનમાં તો આવા કેસ સુધાર્યા છે. મને ખબર છે કે તે તદ્દન જુઠ્ઠાણું છે. આમાં સચ્ચાઈ કેટલી છે તે કોણ જાણવા જવાનું છે? કદાચ લતાને મારા કરતાં પણ વધારે સારી ભેટ મળી હશે. સંજય, એ વસ્તુ તો છે – આ સરકારી હૉસ્પિટલોમાં તમે માત્ર ઉત્તમ કાર્ય કરો એ જ મહત્ત્વનું નથી પણ તમે બીજાઓ પાસે તેનો દેખાડો કરો, તે પણ તેટલું જ મહત્ત્વનું છે.'

સંજયે જવાબ ન આપ્યો પણ તે ડૉ. કમલાની આત્મીયતા ભરેલી, અનુભવયુક્ત સલાહ વિશે વિચારવા લાગ્યો.

❑

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

આદર્શોનું પતન

શિશિરના જન્મ પછી મૃદુલાનું આખું જીવન જ બદલાઈ ગયું. તેની ઇચ્છા હતી કે જો દિવસ દરમિયાન બાળકની સંભાળ લેનાર કોઈ મળી જાય તો પોતે કામ પાછું શરૂ કરી શકે. રુક્મા અને ભીમાન્નાએ તેને કહ્યું : 'તું બાળકને અહીં અમારી પાસે અલાદહલીમાં મૂકી જા. અમે તેનું ધ્યાન રાખીશું.'

પણ મૃદુલા સંમત ના થઈ. જોકે તે પોતે અલાદહલીમાં જ જન્મીને મોટી થઈ હતી ને વળી તેને ગામડું ગમતું પણ હતું. પણ બાળકને ત્યાં મૂકવાનું તેને માટે અઘરું હતું. તેને ગમતું નહોતું. સંજય પણ એ વાતમાં સંમત હતો. ભીમાન્ના કે રુક્મા પણ પોતાનાં ગામ-ઘર કે રોજિંદું જીવન છોડીને લાંબો સમય સુધી મૃદુલાને ઘેર રહેવા આવી ન શકે.

આ દરમિયાન મૃદુલા સારી પેઠે સમજી ગઈ હતી કે તેનાં સાસુ તેમને કોઈ રીતે મદદ નહીં કરે. સંજયે આડકતરી રીતે તેની માને કહેલું : 'મા, મૃદુલા કામ પર જાય ને ત્યાંથી પાછી આવે ત્યાં સુધી બાળકને ક્યાં મૂકવું તે વિશે તેને ચિંતા થાય છે.'

પણ રત્નમ્માએ કોઈ જવાબ ન આપ્યો. તે ત્યાં આવવા માંગતાં નહોતાં. બાળકની સંભાળ લેવાની પણ તેમને ઇચ્છા નહોતી, છતાંય મૃદુલા હંમેશાં તેનાં સાસુનો આભાર માનતી. બીજું તો કંઈ નહીં પણ બીજી સાસુઓની જેમ તે તેને ત્રાસ તો નહોતી આપતી. તેણે કયારેય મૃદુલાને કટાક્ષભર્યાં મહેણાંટોણાં માર્યાં નહોતાં, કે દીકરીનો પક્ષ લીધો નહોતો કે મૃદુલા સાથે ભેદભાવ ભર્યું વર્તન પણ કર્યું નહોતું. રત્નમ્મા પોતાની આગવી જ દુનિયામાં જીવતાં હતાં.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મૃદુલા નોકરી છોડીને ઘેર રહી શકી હોત, પણ તે શક્ય નહોતું. સંજય અને મૃદુલાએ પોતાના ફ્લૅટ માટે લોન લીધી હતી. જો તે બેઉ ન કમાય તો લોન ભરપાઈ કરી શકે તેમ નહતું. મૃદુલા એકેએક પૈસો બચાવતી. તે ઓટોરિક્ષાનો ઉપયોગ કરતી નહીં કે સાડીનો મેચિંગ બ્લાઉઝ પણ ખરીદતી નહીં કે સિવડાવતી નહીં. તે ઇચ્છતી હતી કે લોન જેટલી બને તેટલી જલ્દી ચૂકવાઈ જાય તો સારું. પણ લક્ષ્મી તો તેની મશ્કરી જ કરતી. તેની ગેરહાજરીમાં તે કહેતી, 'જો મૃદુલા વ્યવસ્થિત કપડાં પણ પહેરી શકતી ન હોય તો એના પગારનો ભણતરનો અર્થ શો?'

મૃદુલાએ એ પણ પ્રયત્ન કર્યો કે અલાદહલીથી કોઈક આવે, તેને ઘેર રહે. પણ જ્યારે તેઓ તેના વિજયનગરવાળા ફ્લૅટમાં રહેવા આવે તે પછી બહુ ઝડપથી તે કંટાળી ગયા. તેમને ગામડું એટલું બધું યાદ આવે કે માત્ર ત્રણ જ મહિનામાં તે આ ઘર છોડી ગામડે પાછાં જતાં રહ્યા.

એક દિવસ શાકભાજી ખરીદતાં ખરીદતાં મૃદુલા આ પ્રશ્ન અંગે વિચારતી હતી અને તે માટે તે એકદમ મુનિઅપ્પાને કાન્તમ્માને ઘેર દોડી. તેમને જોઈ તે ખૂબ ખુશ થઈ. કાન્તમ્માએ કહ્યું : 'મૃદુલા, અમે કોલાર પાછાં જવાનાં નથી. અમે પણ વિજયનગરમાં જ મકાન ભાડે લઈને રહીશું.'

તેઓએ તેને પોતાનું સરનામું આપ્યું અને મળવા આવવાનું આમંત્રણ પણ. મૃદુલા તો હજીએ તેમની સાથે લાગણીભર્યા સંબંધથી જોડાયેલી હતી, તેથી પછીના રવિવારે તે શિશિરને લઈને તેમને ઘેર ગઈ. તેણે તેમને પોતાની મુશ્કેલીની વાત કરતાં જણાવ્યું કે તેને બાળકને સાચવે તેવી આયા મળતી નથી અને કહ્યું : 'જો મને કોઈ પ્રામાણિક અને જવાબદાર વ્યક્તિ નહીં મળે તો મને લાગતું નથી કે હું નોકરી ચાલુ રાખી શકું.'

પતિ-પત્નીએ એકબીજાની સામું જોયું અને અરસપરસ વાત કરવા તેની રજા લઈ તેઓ અંદર પોતાના સૂવાના ઓરડામાં ગયાં ને પાંચ જ મિનિટમાં પાછાં આવ્યાં. કાન્તમ્માએ મૃદુલાને ખૂબ જ ભાવથી કહ્યું : 'જો, તું અને તારો પતિ સંમતિ આપતાં હોય, તો તું તારા બાળકને અમારી પાસે મૂકી જઈ શકે છે. મારા પૌત્રની જેમ હું તેને સાચવીશ. કોઈ અજાણ્યા પાસે એને મૂકતી નહીં.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મૃદુલા ખૂબ ખુશ થઈ. તે પોતાના આનંદને રોકી ન શકી. ખુશીની મારી તે રડી પડી. તેના ગાલ પર આંસુની ધાર વહેવા લાગી. પછી તેણે સંજયને વાત કરી. તેને કોઈ પણ પ્રકારનો વાંધો નહોતો.

પોતે એક બાળકનો પિતા અને વ્યાખ્યાતાની નોકરી હોવા છતાં સંજય મોટાભાગનો સમય પુસ્તકાલયમાં ગાળતો. એક દિવસ ડૉક્ટરોને જાણ કરવામાં આવી કે વિશ્વ સ્વાસ્થ્ય સંસ્થા (World Health Organization) તરફથી યુ.એસ.એ.માં ત્રણ અઠવાડિયાંનો AIDS અંગેના તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. સરકારી હૉસ્પિટલમાં કામ કરતાં બધાં જ ડૉક્ટરો આ માટે લાયક છે. પણ જેઓ સ્ત્રીરોગના નિષ્ણાત હોય અને ત્યાં શિક્ષણ પણ આપતા હોય તો તેમને પહેલી પસંદગી આપવામાં આવશે. સંજયને થયું પોતાને માટે આ ખૂબ સારી તક છે. પોતાની પાસે તો એટલા પૈસા નથી કે તે જાતે જઈ શકે ને આવી તાલીમ લઈ શકે. તેથી તેણે અરજી કરી દીધી ને ડૉ. કમલાના રૂમમાં ગયો.

ડૉ. કમલા તે સમયે કોઈ મેડિકલ સામયિક વાંચવામાં તલ્લીન હતાં. જ્યારે સંજય આવ્યો અને એમની સામે બેઠો. એટલે તેમણે તેને પૂછ્યું : 'સંજય, શું વાત છે?'

'મેડમ, મારે તમારી મદદની જરૂર છે. ન્યૂ યૉર્કમાં જે તાલીમ શિબિર થવાની છે તે માટે મેં અરજી કરી છે. તમે મારી ભલામણ કરશો?' ખચકાતાં ખચકાતાં સંજયે પૂછ્યું. તેના માટે આમ કોઈની મદદ માંગવી એ ખૂબ અઘરું હતું.

‘સંજય, હું ગયા વર્ષે જ આવી તાલીમ શિબિરમાં ગઈ હતી. ત્યાં તને ઘણાં માણસો મળશે. તારે જે કાંઈ વધુ માહિતી મેળવવી હોય તો તે ઇન્ટરનેટ દ્વારા પણ મળી શકશે. વળી આવા પરિસંવાદ કે તાલીમ કાર્યક્રમોમાં હાજર રહેવાથી ઘણું જાણવાનું મળે છે. તારો વિચાર ખરેખર સરસ છે.’

‘મેડમ! મારી પસંદગી થશે તેવું તમને લાગે છે? મારી કામની પદ્ધતિ અને સ્વભાવથી આપ પરિચિત જ છો.’

એકાદ મિનિટ મૌન રહ્યાં પછી કમલાએ જવાબ આપ્યો, ‘મને પરિસ્થિતિનો અંદાજ છે. તારી સાથે તો હું વર્ષોથી કામ કરું છું, મને તારી આવડત પર વિશ્વાસ છે પણ તું જઈ શકીશ કે નહી એ વિશે હું કશું ચોક્કસ કહી શકું તેમ નથી.’

‘હું કેમ ન જઈ શકું?’

‘આટલાં લાંબાં વર્ષોના અનુભવ પછી પણ હું સમજી શકતી નથી કે હૉસ્પિટલની ટુકડી કયા આધારે વ્યક્તિને પસંદ કરે છે? દરેક વર્ષે તેના માપદંડો બદલાતાં રહે છે. તેઓ ઉમેદવારોને જોયા પછી પસંદગીની પ્રક્રિયામાં ફેરફાર કર્યા કરે છે. મને ખરેખર આ વર્ષના નિયમોની ખબર નથી.’

સંજય એકદમ નિરાશ થઈ ગયો. ડૉ. કમલાએ તેને આશ્વાસન આપતાં કહ્યું, ‘હું તને નાહિંમત નથી કરતી, પણ સચ્ચાઈ તો એ છે કે હું તને ખોટી આશા આપવા માંગતી નથી. સાચા મિત્ર તો તે છે જે વાસ્તવિક સત્ય બતાવે. એ જરૂરી નથી કે તું સરકાર દ્વારા જ જાય. કેટલીક મેડિકલ કંપનીઓ પણ છે જે પોતાના ખર્ચે ડૉક્ટરને આવી તાલીમ માટે મોકલે છે.’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

બહુ જ નિર્દોષ સ્મિત સાથે સંજયે કહ્યું : ‘મેં સાંભળ્યું હતું કે કોઈ ડ્રગ કંપની તરફથી ડૉ. લતા મલેશિયા ગયાં હતાં તો મને પણ આવી રીતે કોઈ મોકલી શકે તેવું કોઈક છે?’

ડૉ. કમલા મૌન રહ્યાં. સંજયને મોકલનાર એવું કોઈ મળશે નહી. લતા ખાનગી નર્સિંગ હોમમાં પણ પાર્ટટાઇમ કામ કરે છે. ડ્રગ-કંપની તો ખાનગી હૉસ્પિટલના ડૉક્ટરોને મોકલે, કોઈ સરકારી ડૉક્ટરને નહી. લતાને એક બીજો પણ ફાયદો હતો. તેના પતિ ઇન્કમટૅક્સ ડિપાર્ટમેન્ટમાં કામ કરતા હતા. તેને ખાતરી હતી કે જો લોકો તેને મદદ ન કરે તો તેમની આવકની ચકાસણી થવાની અને કદાચ તેમના ઘર પર દરોડા પણ પડે. આથી દરેક જણ તેનાથી ગભરાતા. ડૉ. કમલાને થોડાં વર્ષો પહેલાંની એક વાત યાદ આવી. લતાને સિંગાપોર જવું હતું તેથી તેણે છ અઠવાડિયાંની રજા માંગી. હૉસ્પિટલમાં માણસો ઓછા હતા તેથી ડૉ. કમલાએ ના પાડી. બીજે જ અઠવાડિયે ઇન્કમટૅક્સ ડિપાર્ટમેન્ટે તેના ઘરે છાપો માર્યો. તેના આવકજાવકના હિસાબમાં કયાંય

કશું ખોટું ન મળ્યું. કશું જ વાંધાજનક ન મળ્યું. છતાંય ડિપાર્ટમેન્ટના કર્મચારીઓનું વારંવાર આવવું-જવું, ચકાસણીઓ અને કારણ વગર રાહ જોવાનું – આ બધી બાબતો તેને માટે ખૂબ ચિડજનક હતી.

જ્યારે ડૉ. કમલા ઇન્કમટૅક્સ ઑફિસમાં ગયાં, ત્યારે ચકાસણી અધિકારી લુઇસને ખૂબ અજુગતું લાગ્યું. તેની દીકરી મેરી ડૉ. કમલાની વિદ્યાર્થિની હતી ને તેમને માટે તેને ખૂબ આદર હતો. બહુ જ નમ્રતાથી તેમણે ડૉ. કમલાને કહ્યું : 'મેડમ, તમારી તો ખૂબ પ્રતિષ્ઠા છે. મારી દીકરી તમારા હાથ નીચે ભણી હતી.'

એ પછી તેમણે ડૉ. કમલા માટે કૉફી મંગાવી. બધી ચકાસણી કર્યા બાદ લુઇસે કહ્યું : 'મેડમ! મહેરબાની કરીને ખરાબ ના લગાડતાં, અમે તો એકદમ નાના અધિકારીઓ છીએ.'

ડૉ. કમલાએ તેમને પૂછ્યું : 'મારા હિસાબની ચકાસણીનું કામ કોની સૂચનાથી કરવામાં આવે છે તે મને જણાવી શકશો?'

'મેડમ, મહેરબાની કરીને તે મને ન પૂછો. અહીં તો ભીતને પણ કાન હોય છે. મને લાગે છે કે તમે સમજી ગયાં હશો.'

જ્યારે તેઓ હૉસ્પિટલમાં પાછાં આવ્યાં, ત્યારે લતા તેમને મળી. તેણે હસતાં હસતાં બહુ નિર્દોષતાથી જાણે તેમને પૂછ્યું : 'મેડમ, તમે ખૂબ થાકેલાં લાગો છો. શું તમે હમણાં જ કામ પર હાજર થયાં? તમારી તબિયત બરાબર નથી? તમે ઘેર જઈ આરામ કરવા ઇચ્છો છો?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ડૉ. કમલાએ જવાબ આપ્યો, 'મારી પાસે સત્તા હોવા છતાં હું બીજાઓને ત્રાસ આપતી નથી.'

લતા ડૉ. કમલા સાથે આંખ મેળવી ન શકી. તે ભોંયતળિયે જોતી રહી અને ત્યાંથી ખસી ગઈ. તે પછી જાણે કશું જ ન બન્યું હોય તેમ તે વર્તવા લાગી.

ડૉ. કમલાએ જોકે તેને એક જ અઠવાડિયાની રજા આપેલી, પણ લતાએ પોતાના પિતા દ્વારા માંદગીનું સર્ટિફિકેટ મોકલી આપ્યું ને કુટુંબ સાથે છ અઠવાડિયાં સિંગાપોરમાં રહી મજા કરી. તે જ્યારે સિંગાપોરથી પાછી આવી ત્યારે હૉસ્પિટલમાં તેને જે જે લોકો મદદ કરતાં તે સહુ માટે ભેટ લાવી હતી. તે એટલે સુધી કે એકદમ નીચલા વર્ગના કર્મચારીઓ જેવાં કે ક્લાર્ક અને સ્ત્રી સફાઈ કામદારો માટે પણ. તે તેઓને ખુશ કરવા માંગતી હતી જેથી તેઓ ક્યારેય તેની લાંબી રજાઓ કે તેનાં આળસુપણા માટે ફરિયાદ ન કરે. ડૉ. કમલા આ બધું જાણતાં હતાં પણ તેમને ચૂપ રહેવા માટે દબાણ કરવામાં આવતું, કારણ કે હૉસ્પિટલ તરફથી તેમને કોઈ ટેકો નહોતો. તેમણે વિચાર્યું, 'સંજયને આવી બધી બાબતોની કેવી રીતે સમજ પડશે? એને વિગતે સમજાવવું ખૂબ

અઘરું છે. આજથી પચીસ વર્ષ પહેલાં હું પણ સંજય જેવી જ હતી – માત્ર કામ સાથે કામ અને આદર્શોમાં માનવું. પણ દુનિયાએ મને એક મોટો પાઠ ભણાવ્યો. જો માણસ બુદ્ધિશાળી હોય અને આદર્શવાદી હોય તો એ સારો શિક્ષક બની શકે. જો માણસ બુદ્ધિશાળી અને સ્વાર્થી હોય તો પૈસા કમાવા ગમે તે હદે તે જઈ શકે છે. છેવટે તો આપણે આપણા સિદ્ધાંતોને ક્યાં સુધી વળગી રહી શકીએ એ આપણે જ પસંદ કરવાનું છે.'

ડૉ. કમલાના ચિત્તમાં શું શું ચાલી રહ્યું છે તે વિશે સંજય બિલકુલ અજાણ હતો. એ તો માત્ર પોતાને આર્થિક સહાય કેવી રીતે મળી શકે તે વિશે જ વિચારતો. તે ઇચ્છતો હતો કે ડૉ. કમલા કોઈપણ ડ્રગ કંપનીને તેની ભલામણ કરે. ડૉ. કમલાને ખ્યાલ આવી ગયો કે સંજય શું વિચારે છે. તેને ખબર હતી કે કોઈ ડ્રગ કંપની સંજયને આર્થિક ટેકો કરી મોકલશે નહીં કારણ કે હવે તેનું કોઈ સાંભળવાનું નથી. દવાની બધી જ કંપનીના પ્રતિનિધિઓને ખબર હતી કે હવે એ બહુ થોડા જ સમયમાં નિવૃત્ત થવાનાં છે. તેથી હવે વિભાગનાં અધ્યક્ષા જે બનવાનાં છે તે ડૉ. સરોજને બધાં મળતાં અને તેમને ખુશ રાખવાનાં પ્રયત્નો કરતાં હતાં.

કોઈ ડ્રગ કંપનીના આર્થિક ટેકાની વાતને બદલે ડૉ. કમલાએ કહ્યું, 'આપણા રાજ્યના WHO ફંડના ચેરમેન આપણાં આરોગ્યમંત્રી છે. તો તું ત્યાં જઈ તેમને જ મળે તો કેવું? હું તારા વિશે તેમની વાત જરૂર કરી શકું.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજયે માથું હલાવી હા પાડી. તેને થયું, ચાલો આ રીતે પણ પ્રયત્ન કરી જોઈએ.

ડૉ. કમલાના આ સૂચનના થોડા દિવસ બાદ સંજયે સચિવાલયના આરોગ્ય વિભાગમાં જવાનું નક્કી કર્યું. તે મુખ્ય મકાનમાં પ્રવેશ્યો. એ વખતે બપોર હતી ને ઉકળાટ પણ ખૂબ હતો. અનેક પંખાઓ હોવા છતાં સંજય પરસેવે રેબઝેબ થઈ ગયો. આરોગ્યમંત્રીના અંગત મદદનીશની સામે ઘણાં માણસો ઊભા હતા. કેટલાક માણસો સિગારેટ ફૂંકતા અને વાતો કરતાં રૂમના દરવાજાવાળા રસ્તે ઊભા હતા. દરેકને કોઈ ને કોઈ સમસ્યા હતી. કેટલાકને બદલી કરાવવી હતી તો કેટલાકને બઢતી જોઈતી હતી. સંજયને ખૂબ મૂંઝવણ થઈ. તેના જીવનમાં આજે પહેલી જ વાર તે મદદ માટે પ્રધાનની ઑફિસમાં આવ્યો હતો.

થોડા ખચકાટ સાથે સંજય પ્રધાનશ્રીના અંગત મદદનીશની સામે ઊભો રહ્યો. તેમણે સંજય સામું જોયું ખરું પણ કશું કહ્યું નહીં. અરે, તેની સામે જ ખુરશી પડી હતી તો પણ તેમણે સંજયને બેસવાનું પણ કહ્યું નહીં. એ તેમના મોબાઇલ પર વાતો કરતા જ રહ્યા અને સંજયની સદંતર ઉપેક્ષા કરતા રહ્યા. છેવટે ફોન પૂરો થયો. સંજયે

અંગત મદદનીશને નમસ્કાર કર્યા. તેમણે કોઈ પ્રતિભાવ ન આપ્યો. તેમણે સીધું જ પૂછ્યું, 'બોલો ભાઈ, તમારે શું કામ છે?'

સંજયે પોતાના પ્રમાણપત્રો વગેરેની ફાઇલ તેમને બતાવી. પણ મિસ્ટર PA પોતાની રીતે વિચારે છે કે, લોકો મારું અભિવાદન એટલા માટે કરે છે કે તેઓને મારું કામ હોય છે. બાકી તો કોઈ મારી ગણતરી પણ ન કરે, મને ઓળખે પણ નહીં. તો પછી મારે તેમની સાથે સારા શા માટે થવું જોઈએ? મારે વિનયી શું કામ બનવું જોઈએ?'

PA એ ઉદ્ધતાઈથી કહ્યું : 'તમને આર્થિક સહાય સરકાર શા માટે આપે એનું એક કારણ તો બતાવો. તમે તો એમ જ માનતા હશો કે સરકાર એટલે તળિયા વગરની તિજોરી! અખૂટ ખજાનો! પહેલાં તો તમારે આર્થિક સહાય કોને મળે તે વિશેના નિયમો જાણવા જોઈએ. ને પછી અહીં આવવાનું હોય. આ તો આવ્યા ને માંગ્યું. તમે મારો સમય બગાડી રહ્યા છો.'

'હું સરકારી ફાળો નથી માંગી રહ્યો. હું તો WHO ફંડમાંથી મદદ માંગી રહ્યો છું.'

આવું સાંભળી અંગત મદદનીશ (PA) વધારે બેબાકળા થયા, 'તમને આવા ફંડની માહિતી કોણે આપી? તે માણસને અહીં હાજર કરો. બાબત હું એ ફંડની વાત સ્વીકારી પણ લઉં, તો પણ મારે તમારે માટે એના ઉપયોગ શા માટે કરવો? તમારાથી વધારે અનુભવી માણસો અહીં ત્યાં છે. અમારે એમને પણ તક આપવી જોઈએ.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'શું હું આરોગ્યમંત્રીને મળી શકું?'

'જો તમે આ જ કારણસર એમને મળવા માંગતાં હો તો પછી...'

પણ હજી તે વાક્ય પૂરું કરે તે પહેલાં તેમનો ફોન રણક્યો. અંગત મદદનીશ એકદમ પ્રસન્ન થઈ ગયા અને બહુ જ નમ્રતાથી વાત કરવા લાગ્યા, 'સાંભળો, ભાઈ, મારે માટે ગેરસમજ ના કરશો. મેં આપણા સ્વાસ્થ્ય મંત્રીને કહી જ રાખ્યું છે. તે બહુ કડક છે. જ્યારે તે મૂડમાં હશે ત્યારે હું તેમને ફાઇલ આપી દઈશ.'

તેમની વાતચીત ચાલુ જ રહી. અંગત મદદનીશે કૉર્ડલેસ ફોન હાથમાં લીધો અને ઓરડાના મુખ્ય રસ્તા તરફ ગયા, જેથી તે ખાનગી વાત કરી શકે. શું કરવું તેની સંજયને કંઈ ગતાગમ ન પડી.

આ દરમિયાન એક માણસ તેનું નિરીક્ષણ કરી રહ્યો હતો. તે સંજય પાસે આવ્યો અને તેનું અભિવાદન કર્યું. સંજયે તેની સામે જોયું. તે લગભગ પાંત્રીસેક વર્ષનો, થોડો જાડો યુવાન હતો. તેણે એકદમ સાદા સુઘડ વસ્ત્રો પહેર્યાં હતાં. સંજય એને ઓળખતો નહોતો. પેલા માણસે જ વાતચીત શરૂ કરી, 'કદાચ તમને મારું નામ ખબર નથી, તમે મને ઓળખતા નથી, ડૉક્ટર! પણ મારી પત્ની તમારી પેશન્ટ હતી. જ્યારે

અમે તમારી હૉસ્પિટલમાં આવ્યાં ત્યારે ડૉ. કમલા અમ્મા રજા પર હતાં. તેથી તમે તેનું ઑપરેશન કરેલું અને તેની ખૂબ કાળજી રાખી હતી. અરે, તમે પૈસાનું પણ પૂછ્યું નહોતું. અમે અમારી આભારની લાગણી વ્યક્ત કરવા ફળો અને ફૂલો મોકલાવેલાં, પણ તમે તે પણ લીધાં નહોતાં.'

છતાંય સંજયને કશું યાદ ન આવ્યું. ઘણાં દર્દીઓ સરકારી દવાખાનામાં આવે ને તેમનાં બધાંનાં નામ યાદ રાખવાં એ ઘણું અઘરું છે. જો પેલા માણસે ઑપરેશનનું નામ દીધું હોત તો કદાચ સંજયને તેની પત્નીનું નામ યાદ આવત. વળી સંજય પોતાનાં કામ માટે ક્યારેય ભેટ લેતો નહી, પછી તે ફળો હોય, ફૂલો હોય કે ગમે તે હોય. સંજયે કહ્યું : 'ખરેખર મને ક્ષમા કરશો. હજી પણ હું તમને ઓળખી શક્યો નથી. આપનું નામ શું?'

'મારું નામ ચિકનાન્જપ્પા ને મારી પત્નીનું નામ કેમ્પામ્મા.'

ચિકનાન્જપ્પા પાનથી લાલ થયેલા દાંત બતાવતો હસવા લાગ્યો. તેણે પૂછ્યું : 'ડૉક્ટર, તમે અહીયા શા માટે આવ્યા છો?'

સંજયે પોતાની પરિસ્થિતિ તેને જણાવી અને પોતાની ફાઇલ પણ બતાવી. ચિકનાન્જપ્પાએ કહ્યું : 'ડૉક્ટર, હું એક સામાન્ય ક્લાર્ક છું. પણ આપણે અહી કશી વાત નહી કરીએ. બધાં જ આપણી વાત સાંભળે છે. ચાલુક્ય હોટલ પર સાંજે સાડા પાંચ વાગ્યે આવજો. ત્યાંજ ચા પીતાં પીતાં વાતો કરીશું.' વધારે કશું જ કહ્યા વગર ચિકનાન્જપ્પા જતો રહ્યો.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

થોડા જ સમયમાં અંગત મદદનીશ પાછા આવ્યા. ઘણાં માણસો હજી પણ તેમની રાહ જોઈને ઊભા હતા. ત્યાં તો તેમણે જાહેરાત કરી કે, 'મેડમ અત્યારે ઉત્તર કર્ણાટકના પ્રવાસે છે. ત્યાંથી તેઓ દિલ્હી જવાનાં છે. તેથી આવતા અઠવાડિયા સુધી કોઈને મુલાકાત માટે મળવાના નથી.'

સંજય ખૂબ દુ:ખી, નિરાશ હૃદયે ઑફિસમાંથી બહાર આવ્યો. પણ તેણે નિશ્ચય કર્યો કે, 'રાહ જોવી અને ચિકનાન્જપ્પાને મળીને જ જવું.'

પાંચ વાગ્યા એટલે સંજય ચાલુક્ય હોટલ તરફ ચાલવા લાગ્યો. તે ખૂબ જ હતાશ અને નિરાશ હતો.

વ્યાખ્યાતા તરીકે પોતે પસંદ થયો તે વિશે તે વિચારતો હતો. તે માટે તેણે કોઈ પણ પ્રકારનો પ્રયત્ન કર્યો નહોતો. ડૉ. કમલા એ પસંદગી સમિતમિાં હતાં ને કોઈની પણ ભલામણ વગર તેને તે નોકરી મળી હતી પણ છેલ્લાં બે વર્ષમાં પરિસ્થિતિ ઘણી બધી બદલાઈ ગઈ હતી. તે ખૂબ જ નિષ્ઠાવાન હોવા છતાં પોતાની કદર થાય ને બઢતી મળે તે વિશે કહેવું અઘરું હતું.

હોટલ જતાં રસ્તામાં સંજય ઊંડા વિચારમાં મગ્ન થઈ ગયો. OPD માં, બહારના દર્દીઓવાળા વિભાગમાં રોજના લગભગ ૧૮૦ થી ૨૦૦ જેટલા દર્દીઓ દવા લેવા આવતા હોય છે. ખાનગી હૉસ્પિટલની જેમ કોઈ એમની સાથે નરમાશથી વર્તતું હોતું નથી, પણ તેથી કંઈ તેઓ બીજે જતાં રહેતાં નથી. લગભગ ચારથી છ ડૉક્ટરો હંમેશાં કામ કરતા હોય છે. આ બધાં દર્દીઓને અને તેમના પ્રશ્નોની ભરમારને સંભાળવી ખૂબ અઘરી હોય છે. બધાં જ ડૉક્ટરોને એ શીખવવામાં આવે છે કે તમારા દર્દીની ઉત્તમ રીતે સેવા કરવી એ જ તમારી ફરજ છે, પછી ભલેને એ દર્દી તમારો દુશ્મન કેમ ના હોય? જ્યારે આ જ ડૉક્ટરો સરકારી ઑફિસોમાં આવે છે, ત્યારે ડૉક્ટરથીયે ઓછું ભણેલા પણ વધુ સત્તા ધરાવતા માણસો તેમની સાથે ખૂબ ખરાબ રીતે વર્તે છે. ક્યારેક સંજયને થાય છે, આવી પરિસ્થિતિઓમાંથી પસાર થવું ખૂબ અઘરું છે.

આવું વિચારતાં વિચારતાં તે ચાલુક્ય હોટલ પર પહોંચ્યો. ચિકનાન્જપ્પા તેની રાહ જોતો બેઠો હતો. તેણે બે કૉફીનો ઑર્ડર પણ આપી દીધો હતો. ચિકનાન્જપ્પાએ કહ્યું : 'ડૉક્ટર, હું તમને સાચું જ કહીશ. તમને આર્થિક સહાય મળી શકશે નહીં. જેઓની તેમની સાથે ઓળખાણ હોય છે તેમને જ તે મળે છે, છતાંય હું જરૂરી બધી માહિતી મેળવી લઈશ. મને તમે તમારા ઘરનો ફોન નંબર આપો જેથી મને જો કોઈ ઉપયોગી માહિતી મળે તો તમને જણાવી શકું. સરકારી હૉસ્પિટલમાં તમારા જેવા ડૉક્ટરો તો ખૂબ ઓછા હોય એ તો તમને ખબર જ હશે. જ્યારે કોઈ દર્દી આવે અને જો કોઈ પ્રધાન દ્વારા તેની ભલામણ કરવામાં આવે તો તેને VIP – ખાસ ઉચ્ચ પ્રકારની સગવડ મળે ને તેની દરકાર રખાય. જ્યારે અમારા જેવા માણસોનું શું થાય છે તે સાંભળો. સ્ટૉકમાં દવાઓ હાજર હોય છતાં જ્યારે અમે સ્ટાફને તે અંગે પૂછીએ તો કહે દવાઓ નથી. દરેક ઑપરેશનના ચોક્કસ ભાવ હોય છે ને તમને તેની ખબર સુધ્ધાં નથી. બરાબર એ જ રીતે અમારી ઑફિસમાં પણ દરેક બાબતોના ભાવ હોય છે. જેમ કે બદલી કરાવવી હોય, 'નો ઑબ્જેક્શન સર્ટિફિકેટ' મેળવવું હોય, કે બીજું કોઈ કામ કરાવવું હોય. આવા વણલખ્યા નિયમમાં કોઈનાથી પણ ફેરફાર કરી શકાય નહીં. ટૂંકમાં, હું તમારી પીઠ પંપાળું ને તમે મારી પીઠ પંપાળો. અરસપરસને સાચવો.'

શું કહેવું તેની સંજયને ખબર જ ન પડી. ચિકનાન્જપ્પાએ બોલવાનું ચાલુ રાખ્યું : 'જો તમે સરકારી નોકરી જ ચાલુ રાખશો તો તમારે વારંવાર અમારા વિભાગની મુલાકાતે આવવું પડશે. અમારા વિભાગના સહકાર વગર તમારી બદલી નહીં થાય, નહીં તમને બઢતી મળે, 'નો ઑબ્જેક્શન સર્ટિફિકેટ' મળે કે ન આર્થિક સહાય મળે. વળી અહીં કોણ કોનું છે તેની પણ તમને ખબર પડવી જોઈએ. અમારા માણસો ડૉક્ટરોને મદદ કરે જ છે. એનું કારણ એ છે કે ઘણા ડૉક્ટરો એવું માનીને ચાલે છે કે અમારા વિભાગના બધા માણસો VIP જ છે, ને તેથી તેમની તેઓ વિશેષ માવજત કરે છે. જો

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

તમે નોંધ લીધી હોય તો જોયું હશે કે તમારા સહકાર્યકર ડૉક્ટરો વારંવાર અમારા ડિપાર્ટમેન્ટની મુલાકાત લે છે.'

સંજયને તો આવી કશી જ ખબર નહોતી. જો ચિકનાન્જપ્પાએ તેને આવી બધી બાબતોથી ચેતવ્યો ન હોત તો સંજય હજી પણ આવી બધી વાતોની ઉપેક્ષા જ કરતો હોત. વેઇટર કૉફીનું બિલ આપી ગયો. સંજયે પૈસા આપવા માટે ખૂબ જ આગ્રહ કર્યો, પણ ચિકનાન્જપ્પાએ તેને પૈસા ન જ આપવા દીધા.

ઊભા થતાં થતાં સંજયે પૂછ્યું : 'હું તમને બે દિવસ પછી ફોન કરી શકું?'

'મહેરબાની કરીને તેવું ના કરતા. અમારા વિભાગમાં પોતાનું કામ કરવા કરતાં બીજાઓ શું કરે છે તે શોધવામાં લોકોને વધારે રસ હોય છે. જો તમે મને ઑફિસના કામના કલાકો દરમિયાન ફોન કરો તો મારો ઉપરી એમ જ માની લે કે હું પૈસા બનાવી રહ્યો છું. જો કોઈને પણ ખબર પડે કે હું તમને મદદ કરવાનો પ્રયત્ન પણ કરી રહ્યો છું, તો તેઓ એમ જ માની લેશે કે મેં બધી જ અંદરની છૂપી માહિતીઓ તમને જણાવી દીધી છે. તેઓ મને શિક્ષા પણ કરે. તેઓ બેલ્લારી જેવી કોઈ જગ્યાએ મારી બદલી કરી નાંખે અથવા મને પ્રવાસન વિભાગમાં જ મૂકી દઈ શકે. મહેરબાની કરીને આપણે આમ મળ્યા છીએ તે વાત કોઈને કહેશો નહીં.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજય તે પ્રમાણે કરવાનું વચન આપીને જતો રહ્યો. ચિકનાન્જપ્પા ત્યાં તેના બીજા મુલાકાતીની રાહ જોતો બેસી જ રહ્યો.

બીજે દિવસે ડૉ. કમલાએ સંજયને બોલાવ્યો અને તેને સલાહ આપતાં કહ્યું : 'સંજય, ગયા વર્ષે હું મુંબઈના એક ડૉક્ટરને મળી હતી. તેનું નામ વર્ષા છે અને તેને ટાટા તરફથી આર્થિક સહાય મળી હતી. તેણે કહ્યું હતું કે, ટાટા ફાઉન્ડેશન દર વર્ષે કેટલાક ડૉક્ટરોને આર્થિક સહાય આપી આવી રીતે મોકલે છે. તું સરકારી સહાય મેળવવાની વાત ભૂલી જા. તારે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. ખાનગી બિનસરકારી સંસ્થાઓમાંથી તે મેળવવાનો પ્રયત્ન કર. આવાં સંગઠનો વધારે સ્પષ્ટ ને સ્વચ્છ હોય છે ને માત્ર તેઓ ગુણવત્તાને જ ધ્યાનમાં રાખે છે. ટાટા સિવાય પણ તું બેંગ્લોરમાંની બીજી બિનસરકારી સંસ્થાઓમાં પણ આર્થિક સહાય માટે અરજી કરી શકે.

એક જ ઉપર આધાર નહીં રાખવાનો – એ યાદ રાખજે. તારી અરજી બધે જ ઠેકાણે મોકલી આપજે.'

ડૉ. કમલાએ સંજયને ડૉ. વર્ષાનું સરનામું અને ફોન નંબર આપ્યાં.

પછીનું આખું અઠવાડિયું જુદી જુદી સંસ્થાઓમાં આર્થિક સહાય માટેની અરજીઓ કરવામાં સંજય એકદમ વ્યસ્ત રહ્યો. નકારના જવાબ સાથે સૌથી પહેલો

પત્ર આવ્યો ટાટા ફાઉન્ડેશન તરફથી. તેમણે જણાવ્યું હતું કે, 'તમે આને માટે ખરેખર ખૂબ જ લાયક છે. આપની કારકિર્દી ઉત્તમ છે. અમે તમને જરૂર આર્થિક સહાય આપી હોત, પણ અમારા કેટલાક પાયાના નિયમો નક્કી કરવામાં આવ્યા છે. જેમકે, જે ડૉક્ટરને અમે આર્થિક સહાય કરીએ તે હાલમાં મુંબઈમાં કામ કરતા હોવા જોઈએ. તાલીમ લીધા પછી ડૉક્ટરે ઓછામાં ઓછું ત્રણ વર્ષ સુધી મુંબઈમાં રહી મુંબઈના નાગરિકોની સેવા કરવી પડે. તેથી અમારી ઈચ્છા હોવા છતાં અમે આપને આર્થિક સહાય આપી શકતા નથી તો માફ કરશો. અમારી ખૂબ ખૂબ શુભેચ્છાઓ આપની સાથે છે.'

આ સિવાયની અરજીઓમાં પણ કોઈ ને કોઈ કારણ દર્શાવીને સંજયને ના જ પાડવામાં આવી. કોઈએ કહ્યું, 'અમે પૂરેપૂરી આર્થિક સહાય કરી શકીએ નહીં. અમે માત્ર તમને દસ હજાર રૂપિયા આપી શકીએ.' બીજાએ કહ્યું : 'અમે તમને તાલીમનો અર્ધો ખર્ચ આપી શકીએ. બાકીના અડધાની વ્યવસ્થા તમારે કરવી પડે.' તો બીજાઓએ જવાબ આપેલો, 'અમે અમારું નાણું બીજી યોજનાઓમાં રોક્યું છે, તેથી આ સમયે અમે તમને મદદ કરી શકીએ તેમ નથી.' સંજય ખૂબ જ હતાશ થઈ ગયો.

એક સાંજે ભારે હૈયે તે ઘેર આવ્યો ત્યારે મૃદુલા શિશિરને જમાડતી હતી અને ખૂબ ઉત્સાહમાં હતી. તે કંઈ પૂછે તે પહેલાં જ તેણે કહ્યું : 'એલેક્ષ અને અનિતા અહીં બેંગ્લોરમાં છે. હમણાં જ અનિતાનો ફોન આવ્યો હતો. તેઓ અહીં ચાર દિવસ માટે છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એલેક્ષ અને સંજય એકબીજાના સંપર્કમાં રહેતા હતા. એલેક્ષ આ અનુસ્નાતકનો અભ્યાસ કરવા માંગતો નહોતો. તેથી તે અખાતી પ્રદેશમાં ગયો ને ત્યાં ઢગલો રૂપિયો કમાયો. તેના સસરા મિ. પિન્ટો ખૂબ ખુશ હતા.

એલેક્ષ અને અનિતા દર વર્ષે ભારત આવતાં અને આ વર્ષે તેઓ પોતાની દીકરી જુલિયેટ પ્રતિભા સાથે આવ્યાં હતાં. એલેક્ષ બે અઠવાડિયા રહેવાનો હતો પણ અનિતા ચાર અઠવાડિયાં રહેવાની હતી. તેઓ પોતાનો મોટા ભાગનો સમય ગોઆ, બેંગ્લોર અને મૅંગલોરમાં ગાળવાનાં હતાં. અનિતા ખેલદિલ અને પારદર્શિતાવાળી હતી. બંનેનો ઉછેર એકદમ જુદી જ રીતે થયેલો હોવા છતાં બંને વચ્ચે ગાઢ મિત્રતા હતી. અનિતા હંમેશાં મૃદુલા માટે કોઈ ને કોઈ ભેટ લાવતી.

અંધારું થવામાં હતું. સંજયે પોતાનું સ્કૂટર પાર્ક કર્યું અને હાથ મોં ધોવા ગયો. સંજય જમવાના ટેબલ પર આવ્યો કે મૃદુલા થાળી પીરસતાં પીરસતાં તેને કહે છે : 'હું તેઓને જમવા માટે બોલાવવાની છું. આપણે બહાર જમવા જઈશું. તેમણે તેમની દીકરીને થોડા દિવસ માટે મૅંગલોરમાં મૂકી છે, તેથી તે એમની સાથે નથી.'

સંજય કશું જ બોલતો નથી.

‘આપણે બેબીને કયા નામે બોલાવીશું – જુલિયેટ કે પ્રતિભા? મને તો જુલિયેટ નામ ગમે છે. તને શું લાગે છે?’

સંજય હજી પણ શાંત હતો.

‘તને ખબર છે તેઓ અહીં ઘર ખરીદવા માંગે છે? પણ મને સમજ નથી પડતી કે તેઓ બેંગ્લોર કેમ પસંદ કરે છે? બેમાંથી કોઈ અહીંનું નથી. શું ઍલેક્ષે આ અંગે તારી સાથે કંઈ વાતચીત કરી હતી?’

સંજયના જવાબની રાહ જોયા વગર જ તેણે ઉત્સાહપૂર્વક કહેવાનું ચાલુ જ રાખ્યું, ‘અનિતાને હુબલીની કાસૂતી સાડી લેવાનું મન છે. તેનો આગ્રહ છે કે મારે તેને એકવાર તો ત્યાં લઈ જવી જ પડશે. ટ્રાફિક આઇલેન્ડ ક્રૉસરોડ ઉપરની પેલી ગોમાન્તક હોટલની તો તને ખબર છે ને! તેના માલિકને ઍલેક્ષ સાથે સંબંધ છે, જ્યારે અનિતા નાની હતી ત્યારે તેણે હુબલી જોયું હતું. મેં કહ્યું કે જો માત્ર તું ત્યાં એ સાડી ખરીદવા જ જવા માંગતી હોય તો એટલા માટે ત્યાં જવાની જરૂર નથી. મારી વર્ષગાંઠ પર મારી માએ મને કાળા રંગની એવી સાડી મોકલી આપી છે ને મેં હજી તે પહેરી જ નથી. આવી હતી તેવી જ છે. હું તે અનિતાને આપી શકું ને વળી કાસૂતી સાડીની નવી દુકાન હોસૂરમાં પણ ખૂલી છે. હું તે અહીંથી પણ લઈ શકું.’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજય બહુ શાંતિથી પોતાનું ભોજન કરતો હતો પણ તેનું ચિત્ત બીજે ક્યાંક હતું. હવે મૃદુલાને સમજાયું કે સંજય મારી વાત સાંભળતો જ નહોતો. તેણે પૂછ્યું, ‘તું કેમ કશું બોલ્યો નહીં? હૉસ્પિટલમાં કોઈ મુશ્કેલી ઊભી થઈ છે?’

સંજયે શાંતિપૂર્વક ખાવાનું ચાલુ રાખ્યું.

મૃદુલાએ ફરી વાતો કરવાનો પ્રયત્ન કર્યો.

‘USA જવા માટેની તારી આર્થિક સહાય બાબતે શું થયું? મને ખાતરી છે કે તે તને જરૂર મળશે. તું તો ઊંચો ક્રમ ધરાવતો અને બહુ બુદ્ધિશાળી વિદ્યાર્થી છે. સતીશ અને શૈલા પણ કામ માટે બેંગ્લોર આવવાનાં છે, પણ ત્યાં સુધીમાં તો તું કદાચ અમેરિકા હોઈશ. શૈલા સતીશ કરતાં વધુ ચબરાક છે. તેણે હુબલીમાં ઘર બનાવવા માટે લોન પણ લઈ લીધી છે. તે તેનાં બાળક સાથે ગયા વર્ષે જ સરલાને મદદ કરવા અમેરિકા પણ જઈ આવી. લોકોને મદદ કરવી તેને ગમે છે પણ ક્યાંય તે વ્યક્તિગત લાગણીઓથી બંધાતી નથી. હું શૈલાને પંદરેક દિવસ આપણી સાથે રહેવા કહું? તે કાયમ આપણે માટે કંઈક ને કંઈક લાવે છે. ઓહ, જો મને યાદ આવ્યું. હજી તો વધારે સમાચાર તારે માટે છે. આવતી સાલ સરલા અને પ્રસન્ના પણ કદાચ ભારતમાં પાછાં આવી જાય. પણ તેઓ બેંગ્લોર કે મુંબઈ ક્યાં સ્થાયી થશે તેની મને ખબર નથી.’

તે પૂરું કરે તે પહેલાં જ સંજય ઊઠ્યો અને હાથ ધોવા લાગ્યો. મૃદુલા તેની પાછળ પાછળ ગઈ અને પૂછ્યું : 'શું હું શૈલાને અહીં રહેવાનું કહું?'

નાનો અને મધુરો એક જ જવાબ સંજયનો હતો : 'ચોક્કસ.'

'મને ખબર જ હતી કે તમે ના નહીં કહો. અલાદહલીમાં અમારે ઘેર કાયમ મહેમાનો હોય અને આનંદ આનંદ છવાયેલો રહે. મને મારી આસપાસ માણસો હોય તે બહુ ગમે. નહીં તો મને એકલતા સાલે. તમને વાંચવામાં અને તમારા કામથી આનંદ રહે છે, પણ મારે માટે માણસો મહત્ત્વનાં છે.' મૃદુલાએ વળી આગળ કહ્યું : 'અરે! જુઓને, હું યે કેવી ભૂલકણી! જોને આ વાત તો હું લગભગ ભૂલી જ ગઈ હતી. તેઓ આપણને જ્યારે છેલ્લીવાર મળવા આવ્યાં હતાં ત્યારે અનિતાએ મને સોનાની માળા ભેટ આપી હતી. મને આવી મોંઘી ભેટ લેવી જરાય ન ગમે. મેં ઘણીયે ના પાડી, પણ તેણે મારી વાત કાને જ ન ધરી. તેને આપણો શિશિર ખૂબ જ ગમે છે અને મને જુલિયેટ. આ વખતે જુલિયેટ માટે હું કંઈક ખરીદવા ઈચ્છું છું. તને કંઈ વાંધો તો નથીને? તને ગમશેને?'

મૃદુલાએ વાસણો સાફ કરવા માંડ્યાં. વાસણોને નાયલોનના કૂચા વડે ઘસતાં ઘસતાં જ તે સંજયની પાછળ સૂવાના ઓરડા તરફ જવા લાગી. સંજયે કહ્યું : 'તને જે ગમે તે તું તેને આપી શકે છે. મેં તને પૈસા વાપરતી ક્યારેય રોકી છે?'

'ના, ક્યારેય નહીં. મેં તારી પાસે બહાર એક રૂપિયો પણ વાપર્યો નથી. હું માનું છું કે પતિપત્નીએ એકબીજાં સાથે પ્રામાણિકતાપૂર્વક રહેવું જોઈએ અને સાથે મળીને નિર્ણયો લેવા જોઈએ. જો મને જાણ કર્યા વગર તું પૈસા વાપરે ને તને કહ્યા વગર હું પૈસા વાપરું તો જીવન જીવવું ખૂબ કપરું થઈ જાય. શું એ સાચું નથી?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજય એકાંત ઈચ્છતો હતો તેથી તેણે કહ્યું : 'હા, તે સાચું છે.'

અચાનક શિશિર ભોજનખંડમાંથી મૃદુલાને બોલાવવા લાગ્યો. બધું જ ભૂલીને, ટેબલલૅમ્પ પાસે વાસણો મૂકીને મૃદુલા શિશિર પાસે દોડી.

પંખો ચાલુ હતો છતાંય ખૂબ ગરમી લાગતી હતી. સંજય જીવન વિશે વિચારવા લાગ્યો 'પરિવર્તન જ એકમાત્ર કાયમી બાબત છે. પરિસ્થિતિ મુજબ માણસે બદલાતા રહેવું જરૂરી છે. થોડીક બાબતો સિવાય મૃદુલા ખાસ બદલાઈ નથી. બેંગ્લોરમાં આવી તે કન્નડ સરસ શીખી ગઈ. તેની રસોઈમાં સુધારો થયો. ને તે સારું પહેરવા, ઓઢવા લાગી. વ્યવસ્થિત કપડાં પહેરતાં શીખી ગઈ. પણ તેનું હૃદય તો તેવું ને તેવું જ છે. મને યાદ છે કે વર્ષો પહેલાં મેં તેને લગ્નના હૉલમાં જોયેલી. તેનું ચિત્ત હજી પણ ખુલ્લી કિતાબ જેવું છે. ક્યારેક, અરે અત્યારે પણ સામો માણસ તેની વાત સાંભળે છે કે નહીં તેનો પણ તેને ખ્યાલ નથી આવતો. તે ખૂબ જ ભોળી છે.'

સંજય નહોતો વાંચી શકતો અને નહોતો ઊંઘી પણ શકતો. વાવાઝોડાની જેમ તેના મગજમાં જાતજાતનું ઘુમરાઈ રહ્યું છે. તે પોતાનો પ્રશ્ન મૃદુલા સાથે ચર્ચે તો પણ તે આ નાજુક પરિસ્થિતિ સમજી નહીં શકે. તે તો પોતાના સુખના પ્રદેશમાં રાચે છે ને અનિતાને મળવા ઉતાવળી થઈ રહી છે. એ નથી સમજી શકતો કે મૃદુલા બધી જ વાત અનિતાને કેવી રીતે કહી શકતી હશે? તે કોઈ વાત છાની રાખી શકતી નથી. સૌથી દુ:ખની વાત તો એ છે કે મૃદુલા એવું જ માને છે કે બધાં તેના જેવાં જ છે.

સંજયને તેમનાં લગ્ન પછીની એક ઘટના યાદ આવી. તેઓ હુબલીથી બેંગ્લોર જઈ રહ્યાં હતાં. રસ્તામાં મૃદુલાએ તેને કહ્યું : 'હું તને એક ખાનગી વાત કહું છું – સતીશની ખાનગી વાત.'

સંજયને તો યાદ પણ નહોતું કે કોણ સતીશ? એટલે મૃદુલાએ કહ્યું : 'તે મારો પિતરાઈ થાય.'

'અરે! હા. મને યાદ આવ્યું.'

'તેના વિશે તારો શું અભિપ્રાય છે?'

'તે સારો છે.'

'તને ખબર છે? તે મને પરણવા ઇચ્છતો હતો.'

સંજયના કાન અકદમ સરવા થઈ ગયા.

તે પોતાનું કુતૂહલ રોકી ન શક્યો. તેણે પૂછ્યું :

'આવું તને કોણે કહ્યું?'

'કોઈએ નહીં.'

'તો પછી તેં આવું કેમ માની લીધું?'

'મેં મારો ફોટો એના પાકીટમાં જોયો હતો.'

'ક્યારે?'

'આપણા વિવાહ થયા તે પછી.'

સંજયે તરત જ પૂછ્યું : 'તો પછી તેં શું કર્યું?'

'મને એ ગમ્યું નહીં અને ફોટો કાઢી લીધો.'

'તો પછી તેણે શું કહ્યું?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

‘કંઈ નહી. મને પણ ખૂબ નવાઈ લાગી. મને તો તેના માટે આ પ્રકારની લાગણી ક્યારેય થઈ નહોતી. અરે! સપનામાંય આવો વિચાર આવ્યો નહોતો. મેં તો કોઈ સાથે આની ચર્ચા જ ન કરી.’

સંજય તેના ભોળપણ પર હસ્યો. તેણે વિચાર્યું, ‘મૃદુલા અને સતીશ સાથે જ ઊછર્યાં છે. કોઈ પણ છોકરાને મૃદુલા ગમી જ જાય તેવી છે. તે એક પ્રકારનો મોહ જ છે. આ વાત તેણે મને કહેવાનું કોઈ કારણ નથી.’

મૃદુલાએ વાત ચાલુ રાખી, ‘હું તારી સાથે બહુ ખુલ્લા દિલની થવા ઈચ્છું છું. જો મારા પહેલાં તને કોઈ છોકરી ગમી ગઈ હોય તો મહેરબાની કરીને મને તે કહી દે. હું બહુ ઝિંદાદિલ છું. મને સાચું જ કહેજો.’

સંજયે થોડી વાર પછી કહ્યું : ‘ના, કોઈ જ નહી. તું જ પહેલી ને છેલ્લી છોકરી છે જેના તરફ હું આકર્ષાયો છું.’ ક્યાંક ઊંડેઊંડે એના મનમાં વસુધાનો ખ્યાલ આવી ગયો પણ તેણે તરત જ તેના ચિત્ત પરથી તેની અસર પણ ભૂંસી કાઢી.

બંગાળના ઉપસાગરમાં આવેલાં વાવાઝોડાને કારણે બેંગ્લોરમાં અવારનવાર વરસાદ પડતો. ત્યાં તો જોરદાર પવન ફૂંકાયો અને થોડાં સૂકા નાળિયેર નીચે પડ્યાં ને તેમના નાનકડા બગીચાનો વીજળીનો બલ્બ ઊડી ગયો. સંજય વિચારોની દુનિયામાંથી બહાર આવ્યો અને બારી ખોલી. ઠંડા પવનની લહેરખી અંદર આવી. આમ તો આ ખૂબ આનંદદાયક હતું. છતાંય સંજયના ચિત્તને શાંતિ નહોતી. બીજે દિવસે ઍલેક્ષ અને શું કહેશે તે, તે જાણતો હતો. ઍલેક્ષ કહેશે : ‘સંજય, વિચાર કર. આખું જીવન સરકારી હૉસ્પિટલમાં નોકરી કરીને અંતે તું કેટલું કમાઈશ? પણ જો તું ખાનગી દવાખાનું શરૂ કરીને કામ કરે તો એક જ વર્ષમાં એનાથી ઘણું કમાઈ શકે. સરકારી હૉસ્પિટલમાંથી નિવૃત્ત થયા બાદ તું પ્રોફેસર તરીકે કામ કરી શકે અને તને વય મુજબનું પેન્શન મળી રહે. સરકારી નોકરીનો મોટામાં મોટો માથાનો દુ:ખાવો એ તેની બદલીઓ છે. તે સાચું છે કે નહી?’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ઍલેક્ષની વાત સાથે સંજય સંમત તો થાય છતાં પણ તેનું દિલ તે સ્વીકારવા તૈયાર નહોતું. જો તે સરકારી હૉસ્પિટલમાં પોતાનું કામ ચાલુ રાખે તો તે આવનારી બીજી પેઢીને પણ ભણાવી શકે. ઑપરેશન, દવાઓ તથા મેડિકલ ક્ષેત્રે થતી અન્ય નવી નવી શોધોથી પોતાની જાતને છેલ્લામાં છેલ્લી માહિતીથી માહિતગાર રાખી શકે. તેને તેના પિતાના શબ્દો યાદ આવ્યા, ‘સંજય, પોતાના દર્દીની પૂરેપૂરી કાળજી રાખવી એ તો ડૉક્ટરની પાયાની ફરજ છે જ. ડૉક્ટર તરીકે તારે દર્દીના દુ:ખને પણ સમજવું જોઈએ ને જેમ ભગવાને તારી કાળજી લીધી છે તેમ તારે તેની કાળજી લેવી જોઈએ, તેમની સેવા કરવી જોઈએ. ભગવાન કંઈ ટી. નરસિપુરાના મંદિરમાં જ રહેતો નથી. તે દર્દીના

રૂપમાં પણ આવે છે.' ત્યારે સંજયે તેમને પૂછેલું : 'પિતાજી! દર્દી સાથે કેવી રીતે વર્તવું?'

'દીકરા, દર્દીને પોતાના પણ કોઈક નિયમો, સંકેતો હોય છે. તેઓ તેમના ડૉક્ટરમાં ભગવાન જુએ છે. એ પછી જ તેઓ તેનામાં વિશ્વાસ મૂકે છે. જો દર્દીને ડૉક્ટરમાં વિશ્વાસ બેસી જાય તો પછી બે વચ્ચે સારો આત્મીય સંબંધ બંધાઈ જાય. આપણા પૂર્વજો કહેતા કે, જો તું એટલે કે ડૉક્ટર દર્દીને પાણી જ આપે તોય તેની શ્રદ્ધા તે પાણીને દવામાં ફેરવી શકે.'

સંજય વિચારવા લાગ્યો : 'મને નવાઈ લાગે છે કે જો મારા પિતાજી આજે જીવતા હોત તો શું કહેત?'

બીજે દિવસે અપેક્ષા પ્રમાણે જ થયું. કૌટુંબિક ભોજન સમયે ઍલેક્ષ સંજયને મળ્યો અને ઍલેક્ષ સંજયની મશ્કરી કરતો હોય તેમ હસતો રહ્યો. તેણે કહ્યું : 'સંજય, મારી વાત માન. સમય ઘણો બદલાઈ ગયો છે. એક વખત એવો હતો જ્યારે ચર્ચના પાદરીને બધા ડૉક્ટર માનતા. એ પહેલાં વાળંદ પણ ડૉક્ટર ગણાતા. પણ આજે ક્યાં ડૉક્ટર ને ક્યાં વાળંદ! બે વચ્ચે કેટલો બધો તફાવત છે! જો હું ચર્ચમાં જઉં તો માત્ર રવિવારે જ મને પાદરીનો ચહેરો જોવા મળે. તબીબી વ્યવસાય એ કોઈ ધંધો નથી. તે હવે એક ધંધો છે. કોઈ પણ વાણિજ્ય સંસ્થામાં ધંધામાં તમારે વ્યવસ્થાપન, ચોક્કસ પદ્ધતિઓ, વેતનની યોગ્ય રીતો અને વ્યાવસાયિક કુશળતા – આ બધાંની ખૂબ જરૂર હોય છે. પહેરવેશ, જીવનરીતિ કે ભાષા – આ બધી જ બાબતોમાં સમય સાથે આપણો સમાજ ખૂબ બદલાઈ ગયો છે. તો પછી દવા કે મેડિકલ ક્ષેત્રે પણ તારે તારો અભિગમ બદલવો જોઈએ એવું તું કેમ નથી સ્વીકારતો? તું માત્ર તારી આસપાસની વસ્તુઓનું નિરીક્ષણ કર. આપણે તારા પિતા જેવા જરાય ના બની શકીએ. માન કે કોઈ દર્દીને કૅન્સર હોય તો, માત્ર ડૉક્ટરની શુભેચ્છાઓ કે ડૉક્ટર પરનો તેનો વિશ્વાસ તેને સાજો ન કરી શકે. ત્યાં ઑપરેશન, શસ્ત્રક્રિયા જ કરવી પડે. એમના જેવો ભાવુક સમાજ હવે ક્યાંય અસ્તિત્વ ધરાવતો નથી. તેથી હું તારા પિતાની વાતમાં જરા પણ સંમત થતો નથી.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજય શાંત જ રહ્યો.

ઍલેક્ષ એક આક્રમક અને શક્તિશાળી નેતા જેવો હતો. તેણે બોલવાનું ચાલુ જ રાખ્યું : 'હું તને ગોઆની એક લોકકથા કહું છું. તને ખબર છે કે ગોઆમાં અનેક ઝરણાંઓ છે જે દરિયામાં જાય છે. જૂના સમયમાં તે ઝરણાંને ઓળંગવા માટે નાની નાની હોડીઓ વપરાતી. તે વખતે કોઈ પુલ નહોતા કે કોઈ સરકારી ડૉક્ટરો પણ નહોતા. કોઈ ગામડાનો ડૉક્ટર આવી હોડીઓનો ઉપયોગ કરી અનેક ગામડાંઓમાં જતો. દર્દીની સારવાર કર્યા પછી તે જ્યારે હોડીમાં પાછો ફરતો ત્યારે તેને જે પૈસા

અપાતા તે જ તેની આવકનો સ્રોત હતો. એક વખતની વાત છે. એક દર્દી માંદો પડ્યો એટલે તેના કુટુંબીઓએ ડૉક્ટરને બોલાવ્યો. દર્દીની સારવાર કર્યા પછી, ડૉક્ટર હોડીમાં બેસી પાછો વળી રહ્યો હતો. તેની સાથે દર્દીના સંબંધીઓ પણ હતા. આ હોડી તરી રહી હતી, ત્યાં અચાનક મોટું તોફાન શરૂ થયું. હોડી ચાલકે કહ્યું કે હોડીમાંથી વજન ઓછું કરવું પડશે. હોડીમાંથી કોઈપણ એક મુસાફરને ફેંકી દો તો જ વજન ઘટશે. તરત જ દર્દીના સંબંધીઓએ ડૉક્ટરને જ પસંદ કર્યો ને ફેંક્યો. આમ કરવાથી તેમને અનેક ફાયદા થયા. તેમણે ડૉક્ટરને કોઈ પૈસા ના આપવા પડ્યા અને તેની સારવારને કારણે તેમનો સગો સાજો પણ થઈ ગયો. તેથી સંજય, સમજ. મુદ્દો એ છે કે 'કૃતજ્ઞતા' જેવું કાંઈ છે જ નહી. તું બહુ આદર્શવાદી છે – તું બહુ બુદ્ધિશાળી છે, બધાની કાળજી લેનારો છે ને તારા દર્દીઓની બધી જ જવાબદારીઓ તું ઉપાડી લે છે, પણ મને સાંભળ. તું નર્સિંગ હોમ શરૂ કર. બેંગ્લોર વિક્સી રહ્યું છે. સૉફ્ટવેરની ઘણી કંપનીઓએ પોતાની ઑફિસો અહી શરૂ કરી છે. આપણે ઘણું સારું કામ કરી શકીશું ને કમાઈ શકીશું.'

પણ સંજયે એને કોઈ જવાબ ન આપ્યો. તેનું મન ઍલેક્ષના શબ્દો સ્વીકારવા તૈયાર નહોતું. તેને તે સ્વીકારવામાં ઘણી તકલીફ પડતી હતી.

❑

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

કૌટુંબિક મુલાકાતો

મૃદુલા જ્યારે ઘેર ન હોય ત્યારે શિશિરનું મુનિઅપ્પાને ઘેર જવાનું ચાલુ હતું. આ દરમિયાન, તેમનો દીકરો અરુણ એક સૉફ્ટવેર કંપનીમાં જોડાયો અને બિહારી છોકરી અનુરાધા, જે એની સાથે જ કામ કરતી હતી તેને પરણ્યો. પ્રારંભમાં તો એનાં લગ્નને માતાપિતાએ સ્વીકાર્યાં જ નહી. ખાસ કરીને મુનિઅપ્પાએ. પણ કાન્તામ્માને ખબર હતી કે આમ કરવાથી તે પોતાનો દીકરો ગુમાવી દેશે. તેથી તેમણે જ મુનિઅપ્પાને સમજાવ્યા ને તેમની સંમતિ મેળવી લીધી.

હવે વાત એવી હતી કે દીકરો ને વહુ – બંને નોકરી કરે. તેમને એ વાતનો આનંદ હતો કે ઘરનાં વડીલો ઘરને સારી રીતે સંભાળી રહ્યાં છે. તેથી તેઓ પણ ત્યાં તેમની સાથે રહેવા આવ્યાં. મુનિઅપ્પાને તો ઇચ્છા હતી કે કોલાર પાછા જવું, પણ કાન્તામ્માને જવું નહોતું. તે કહેતાં : 'આપણે છેલ્લાં ત્રીસ વર્ષથી કોલારથી દૂર છીએ. આ ઉંમરે ત્યાં જઈ આપણે શું કરીશું? એક તો ત્યાં પાણીની તંગી છે ને વળી ગરમીયે ખૂબ પડે છે. એ બધાં કરતાંય, ત્યાં આપણાં ઘણાંબધાં સંબંધીઓ છે, જેમનાં કારણ વગર તેમના ઉપકારો તળે આવવું પડે ને પૈસાના પ્રશ્ને પણ થાય. તેનાં કરતાં તો દીકરા-વહુ સાથે અહી બેંગ્લોરમાં રહેવું સારું પડે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

અરુણ પણ ઇચ્છતો હતો કે તેઓ તેની સાથે રહે. જ્યારે અનુરાધા આ બાબતે બેપરવાહ હતી, તે પોતાનામાં જ મસ્ત હતી. તે હંમેશાં લગભગ પોતાનાં પ્લેયર MP3 પરનાં ગીતો સાંભળ્યાં કરવામાં અથવા કમ્પ્યૂટરમાં જાતજાતની રમતો રમવામાં વ્યસ્ત રહેતી. તેને કન્નડા બોલતાં આવડતું નહોતું કે તે શીખવાનો પ્રયત્ન પણ કરતી નહોતી. અરુણ હિન્દી શીખી ગયો. તેથી તે બે વચ્ચે હિંદી અથવા ઇંગ્લીશમાં વાતચીત થતી રહેતી. અનુરાધા વિચારતી, 'સાસરામાં રહેવું મારે માટે ઘણું સારું રહેશે. જેથી ભવિષ્યમાં મારે બાળકની કાળજી લેવાનાં ઘોડિયાઘરની જરૂર નહી પડે.'

શિશિર મુનિઅપ્પાના ઘરમાં રોજ થોડો થોડો સમય રહેવા ટેવાઈ ગયો હતો. તેઓ તેના પાલક દાદા-દાદી હતાં. તે મુનિઅપ્પાને 'તાતા' અને કાન્તામ્માને 'આજી' કહેતો. શાળા છૂટે એટલે સ્કૂલબસવાળા તેને મુનિઅપ્પાને ઘેર ઉતારી જતા. ત્યાં તે તેનું બપોરનું જમતો, પછી પોતાનું ઘરકામ કરતો અને રાત્રે ઘેર જતો. અરુણ અને અનુરાધાને પણ તે ગમતો. કેટલીકવાર અનુરાધા પોતાની નવી ગાડીમાં શિશિરને બ્રિગેડ રોડ કે એમ.જી. રોડ પર ફરવા લઈ જતી ને તેને માટે રમકડાં પણ ખરીદતી. તેને તેમની જેમ રાગી ખાવાની ખૂબ ગમતી. તે મૃદુલાને કહેતો, 'અમ્મા, તું આજી જેવી રસોઈ બનાવતી નથી. તે રાગીની જાતજાતની સુંદર વાનગીઓ બનાવે છે.'

આ દરમિયાન અલાદહલીમાં સખત પરિવર્તન થઈ ગયું. કિરણ અને વત્સલાને ત્યાં પણ દીકરો થયો. પણ વત્સલા અને મૃદુલા સારા મિત્રો નહોતાં. નવાઈની વાત તો એ હતી કે વત્સલા ગામડાની શેરીમાં ઊછરીને મોટી થયેલી અને તોય મૃદુલાને તે પોતાની હરીફ માનતી હતી. એક વાર ચંપામ્માએ બહુ જ કુશળતાથી ને મૃદુતાથી રુક્માને કહેલું, 'વત્સલા એ મૃદુલા જેટલી કામમાંય હોંશિયાર નથી કે મિત્રભાવનાવાળી પણ નથી, તે સ્વાર્થી અને ગણતરીબાજ છે.'

વત્સલા બહુ ઝડપથી ગુસ્સે થઈ જતી. તેને પોતાના જીવનથી સંતોષ નહોતો. તેને ગામડા કરતાં શહેરમાં રહેવાનું વધુ ગમતું હતું. તે કહેતી, 'આ ગામડામાં રહીને શું કરવાનું? બસ રોજ એ જ ખેતરપાતરની પ્રવૃત્તિઓ – બિયારણ લાવો ને વાવો, પાકની લણણી કરો, અનાજને ભરો ને ખાતર મેળવો. બાકીના સમયમાં ધાર્મિક પ્રવૃત્તિઓ હોય, જેવી કે હનુમાન જયંતી. આમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર ના હોય! જો એને બદલે આપણે હુબલીમાં હોઈએ તો, ત્યાં ઘણી બધી પ્રવૃત્તિઓ છે જે આપણે કરી શકીએ. હું આ જગ્યાથી હવે કંટાળી ગઈ છું, થાકી ગઈ છું.'

કિરણને તે સતત આવી ફરિયાદ કર્યા જ કરતી. કિરણ શાંત હતો અને ઓછા આવેશવાળો હતો, તેથી મોટેભાગે તે તેને કોઈ જવાબ નહોતો આપતો. પણ કેટલીક વાર તે કહેતો, 'તું આખો વખત ફરિયાદ જ કેમ કરતી રહે છે? તું મને પરણી ત્યારે જાણતી જ હતી કે ગામડું કેવું હોય છે? અહીંયાં રહેતી હતી ત્યારે મૃદુલા ક્યારેય આવી રીતે કંટાળતી નહીં. અમારાં બધાં કરતાં તે કામમાં વધારે ગૂંથાયેલી રહેતી હતી. ચંપાક્કા પાસેથી તું પણ ઘણી વસ્તુઓ શીખી શકે. તેમને અનેક પ્રકારની રસોઈ અને રંગોળીઓ આવડે છે. મૃદુલાની જેમ તું પણ તેમના બગીચામાં જઈને તેની સંભાળ રાખી શકે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

આવા સમયે વત્સલા હદ બહાર ગુસ્સે થઈ જતી, ઊકળી ઊઠતી. તે કહેતી, 'તમારી બહેન વિશે કોઈ જ વાત ના કરો. તેને બીજું કશું આવડતું જ નહોતું તેથી જ તે આવાં બિનજરૂરી કામો શીખી હતી અને કરતી હતી. તેને ખબર હતી કે એક દિવસે પોતે તો પરણીને શહેરમાં જતી રહેવાની છે. તેથી તેને અલાદહલીમાં આનંદ આવતો હતો. એ તો અહીં થોડો સમય રહેવાની હતી. તમારી બહેન હવે તો અલાદહલીમાં ભાગ્યે જ આવે છે કારણ કે તેને બેંગ્લોર ગમે છે. મને ચંપાક્કા વિશે પણ કંઈ ના કહેતા. તે હંમેશાં મારી સરખામણી મૃદુલા સાથે કરે છે અને બહુ જ બોલ બોલ કરે છે.'

વત્સલાને તો બસ લડવા માટે કોઈ કારણની જ જરૂર રહેતી. તે તો મૃદુલાનું નામ સાંભળવા પણ તૈયાર નહોતી. તે હુબલીમાં જ રહેવા ઈચ્છતી હતી અને માત્ર શનિ-રવિ જ અલાદહલીમાં આવવા માંગતી હતી. જ્યારે તેણે હુબલીમાં ઝવેરાતની દુકાનો

જોઈ, ત્યારે તેને તેવાં ઘરેણાં ખરીદવાનું મન થઈ ગયું, પણ તેનાં ઘરનાં વડીલોએ તેને તેમ કરવાની ના પાડી.

આખા વર્ષમાં મૃદુલા એક કે બે વાર જ ગામડે આવતી. હવે તો રુક્માને પણ વાની તકલીફ થઈ હતી અને ભીમાન્નાને કાને ઓછું સંભળાતું હતું. પણ મૃદુલાને વત્સલા સાથે બહુ ગોઠતું નહીં. વત્સલા તેને મહેણાંટોણાં મારવાનું અને જેવી એ આવતી કે ઝઘડોટંટો શરૂ કરી દેતી. મૈત્રીભર્યા વાતાવરણના અભાવને કારણે થાળીએ પીરસેલું કોઈ ખાઈ પણ ન શકતું અને વત્સલા તો રડવા જ માંડતી. પછી તે પોતાના દીકરાને લઈને પોતાની માને ઘેર જતી રહેતી. આથી મૃદુલા ખૂબ દુ:ખી થઈ જતી, અને એટલે જ તે વધુમાં વધુ પંદરેક દિવસ જ અલાદહલીમાં રહેતી.

સંજય તેને મશ્કરીમાં કહેતો, 'મૃદુલા, તું તો એટલી બધી બોલકી છે, વાતોડિયણ છે કે પથ્થર પણ તારો મિત્ર થઈ જાય.'

મૃદુલા દુ:ખી હૃદયે વિચારતી, 'હા, હું પથ્થરો સાથે વાતો કરી શકું, પણ પથ્થરહૃદયનાં માણસો સાથે નહીં.'

અલાદહલીથી તે હુબલી સતીશના ઘેર જતી. એકાદ અઠવાડિયું ત્યાં રહેતી. શૈલાને અતિથિસત્કાર કરવો ખૂબ ગમતો પણ શિશિર આવતો અને હુબલી બંને સ્થળે કંટાળી જતો. તે બેંગ્લોર પાછા જવાનું જ કહ્યા કરતો. તેને માત્ર પોતાના ઘરમાં અને કાન્તામ્મા-ના ઘરમાં જ રહેવું ગમતું.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજયના બનેવી શંકરને બઢતી મળી. તે આસિસ્ટન્ટ મૅનેજર થયો. આથી તેને કાર મળી, પણ તેઓ ભાગ્યે જ મૃદુલા અને સંજયને ઘેર જતાં. લક્ષ્મી સંજયની બહુ નજીક નહોતી. રત્નામ્મા તો ક્યારેય બેંગ્લોર આવતાં જ નહીં. ક્યારેક શિશિર ટી. નરસિપુરા જતો. રત્નામ્મા ત્યારે રોજ પોતાની દુકાનમાંથી એને બે કેળાં આપતાં. તે તેને શિખામણ આપતાં, 'શિશિર, તારે ખોટો ખર્ચ કરવો જોઈએ નહીં. ક્યારેક જો કોઈ તને પૈસા આપે તો તારે તેને બચાવવા જોઈએ, તેનું ક્યાંક રોકાણ કરવું જોઈએ જેથી તેમાં વધારો થાય. મીઠાઈઓ ખરીદીને કે બીજી કોઈ રીતે બધું વાપરી ન નાંખવું જોઈએ. વળી મીઠાઈ એ શરીર માટે પણ બહુ સારી ન ગણાય.' પછી તે કહેતી, 'મારા દીકરા, હું જે કાંઈ કમાઉં છું ને અત્યાર સુધી મેં જે કાંઈ બચાવ્યું છે, તે મારાં મરણ પછી તારું જ છે' છતાંય હજી પણ રત્નામ્મા અને શિશિર વચ્ચે કોઈ જ પ્રકારનો લાગણીના તંતુનું બંધન નથી.

હમણાંની અનિતા બેંગ્લોરમાં હતી ને મૃદુલા નિયમિત રીતે તેની સાથે ખરીદીએ જતી. અનિતા ત્યાં અખાતી-પ્રદેશોમાં સુખી નહોતી. તે કહેતી, 'હું ત્યાં કંટાળી ગઈ છું.'

‘તો પછી તું ત્યાં કોઈ કામ કેમ નથી કરતી?’

‘ત્યાં સ્ત્રીઓ કામ ન કરી શકે. જ્યારે અમે બહાર જઈએ ત્યારે મારે બુરખો પહેરવો પડે. તેમના ધર્મમાં કહ્યા પ્રમાણે ત્યાં દરેક સ્ત્રીને બુરખો પહેરવો જ પડે. ત્યાં શિક્ષિકા, ડૉક્ટર કે નર્સ જેવા વ્યવસાય સિવાયમાં સ્ત્રીઓને પ્રતિબંધ હોય છે. મારે મારો સમય કેવી રીતે કાઢવો તે જ મને સમજાતું નથી.’

‘અરે તારે તો ઘરમાં પણ ઘણાં કામ હોય.’

‘ના રે. ઘરમાં પણ મારે ભાગ્યે જ કરવાનું આવે છે. અમારે ત્યાં ક્યારેય મહેમાનો આવે જ નહી. ઍલેક્ષ હંમેશાં પોતાનાં કામમાં વ્યસ્ત રહે છે. તું જાણે છે કે મને ભજનમંડળીમાં અને ચર્ચમાં જવાનો શોખ છે. ખૂબ ગમે છે પણ નથી જવાતું. ત્યાં તમે એક જ વસ્તુ કરી શકો. ત્યાં સોનાની દુકાનો હોય છે. તમે ત્યાં આવી દુકાન ખોલી શકો.’

‘અરે! ખરેખર! ત્યાં સોનાની ઘણી દુકાનો હોય છે?’

‘જેમ અહી કટલરીની દુકાન હોય તેવી જ ત્યાં સોનાની દુકાન હોય. ત્યાં ઘરેણાંનું ઘણું જ વૈવિધ્ય હોય. તે પીળાં ચમકદાર હોય. ઝળાંહળાં અજવાળાં સાથે અહી બધી જ ખરીદીના મોલ સેન્ટ્રલી એરકંડિશન્ડ જ હોય. તેના અજવાળામાં તો ઘરેણાં બહુ જ ચમકતાં હોય. પણ મૃદુલા, મને તો સોનું પહેરવું જ નથી ગમતું. જ્યારે હું ઝવેરાત પહેરું ને મારી મિત્રો મને અભિનંદન આપે, મારાં વખાણ કરે તો મને ગમે. પણ ત્યાં તેવી શક્યતા નહી જેવી જ હોય છે, તેથી હું કશું પહેરતી જ નથી.’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

‘અનિતા, તું તારાં સાસરિયાંને તારે ત્યાં કેમ નથી બોલાવતી?’

‘મારાં સાસરિયાં ગોઆ છોડવાં માંગતાં જ નથી. મીરામર બીચ પર તેમનું ઘર છે. તેમની પાસે કાજુનું મોટું ફાર્મ છે. વળી તેમને જથ્થાબંધ તાજી માછલીઓ મળે છે. તેમનું ઘર જ સ્વર્ગ છે. ચર્ચ પણ નજીક છે. તેમનાં ઘરમાં પાણી જેવાં જ ફેન્ની વહે છે. હવે તું જ કહે, તેઓ બીજે કશે શા માટે જાય? મારાં માતાપિતાને ત્યાં આવવામાં જરાય રસ નથી. મૃદુલા, જો હું તને ટિકિટ મોકલું તો તું ત્રણ મહિના માટે ત્યાં આવીશ?’

‘અનિતા, તેમાં તો ઘણો ખર્ચ થાય.’

‘અરે, એ તો મારા તરફથી તને ભેટ રહેશે. જો મારે બહેન હોત ને તેને ત્યાં આવવું હોત તો હું આમ જ કરત. તું તો મારે મન બહેન કરતાંય વિશેષ છે. જો તને એમ કરતાં સારું લાગતું હોય તો હું ખરીદીનો ખર્ચ તારા પર છોડી દઈશ.’ અનિતાએ બોલવાનું ચાલુ રાખતાં કહ્યું, ‘મૃદુલા, થોડાં વર્ષ પછી અમે ભારત પાછાં આવવાં ઈચ્છીએ છીએ. મેં ઍલેક્ષને કહી દીધું છે કે જો આપણે અહી પાછાં આવીએ તો આપણે બેંગ્લોરમાં જ સ્થાયી થઈશું. આ એક મોટું શહેર છે. તેમાં ઘણી બધી શાળાઓ છે ને

વળી પંચરંગી વસ્તીવાળું છે. પણ અહીં હું હજી પણ કન્નડામાં બોલી શકું. તેનાથી પણ વધારે મહત્ત્વની બાબત તો આ છે કે અહીંયા તું છે.'

અનિતા એકદમ સીધી, ઉમદા અને ઘણી પ્રેમાળ છે. જ્યારે તેઓ વાતો કરતાં હોય ત્યારે તે મૃદુલાના હૃદયને સ્પર્શી જાય તેવું બોલે. તેમની વચ્ચે સારી સમજણ હતી. મૃદુલા લક્ષ્મી, વત્સલા કે બીજા કોઈ સાથે આવું અનુભવી શકતી નહોતી.

આ દરમિયાન સંજયને નિરાશ કરે તેવા સમાચાર આપતો ચિકનાન્જપ્પાનો ફોન આવ્યો. તેણે કહ્યું : 'ડૉક્ટર, મેં બધી જ ખાનગી ફાઇલો તપાસી લીધી. તેમાં ત્રણ વ્યક્તિઓ છે જેમને આમાં આર્થિક સહાય મળવાની છે. એમાં એક ઉમેદવાર ગુલબર્ગાનો છે. તે વિરોધપક્ષના કોઈ મહત્ત્વની વ્યક્તિનો સંબંધી છે. જો તેને તેઓ આર્થિક સહાય ન આપે તો સંસદમાં ભારે હંગામો થઈ જાય. બીજો ઉમેદવાર કોલારનો છે. મને જાણવા મળ્યું છે તે પ્રમાણે તેના કાકા સરકારને મશીનો આપે છે, ત્રીજો માણસ ડૉ. સુરેશ છે. તેમના પિતા પ્રધાન છે તેથી તેમની પસંદગી થઈ છે. ડૉક્ટર, મહેરબાની કરીને આ વાત છાની રાખજો. મેં તમારી સાથે આની ચર્ચા કરી છે તેવું કોઈનેય ખબર ન પડવી જોઈએ. મારી પાસે એવી કોઈ સત્તા નથી કે આમાંના કોઈપણ એક ઉમેદવારને હઠાવી તેને બદલે તમને આર્થિક સહાય આપી શકું. હું આનાથી વધારે માહિતી જ આપી શકું.'

'ચિકનાન્જપ્પા, તમારો ખૂબ ખૂબ આભાર. તમે મારે માટે ઘણી બધી તકલીફ ઉઠાવી છે. હું તમને ક્યારેય ભૂલીશ નહીં.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજયે ફોન મૂક્યો. તે વિચારવા લાગ્યો, 'આમાંના કોઈ પણ ઉમેદવાર નથી સ્ત્રીરોગના નિષ્ણાત કે નથી વ્યાખ્યાતા. આમને અપાયેલી તાલીમ સરકારને માથે જ પડવાની છે. તેમની ગુણવત્તાને કારણે નહીં પણ તેમના સંબંધોને કારણે તેઓ પસંદ થયાં છે. ઍલેક્ષ મને કહેશે કે મેં કહ્યું જ હતું કે એકલી આવડત હોવી એ પૂરતું નથી, નિરર્થક છે. માણસે સાચા સમયે સાચી જગ્યાએ હોવું જરૂરી છે.' તેણે ચિકનાન્જપ્પાનો મનોમન આભાર માન્યો, 'આખરે હું પસંદ નથી થયો તે વાત તો તેમણે મને કહી. નહીં તો હું આશામાં રાહ જોયા જ કરતો હોત.'

રાત્રે ઍલેક્ષ અને અનિતા સંજયને ઘેર જમવા આવ્યાં. ઍલેક્ષે સંજય સામું જોયું અને સમજી ગયો કે કંઈક ગરબડ છે. તેણે પૂછ્યું : 'સંજય, શી વાત છે?'

સંજયને એની સાથે વાતની ચર્ચા કરવાનું મન નહોતું. એણે કહ્યું : 'ના રે, કંઈ નથી.'

'સંજય, તું મારાથી કંઈ જ છુપાવી શકશે નહીં. હું તને બહુ સારી રીતે ઓળખું છું. તારા ડિપાર્ટમેન્ટમાં કોઈ મુશ્કેલી છે? તેં કંઈ ન કર્યું હોય તેવા કોઈ કારણથી તારી

બદલી કરવામાં આવી છે કે દંડ કરવામાં આવ્યો છે?'

'ના ઍલેક્ષ, એવું કંઈ જ નથી. મને કઈ વાતની ચિંતા થઈ રહી છે એ હું તને જણાવીશ તો પણ તેનો ઉકેલ આપણા હાથમાં નથી. તું મને શું કહેશે એની પણ મને ખબર છે.'

'સંજય, મારું ગણિત જુદું છે. ચાલ આપણે ધારી લઈએ કે તારો પગાર દસ હજાર છે. તેમાંનો અડધો પગાર એ તારી આસપાસ ચાલી રહેલા ભ્રષ્ટાચાર કે અન્યાયોના સ્વીકાર માટેનો છે અને બાકીનો અડધો એ તારા કામ માટેનો છે. જો તું આ વાત હજી સુધી સમજી ન શક્યો હોય તો તું મૂર્ખ છે.'

'તારા કહેવા પ્રમાણે હું હંમેશા મૂર્ખ જ રહીશ.'

'સંજય, મારો હેતુ તને દુ:ખ પહોચાડવાનો નથી. તું જાણે જ છે કે તેં તારી કારકિર્દીના સંદર્ભે કેટલાક નિર્ણયો લઈ જ લીધા છે.'

અનિતા બહુ જ સહજતાથી, સરળતાથી તેમને છોડીને મૃદુલાને અંદર રસોડામાં મદદ કરવા જતી રહી.

સંજયે આર્થિક સહાયની બાબતે બધી જ વાતો ઍલેક્ષને કહી. જમવાના ટેબલ પર ઍલેક્ષે કહ્યું : 'મૃદુલા, સંજયને મેં એની કારકિર્દી માટે મારો અભિપ્રાય આપ્યો છે. મને ખબર છે કે નવા મકાન ખરીદવા માટે તમે બંનેએ લોન લીધી છે. આ ગતિએ જોતાં તો એમ લાગે છે કે લોન ભરપાઈ થતાં હજી તમારે બાર વર્ષ થશે. એ વખતે શિશિર કૉલેજમાં હશે. તમે બંને ભણેલાં છો ને તમે ભણતરને જ પ્રાધાન્ય આપશો. જો શિશિર તબીબી વિદ્યાનો અભ્યાસ કરવા ઇચ્છતો હશે, ને સારા ટકા હોવા છતાં તેને જો પ્રવેશ ના મળે તો તમે શું કરશો? તે વખતે તમને સમજાશે કે માત્ર ગુણવત્તા અને બુદ્ધિમતાને જ મહત્ત્વ આપવામાં આવતું એ દિવસો હવે જતા રહ્યા છે. આજે દરેક ક્ષેત્રમાં સ્પર્ધા ખૂબ વધી ગઈ છે અને દરેક બાબતોમાં અનામત પ્રથા થઈ ગઈ છે. એક સાચા અને સારા મિત્ર તરીકે મારે તમને સત્ય હકીકતો કહેવી જોઈએ – તમને તેનાથી દુ:ખ થાય કે અપમાન જેવું લાગે તો પણ. તમે તમારી જાત સામે જ જુઓ. સંજય, તું હજી પણ સ્કૂટર પર રઝળપાટ કરે છે. તારા જ વિદ્યાર્થીઓ પોતાના ખાનગી દવાખાનાની કમાણીમાંથી ત્રણ વર્ષમાં તો ગાડીઓમાં ફરતા થઈ ગયા. પાંચ વર્ષમાં તો તેમણે પોતાનાં ઘર બનાવી દીધાં. આઠ વર્ષમાં તો તેમણે પોતાનાં નર્સિંગ હોમ – હૉસ્પિટલો બાંધી દીધી. બોલ, એ સાચું નથી?'

સંજય જાણતો હતો કે ઍલેક્ષ સાચો છે. ઍલેક્ષે ચાલુ રાખ્યું : 'તેજસ્વિતાની સાથે વ્યવહારદક્ષતા પણ અનિવાર્ય છે. વધારે પૈસા કમાવા એ કાંઈ ખોટી વસ્તુ નથી.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

જો લોકોને તમે મદદ કરવા ઈચ્છતા હો તો તમારી કમાણીના થોડાક ટકા દાનમાં આપો અથવા કેટલાક ગરીબ દર્દીઓને મફત દવા આપો.'

સંજયને વિચાર આવ્યો કે ગરીબ દર્દીઓ તો સરકારી હૉસ્પિટલોમાં જ જાય છે. પણ ઍલેક્ષને સાંભળ્યા બાદ તેને સમજાયું કે ખાનગી પ્રૅક્ટિસ કરવામાં પણ તે ગરીબોને મદદ કરી જ શકે. ઍલેક્ષે કહ્યું : 'હવે મારી સામે જો. અખાતી પ્રદેશોમાં કામ કરીને મેં ખૂબ પૈસા ભેગા કર્યા છે. હું પણજીના અમારા ચર્ચમાં ઘણી મદદ કરું છું ને અનિતા મૅંગલોરના અનાથાશ્રમમાં મદદ કરે છે. મેં મારા ભાઈ માટે કાજુની વાડી ખરીદી છે. મારું કુટુંબ સુખી છે, ખુશ છે. પૈસો એ ઉપયોગી સાધન છે. તે છરી જેવો છે – એનાથી તમે માણસને મારી શકો અથવા તમે સફરજન સમારી પણ શકો. તેનો ઉપયોગ શો કરવો એ તમારા હાથમાં છે.'

ઍલેક્ષ મૃદુલા તરફ ફર્યો, 'તારે તો સરકારની સ્થાયી નોકરી છે. એટલે જો કદાચ સંજય આ નોકરી છોડી દે તો તારે માટે જીવન જીવવામાં તો કોઈ મુશ્કેલી ન થાય. હા, લોનના હપ્તા ભરવાની બાબતમાં ગરબડ થઈ શકે. કોઈ પણ લક્ષ દુ:ખ વગર પ્રાપ્ત થતું નથી. હું થોડાં વર્ષો પછી ભારત પાછા આવવાની યોજના વિચારી રહ્યો છું. હમણાં તો હું મારા ધંધા માટે સારા ભાગીદારને શોધી રહ્યો છું. એ માટે હું પહેલો પ્રસ્તાવ સંજય પાસે મૂકું છું. જો તે કદાચ ના પાડે તો પણ મને કંઈ જ ખરાબ નહીં લાગે. હું એની દરકાર નથી કરતો, પણ મને લાગે છે કે આ એને માટે એક મોટી તક છે. હું કંઈ ખાલી કહેવા ખાતર જ નથી કહેતો કારણ કે મારે સંજયની જરૂર છે. હું ઇચ્છું છું કે તે મારો ભાગીદાર થાય. તને અને તારા કુટુંબને આનાથી ખૂબ લાભ થશે. આ વિશે તું વિચારજે. સંજય તેની નોકરી છોડશે નહીં ને પાછળથી પસ્તાશે.'

ઍલેક્ષ અને અનિતા જમીને ગયાં પછી મૃદુલાએ સંજયને પૂછ્યું : 'તમે ઍલેક્ષના પ્રસ્તાવ વિશે શું વિચાર્યું? આ એક બહુ મહત્ત્વનો નિર્ણય છે. જે તમે કરી રહ્યા છો તેનાથી જો તમને આનંદ ન હોય, સંતોષ ન હોય તો તમારે આ અંગે વિચારવું જ જોઈએ. સરકારી સંસ્થામાં કામ કરવામાં વચ્ચે અનેક અવરોધો આવતા હોય છે. બદલીનો તો મોટો પ્રશ્ન છે જ. મારી નોકરી હોવા છતાં બેંગ્લોરમાં રહેવું કેટલું અઘરું છે તેની મને ખબર છે. આપણે તો લોકો સાથે એવા બહુ જોડાયેલા નથી, પણ મારો સ્વભાવ થોડો જુદો છે. હું જીવનને આટલી બધી ગંભીરતાથી લેતી નથી. તમે તમારી લાગણીઓ, ભાવનાઓ, વિચારોને બીજાઓ સાથે વહેંચતા નથી અને બધી જ વસ્તુઓને બહુ ગંભીરતાથી જુઓ છો. તેથી કદાચ તમે રાજીનામું આપી દો અને તમારું પોતાનું કંઈક શરૂ કરો.'

'પણ મૃદુલા, તું ધારે છે એવું આ બધું કંઈ સહેલું નથી. ખાનગી પ્રૅક્ટિસ શરૂ કરવી એટલે એનો અર્થ એ નથી કે તરત જ પૈસાનો વરસાદ થવા માંડે. એમાં સ્થિર

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

થતાં વર્ષો વીતી જાય. ત્યાં સુધી તો તારો પગાર એ જ આપણી આવકનો સ્રોત રહે. થોડાં વર્ષો પછી આપણામાં એટલો જ ઉત્સાહ ન પણ હોય. છેવટે આપણામાંથી સૌથી વધારે ભાર તો તારે જ ખેંચવાનો રહેશે.'

'સંજય, મારી ચિંતા ના કરશો. મને આડેધડ ખરીદી કરવાની આદત નથી કે હું ખર્ચાળ પણ નથી. મારી મુશ્કેલીઓ કરતાં તારા કામમાં તને સંતોષ અને આનંદ મળતો હોય એ મારા માટે વધુ મહત્ત્વનું છે. આજસુધી મેં ઘેર ટ્યૂશન કર્યાં નથી. હવે શિશિર પણ મોટો થઈ ગયો છે. હું સાંજ પડ્યે ઘેર રહીને ટ્યુશનો કરવાનું પણ ચાલુ કરી શકું.'

સંજય આવું સાંભળી ગળગળો થઈ ગયો. તેને વિચાર આવ્યો, 'મૃદુલા મારા કરતાં ઘણા સારા સમૃદ્ધ ઘરની છે. તે દેખાવડી પણ છે. તે બીજા કોઈને પણ પરણી શકત. મને પરણીને, તે મધ્યમ વર્ગનું જીવન કેવું છે તેનો તેને ખ્યાલ આવી ગયો છતાંય તે ખુશ છે, સુખી-આનંદમાં છે. તેની પિતરાઈ બહેન સરલા આર્થિક રીતે અમારા કરતાં વધુ સમૃદ્ધ છે. પણ મૃદુલા માટે પૈસો ક્યારેય મહત્ત્વનો રહ્યો નથી. જો તેમ જ હોત તો તે મને પરણી જ ન હોત.'

છતાંય પોતાનો આગવો વ્યવસાય – પ્રૅક્ટિસ શરૂ કરવા માટે સંજય અવઢવમાં હતો. તેણે મૃદુલાને કહ્યું : 'નિર્ણય કરવા માટે મારે થોડો સમય જોઈશે.'

❑

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ભ્રમમુક્તિ

હૉસ્પિટલમાં ઘણા ફેરફારો થઈ ગયા. હાલમાં ડૉ. સરોજ ડિપાર્ટમેન્ટના નવાં અધ્યક્ષા છે. જ્યારે તેઓ અધ્યક્ષા થયાં ત્યારે તેમણે એક વક્તવ્ય આપ્યું હતું, 'હું મારા ડિપાર્ટમેન્ટને વધુ સારો કરવા માંગું છું. આ ડિપાર્ટમેન્ટ ઉત્સાહપૂર્વક સતત થનગનતો રહે તેવું હું ઇચ્છું છું. શક્તિશાળી અને પ્રભાવક વ્યક્તિઓને અહીં પ્રાધાન્ય આપવામાં આવશે.' સંજય ડૉ. કમલાના વફાદાર માણસ તરીકે જાણીતો હતો અને ડૉ. સરોજને ડૉ. કમલા પ્રત્યે અણગમો હતો. ડૉ. સરોજ વિચારતાં હતાં કે ડૉ. સંજય પ્રભાવશાળી નથી. તેથી મહત્ત્વનાં કાર્યોમાં સંજયને હાંસિયામાં ધકેલી દેવામાં આવતો હતો.

ડૉ. કમલાનાં કાર્યકાળ દરમિયાન નિયમોનું બહુ ચુસ્તતાથી પાલન કરવામાં આવતું હતું. દરેક સહાયક ડૉક્ટરને એક રાત્રી માટેની ફરજ બજાવવી અનિવાર્ય હતી અને કોઈ પણ ડૉક્ટરને એકથી વધારે રાતપાળી સોંપવામાં આવતી નહોતી. દરેકને મહિનામાં ઓછામાં ઓછો એક રવિવાર તો રજાનો રહેતો. દાનમાં મળેલ ધનમાંથી જે ભંડોળ ગરીબો માટે અલાયદું રાખવામાં આવેલું તેમાંથી કોઈ પણ પોતાની ફીનો વિચાર પણ નહીં કરવાનો. તેનો ઉપયોગ માત્ર ગરીબોને રક્તદાન માટે જ થતો.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

પણ ડૉ. સરોજના આગમન પછી ફેરફારો થવા માંડ્યા. સંજયને દર અઠવાડિયે બે વખત રાતે ડ્યુટી બજાવવાની રહેતી અને તે જ એક માત્ર એવી વ્યક્તિ હતી જેને એક પણ રવિવારની રજા નહોતી. જ્યારે તેણે ડૉ. સરોજ સાથે આ અંગે વાત કરી ત્યારે તે માત્ર હસતાં રહ્યાં ને મીઠાશથી કહ્યું : 'ઓહ સંજય, તું પ્રામાણિક છે. મને તારા માટે ખૂબ માન છે. જો હું રવિવારની પાળી બીજા કોઈને આપું તો તે ટેબલ નીચેથી પૈસા લે, લાંચ લે. તેમના પર નજર રાખનારું તો કોઈ હોય જ નહીં.'

સંજય જાણતો હતો કે તે ખોટું બોલે છે પણ તેમને કેવો પ્રતિભાવ આપવો કે તેમની સાથે કેવી દલીલો કરવી તેની તેને ખબર નહોતી પડતી. તેણે નિષ્ઠાપૂર્વક પોતાની ડ્યુટી બજાવવાની ચાલુ રાખી.

એક દિવસની વાત છે. પોતાની રાતની ડ્યુટી પૂરી કરીને સંજય ઘરે જવા નીકળતો હતો. ડૉ. સરોજ તે વખતે દવાખાનાની દેખભાળ કરવા નીકળ્યાં હતાં. તે પોતાના સહાયક સાથે પોતાની ઓળખાણોની વાતો મોટે મોટેથી કરતાં હતાં. તેમણે દૂરથી સંજયને જોયો કે તરત જ તેમણે ઇશારા દ્વારા પોતાની પાસે બોલાવ્યો અને તેણે કહ્યું : 'બે દર્દીઓ પ્રસૂતિગૃહમાં છે. તેઓ VIP નાં સંબંધી છે અને બહુ મહત્ત્વનાં છે. કદાચ અત્યારે તો તેમની પ્રસૂતિ થઈ ગઈ પણ હશે. જુનિયર ડૉક્ટરો તેમનું ધ્યાન રાખી જ રહ્યા છે. આમ તો કોઈ પ્રશ્ન નથી પણ મને ઇચ્છા છે કે તે બંનેને તું પણ તપાસી લે.

તને જો કોઈ મુશ્કેલી નજરે પડે તો મને તરત જ જાણ કરજે. બસ, એ જોયા પછી તું ઘેર જઈ શકે છે.

ડૉ. સરોજ જાણતાં હતાં કે ડૉ. સંજય એ બહુ નિષ્ઠાવાન ડૉક્ટર છે. તેથી તે તેના પર ભરોસો રાખી શકે. જ્યારે સંજય દર્દીઓને જોવા ગયો, તો તેને જાણવા મળ્યું કે બંનેની પ્રસૂતિ થઈ ગઈ છે. ત્યાં બે જુનિયર ડોક્ટર્સ બેઠાં હતાં – એમાં એક યુવાન છોકરો હતો ને બીજી છોકરી. તેઓ પોતાનાં મોં નજીક રાખીને બહુ ધીમેથી ગોષ્ઠિ કરી રહ્યાં હતાં. બહુ સ્વાભાવિક હતું કે તે બંને વચ્ચે ખૂબ પ્રેમમય સંબંધ હોય. તેમણે જેવો સંજયને જોયો કે તેઓ એકદમ એકબીજાથી દૂર થઈ ગયાં. સંજયે બંને દર્દીઓને તપાસ્યા. કોઈ પણ તકલીફ વગર બંનેને બહુ જ સહજ પ્રસૂતિ થઈ હતી. તેમને માટે કોઈ ચિંતા કરવાની જરૂર નહોતી.

તેમાંના એક દર્દીનું નામ હતું નન્જામ્મા અને તેનો પતિ પ્રધાનના બંગલામાં માળીનું કામ કરતો હતો. બીજા દર્દીનું નામ હતું કેમ્યુનન્જામ્મા. તેનો પતિ બીજા પ્રધાનને ત્યાં રસોઇયો હતો. આમ તેઓ બંને VIP દ્વારા મોકલાયેલાં દર્દીઓ હતાં. કેમ્યુનન્જામ્માનો પતિ, જે રસોઇયો હતો તેણે બહુ ઉદ્ધતાઈથી સંજયને કહ્યું : 'મારી પત્નીની બરોબર સારવાર કરજો, નહીં તો હું પ્રધાનને ફરિયાદ કરીશ. પછી તે પોતે જ અહીં તપાસ કરવા આવશે અને પોતાની શક્તિનો મિજાજ થોડો પરચો તમને બતાવશે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજય થોડો અસ્વસ્થ થઈ ગયો. આખરે તો તે એક નિવડેલો અને અનુભવી ડૉક્ટર હતો. તેણે જવાબ આપ્યો, 'તમે કહેવા શું માંગો છો? અમે અહીં બધાં જ દર્દીઓની દેખભાળ કરીએ છીએ. તમારી પત્નીને તો કુદરતી રીતે જ સરળ પ્રસૂતિ થઈ છે. તેને કોઈ દવાની જરૂર નથી. હૉસ્પિટલમાંથી તમે કોઈને પણ બોલાવી શકો છો. સારવારની રીત તો એક સરખી જ રહેશે.'

રસોઇયો થોડો ગુસ્સે થયો. સંજયે કંઈ ગણકાર્યું નહીં. તેને અવગણીને તે ડૉ. સરોજ પાસે ગયો ને દર્દીના રિપોર્ટ પાછા આપ્યા. તેણે કહ્યું કે બધું એકદમ બરાબર છે, સરસ છે. પછી સંજય હૉસ્પિટલમાંથી નીકળી ઘેર ગયો.

ત્રણ દિવસ પછી ડૉ. સરોજે પોતાની ચૅમ્બર પાસેથી પસાર થતા ડૉ. સંજયને જોયો. તેણે સંજયને બૂમ પાડી બોલાવ્યો, 'સંજય, અહીં આવ. હું માનું છું કે તું એક જવાબદાર ડૉક્ટર છે. પણ આ વખતે હું તારાથી ખૂબ જ નિરાશ થઈ છું. તેં એક VIP કેસને બગાડી મૂક્યો.'

સંજયને કંઈ સમજ ના પડી. હૉસ્પિટલમાં તો રોજ VIP કેસો આવે જ છે. તેણે બહુ નમ્રતાથી પૂછ્યું : 'મેડમ, તમે કયા કેસની વાત કરી રહ્યા છો?'

'કેમ્યુનન્જામ્મા કેસની.'

સંજયે વિચાર્યું, 'પણ એ કંઈ મારો કેસ નહોતો. એ તો એમનો કેસ હતો.' પછી તેણે ડૉ. સરોજને કહ્યું : 'પણ બંને દર્દીઓ બરાબર વ્યવસ્થિત જ હતાં.'

'તેઓ તો સારાં હતાં, પણ તેમને કારણે હું અપસેટ થઈ ગઈ છું.'

'શું થયું?'

'તેં આજનું છાપું વાંચ્યું નહીં? કેમ્યુનન્જામ્માના પતિએ પત્રકારોને જણાવ્યું છે કે તેમનું સંતાન જન્મ પછી બદલાઈ ગયું છે. અરે આરોગ્ય પ્રધાનનો મારા પર ફોન પણ આવી ગયો.'

ત્યાં તો ડૉ. સરોજનો ફોન રણક્યો. પોતાની કોઈ વાત સંજય ન સાંભળે તો સારું એવું તે ઈચ્છતાં હતાં. તેથી તેમણે ઇશારા દ્વારા સંજયને બહાર જવાનું કહ્યું. સંજય તેમના ઑફિસની બહાર તો આવ્યો પણ તે અવઢવમાં હતો. ત્યાં તો લેબર રૂમની આયા, મરીઅમ્મા તેની પાછળ આવીને તેને કહેવા લાગી : 'ડૉક્ટર, આ તમારી ભૂલ નથી. ડૉ. સરોજ બીજા કોઈની ભૂલ તમારા પર ઠોકી દેવા માંગે છે. બાળકોની અદલાબદલી થઈ જ નથી. સાચી વાત તો એ છે કે બેમાંથી એક બાળક માંદું પડ્યું ને મૃત્યુ પામ્યું. જે છોકરી હતી તેનું મરણ થયેલું. નન્જામ્માને તો દીકરો જન્મ્યો હતો. જેવો તેના સંતાનનો જન્મ થયો કે નન્જામ્માએ એ જોઈ લીધું હતું કે પોતે પુત્રને જન્મ આપ્યો છે. તેથી તે પોતાના પુત્રને પોતાની પાસે જ રાખવા માંગતી હતી. ગમેતેમ પણ કેમ્યુનન્જામ્માનો ચાર્ટ જ ખોટો છે. તેના ચાર્ટમાં તે વખતના જુનિયર ડૉક્ટરોએ તેની જાતિ જ ખોટી લખી હતી. તેણે એક છોકરીને જન્મ આપ્યો હતો. પણ ચાર્ટમાં ખોટી રીતે દર્શાવવામાં આવ્યું હતું કે તે છોકરો હતો. તેથી તેણે આરોપ મૂક્યો છે કે જે છોકરો છે તે તેનું બાળક છે. નન્જામ્માના ચાર્ટમાં તો સાચી રીતે જ દર્શાવવામાં આવ્યું છે કે તેણે છોકરાને જન્મ આપ્યો છે. તેથી હવે છોકરા માટે બે વચ્ચે તકરાર છે. આ ભૂલ તો પેલા યુવાન ડૉક્ટરોની છે. ખરેખર તો સાચી રીતે ચાર્ટ બનાવવાને બદલે તેઓ એકબીજાને જોવામાં જ સમય પસાર કરે છે. આ તમારી ભૂલ નથી. ડૉ. સરોજ તેમના સુપરવાઇઝર છે અને તે જ આને માટે જવાબદાર છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજયને સમજાઈ ગયું કે મરીઅમ્મા સાચું કહે છે. તેને વિચાર આવ્યો, 'એમ કોઈ એકદમ સહેલાઈથી બાળકોની અદલાબદલી કરી ન શકે. તે બહુ મોટો ગુનો છે ને તેની બધાંને ખબર છે. જેવું બાળક જન્મે કે તરત જ તેને તેની માતા પાસે જ મૂકવામાં આવે છે. આજથી ચાળીસ વર્ષ પહેલાં, બાળકનાં જન્મ પછી તેને તરત જ નવડાવવામાં આવતું હતું. તે વખતે પણ બાળક પર તેનાં માતાનાં નામની પટ્ટી લગાવવામાં આવતી હતી. એટલું જ નહી તેની ઊંચાઈ અને જાતિ પણ નોંધવામાં આવતી હતી. આજે પ્રક્રિયા થોડી બદલાઈ છે. તેનું કારણ પાણીની અછત છે, તેથી બાળકને

નવડાવવામાં આવતું નથી. પણ આખી વિરોધાભાસી ઘટનામાં મને કેમ ઘસડી રહ્યાં છે? નથી મેં એ બંનેની પ્રસૂતિ કરાવી કે નથી તેમનાં ચાર્ટમાં વિગતો ભરી.'

ડૉ. સરોજે તેને ફરી બોલાવ્યો અને પોતાની ઑફિસમાં આવવા કહ્યું. તેણે કહ્યું : 'સંજય, કદાચ આવતીકાલે આ બાબતે ઇન્ક્વાયરી થશે, પૂછપરછ થશે. તો તું જરા સાવધાન રહેજે.'

'મેડમ, હું ક્યાં આમાં જોડાયેલો જ છું?'

'તમે સિનિયર ડૉક્ટર છો. તમે જ આ પ્રસૂતિઓની ગોઠવણ કરી હતી.'

'ના, મેં તેની જરા પણ ગોઠવણ કરી નહોતી. તમારા કહેવાથી મેં માત્ર તેઓને એક વાર તપાસ્યાં જ હતાં. તે વખતે ફરજ પરનાં ડૉક્ટરોએ જ ચાર્ટમાં માહિતી લખી હતી.'

'પણ તે વખતે ડ્યુટી પરનાં જે ડૉક્ટર્સ હતાં તે જુનિયર હતાં. તેમણે શું લખ્યું છે તેની તપાસ કરવાની તારી ફરજ નહોતી?'

સંજય હવે ખરેખર અપસેટ થઈ ગયો. તેણે બહુ જ શાંતિથી કહ્યું : 'ના મેડમ. ડ્યુટી પરનાં ડૉક્ટરો એ અનુસ્નાતકનાં વિદ્યાર્થીઓ છે. એ માટે લખેલો નિયમ છે કે જેણે પ્રસૂતિ કરાવી હોય તે જ ડૉક્ટરોએ ચાર્ટમાં માહિતી લખવી જોઈએ. મારે શા માટે તે પ્રમાણભૂત નિયમનું પાલન ન કરવું? આખરે તો હું એક સાધારણ વ્યાખ્યાતા છું. મને મારી મર્યાદાઓનો બરોબર ખ્યાલ છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ડૉ. સરોજ એકદમ અકળાઈ ગયાં ને કહ્યું : 'ડૉ. સંજય, મારે તારું ભાષણ સાંભળવું નથી. મહેરબાની કરીને યાદ રાખ કે હું તારી ઉપરી અધિકારી છું. કાલે જે પૂછપરછ થાય તેનો તારે સામનો કરવો પડશે.'

ડૉ. સરોજનો ફોન ફરી રણક્યો ને સંજય બહાર જતો રહ્યો. તે ચિંતિત હતો. તેને ચાર્ટ જોવાની ઇચ્છા થઈ પણ અત્યારે તે મળી શકે તેમ નહોતો. તે સમજી ગયો કે આમાં તેને અન્યાયી રીતે ઢસડવામાં આવી રહ્યો છે. ડૉ. સરોજ ડિપાર્ટમેન્ટનાં અધ્યક્ષા હતાં તેથી તે કંઈ પણ કરી શકે. તેને થયું પોતે કેવો લાચાર છે!

જ્યારે તે ચાલતો ચાલતો જઈ રહ્યો હતો ત્યારે તેને ઑફિસ સુપરિટેન્ડેન્ટ શ્રી ગોવિંદન્ના મળ્યા. તે મૅનેજર છે, તે બહુ મીઠા છે ને લુચ્ચા પણ છે. તેમને સંજય માટે આત્મીયતા હતી. તેમને ડૉ. સરોજ સાથે જરાય ફાવતું નહોતું. ગોવિંદન્ના અને સરોજ આમ તો દૂરનાં સગાઓ, પણ વધુમાં તો તેઓ કટ્ટર દુશ્મનો હતાં. તેથી ગોવિંદન્નાએ સંજયને કહ્યું, 'મને ખબર જ હતી કે તને બલીનો બકરો બનાવવામાં આવશે. આ સ્ત્રીને બધે જ ઠેકાણે ઓળખાણો છે.'

સંજયે ચિંતિત સ્વરે પૂછયું : 'ગોવિંદજ્ઞા, હું ખરેખર આ કેસ સાથે કોઈ પણ રીતે સંકળાયેલો નથી. પણ તેઓ મને તેમાં ઢસડી રહ્યાં છે. શું હું ચાર્ટ જોઈ શકું?'

ગોવિંદજ્ઞાએ એકદમ ધીમા અવાજમાં કહ્યું, 'ડૉ. સરોજે એને તાળાકૂંચીમાં રાખ્યા છે, કારણ કે તે જ મજબૂત પુરાવાઓ છે. પણ વાંધો નહીં, ગમે તે હોય, મારી જોડે તેની નકલ છે.'

ગોવિંદજ્ઞાએ તેમનું સ્ટીલ કબાટ ખોલ્યું ને સંજયને તેની નકલો બતાવી. સંજયે ડૉ. સરોજનાં અક્ષરો ઓળખી લીધાં. તેમણે તેનું નામ પણ ચાર્ટમાં દાખલ કર્યું હતું. સંજયેને ખૂબ આઘાત લાગ્યો, 'મારી કાર્યનિષ્ઠાનો આ બદલો? શું મેં સરકારી હૉસ્પિટલમાંથી પૈસા બનાવ્યા છે? કે મેં મારી ફરજ નથી નિભાવી? જો મેં એવું કર્યું હોત તો મારી આવી દશા ન હોત. ડૉ. લતા પૂરતાં નિષ્ઠાવાન પણ નથી અને વળી પોતાની ફરજોથી ભાગે પણ છે. તે હંમેશાં પોતાનાં સંબંધોની વાત કરે તેથી લોકો તેનાથી અંજાઈ જાય છે. તે કહેતી, 'આજે મેં અને મારા પિતાએ આરોગ્યમંત્રી સાથે સવારનો નાસ્તો કર્યો.' અથવા 'હું મારાં પિતા સાથે ગોલ્ફ રમી રહી હતી ત્યાં મને આપણા મુખ્યમંત્રી મળ્યા.' આના કારણે જ્યારે તે મોડી આવે તો પણ કોઈ તેને કોઈ સવાલ ન કરે. આ જગતમાં ક્યાંય ન્યાય જેવું નથી.'

તેણે પૂછ્યું, 'ગોવિંદજ્ઞા, હવે શું થશે?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ગોવિંદજ્ઞા ખૂબ અનુભવી માણસ હતા. તેમણે તેમની કારકિર્દીમાં અનેક ઑફિસોમાં કામ કર્યું હતું. તે જમાનાના ખાધેલ હતા. સામ, દામ, દંડ કે ભેદથી તેમણે કોઈપણ જટિલ પરિસ્થિતિને સંભાળી લીધી હતી. તે સત્ય, નિષ્ઠા અને વચન જેવાં મૂલ્યોમાં બહુ માનતાં નહોતાં, પણ તેમને સંજય માટે માન હતું. તેમણે કહ્યું : 'ડૉક્ટર, જરાય ગભરાશો નહીં. ડૉ. સરોજ તમારા ભયને પોષે છે. તમે કહી દેજો કે મારી ફરજ આઠ વાગ્યે પૂરી થઈ ગઈ હતી ને પ્રસૂતિનો સમય સાડા આઠનો હતો. જો તમે એ સમયે અહીં હાજર જ નહોતા તો તમે તે માટે જવાબદાર નથી. ચૂપ ના રહેશો. આ સ્ત્રી ગમે તે હદે જઈ શકે તેવી છે. તમે ડૉ. લતા જેવાં મોટાં નામોને પણ આમાં ઢસડી શકો.'

'પણ ગોવિંદજ્ઞા, હું કોઈ પણ પ્રધાનને ઓળખતો નથી અને ડૉ. સરોજને તેની ખબર છે.'

'તો આવા કિસ્સામાં એમ કહેવાનું કે તું કોઈ મોટા સમાચારપત્રના તંત્રીને ઓળખે છે. મારો એક પિતરાઈ ભાઈ મુખ્યતંત્રી છે. ડૉક્ટર, યાદ રાખજો કે આવી પરિસ્થિતિમાં સાચાબોલા ન થવાય. તમે કોઈ મુખ્યતંત્રીને ઓળખો છો કે નહીં તેની તપાસ કરવા કોઈ જવા નવરું નથી. જ્યારે સામેનો પક્ષ ખોટું બોલતો હોય અને તમને નુકસાન પહોંચાડતો હોય ત્યારે તમારે બુદ્ધ જેવા થવાની જરૂર નથી. અરે ખુદ ભગવાન કૃષ્ણ પણ 'મહાભારત'માં જુઠ્ઠું બોલ્યા હતા. હું કહું છું તેના કરતાં તો તમે

વધારે જાણતા હશો. તમે વધારે વાંચ્યું હશે. હા, એક વાત એ યાદ રાખજો કે આવી સલાહ મેં આપી છે તેવું તમે કોઈને પણ નહીં કહો. લાવો, મારી નકલો પાછી આપો. હું તેને અંદર બરોબર મૂકી દઉં.'

એકાએક તેમને કોઈનાં પગલાં સંભળાયાં. ગોવિંદજ્ઞા એકદમ સંજય તરફ ફર્યા ને હવામાનની વાતો કરવા માંડયા. તરત જ સંજય ભારે હૈયે ઘર તરફ ફર્યો.

જ્યારે તે ઘરે પહોંચ્યો ત્યારે મૃદુલા બૅડરૂમમાં હતી. તે શાળાના વાર્ષિક દિવસ માટેની તૈયારીઓ કરી રહી હતી. તે જથ્થાબંધ રીતે રંગીન ક્રેપ પેપર્સ લાવી હતી અને તેને જાતજાતના આકારમાં કાપી રહી હતી. શિશિર પણ તેની પાસે બેસીને તેને મદદ કરી રહ્યો હતો. જ્યારે સંજય ઓરડામાં આવ્યો, ત્યારે તે પોતાનાં કામ વિશે વાત કરવા માંગતી હતી. પહેલાં તો તે સંજય માટે કૉફી લાવી અને કહ્યું : 'અમારી શાળાનો વાર્ષિકોત્સવ પરમ દિવસે છે, પણ આવતીકાલે અમારે ત્યાં વક્તૃત્વ સ્પર્ધા છે. તેના નિર્ણાયક તરીકે કન્નડા સમાચારપત્રના સ્થાનિક તંત્રી શ્રી દશરથી છે. વક્તૃત્વ સ્પર્ધા માટે મેં વિષય પસંદ કર્યો છે : 'શું વ્યક્તિએ આદર્શવાદી બનવું જોઈએ કે નહીં?' બાળકો માટે આ વિષય કેવો રહેશે? તમને શું લાગે છે? તે બરોબર છે કે નહીં?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજય ખરેખર ભ્રમણાઓથી મુક્ત થઈ ગયો હતો. તેણે કહ્યું : 'હું જાણતો નથી.'

'મને લાગે છે કે આદર્શવાદી થવું એ બાળકો માટે ખૂબ મહત્ત્વનું છે.' પછી મૃદુલાએ સંજયના ચહેરા સામું જોયું. તે જોઈ શકી કે તે પરેશાન છે. તેણે પૂછ્યું : 'સંજય, શું વાત છે? કોઈ મુશ્કેલી છે? તારી તબિયત બરાબર નથી? તને માથું દુ:ખે છે?'

સંજય પોતાની મુશ્કેલીની વાત મૃદુલાને કહેવા નહોતો માંગતો કે મૃદુલાના પ્રશ્નોના જવાબો આપવાય નહોતો ઇચ્છતો. તેથી તેણે કહ્યું : 'હા, મારું માથું દુ:ખે છે.'

'તો પછી તું આરામ કર. બહાર કેટલી બધી ગરમી છે? તું થાકી ગયો છે. ઘોંઘાટ અને હવાનું પ્રદૂષણ પણ માથું દુખાડે. એકાદ કલાક ઊંઘી જા એટલે તું સ્વસ્થ થઈ જઈશ. હું શિશિરને બહાર રમવા લઈ જઉં છું જેથી તને ખલેલ ન પહોંચે. શાંતિ મળી રહે.'

તેણે શિશિરને તેડ્યો, બૅડરૂમનો દરવાજો બંધ કર્યો અને સંજયને થોડીવાર એકલો રહેવા દીધો.

બીજે દિવસે જ્યારે સંજય હૉસ્પિટલે પહોંચ્યો કે તેને ખબર આપવામાં આવી કે તેણે તરત જ ડૉ. સરોજને મળવું. જ્યારે તે ડૉ. સરોજની ઑફિસમાં દાખલ થયો કે ડૉ.

સરોજે હસીને તેને કહ્યું : 'સંજય, મને ખૂબ આનંદ થયો કે તું અહીંયા છે. કેમ્યુનન્જામ્માને પોતાની ભૂલ સમજાઈ છે ને તેણે હૉસ્પિટલની માફી માંગી છે. સમગ્ર પૂછપરછ વિધિ હવે થશે નહીં. તે બંધ થઈ છે.'

ડૉ. સરોજ પોતે મૂકેલાં આરોપો કે આગલા દિવસે કરેલા વર્તન માટે માફી માંગતા નથી. તે તો જાણે કશું જ બન્યું નથી તે રીતે વર્તન કરવા લાગ્યાં.

જ્યારે બેંગ્લોરમાંથી બદલી થનારની યાદી હૉસ્પિટલમાં જાહેર કરવામાં આવી, ત્યારે સંજયને ખૂબ નવાઈ લાગી કારણ કે તેનું નામ યાદીમાં પહેલું હતું. તેની બેલ્લારીમાં બદલી કરવામાં આવી હતી. એવી ઘણી વ્યક્તિઓ હતી જેઓ તેનાં કરતાં ઘણાં લાંબા સમયથી બેંગ્લોરમાં હતા ને હજી પણ તેઓ બેંગ્લોરમાં જ છે ને રહેશે. તેની સહકર્મચારી ડૉ. લતા ઘણાં લાંબા સમયથી બેંગ્લોરમાં છે પણ તેની ક્યારેય બદલી થઈ નથી. તે જાણતો જ હતો કે આ બદલી તેણે સ્વીકારવી જ પડશે કારણ કે તેની પાસે લતા જેવી ઓળખાણો નથી.

જ્યારે તે તેના ટેબલ પર પહોંચ્યો ત્યારે ત્યાં તેનો બદલીનો હુકમપત્ર ટેબલ પર પડ્યો હતો. પત્રમાં લખવામાં આવ્યું હતું કે, 'લોકોના લાભાર્થે અને તેમની સેવા અર્થે તમારી બદલી બેલ્લારી કરવામાં આવી છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

જ્યારે તે આ બધું સ્વીકારીને કામ કરવા લાગ્યો જ હતો કે ડૉ. સરોજ તેની ઑફિસમાં આવ્યાં અને બોલ્યાં : 'સંજય, મને બહુ જ દુ:ખ થાય છે. તું તો મારો જમણો હાથ હતો. તારા વગર આ ડિપાર્ટમેન્ટ હું કેવી રીતે ચલાવી શકીશ તે જ મને ખબર પડતી નથી. પણ તારી સેવાની બેલ્લારીમાં વધુ જરૂર છે. તે એક સુંદર જગ્યા છે. મારી તને બધી જ શુભેચ્છાઓ છે. ત્યાં તું ખૂબ આનંદથી રહેજે. ત્યાં તને મજા આવશે.'

ડૉ. સરોજ જાણતાં હતાં કે લાંચ આપ્યા વગર બદલી અટકી શકાવાની નથી. તેમણે પોતાની બદલી પણ લતા દ્વારા કોઈને લાંચ આપીને જ છેલ્લી ઘડીએ રદ કરાવી હતી. લતાએ પોતે જ પોતાની જગ્યા સુરક્ષિત રાખવા માટે ડૉ. સરોજની બદલી કરાવી હતી અને પછી તે બદલી અટકાવવાનો ઢોંગ કર્યો હતો. સંજય તો આ બધાં રહસ્યોથી સાવ અજાણ હતો. જતાં પહેલાં ડૉ. સરોજે કહ્યું, 'તને આજથી જ અહીંની ફરજમાંથી મુક્ત કરવામાં આવે છે. સંજય, હવે ઘેર જા અને બેલ્લારી માટેની તૈયારીઓ કરવા માંડ.'

લતા પણ પોતાની સહાનુભૂતિ બતાવતાં કહેવા લાગી, 'સંજય, તું એક પ્રામાણિક માણસ છે. જો તે લોકોએ મારી બદલી બેલ્લારી કરી હોત તો હું જરૂર જતી રહેત. પણ સરકારને તારી સેવાઓની જરૂર છે. તારા જેવા નિષ્ઠાવાન માણસો જ ગરીબ લોકોની દિલથી તપાસ કરે, દેખરેખ રાખે ને સેવા કરે. તું ત્યાં એકાદ વર્ષ કામ

કર. એ પછી હું મારા પિતાને કહીને તને પાછો બેંગ્લોર બોલાવી દઈશું અને તારે બદલે હું ત્યાં જઈશ. સમજપૂર્વકની ફેરબદલી એ સરકારી નોકરીમાં માન્ય છે.'

નિરાશ હૃદયે સંજય ઘેર આવ્યો. હવે તેઓ તેમના આ મકાનનું શું કરશે? શિશિર પણ અહીં શાળામાં જાય છે. મૃદુલાની નોકરી પણ અહીં છે. શું કરવું તેની સંજયને ખબર જ નહોતી પડતી. તે ખૂબ મૂંઝાઈ ગયો.

મૃદુલાએ તેને આશ્વાસન આપતાં કહ્યું : 'શું આપણે પ્રધાન પાસે જઈને મળી શકીએ? તેમને ખબર તો પડવી જોઈએ કે તારા કરતાં પણ ઘણાં જૂના માણસો હજી બેંગ્લોરમાં છે. જેમની બદલી થતી જ નથી. આ યોગ્ય નથી.'

આરોગ્યખાતામાં પોતાની શી વલે થઈ હતી તે સંજય ભૂલ્યો નહોતો. તેણે કહ્યું : 'ના, મૃદુલા. આ વાત એવી રીતે પતે તેમ નથી. વળી, આપણે પ્રધાનને ઓળખતાં પણ નથી. વળી, મારા જેવા તો ત્યાં સેંકડો માણસો હશે જે પોતાના પ્રશ્નો માટે પ્રધાનની મદદ લેવા આવ્યા હશે. જો તમારી પાસે કોઈ MLA – ધારાસભ્યની ભલામણ હોય તો જ તમે પ્રધાનને મળી શકો. આપણી પાસે તો કોઈ ધારાસભ્યની પણ ઓળખાણ નથી.'

મૃદુલાએ પૂછ્યું : 'તારી પાસે સારવાર અર્થે કોઈ MLA કે તેનાં કોઈ સંબંધી આવ્યાં હોય તેવું તને કોઈ યાદ છે?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'જ્યારે હું મારા દર્દીઓની સારવાર કરતો હોઉં છું ત્યારે તેઓ મારે માટે માત્ર દર્દીઓ જ છે. તેઓ કોણ છે તેવી પૂછપરછ કરતો નથી. હું માત્ર એકલા ચિકનાન્જપ્પાને ઓળખું છું જે આરોગ્ય વિભાગમાં એક સાધારણ કારકુન છે.'

મૃદુલામાં એક સરસ કુશળતા, આવડત હતી કે તે દરેક ખરાબ વસ્તુને, નકારાત્મક બાજુને સારી વસ્તુમાં હકારાત્મક દિશામાં ફેરવી શકતી. આ તેનો સ્વભાવ હતો. તેણે કહ્યું, 'અરે! એ તો બહુ જ સરસ! અદ્‌ભુત! ઘણીવાર મોટા મોટાંઓના સંબંધો કરતાં ઊતરતી પાયરી પર કામ કરનારા લોકો વધારે મદદરૂપ થાય છે. તો તું ચિકનાન્જપ્પાને જ આ બાબતે કેમ નથી પૂછતો? એ આપણને એટલું તો જરૂર કહી શકશે કે આપણે કેવી રીતે પ્રધાનને મળી શકીએ ને વાત કરી શકીએ.'

સંજયે તરત જ ચિકનાન્જપ્પાને ફોન કર્યો અને પોતાની પરિસ્થિતિની વાત સમજાવી. ચિકનાન્જપ્પાએ કહ્યું, 'ડૉક્ટર, વર્ષનાં સૌથી વધારે કામના સમયમાં પ્રધાનને મળવાનો સમય લેવો ખૂબ અઘરું છે. મારા જેવો નાનો માણસ તમને આમાં મદદ નહીં કરી શકે. એનાં કરતાં તો એ સારું રહેશે કે તમે MLA દ્વારા એમની પાસે જાઓ. પણ સાંભળો, બેલ્લારીમાં તમે તરત જોડાશો નહીં. એક અઠવાડિયું તો તમે આરામ કરી શાંતિથી વિચારો.'

મૃદુલાએ સૂચન કર્યું, 'સંજય, આપણે આચાર્ય મુનિઅપ્પાની મુલાકાત લઈ તેમની સાથે વાત કરીએ તો કેવું? મને યાદ આવે છે કે એકવાર ભૂતકાળમાં તેમણે મને કહેલું કે કોલારના MLA તેમના પરિચિત છે. જો તેમનાથી થઈ શકે તેમ હશે તો તેઓ જરૂર આપણને મદદ કરશે.'

સંજયને પોતાને આચાર્ય મુનિઅપ્પા અને કાન્તામ્મા સાથે ખાસ ગાઢ પરિચય નહોતો, તેથી તે થોડો અવઢવમાં હતો. પણ મૃદુલાએ આગ્રહ રાખ્યો જ કે તેઓ ત્યાં જશે જ.

શુક્રવારે સાંજે તેઓ તેમની મુલાકાતે ગયાં. અરુણ અને અનુરાધા તે વખતે ઘરમાં નહોતાં. કાન્તામ્માએ તેમને આવકાર્યાં અને તેમને માટે કૉફી બનાવવા રસોડામાં ગયાં. સંજયે પોતાની મુશ્કેલી બે જ લીટીમાં આચાર્ય મુનિપ્પા પાસે રજૂ કરી દીધી અને પછી ચૂપ થઈ ગયો. મૃદુલાએ કહ્યું, 'કોઈ MLAના ભલામણપત્ર વગર આરોગ્ય પ્રધાનને મળવાનો સમય લેવો પણ અઘરું છે. અમે કોઈ MLAને ઓળખતા નથી. જો તમે કોઈ MLA સાથે અમારો પરિચય કરાવી શકો તો ખૂબ સારું રહે.'

'મૃદુલા, મેં આજ સુધીમાં ઘણાં બાળકોને ભણાવ્યાં છે અને આજે તેમાંનાં મોટાભાગનાઓ ઊંચી જગ્યાએ છે પણ જ્યારે તેમને અમે મદદ માટે કહેણ મોકલીએ છીએ, ત્યારે તેઓ જુદી જ રીતે વર્તે છે. કેટલાંક તો અમને ઓળખવાની જ ના પાડી દે છે. કેટલાક કહે છે કે તે મદદ તો કરી શકે પણ તેના બદલામાં તેમને કંઈક આપવું પડે તેવું તેઓ ઇચ્છતા હોય છે. સંજય ડૉક્ટર છે અને દરેક જણ એવું વિચારે જ કે તેણે ટેબલ નીચેથી લઈ ઘણાં પૈસા બનાવ્યા હશે. તેથી તેઓ તારી પાસેથી ઘણાં પૈસાની અપેક્ષા રાખશે. કોઈ જાણતું નથી કે તારો પતિ એક પ્રામાણિક ડૉક્ટર છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજયે સ્વીકાર્યું કે મુનિઅપ્પાની વાત સાચી છે. મુનિઅપ્પાએ પોતાની વાત આગળ વધારતાં કહ્યું : 'અરે, તું ખુદ આરોગ્ય પ્રધાનને મળે તો પણ તારી વિનંતી સ્વીકારાશે જ એની કોઈ ખાતરી ન રખાય. દરેક પ્રધાન તમારી પાસે તો ''હા, જરૂર કરીશ'' એમ કહે છે પણ તમે જેવું કહ્યું હોય તેવું તે હકીકતે કરતા નથી હોતા. આ જ કારણથી મારો દીકરો સરકારી નોકરીમાં જોડાયો નથી. તે તેની ખાનગી કંપનીમાં ખુશ છે.'

આ દરમિયાન કાન્તામ્મા કૉફી લઈને બહાર આવ્યાં. મુનિઅપ્પાએ કહ્યું : 'હા, હું કોલારના MLAને ઓળખું છે. તેનું નામ થાયમ્મા છે. મેં તેના દીકરાને ભણાવ્યો હતો. તે મને યાદ કરે છે અને તેને ભણાવેલો તે માટે મારો આભાર માને છે. આજના જમાનામાં તો વિદ્યાર્થિઓનું આવું વર્તન દુર્લભ જ ગણાય. તારા વિશે હું તેને વાત કરીશ.' મૃદુલાએ કહ્યું : 'સાહેબ, અમે બદલી રદ કરવાનું નથી કહેતા, પણ

થાયમ્મા જો પ્રધાન સાથે અમારી મુલાકાત નક્કી કરાવી આપે તોય બસ. એ પણ અમારે માટે મોટી મદદ જ છે.'

બે દિવસ પછી મુનિપ્પાનો મૃદુલા પર ફોન આવ્યો. આરોગ્ય પ્રધાનના બંગલે ૯ વાગ્યે આરોગ્યપ્રધાન સાથે મુલાકાત નક્કી કરી છે તેમ જણાવ્યું. તે દિવસે શિશિરને શાળાએ જવાનું નહોતું, છતાંય મૃદુલા અને સંજયે થોડા કલાકો માટે મુનિઅપ્પાને ઘેર તેને રાખ્યો. પછી તે લોકો મુલાકાત માટે ગયાં.

જ્યારે તેઓ પ્રધાનના ઘરે પહોંચ્યાં, ત્યારે તેમનું ઘર મુલાકાતીઓથી ભરચક હતું. તેમને માટે બેસવાની જગ્યા પણ નહોતી. ગમેતેમ કરીને એક પાટલી પર તેઓ સંકોચાઈને સાંકડેમાંકડે બેઠાં. તેમના પછી એક વૃદ્ધ માણસ ત્યાં બેઠો હતો. તેણે નમ્રતાથી નોકરને પૂછ્યું : 'મેડમ ઘરમાં છે?'

નોકરે મોટેથી અને ઉદ્ધતાઈથી જવાબ આપ્યો. 'ના, મેડમ ટુમકુર ગયાં છે. તે ગમે તે ક્ષણે આવે. તમે ત્યાં શાંતિથી બેસો ને રાહ જુઓ.'

સંજયને નવાઈ લાગી, 'જો તે પોતાના પ્રવાસેથી પાછાં નથી આવ્યાં તો અમને મુલાકાત માટે નવ વાગ્યાનો સમય શા માટે આપ્યો? જેને બીજા માણસોના સમયની કિંમત જ ના હોય તે લોકોને મદદ જ કેવી રીતે કરી શકવાનાં?'

દરેક જણ રાહ જોવા લાગ્યું. બપોર થઈ પણ હજી સુધી પ્રધાન આવ્યાંની કોઈ નિશાની નહોતી. પેલા વૃદ્ધ માણસે બીજા પટાવાળાને પૂછ્યું : 'મેડમ ક્યારે આવશે?'

પેલા માણસને ઘરડા માણસ પર દયા આવી અને તેણે જવાબ આપ્યો, 'મેડમ ઘરમાં જ છે. ઉપલી ઑફિસેથી ફોન આવ્યો છે તેથી તે તેમાં વ્યસ્ત છે.'

'તેઓ અમને ક્યારે મળશે?'

'મહેરબાની કરીને રાહ જુઓ. જેવાં એ અહીં આવશે કે તમને તરત જ ખબર આપવામાં આવશે.'

બહાર રાહ જોઈને ઊભેલાં લોકો હવે થાકી ગયાં હતાં. તેમાંના કેટલાંક તો ભૂખ્યાં થયેલાં તેથી તેઓ પ્રધાનના ઘર સામે રહેલી ચાની દુકાને કૉફી અને નાસ્તો કરવા ગયાં. તે દિવસે તે દુકાનવાળાને સારી કમાણી થઈ. મૃદુલા આસપાસ બેઠેલી વ્યક્તિઓ સાથે વાતચીત કરવા લાગી. સંજય નિરાશ થઈ ગયો. તેણે કહ્યું : 'મૃદુલા, મારે થોડી ચા પીવી પડશે. હું ચાની દુકાને જઉં છું. તારે માટે કંઈ લાવું?'

'ના, તમે જઈ આવો. હું તો અહીં જ બેઠી છું. કદાચ તારું નામ કહેવડાવે અને તું બહાર હોય તો હું અંદર જઈ એમની સાથે વાત કરી શકું.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

તેમની બાજુમાં બેઠેલા પેલા ઉંમરલાયક માણસે તેમની વાતચીત સાંભળી. તેણે કહ્યું, 'હું પણ તમારી સાથે આવું છું.'

ચાની દુકાને જતાં રસ્તે ચાલતાં ચાલતાં સંજયે તેમને પૂછ્યું : 'તમે સરકારમાં નોકરી કરતા હો એવું તો લાગતું નથી તો પછી તમે અહીં શા માટે આવ્યા છો?'

'હું મારી દીકરી અને જમાઈને તેઓ કંઈક મદદ કરી શકે તો સારું એ માટે આવ્યો છું. તેઓ બંને ડૉક્ટર છે ને તેમની બદલી બીજા સ્થળે કરવામાં આવી છે.'

સંજયે પેલા વૃદ્ધને કહ્યું કે પોતે પણ એ જ હેતુથી અહીં આવ્યો છે. વૃદ્ધે કહ્યું : 'ઓહ! આ તો એકદમ સામાન્ય વાત છે. મોટા ભાગના લોકો પોતાની બદલી અટકાવવા કે રદ કરાવવા જ અહીં આવે છે. દરેકનાં કારણો જુદાં જુદાં હોય છે. કેટલાક તો જુઠ્ઠું પણ બોલે છે અને કહે છે કે તેમની પત્નીને કૅન્સર છે અને બેંગ્લોરમાં કૅન્સરની ઉત્તમ હૉસ્પિટલ છે. તેઓ ખોટેખોટું પ્રમાણપત્ર પણ લઈ આવે છે. કેટલાક લોકો થોડા જ વરસમાં નિવૃત્ત થવાના હોય છે ને અહીં જ સ્થાયી થઈ ગયા હોય છે. તેથી તેઓ બેંગ્લોર છોડવા માંગતાં નથી. ઉત્તર કર્ણાટકના લોકો અહીં પાંચ-સાત વર્ષ માટે આવે છે પણ પછી તેઓ પાછા જવા ઇચ્છતા નથી હોતા. અરે, બીજાં રાજ્યોમાંથી માણસો અહીં આવે છે ને અહીંના સુંદર વાતાવરણને કારણે પાછા જવાનું ટાળે છે. દરેક જણ બેંગ્લોરમાં જ સ્થાયી થવા ઇચ્છે છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજયે વિચાર્યું, 'આ સાચું છે. બેંગ્લોરમાં કૅન્સર, હૃદય, આંખ, ન્યૂરોસર્જરી અને અન્ય બાબતોની – રોગો માટેની છેલ્લામાં છેલ્લી સગવડોથી ભરેલી હૉસ્પિટલો છે, અદ્યતન સામગ્રી અહીં મળી રહે છે. વળી શિક્ષણ માટે પણ આ સારું શહેર છે. કોઈનેય બેંગ્લોર છોડવું ન ગમે એ સ્વાભાવિક છે.' તેમણે ચા પીધી અને બંગલા ભણી પાછા આવ્યા. વૃદ્ધ માણસ વધુ વાતો કરવા ઇચ્છતો હતો. તેણે કહ્યું : 'બેંગ્લોરમાં લગભગ એન્જિનિયરિંગની ૫૩ અને ૧૦ જેટલી મેડિકલ કૉલેજો છે.'

'તમે પ્રધાનને ઓળખો છો?' સંજયે પૂછ્યું.

'એક જણને ઓળખું, જ્યારે તે યુવાન હતા, ત્યારે અમારી ગામડાની શાળામાં સહાયક શિક્ષિકા હતા. પછી તેમણે રાજકારણમાં ઝંપલાવ્યું ને ધીમે ધીમે તેઓ નેતા થઈ ગયાં. રાજકીય ક્ષેત્રનો તેમને સારો અનુભવ છે.'

'આટલા ઓછા શિક્ષણ સાથે તેઓ પોતાનું કામ કેવી રીતે કરતાં હશે?'

'કોણ કહે છે કે બધાં કામનું આયોજન તે કરે છે? બધી જ બાબતોની ગોઠવણી કરવામાં, આયોજનો કરવા માટે તેના હાથ નીચે માણસો હોય. પણ ખરેખર તો એક સ્ત્રી હોવા છતાં તેમની હિંમત અને આક્રમકતા, પ્રભાવકતાને હું નવાજું છું. તેને સલામ કરું છું. ગમે તેટલી તાણ ભરેલી સ્થિતિ હોય પણ તે સાવ નચિંત રહે છે. તેમનાં

પેટનું પાણી પણ હાલતું નથી. તેમનાથી વધારે ભણેલા માણસો તેમની પાસે છે પણ તેઓ તેમની સામે બદલી રદ કરાવવા હારબંધ ઊભા રહે છે. પ્રધાનની સાથે કેવી રીતે કામ કરવું તેની આમાંના કોઈ પાસે આવડત નથી. મેં મારી દીકરીને કહ્યું, 'આ બદલી રૂપી રોગની દર વર્ષે તમારા પર અસર થશે. તું ને તારો પતિ બંને ડૉક્ટર છો. તમે રાજીનામું કેમ આપી નથી દેતાં? તમે તમારું પોતાનું જ દવાખાનું કેમ નથી ખોલતાં? પણ તેઓ આ વાતમાં સંમત થતાં નથી. તેઓ કહે છે કે સરકારી નોકરીમાં ઘણી બધી સલામતી હોય છે. ખાનગી પ્રૅક્ટિસ કરવી ખૂબ અઘરી વાત છે. તેથી દરેક વખતે બદલી રદ કરાવવા તેઓ મને મોકલે છે. પોતાની પાંખો પહોળી કરવા જેટલી પણ તેમનામાં હિંમત નથી.'

સંજયને ઍલેક્ષ યાદ આવ્યો. ખરેખર તે મર્દ માણસ છે, હિંમતવાળો છે. એકાદ ક્ષણ સંજયને થયું કે, 'પોતે કેમ થોડો પણ તેના જેવો નથી?' જ્યારે તેઓ મુખ્ય જગ્યાએ પાછા આવ્યા ને જોયું તો ટોળું વધતું જ ગયું હતું. મેડમનો તો ક્યાંય અણસાર દેખાતો નહોતો. સલામતી રક્ષકે કહ્યું :

'મૅડમ ખૂબ જ ટેન્શનમાં છે, તેથી તે હાલ આરામ કરી રહ્યાં છે. તેઓ ક્યારે આવશે તે વિશે હું કશું જ જાણતો નથી.' થોડા વખત પછી બીજો પટાવાળો આવ્યો ને એણે કહ્યું : 'મૅડમ સ્નાન કરી રહ્યાં છે. પછી તેઓ ભગવાનની પૂજા કરશે અને પછી ભોજન લેશે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

આમ એક પછી એક કારણો રજૂ થતાં ગયાં. એક વાત તો ચોક્કસ કે આરોગ્ય પ્રધાન સ્નાનના સમયની જરાય ચિંતા કરતાં નથી. અંતે ચાર વાગ્યે મૅડમ બહાર આવ્યાં. તેઓ પુષ્ટ હતાં ને લગભગ પચાસેકનાં હતાં. તેમણે ખૂબ કિંમતી રેશમી સાડી અને ઘણાં બધાં ઘરેણાં પહેર્યાં હતાં. ઍર-કન્ડિશન ચાલુ હતું છતાંય તેમને પરસેવો થતો હતો.

તેમની આસપાસ લોકોનું ટોળું જમા થઈ ગયું. સલામતી રક્ષકે દરેકને લાઇનમાં ઊભા રહી, મુલાકાતીઓને એક પછી એક આવવાનું કહ્યું. સંજય અને મૃદુલા જરાક દૂર હતાં. તેમણે જોયું કે દરેક જણ પોતાની અરજી તેમને આપે છે અને મોટા ભાગનાં કાં તો બદલી રદ કરાવવા અથવા તો બઢતી માટે જ આવ્યાં હતાં. મૃદુલાને સમજાયું કે જો તેઓ આમ જ ઊભાં રહેશે તો કોઈ તેમને જોશે જ નહીં. આરોગ્ય પ્રધાન ગમે તે ક્ષણે અંદર પાછાય જતાં રહે ને તો આખો દિવસ બેકાર જાય. મૃદુલાએ સંજયને દબાણપૂર્વક કહ્યું કે તું જા ને અરજી આપ. જ્યારે તેમનો વારો આવ્યો ત્યારે આરોગ્ય પ્રધાનની ધીરજ ખૂટી ગઈ હતી ને થાકેલાં લાગતાં હતાં. અરજીની સામું જોયા વગર જ તેમણે પૂછ્યું : 'કયા MLA એ તમને મોકલ્યાં છે?'

'થાયામ્માએ. તેઓ કોલારના MLA છે.'

'મને કહો તમારી શી ઇચ્છા છે?'

‘મારી બદલી બેલ્લારી કરવામાં આવી છે.’

‘તમે ત્યાં જવા માંગતાં નથી એમ ને? જુઓ, એમ કોઈ પણ બેલ્લારી જવા ન ઇચ્છે તો આપણું રાજ્ય પ્રગતિ કેવી રીતે કરી શકે? કર્ણાટકનો અર્થ એટલે તમે માત્ર બેંગ્લોરમાં જ રહો એવો નથી. ઉપરાંત, આ તો સરકારી હુકમ છે.’

સંજયને સમજાયું નહીં કે શો જવાબ આપવો? આરોગ્ય પ્રધાને ચાલુ રાખ્યું : ‘તમે યુવાન અને શક્તિશાળી, ઉત્સાહી છો. તમારી વય જોતાં તો એમ જ કહી શકાય કે તમને કોઈ શારીરિક મુશ્કેલી તો હોય જ નહીં. તમારે ખેલદિલ અને સાહસિક બનવું જોઈએ. જો તમે નિવૃત્તિની નજીક હોત તો હું સમજી શકું કે તમે શા માટે અહીંથી જવા માંગતાં નથી. એટલે સારું તો એ જ કે તમે બેલ્લારી જાઓ. આવતે વર્ષે પાછા આવજો ને હું તમને પાછા બેંગ્લોરમાં ગોઠવી દઈશ. હું આપણી વચ્ચે થયેલી વાતચીત થાય્માને જણાવી દઈશ.’

ત્યાં તો તેમનો પર્સનલ આસિસ્ટન્ટ કૉડલેસ ફોન સાથે તેમની પાસે આવ્યો. ફોન લેતાં મૅડમને ખૂબ આનંદ થયો. તેમણે ફોન લીધો અને પાછળ જોયા વિના તેઓ પોતાના ઘરમાં અંદર જતાં રહ્યાં. સંજય અને મૃદુલા પાસે પસંદગીનો કોઈ વિકલ્પ જ નહોતો. તેઓ બહાર આવ્યાં. મૃદુલાએ સમજાવવાનો પ્રયત્ન કર્યો. ‘મેં આપણી સ્થિતિ વિશે બીજા લોકો સાથે વાતચીત કરી. તેમને એ સમજાવવું કરતાંય વધારે પ્રશ્નો છે. સરકારી નોકરીમાં આપણે સામેની બદલીને નકારી ન શકીએ. આપણે યુવાન છીએ ને શિશિર પણ હજી નાના વર્ગોમાં છે. આરોગ્ય પ્રધાને પણ આપણને વચન તો આપ્યું જ છે કે તેઓ આવતા વર્ષે બેંગ્લોરમાં પાછી બદલી કરાવી દેશે. તો હું શિશિર સાથે એક વર્ષ ગમે તે રીતે કાઢી નાખીશ. આવતે વર્ષે આપણે પાછાં પ્રયત્ન કરીશું.’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મૃદુલાને શાંતિ ગમતી હતી. તેને સંઘર્ષો કરવા, લઢવું એ ગમતું નહીં, તે ક્લેશ સહન પણ કરી શકતી નહોતી. તે દરેકને માનતી. જો કોઈ તેને થોડા સારા શબ્દો કહે, તો તે વિચારતી કે એ સાચા છે. જેવો તેણે પ્રધાનનો નિર્ણય સાંભળ્યો કે તરત જ એણે એક વર્ષ સંજય વગર રહેવા માટે પોતાના મનને તૈયાર કરવા માંડ્યું.

થોડા કલાકો પસાર થયા ને થાય્માએ આરોગ્ય પ્રધાનને ફોન કર્યો. તેમણે કહ્યું : ‘મૅડમ, મારા દીકરાના ગુરુના દબાણને કારણે મેં એક ઉમેદવારને આપની પાસે મોકલ્યો હતો. ઉમેદવારનું નામ સંજય છે. તેના કેસમાં તમે જે નિર્ણય લેવો હોય તે લઈ શકો છો. આખરી નિર્ણય તમારો જ રહેશે. મને આ કેસમાં કોઈ અંગત રસ નથી.’

આ રાજકારણ છે. બધા જ MLA ભલામણપત્રો આપે છે. પણ તેનો અર્થ એવો નથી કે તેઓ હકીકતે કાળજી રાખે છે. કેટલીકવાર, તેઓ પોતે જાતે જ બોલાવે છે ને કહે છે કે પ્રધાન આ કામ કરી શકશે નહીં. કદાચ કામ સફળતાપૂર્વક પાર પડે તો તેનો યશ પોતે લે છે. જો કામ ન થઈ શકે તો તેઓ કહે છે, ‘મેં મારા તરફથી પૂરતો

પ્રયત્ન કર્યો છે, પણ આ દિવસોમાં કોઈ વાત કાને ધરતા જ નથી. અરે, ભગવાનની પૂજાની ઇચ્છા હોય ને તેમની પાસે ઘંટ વગાડીને આપણા કામને રજૂ કરવામાં આવે તો પણ તે ન સાંભળે. આરોગ્ય પ્રધાનની નોકરી એ કંઈ રમત નથી. તેમના પક્ષના કાર્યકરોનું દબાણ હોય, તેથી તેમને લોહીનું ઊંચું દબાણ રહે છે.'

એમ નાટક ચાલ્યા જ કરે. આજના રાજકારણમાં બધા જ અંકો ભજવાય છે, પણ કોઈ અભિનેતા કાયમી નથી. રાજકારણમાં પૈસો અને સત્તા એ બે જ કાયમી બાબતો છે. સત્તામાં રહેવા માટે પૈસાની જરૂર પડે ને તમે સત્તામાં હો તો જ વધારે પૈસા બનાવી શકો. સંજયને કોઈ શા માટે મદદ કરે? તે ક્યારેય તમારું કામ કરી, ઉપકાર કરી શકે તેવી પદવીએ જવાનો જ નથી, તો પછી તેને કોઈ શા માટે મદદ કરે?

તેથી આખરે સંજયે એક વર્ષ માટે બેલ્લારી જવાનું નક્કી કર્યું. બેલ્લારીમાં સત્યનારાયણ પેઠમાં પ્રસૂતિગૃહ છે. સંજયે રસોડું અને બાથરૂમવાળા નાના ઘરને ભાડે રાખ્યું. ત્યાં એક જ વર્ષ રહેવાનું હોવાથી તેણે ખાસ ઘરવખરી ખરીદી નહીં. મૃદુલાએ શિશિર સાથે બેંગ્લોરમાં રહેવાનું ચાલુ રાખ્યું. રુક્મા અને ભીમાક્ષા મૃદુલાને ઘેર રહેવા આવ્યાં. પંદરેક દિવસ રહ્યાં ને તેઓ કંટાળી ગયાં. ત્યાંની પ્રદૂષણયુક્ત હવા તેમને અનુકૂળ ન આવી, તેથી તેઓ અલાદહલી પાછાં જતાં રહ્યાં.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મોટે ભાગે દર અઠવાડિયે રજાના દિવસે સંજય હમ્પી એક્સપ્રેસમાં બેસી બેંગ્લોર જાય ને બે દિવસ પછી પાછો આવે. શાળામાં રજા હોય ત્યારે મૃદુલા અને શિશિર બેલ્લારી જાય ને તેને મળે. ત્યાં માણસો બહુ મૈત્રીભાવ ભર્યા અને સારા છે. તેની પ્રામાણિકતાની બધાંએ નોંધ લીધી. તે ખૂબ લોકપ્રિય થયો. કેટલીકવાર સંજય વિચારતો, 'મેં બેંગ્લોર પાછી બદલી કરાવવાનું શું કામ કહ્યું? જો હું મૃદુલાને કહું કે હું અહીં જ રહેવાં માંગું છું, તો તે જરૂર સંમત થશે. હા, એ ખરું કે બેંગ્લોરને પોતાનાં આકર્ષણ કેન્દ્રો છે. ત્યાં સારી કૉલેજો છે. લોકોને પોતાનાં સંતાનોને ત્યાં ભણવા મોકલવા ગમે છે. તો પછી મારે શિશિરને શું અહીં બેલ્લારીમાં લાવવો જોઈએ? બેંગ્લોરમાં તેનું ભણતર સારી રીતે થઈ શકે.'

થોડા મહિના પછીની વાત છે. ભ્રષ્ટાચારના કેસમાં આરોગ્ય પ્રધાનનું નામ સંડોવાયું અને મીડિયા દ્વારા તેની સારી એવી ટીકા થઈ. તેથી તેમને ખસેડવામાં આવ્યાં. નવા આરોગ્ય પ્રધાનનું વ્યક્તિત્વ જુદું જ હતું. તેઓ આર્થિક રીતે સમૃદ્ધ હતા અને દેશને કંઈક આપવાના પવિત્ર હેતુથી તે રાજકારણમાં પ્રવેશ્યા હતા. તેઓ સાઠ વર્ષની આસપાસના હતા, જાતજાતના અનુભવોથી ઘડાયેલા હતા. તેમણે જે વચનો આપેલાં તે પાળેલાં. પણ લોકો હજી તેમની ટીકા કરતા કે, 'તેઓ પ્રભાવક વ્યક્તિત્વ ધરાવતા નથી.'

આ દરમિયાન, અનિતા અને ઍલેક્ષે, કેન્ટોન્મેન્ટ રેલવે સ્ટેશન પાસે ખૂબ મોંઘું પેન્ટહાઉસ ખરીદ્યું. અનિતા ખરીદ-વેચાણ અંગેની બધી જ માહિતીની ચર્ચા મૃદુલા સાથે કરતી, પણ તે કશું યાદ રાખવાની તસ્દી જ નહોતી લેતી. તે ચાર બેડરૂમ ધરાવતો મોટો ઍપાર્ટમેન્ટ હતો. તેમનાં ઘણાં સગાં-વહાલાં ત્યાં હતાં, પણ તેમાંનાં કોઈને પણ તે ઘર ભાડે આપવા માંગતો નહોતો. તે કહેતો, 'જો તમે તમારાં સગાંને ઘર ભાડે આપો, તો તમે તમારું ઘર અને સંબંધ બંને ગુમાવશો.' તેથી ઘર ખાલી જ પડયું રહ્યું હતું. મૃદુલા દર મહિને પોતાની નોકરાણી સાથે ત્યાં જતી અને તેમનું પેન્ટહાઉસ સાફ કરાવતી. મૃદુલાના આ કાર્યના બદલામાં, અનિતા એને થતો ખર્ચ લેવા માટે હંમેશાં દબાણ કરતી.

એક વર્ષ તો આંખના પલકારામાં પસાર થઈ ગયું. બદલી માટેનો સમય ફરી આવી ગયો. સંજય આરોગ્ય પ્રધાનને મળ્યો અને પોતાની સ્થિતિ વર્ણવી. પ્રધાને તેને ધ્યાનથી સાંભળ્યો અને કહ્યું : 'ડૉક્ટર! કોઈ ખાસ કારણ વગર એક જ વર્ષમાં પાછા બેંગ્લોર તમારી બદલી કરી ન શકું. તમને જે સાંભળવું ગમે તેવું લોકો તમને કહે છે. પણ સાચી વાત તો એ છે કે હજી ઓછામાં ઓછું ત્રણ વર્ષ તમારે બેલ્લારી રહેવું પડે. જો પૈસાના બદલામાં તમને કોઈએ બેંગ્લોર બદલી કરવાનું વચન આપ્યું હોય તો તેઓ જુઠ્ઠું બોલે છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજય સમજ્યો. જેમ માતાના ગર્ભાશયમાંથી બાળક બહાર આવે અને પછી તેમાં પાછું ન જઈ શકે તેવી સ્થિતિ પોતાની છે તેવું સંજયને લાગ્યું. તેને બેંગ્લોરમાં ગયે ઘણો સમય થઈ ગયો હતો. તેણે પ્રધાનનો આભાર માન્યો અને તે છોડવાનો તેણે નિર્ણય કર્યો. આ દરમિયાન તે ઘરે પહોંચ્યો, ત્યારે તેનું માથું દુ:ખતું હતું. તેને ચિકનાન્જપ્પાના શબ્દો યાદ આવ્યા, 'જ્યાં સુધી તમે પૈસા, લાંચ નહીં આપો ત્યાં સુધી તમે બેંગ્લોર પાછા આવી શકશો નહીં.'

સંજયને સમજાયું કે હવે પોતે નિર્ણય લઈ લેવાનો સમય આવી ગયો છે. તેણે વિચાર્યું, 'હું કાંઈ ડૉ. લતા કે ડૉ. સરોજ જેવો નથી. લાયક હોવા છતાં કોઈ પણ ઉચ્ચ કાર્યક્રમો માટે મને તક આપવામાં આવશે નહીં. ડિપાર્ટમેન્ટમાં હંમેશાં તેને જ હોળીનું નારિયેળ બનાવવામાં આવે છે. હું પહેલી વ્યક્તિ છું જેને બેંગ્લોરની બહાર ફેંકવામાં આવી છે. આટલા બધા દિવસો પછી મેં શું મેળવ્યું? કૉલેજ છોડ્યા પછી મારા વિદ્યાર્થીઓએ ક્યારેય મને યાદ કર્યો નથી. મુંબઈના મારા સહકાર્યકરોએ પોતાનાં નર્સિંગ હોમ ખોલી દીધાં. અખાતી પ્રદેશની નોકરી સંતોષે છોડી દીધી અને USA જઈ તેણે કમ્પ્યૂટર કૉર્સ કર્યો. જ્યારે અરુણ કિશોરાવસ્થામાં હતો ત્યારે મેં તેને પહેલી વાર જોયેલો અને આજે તેણે જે.પી. નગરમાં પોતાનું ઘર બનાવી દીધું. મેં શું કર્યું? મારી પત્ની સરકારી નોકરી કરે છે અને અમે બંને સખત મહેનત કરીએ છીએ. તેના

બદલામાં, લોન લઈ અમે એક ઍપાર્ટમેન્ટ જ ખરીદ્યું. હું મારી માતાને દર મહિને નિયમિત પૈસા મોકલું છું. મેં મારા માટે તો પૈસા બચાવ્યા જ નથી.'

પછી તેણે શંકરનો વિચાર કર્યો, 'શંકર હિંમતવાન છે. તેણે મૈસૂરમાં મોટી જમીન ખરીદી અને પત્નીના નામની એક કંપની તે ચલાવી રહ્યો છે. મારા કુટુંબના મોટા ભાગના માણસો મને અપમાનિત નજરે જુએ છે કારણ કે હું પૂરતા પૈસા કમાતો નથી.'

જ્યારે ડૉ. કમલા નિવૃત્ત થવાનાં હતાં ત્યારે તેમણે તેને કહેલું, 'સંજય, સમય બદલાઈ ગયો છે. હવે આપણે કન્ઝ્યુમર ઍક્ટને મગજમાં રાખવો જોઈએ. દર્દીને બદલે આપણે નિર્ણયો લઈ શકીએ એવા દિવસો હવે ગયા. આજે તો આપણે પૈસા લીધા છે તેવો આરોપ દર્દી આપણા પર મૂકી શકે. અરે, વિદ્યાર્થીઓ પણ બદલાઈ ગયા છે. ઓછામાં ઓછું ભણીને વધારેમાં વધારે માર્ક્સ કેવી રીતે મેળવવા તેમાં વિદ્યાર્થીઓને વધારે રસ છે. હું આ નવા વાતાવરણમાં ગોઠવાઈ શકું તેમ નથી. કાં તો તમે સ્વેચ્છાએ નિવૃત્તિ લઈ શકો અથવા તો નવી રીતરસમમાં તમે તમારી જાતને ગોઠવો.'

હવે સંજયને તેમના શબ્દોના અર્થો સમજાયા. તેણે વિચાર્યું, 'મૃદુલાને તો કોઈ મુશ્કેલી નડશે નહીં. હું જે નિર્ણય લઈશ તેમાં તે મને સાથ આપશે પરંતુ અંતિમ અને સંપૂર્ણ નિર્ણય મારો જ હશે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

પછી ઍલેક્ષે શું કહ્યું હતું તે તેણે યાદ કર્યું, 'સિસ્ટમમાં રહીને સંઘર્ષ કરવા કરતાં એમાંથી બહાર નીકળવું અને લડવું એ વધુ સારું છે.'

તેણે ઍલેક્ષને ફોન કર્યો.

❑

નિર્ણય

ભારતમાં સ્થાયી થવાનો નિર્ણય લઈને ઍલેક્ષ તે અઠવાડિયે અખાતી પ્રદેશમાંથી ભારત આવ્યો હતો. ભોજન સમયે ઍલેક્ષે કહ્યું : 'મૃદુલા, આ સમયે તારે જ વાતનો પ્રારંભ કરવો જોઈએ, એકડો માંડવો જોઈએ. તેની પાસે તેનું પોતાનું કંઈક હોય તે માટે તું તારા પતિને સમજાવ.'

સંજય પહેલી જ વાર વચ્ચે બોલ્યો, 'ઍલેક્ષ, આ અમારો સંયુક્ત નિર્ણય છે, નહીં કે મારો એકલાનો. હું સરકારી નોકરી છોડવા તૈયાર છું પણ ખાનગી પ્રૅક્ટિસ શરૂ કરવામાં કેવા સંઘર્ષો સામે ઝઝૂમવું પડે છે તે સમજવા માંગું છું.'

'સંજય, તું રાતોરાત તો કંઈ ધનવાન થઈ જવાનો નથી. મોટાભાગનાં લોકો પૈસો આવવા માંડે છે એટલે લડે છે, ઝઘડે છે. તેથી જો આપણે ભાગીદારીમાં કામ કરીએ તો આપણે ખૂબ જ કાળજી રાખવી પડે ને પાઈએ પાઈનો હિસાબ રાખવો પડે. લાંબાગાળાની ભાગીદારી અને મિત્રતાનું આ જ એક માત્ર રહસ્ય છે. હિસાબો ચોખ્ખા હોવા જોઈએ.'

'આપણું નર્સિંગ હોમ ક્યાં ખોલવું તે અંગે કંઈ વિચાર્યું છે?'

'તે ભીડભાડવાળી જગ્યામાં હોવું જોઈએ. આપણે તેને સાફસુથરું રાખવું જોઈએ. અને તેને શરૂ કરવા માટે, આપણે બંનેએ પચીસ લાખ રૂપિયા રોકવા પડે.'

મૃદુલા મોટેથી બોલી ઊઠી : 'અરે! એ તો બહુ કહેવાય!'

'મૃદુલા, ચિંતા ના કરીશ. તને પંદર લાખની તો લોન મળી શકશે. તો પછી તારે માત્ર તેમાં દસ લાખ જ ઉમેરવાના રહે. અમે અમારું કાર્ય બે ભાગમાં વહેંચી લઈશું – ટૅક્નિકલ અને વ્યવસ્થાપન. હું વહીવટનું કામ સંભાળીશ અને સંજય દવાખાનું ને દર્દીઓને સંભાળશે. શરૂઆતમાં અમે દસ હજાર પગાર લઈશું. તે માટેનું મકાન પણ મારા ધ્યાનમાં છે.'

'ક્યાં?'

'બન્નેરઘાટ્ટા, મેઇનરોડ. આપણે કાલે જોવા જઈશું. એ સારી જગ્યા છે. બે માળનું મકાન છે અને આપણે ભાડું આપી શકીશું.' ઍલેક્ષે સંજય સામે જોયું અને બોલવાનું ચાલુ રાખ્યું : 'તારે ગાડી ખરીદવી પડશે. તેનો અર્થ એટલો તો ખરો જ કે તારે લોન લેવી પડશે. જો તું તારા સ્કૂટર પર આવીશ તો લોકો એમ વિચારશે કે તું ખાસ જાણકાર નથી અને અનુભવ પણ ઓછો છે. હું આનાથી પણ વધુ તને કહેવા માંગું છું પણ મને થોડીક અવઢવ છે. તને કહું કે ના કહું તેવી મૂંઝવણ થાય છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજયે બહુ જ સ્વાભાવિકતાથી જવાબ આપ્યો : 'મને કહે, કંઈ વાંધો નહીં, ઍલેક્ષ!'

'તારા વિશાળ ને ઊંડા જ્ઞાનને કારણે હવે તારે કંઈ શીખવાની જરૂર રહેતી નથી. છતાંય તારે ઓછામાં ઓછું છ મહિના માટે તો ઇંગ્લૅન્ડ જવું જોઈએ ને પછી બીજા છ મહિના તારે અખાતી પ્રદેશોમાં કામ કરવું જોઈએ. જો લોકોને જાણ થાય કે તું પરદેશમાં ભણ્યો છે અને તેં પરદેશમાં કામ પણ કર્યું છે, તો તેઓ તને ખૂબ માન આપશે.'

'પણ મારી પાસે ઇંગ્લૅન્ડ જવાના પૈસા નથી.'

'તેથી જ હું તને અખાતી પ્રદેશમાં જવાનું સૂચન કરું છું. હું તારા માટે બધી જ ગોઠવણ કરી શકું એમ છું. સ્ત્રીરોગના નિષ્ણાત – પ્રસૂતિ કરાવવા માટે ત્યાં પુરુષ ડૉક્ટરોને માન્ય ગણવામાં આવતા નથી તેથી હું તારી જનરલ પ્રૅક્ટિશનર – તમામ પ્રકારના રોગના ચિકિત્સક તરીકે ગોઠવણ કરી શકું. મહેરબાની કરીને ખરાબ ના લગાડતો. આવું કરવું અનિવાર્ય છે.'

ઍલેક્ષ ઊભો થયો ને નીકળવાની તૈયારીમાં જ હતો. પછી તે પાછો ફર્યો અને બોલ્યો : 'સંજય, હું તને આર્થિક મદદ કરી શકીશ, પણ જો તું પણ ભાગીદારીમાં કામ કરવાનું હોય તો તે યોગ્ય ન ગણાય. કદાચ પાછળથી આ અંગે ગેરસમજ થાય. મને લાગે છે કે તું મારી વાત બરોબર રીતે સમજે છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

આટલું કહી ઍલેક્ષ ગયો. સંજય પોતાના બદલાતા જીવન વિશે ચિંતામાં પડ્યો. મૃદુલાને પણ ચિંતા થવા લાગી. જીવન હવે તણાવયુક્ત થવા માંડ્યું. અત્યાર સુધી શાંત નદીની જેમ વહેતું હતું, પસાર થતું હતું. પણ હવે જેમ કુદરતમાં થાય છે તેમ વમળો પણ સર્જાશે ને વાવાઝોડાં પણ ફૂંકાશે.

મૃદુલાને પૂરો આત્મવિશ્વાસ હતો. તેણે કહ્યું : 'સંજય, તમે ચિંતા ના કરો. ઊકળતા વાસણમાંથી બહાર નીકળી જવું એ જ સારું છે. ઍલેક્ષ તારી સાથે છે ને મારો પણ તને ટેકો છે. અરે, કદાચ તું કંઈ જ નહીં કમાઈ શકે તો પણ હું ગોઠવણ કરી દઈશ. જો, આપણે આપણું પોતાનું ઘર છે ને મને નિશ્ચિત ને નિયમિત રીતે સરકારી નોકરીમાંથી પગાર મળે છે. આપણાં ત્રણ માટે તે પૂરતું છે.'

'મૃદુલા, હજી ઘણી લોન ચૂકવવાની બાકી છે.'

'સંજય, આપણાં લગ્ન સમયે મારાં માતાપિતાએ મને સોનાનાં દાગીનાં આપ્યાં હતાં. હું તો સોનાનાં દાગીનાં ખાસ પહેરતી નથી. હું તે વેચી શકીશ. હું અપ્પાને પણ થોડી આર્થિક મદદ માટે કહી શકીશ અને બાકીના પૈસા માટે બૅન્કમાંથી લોન મેળવી શકીશું પણ આપણે ઍલેક્ષ પાસેથી એક પૈસો ય લઈશું નહીં.'

'પણ મૃદુલા, આ બધું તારે માટે ખૂબ અગવડ ભરેલું રહેશે.'

'હું એની ચિંતા જ નહીં કરું. મારા મનમાં તેને ગણકારીશ જ નહીં. જ્યાં સુધી તું ન્યાયપૂર્ણ રીતે અને નીતિપૂર્વક કમાઈશ ત્યાં સુધી હું તારી સાથે છું. હું તને તારા સંઘર્ષોમાં મદદ કરતી રહીશ. તું ખોટી રીતે પણ પૈસા કમાઈ તો શકે, પણ મને તે મંજૂર નથી.'

'મૃદુલા, આપણે અમ્માને પૂછીએ તો કેવું?'

'ના, મહેરબાની કરીને ના પૂછશો.'

મૃદુલાએ શા માટે ના પાડી તે તેણે ના કહ્યું, પણ સંજય સમજી ગયો. રત્નામ્માનો મૃદુલા સાથે વ્યવહાર ખૂબ મૈત્રીભર્યો હતો પણ તહેવારો કે પ્રસંગો નિમિત્તે તેમણે ક્યારેય એક પૈસો પણ તેમને આપ્યો નહોતો. તે તેના આશીર્વાદ મોકલાવતી, પૈસા નહીં. તેઓ શંકરને પણ પૂછી શકે તેમ નહોતું કારણ કે લક્ષ્મી અને તે બંને ઉડાઉ હતાં. લક્ષ્મીની આ ખર્ચ કરવાની ટેવ વિશે રત્નામ્મા હંમેશા મૃદુલાને ફરિયાદ કરતાં.

મૃદુલાએ તે પરણી ત્યારથી આજ સુધી ક્યારેય પિતા પાસે કશું માંગ્યું નહોતું. દરેક વર્ષે તેનાં માતાપિતા તેને કંઈક ને કંઈક ભેટ મોકલાવતા અને તે તેનાથી ખુશ જ થતી. હવે તેની પાસે કોઈ બીજો વિકલ્પ નહોતો. તેણે થયું સંજયના કુટુંબીજનો કરતાં પોતાના પિતા સાથે પૈસા અંગે વાત કરવી વધુ યોગ્ય છે. તેથી તેણે પોતાનાં માતાપિતાને મળવા જવાનું નક્કી કર્યું.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

જ્યારે મૃદુલાએ પિતાને ફોનમાં કહ્યું કે પોતે એકલી તેમને મળવા આવી રહી છે ત્યારે ભીમાન્નાને થોડી નવાઈ લાગી. પણ તેમણે તેને કોઈ પ્રશ્ન પૂછ્યો નહીં. સામાન્ય રીતે, જ્યારે મૃદુલા પોતાના કુટુંબને મળવા આવતી ત્યારે સંજય અને શિશિરની સાથે જ આવતી. સંજય મોટેભાગે વાંચવામાં કે ઊંઘવામાં સમય પસાર કરતો. તે ભાગ્યે જ કોઈની સાથે વાતો કરતો. લગ્નનાં દસ વર્ષ પછી આજે પહેલી જ વાર તે અલાદહલી એકલી જવાની હતી.

જ્યારે મૃદુલા ઘરમાં દાખલ થઈ ત્યારે તેણે જોયું કે તેના પિયરનું મકાન – ઘર છેલ્લાં દસ વર્ષમાં ધીમે ધીમે કરતાં ઘણું બદલાઈ ગયું છે. જ્યારે તે નાની છોકરી હતી ત્યારે તેમને ત્યાં ટેબલ પર ભરત ભરેલો રૂમાલ પાથરવામાં આવતો હતો. તેનું બનાવેલું ચિત્ર ટીંગાડવામાં આવતું હતું. જૂનો રેડિયો અને એવી બીજી ઘણી બધી વસ્તુઓ હતી. જે આજે બદલાઈ ગઈ હતી. જમવાના ટેબલ ઉપર વિશાળ કાચ ગોઠવવામાં આવ્યો હતો. અનેક નવાં સાધનો વસાવવામાં આવ્યાં હતાં, જેવાં કે ફોન, મોટા પડદાવાળું ટી.વી. અને છેલ્લામાં છેલ્લી ઢબની સંગીતની સામગ્રી. બગીચામાં પણ ફેરફાર થઈ ગયો હતો. ક્યાંય જૂઈના છોડ નહોતા. તેને બદલે ત્યાં વુડ રોઝીઝ અને કરોટોનનાં

કૂલો હતાં. ગમે તેમ પણ રસોડું લગભગ તેવું ને તેવું હતું. રુકમ્માબાઈ હજીયે તે સંભાળતાં હતાં.

બધાંએ ખૂબ પ્રેમથી મૃદુલાને આવકારી. પણ વત્સલાએ ન તો તેને આવકારી કે ન તો તેણે તેની સામે સ્મિત પણ કર્યું. મૃદુલાને લક્ષ્મી યાદ આવી. લક્ષ્મી હંમેશાં હસતી ને તેને પ્રેમથી બોલાવતી. ભોજન કર્યા બાદ, મૃદુલાએ બધાં સાથે વાત કરવાનું નક્કી કર્યું. વત્સલા સાથે પણ. તેણે કહ્યું, 'તમે બધાં અહીંયાં આવશો ને બેસશો? મારે બહુ મહત્ત્વની ચર્ચા તમારી સાથે કરવી છે.'

વત્સલાએ જોરથી કહી દીધું, 'ના, ના. આ ઘરમાં મારું કંઈ જ ચાલતું નથી. ગમે તેમ તોય હું અહીં એક આગંતુક છું, બહારની વ્યક્તિ છું. તારે જે કંઈ ચર્ચા કરવી હોય એ તારાં ભાઈ અને માતાપિતા સાથે કર.'

મૃદુલાને દુ:ખ થયું. જો ચર્ચા શરૂ થતાં પહેલાં જ કોઈ પોતાની વાતથી દુ:ખી થાય તો પોતે કેવી રીતે પૈસાની વાત કરી શકે? તેણે શાંતિથી કહ્યું : 'હું બહુ પ્રામાણિકતાથી કહું છું કે ખરેખર તો હવે હું અહીં બહારની છું. તું જ હવે તો મારાં માતાપિતાની કાળજી રાખે છે માટે મહેરબાની કરીને આવ.'

વત્સલાએ માથું ધુણાવ્યું ને પોતાના બેડ રૂમમાં જતી રહી. પણ આ બધાં વચ્ચે શી વાતચીત થઈ રહી છે તે સાંભળવા તે દરવાજા પાસે તો ઊભી જ રહી.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મૃદુલા પોતાનાં માતાપિતા અને ભાઈ તરફ વળી અને કહેવા લાગી : 'સંજય પોતાનું ખાનગી દવાખાનું ખોલવા માંગે છે. એ માટે અમારી પાસે પચીસ લાખ હોવા જોઈએ. અમે બૅન્કમાંથી પંદર લાખની લૉન તો લઈ જ લીધી છે. અમારી પાસે પૂરતી બચત નથી. જો તમે પાંચ લાખ ઊછીના – લૉન પેટે આપો તો ત્રણ કે ચાર વર્ષમાં અમે તે વ્યાજ સાથે પાછા આપી દઈશું. હું આ અંગે કોને વાત કરી શકું એ મને સમજાતું નથી કે હું કોઈને ઓળખતી નથી જેને આ અંગે કહી શકું. કદાચ જો તમે મને પૈસા ના આપી શકો તો પણ વાંધો નહીં. હું નિરાશ નહીં થાઉં. હું સમજીશ કે તમારે પણ કોઈક પ્રશ્નો કે મુશ્કેલીઓ હશે. તે કારણે આપણો સંબંધ નહીં બગડે. એ તો એવો ને એવો જ રહેશે.' મૃદુલાની વાત સાંભળી વત્સલા ખૂબ ગુસ્સે થઈ ગઈ.

આ દરમ્યાન કિરષ્ન શાંત જ રહ્યો. રુકમ્માએ ભીમાન્ના સામે જોયું અને કહ્યું : 'પાંચ લાખ તો ઘણી મોટી રકમ કહેવાય. આપણું જીવન પણ અત્યારે કંઈ સરળતાથી ચાલતું નથી. ક્યારેક વરસાદ પડતો નથી અને આપણને નફો થતો નથી. આપણું ટ્રેક્ટર પણ જૂનું થઈ ગયું છે તે બદલીને નવું લાવવાનું છે. વળી વત્સલા હુબલીમાં મકાન ખરીદવાનું કહ્યાં કરે છે.'

મૃદુલાને ખ્યાલ આવ્યો કે ભીમાક્કા વિચારી રહ્યા છે કે આ પરિસ્થિતિમાં તે શું કરી શકે? મૃદુલાને થયું મારાં પરિવારજનોને આ બાબતે ચર્ચા કરવા સમય આપવો જોઈએ. તેથી તેણે કહ્યું : 'હું જરા થોડી વાર ચંપાક્કાને મળીને આવું.'

જેવી તે ચંપાક્કાને ત્યાં ગઈ, મૃદુલાને ગામડાની શાળાનો વિચાર આવ્યો. તેણે જોયું તો ગામમાં પણ ખૂબ ફેરફાર થઈ ગયો હતો. હવે લગભગ બધાં જ વત્સલા જેવું વિચારતાં હતાં. તેઓ ઇચ્છતાં હતાં કે તેમનાં બાળકો હુબલી કે ધારવાડમાં ભણે જેથી તેઓ અંગ્રેજી શીખી શકે અને પાછળથી સારી કૉલેજોમાં પ્રવેશ મેળવી શકે. જે લોકોને પોતાનાં બાળકોને હુબલી કે ધારવાડ મોકલવાનું પોસાતું નહોતું તેઓ જ અલાદહલીની સ્થાનિક શાળામાં બાળકોને મોકલતાં હતાં. સારા શિક્ષકોએ પણ શહેરની શાળામાં બદલી કરાવી દીધી. ગામડાની શાળા વિશે કોઈ વિચારતું જ નહોતું. શાળા જાણે કે અનાથ થઈ ગઈ હતી.

મૃદુલાને જોઈ ચંપાક્કા એકદમ આવેશમાં, આનંદમાં આવી ગયાં. વયથી તો તેઓ ખૂબ વૃદ્ધ થઈ ગયાં હતાં પણ તેમનું મગજ હજી એવું ને એવું જ સતેજ હતું. તેમણે કહ્યું : 'મને થયું મૃદુલા તું અલાદહલીને ભૂલી ગઈ ને તેથી બેંગ્લોરની બહાર જ કદી નીકળતી નથી. તને તો આ ગામ માટે ખૂબ પ્રેમ છે. તું શહેરમાં કેવી રીતે રહી જ શકે છે. ત્યાં તો ભરચક વસ્તી હોય, માણસોનાં ટોળેટોળાં હોય અને વળી માણસોના સ્વભાવ પણ જુદાં હોય.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મૃદુલા જાણે છે કે ચંપાક્કા ગંભીરતાથી કહેતા નથી. તેથી તેણે તેનો કશો જવાબ ન આપ્યો. પણ તેના ધ્યાનમાં આવ્યું કે તેમની ખૂંધ વધી ગઈ છે. ચંપાક્કાએ બોલવાનું ચાલુ રાખ્યું : 'મૃદુલા, આજે મારામાં ચાલવાની શક્તિ જ નથી. તું આવવાની હતી તેવા સમાચાર તારા પિતાએ આપ્યા હતા તેથી ગઈ કાલે જ મેં તારા માટે ખાસ લાડુ બનાવી રાખ્યા છે. પેલા ડબ્બામાંથી કાઢ અને ખા. જોજે, પાછી ભોંય પર બેસી ના જતી. આજે તો ઘણી ઠંડી છે. તો સાદડી પાથર ને તેના પર બેસ.'

ટેવવશ મૃદુલા એમના બગીચામાં લટાર મારવા નીકળી. પછી તેણે લાડુ લીધા ને તેમની સામે જ બેઠી. તેણે પૂછયું: 'માસી, તમારા બગીચાને શું થઈ ગયું છે? આખો બગીચો નર્યાં ઘાસથી જ ભરેલો છે. બધાં જ રંગબેરંગી ફૂલો ગાયબ! માત્ર મેંદીનાં ઝાડ ખીલેલાં છે.'

'મૃદુલા, તું બગીચાની વાતો બંધ કર. તેથી મને ખૂબ દુ:ખ થાય છે. તું પરણીને સાસરે ગઈ પછી કોઈએ એની કાળજી લીધી જ નથી. તું તેને તારું સંતાન હોય એમ સાચવતી હતી. પણ તારી ભાભી વત્સલા તો એની સામેય જોતી નથી. તેણે શું કહેલું તે તું જાણે છે?' મૃદુલાએ જવાબ ન આપ્યો પણ ચંપાક્કાએ બોલવાનું ચાલુ જ રાખ્યું, 'એણે કહેલું કે હું કંઈ તમારા બગીચાની દેખભાળ કરનાર નોકર નથી. તેથી મેં બગીચો સાફ

રાખે અને ઝાડને પાણી પાય તે માટે સો રૂપિયાના પગારે એક નોકર રાખ્યો. વત્સલા હુબલીના બજારમાંથી પોતાને ગમતાં ફૂલો ખરીદવાનું વધુ પસંદ કરે છે. તે તે ફૂલોને ફ્રીઝમાં સાચવીને મૂકે છે જેથી તે દિવસો સુધી તેનો ઉપયોગ કરી શકે. તેને બગીચામાં કામ કરવું અને તાજાં ફૂલોને ઊછેરવા-સાચવવાનું ગમતું નથી. તે આળસુ છે.'

ગમે તે હો, પણ ચંપાક્કા ને વત્સલા જાણે એકબીજાના દુશ્મન થઈ ગયાં. બે વચ્ચે બારમો ચંદ્રમાં થયો. મૃદુલાને ખબર છે કે ચંપાક્કા હૃદયનાં ખૂબ કોમળ છે ને બહુ સરળતાથી માફી આપી દે છે. પણ વત્સલા કંઈક જુદી જ માટીની છે. મૃદુલા તેના વિશે વધુ વાત કરવા ઈચ્છતી નહોતી તેથી વાતનો મુદ્દો જ બદલી નાખ્યો. તેણે પૂછ્યું : 'માસી, હવે તમારા બગીચાની સંભાળ કોણ રાખે છે?'

'પીરામ્બી, તેને તો પોતાના ઘરમાં જ બહુ કામ હોય છે. તેને જ્યારે સમય મળે ત્યારે તે બગીચાનું કામકાજ કરે છે. તેને મેંદી ખૂબ જ ગમે છે તેથી જ મેંદીના ઝાડની તે સરસ કાળજી રાખે છે. તે હનુમાનજીના મંદિર માટે રોજ ફૂલો લઈ જાય છે. મૃદુલા, તું તો હાથ પર મેંદીની કેટલી સરસ ભાત પાડતી હતી! ગામમાં કોઈ વહુ એવી નથી જેના હાથ પર તારા જેવી મેંદી હોય!'

મૃદુલાને સુરેખાનો લગ્ન પ્રસંગ યાદ આવ્યો જે નિમિત્તે તેને સંપર્ક મળ્યો હતો. આ મધુર યાદે તેને પ્રફુલ્લિત કરી દીધી ને તે વત્સલાને ભૂલી ગઈ. ચંપાક્કાએ તેને પૂછ્યું : 'તું એકલી કેમ રહે છે? બધું બરાબર તો છે ને?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મૃદુલાએ બધી વાતો તેમને કહી. ચંપાક્કાએ ટીકા રૂપે કહ્યું : 'તેઓ તને પૈસા આપશે નહીં. તારી ભાભી તેમને જરૂર રોકશે. પીરામ્બીએ મને કહ્યું હતું કે વત્સલાએ બે બેડરૂમવાળો એક ફ્લૅટ આઠ લાખમાં બુક કરાવી દીધો છે.'

અલાદહલીમાં પીરામ્બી અને ભીમાન્ના ઑલ ઈન્ડિયા રેડિયો જેવો રોલ ભજવે છે. કશું છાનું રાખી જ ન શકે. ચંપાક્કાએ પછી ધીમા અવાજે કહ્યું: 'મેં સાંભળ્યું છે કે હવે નવો કાયદો થયો છે જેમાં પરણેલી દીકરીને પણ માતાપિતાની મિલકતમાંથી ભાગ મળે. દીકરીનો પણ તેમાં હક્ક છે. તો એ માહિતી બરોબર મેળવ અને પછી તારા ભાગ માટે તારી ભાભીને કહે.'

'માસી, એવા કાયદાનો સહારો લઈ મારે એકેય પૈસો જોઈતો નથી. હું ઇચ્છું છું કે મારો ભાઈ આનંદથી જીવે અને ખૂબ વિકાસ કરે. મારી મા તેના ભાઈ માટે ભગવાનને પ્રાર્થના કરતી હતી ને મને પણ એવું જ શીખવ્યું છે. જેવા અમે કાયદેસરના હક્ક વિશે વાત કરીશું કે કદાચ મને પૈસા તો મળશે પણ સંબંધો ગુમાવીશ. ખરેખર તો મારા ભાઈ અને મારાં માતાપિતા સાથેના સંબંધને હું વધારે મહત્ત્વનો ગણું છું. તેથી તેની સંભાળ રાખવી મને ગમે.' ચંપાક્કા હસ્યાં અને સંમતિસૂચક માથું હલાવ્યું.

ચંપાક્કાનાં ઘરમાંથી બહાર નીકળ્યા બાદ મૃદુલા ઘરમાં ના ગઈ પણ તે હનુમાન મંદિર ગઈ અને ત્યાં શાંતિથી બેઠી. તળાવ પરથી આવતા ઠંડા પવને તેને પ્રફુલ્લિત કરી. તેણે ગાવા માંડ્યું. તેને માતાપિતા છે, ભાઈ છે, પુત્ર છે, પતિ છે, – આમ બધી વાતે તે ખુશ છે પણ આ બધાં કરતાં અલાદહલીમાં હોવું એ જ તેને માટે અવર્ણનીય આનંદની – સુખની વાત છે.

એ ફેબ્રુઆરી કે માર્ચનો ઉગાદી ઉત્સવનો સમયગાળો હતો. ઉનાળાની તો હજી માંડ શરૂઆત થઈ હતી. આંબાના ઝાડ પર લાલ-લીલા મિશ્રણવાળાં કોમળ પાંદડાં ખીલ્યાં હતાં ને કોયલ મીઠા મધુર સ્વરે કુહુ...કુહુ... બોલતી હતી. દરેક જણ આવનાર ઉત્સવ માટે ખરીદી કરતું હતું ને છતાંય મંદિરમાં તો પરમ શાંતિ હતી. નરી નીરવતા હતી. જોકે, મૃદુલા આ બધાંથી પર હતી, તેને કશાની અસર નહોતી. તે મુક્તમને જરાય બંધન વગર ઝૂલતી હતી, ડોલતી હતી.

મૃદુલા બધાં જેવી સામાન્ય નહોતી. તેનું વ્યક્તિત્વ થોડું અલગ હતું. ઝૂલા પરથી તે તેનું ઘર જોઈ શકતી હતી. તે જીવન પ્રત્યે ખૂબ ઉત્સાહી હતી, તેને જીવન પ્રત્યે ખૂબ જ લગાવ હતો અને વાંચવા માટે, રસોઈ કરવા માટે અને ચિત્રકલા માટે તેનામાં અસીમ શક્તિ હતી, તેને આ બધાંમાં ખૂબ જ રસ હતો. તે દરેક ક્ષણને સફળ રીતે જીવવા માંગતી હતી. સૂર્ય જાણે કે એને જ માટે ઊગતો હતો અને મેઘધનુષ જાણે તેને જ માટે રચાતું હતું. તે દરેક દિવસ ભરપૂર રીતે જીવતી અને દરેક સુંદર ક્ષણને તે આનંદથી માણતી.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ભોજન પછી ભીમાણ્ણાએ મૃદુલાને પોતાની બાજુમાં બોલાવી અને કહ્યું : 'મૃદુલા, તું અમારી દીકરી છે. અમે તને લોન કે ઉછીના પૈસા ન આપી શકીએ. મેં અને તારી માએ આ અંગે ઘણો વિચાર કર્યો. અમે તને ખૂબ આનંદથી અને આશીર્વાદ સાથે ત્રણ લાખ રૂપિયા આપવા ઈચ્છીએ છીએ. તું આ પૈસા થકી ખૂબ પ્રગતિ કર.'

કિરણ અને વત્સલાએ પોતાના રૂમમાં રહ્યે રહ્યે છાનામાના દરેક શબ્દ સાંભળ્યો.

મૃદુલાની આંખો આંસુથી ભીની થઈ ગઈ. તેનું હૈયું ભરાઈ ગયું. તેને ખબર હતી કે તેનાં માતાપિતાએ આ રકમ પોતાની પાછલી ઉંમર માટે સાચવી રાખી હતી. તેઓ પોતાની વહુને ઉચાટમય સ્થિતિમાં મૂકવા નહોતા માંગતા. તેથી તેમણે પોતાની કટોકટી ભરી સ્થિતિમાં કામ આવે તે માટે જે રકમ બાજુએ રાખી હતી તેમાંથી આ પૈસા તેને આપ્યાં છે. મૃદુલાએ કહ્યું : 'અપ્પા, તમે બહુ જ ઉદાર છો. પણ ખરેખર તો મને આ રીતે તમારી પાસેથી પૈસા લેતાં ખૂબ અકોણું લાગે છે. તમે આટલી મોટી રકમ ભેટમાં ન આપી શકો. હું સગવડે પાછળથી આ પૈસા પરત કરવા ઈચ્છું છું ને જરૂર પરત કરીશ.'

'મૃદુલા, હવે આપણે આ બાબતે વાત ન કરીએ તો સારું. રુકમા, કંકુ લાવ, મૃદુલાને ચાંદલો કર અને આ ચેક એને આપ. ચાલ ત્યારે, મારે હજી કેટલાંક કામ કરવાનાં છે. મુલ્લા સાબીની તબિયત બરાબર નથી. આજે બૉડી ચેક કરાવવા હુબલી ગયા હતા. હવે આવી ગયા હશે, તો ત્યાં શું પરિણામ આવ્યું તે જાણવા હું ઈચ્છું છું.'

ભીમાણ્ણા મૃદુલા સામે હસતાં હસતાં ઘર બહાર જતા રહ્યા.

❑

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

અંતની શરૂઆત

ચા રવર્ષ પસાર થઈ ગયાં.

મૃદુલાનું જીવન ઘણું બદલાઈ ગયું. વિજયનગર હાઈસ્કૂલની તે આચાર્યા થઈ ગઈ. સંજય અને ઍલેક્ષે 'સુશ્રુત નર્સિંગ હોમ' શરૂ કરી દીધું. મૃદુલા સખત મહેનત કરીને અને હૉસ્પિટલ ચલાવવામાં ઘણી મદદ કરતી. હૉસ્પિટલ માટે તેણે પોતાનાં લગ્ન વખતે મળેલાં ઘરેણાં ગીરવે મૂકી દીધાં. જ્યારે તેમણે હૉસ્પિટલ શરૂ કરી ત્યારે અનિતા માટે બેંગ્લોર એકદમ નવું, અજાણ્યું સ્થળ હતું. તે ખાસ કશું જ જાણતી નહોતી તેથી મૃદુલા જ સુથાર, ધોબી, દરજી કે અન્ય માણસોની ગોઠવણ કરતી. આમ તો ઍલેક્ષે કહેલું કે પોતે નર્સિંગ હોમનું વહીવટી કાર્ય સંભાળશે પણ પછી તે તો બીજા નર્સિંગ હોમની જગ્યાની શોધખોળમાં જ વ્યસ્ત રહેતો. તેથી મૃદુલા જ બૅન્કનું બધું કાર્ય કરતી અને ઇન્કમટેક્ષ વગેરેનું કામ પણ તેને જ સંભાળવું પડતું. હૉસ્પિટલ બહુ જ થોડા સમયમાં જાણીતી થઈ ગઈ.

એકવાર ટી. નરસિપુરાની મુલાકાત વખતે, રત્નામ્માની ઝીણી અને અનુભવી નજરે એક વસ્તુની તરત જ નોંધ લીધી કે પોતાની પુત્રવધૂ ઘરેણાં વગરની ફરે છે. તેણે મૃદુલાને પૂછ્યું : 'તારાં ઘરેણાં ક્યાં છે?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મૃદુલાએ તેમને કહ્યું કે, તેણે પોતાનાં ઘરેણાં ગીરવે મૂક્યાં છે. રત્નામ્માએ તેને સલાહ આપી કે જેટલાં જલ્દી પાછાં મેળવી શકાય તેટલાં જલદીથી તે ઘરેણાં પાછાં મેળવી લે, પણ તેમને મદદ કરવાની કોઈ વાત ન કરી. તેણે કહ્યું : 'તારા પિતાએ તને સાચાં સોનાનાં ઘરેણાં આપ્યાં છે. એકવાર લોકો સોનું ગીરવે મૂકે એ પછી તેમને તે પાછું મળતું નથી તેવું મારો અનુભવ છે. સિવાય કે તેઓ તે વેચી દે. પણ તું આવું ના કરતી, આ ભૂલ ના કરતી.'

થોડા વખત પછી જ્યારે હૉસ્પિટલમાંથી સંજય અને મૃદુલાને થોડો નફો થયો, તેમણે ગીરવે મૂકેલા ઘરેણાં માટેનાં પૈસા ચૂકવી દીધાં ને તેનાં ઘરેણાં પાછાં મેળવી લીધાં.

હૉસ્પિટલ ધમધોકાર ચાલવા લાગી અને તેઓ કમાવા પણ લાગ્યાં. સંજયને પોતાના વ્યવસાયથી આનંદ હતો ને પોતાનાં કામ માટે તેને પૂરો આત્મવિશ્વાસ હતો. હવે તે ગાડી ચલાવતો હતો અને મૃદુલા પાસે પણ પોતાનું કાઈનેટીક હૉન્ડા હતું. તેણે પોતાનાં મકાનની લોન ભરપાઈ કરી દીધી પણ તેમણે એ ઍપાર્ટમૅન્ટમાંથી બીજે જવાનું વિચાર્યું નહી. મૃદુલાને ઇચ્છા છે કે જયનગર કે જે.પી. નગરમાં પોતાનું ઘર બાંધવું પણ તેમની પાસે હજી એટલા બધા પૈસા ભેગા નહોતા થયા. તેને ખબર હતી કે શિશિર હવે થોડાં જ વર્ષોમાં કૉલેજ જશે અને ત્યારે એના ભણતર માટે તેમને નાણાંની ખૂબ જરૂર

પડશે. તેથી નવા ઘર માટે તે બધાં જ પૈસા વાપરી નાખવા માંગતી ન હતી. તેમનાં બધાં જ નાણાકીય વ્યવહારો મૃદુલા સંભાળતી, ને વળી સંજયનો આગ્રહ પણ હતો કે બૅન્કનાં ખાતાંઓની પણ તે જ કાળજી રાખે અને સંભાળે. તે હંમેશા સંજયને ખિસ્સાખર્ચ માટે પૈસા આપતી બાકીનું સંયમપૂર્વક, કરકસરથી બધું સંભાળતી.

આ દરમિયાન, અનિતા અને ઍલેક્ષ નિયમિત રીતે મૃદુલાના ઘરે આવતાં જતાં રહેતાં. ઍલેક્ષ અખાતી પ્રદેશોમાં કંઈક નવું સાહસ કરવાની ઇચ્છાએ ઘણી વાર પ્રવાસ કરતો પણ અનિતાને તો બેંગ્લોરમાં જ રહેવું ખૂબ ગમતું હતું. તે ચર્ચની પ્રાર્થનાસભામાં જોડાઈ ગઈ અને તેની દીકરી જુલી, રિચમંડ રોડ પર આવેલી બાલ્ડવીન ગર્લ્સ સ્કૂલમાં.

અનિતા પોતાના કામમાં મદદ થાય તે માટે મેંગ્લોરથી મેના નામની એક બહેનને બોલાવી હતી. તેણે માધ્યમિક સુધીનું શિક્ષણ લીધેલું. તે ખૂબ જ સુઘડ અને વ્યવસ્થિત પોશાક પહેરતી. ક્યારેક તો તે અનિતા કરતાં પણ સુંદર લાગતી. તેનાં કુટુંબની પાંચ દીકરીઓમાં મેના સૌથી મોટી હતી અને આર્થિક રીતે ઘર એકદમ સામાન્ય. આર્થિક કારણસર જ તે અનિતાના ઘરમાં નોકરી લઈને ત્યાં રહેતી. અનિતા તેની ખૂબ કાળજી રાખતી. તેને માટે તેણે બૅન્કમાં ખાતું પણ ખોલાવ્યું જેથી તે તેનો પગાર તેમાં જમા કરાવી શકે અને પૈસા બચાવી શકે. મેના અને અનિતાનો નાતીજાતી સાથે ફાવી ગયું હોવાથી બંને જણાં ખુશ હતાં.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજયને હવે સમજાઈ ગયું છે કે ખાનગી નર્સિંગ હોમમાં કામ કરી તેમાં દર્દીને માત્ર ઉત્તમ સારવાર આપવી એટલું જ પૂરતું નથી. તે ઉપરાંત દવાખાનામાં ચોખ્ખાઈ રાખવી, દર્દીઓ સાથે ઋજુતાથી વાતો કરવી – વર્તવું, તેમને પ્રેરણા આપવી અને તેમના આત્મવિશ્વાસને જગાડવો-ટકાવવો એ બધું પણ જરૂરી છે. જ્યારે ઍલેક્ષે ઘણાં સમય પહેલાં તેને આ બધી વાતો કરી હતી ત્યારે તેણે આ બધું ગંભીરતાથી લીધું નહોતું. તેની વાતો પર સહેજ પણ ધ્યાન આપ્યું નહોતું. પણ હવે તેને ઍલેક્ષના શબ્દોનું મહત્ત્વ સમજાયું. તેની વાતની કિંમત સમજાઈ. સરકારી દવાખાનામાં દર્દીની સારવાર એ જ એક માત્ર મહત્ત્વની બાબત હતી. બાકીનું બધું કામ તો સહાયક ડૉક્ટરો કરી નાખતા. જ્યારે ખાનગી દવાખાનામાં, ડૉક્ટરે બધી વસ્તુનું ખૂબ જ ધ્યાનપૂર્વક સંભાળવું પડે. કારણ ગમે તે હોય પણ જો દર્દી મૃત્યુ પામે તો તરત જ દવાખાનાની પ્રતિષ્ઠા પર ધબ્બો લાગે. સંજય એટલું તો શીખ્યો કે એકવાર જો તમારું નર્સિંગ હોમ જાણીતું થઈ જાય તો દર્દીઓ આપોઆપ તેમને દરવાજે આવશે. પણ તેણે હૉસ્પિટલની પ્રતિષ્ઠા જાળવી રાખવા માટે ખૂબ જ કાળજી રાખવી જોઈશે. છેલ્લાં થોડાં વર્ષો દરમિયાન, શંકરની બદલી મૈસૂર થઈ હતી અને તેણે ત્યાં મોટું ઘર બાંધ્યું હતું. શંકર અને લક્ષ્મીનાં નવાં ઘરનાં વાસ્તુપૂજન વખતે મૃદુલા ગઈ હતી. પણ સંજયે નવું જ ખાનગી દવાખાનું ખોલેલું, તેથી તે ભાગ્યે જ ક્યાંય જતો કારણ કે તે સતત કામમાં જ ડૂબેલો રહેતો. લક્ષ્મીને

એનાં ઘરનાં વાસ્તુપૂજન વખતે શી ભેટ આપવી તે અંગે પણ તેણે કશો રસ દાખવ્યો નહોતો કે ચર્ચા પણ કરી નહોતી. ઘરમાં બધાં જ નિર્ણયો મૃદુલા જ લેતી. લક્ષ્મીનું ઘર ખૂબ જ સુંદર હતું. તેમાં ચાર બેડરૂમ હતાં, ઇટાલિયન પદ્ધતિનું રસોડું હતું અને આરસનું ભોંયતળિયું હતું. વાસ્તુપૂજન માટે લક્ષ્મીએ ફૂલોની શોભામાં જ ૨૫,૦૦૦ રૂપિયા ખર્ચ્યા હતા. મૃદુલાએ તેને રેશમી સાડીની ભેટ આપી ને શંકરને ચાંદીનો વાટકો આપ્યો. પણ તેની ભેટ કરતાં લક્ષ્મીએ સામે અપેલી ભેટ વધુ ચઢિયાતી હતી. રત્નામ્મા વાસ્તુપૂજામાં લગભગ જમવાના સમયે આવ્યાં અને તેમણે કોઈ ભેટ આપી નહીં. તેમને એ ન સમજાયું કે એક જ ઘરમાંથી બે ભેટ આપવાની શી જરૂર છે? થોડા મહિના પછી શંકરે સ્વેચ્છાએ નિવૃત્તિ લઈ લીધી અને લક્ષ્મીનાં નામે ધંધો શરૂ કર્યો અને એમાં જ સંપૂર્ણપણે ખોવાઈ ગયો, ડૂબી ગયો.

એક વર્ષ પછીની વાત છે. કોઈ પણ પ્રકારની જાણકારી કર્યા વગર, સંપર્ક કર્યા વગર લક્ષ્મી મૈસૂરથી તેમને મળવા આવી. એ રવિવાર હતો અને મૃદુલા ઘરમાં હતી. સંજય હૉસ્પિટલમાં હતો. તેને જોઈને મૃદુલાને ખૂબ નવાઈ લાગી. સામાન્ય રીતે ઘરમાં પણ લક્ષ્મી સારાં, મોંઘાં વસ્ત્રો પહેરતી પણ આજે તેણે એકદમ સસ્તી સાડી પહેરી હતી અને તે ખૂબ દુ:ખી લાગતી હતી. મૃદુલાએ કહ્યું : 'મોટી બહેન! અંદર આવો. તમે મૈસૂરથી ક્યારે આવ્યાં?'

'મને દ વાગ્યાની બસ મળી.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

લક્ષ્મી બસમાં આવી એ સાંભળીને મૃદુલાને ખૂબ નવાઈ લાગી. પણ છતાંય તેણે કહ્યું : 'નાહીધોઈને તાજામાજા થઈ જાઓ અને તરત ચા-નાસ્તો કરી લો. પછી આપણે વાતો કરીએ.'

લક્ષ્મી નાહવા ગઈ. તે મહેમાનોને ખૂબ સરસ રીતે આવકારતી-રાખતી અને મૃદુલા પણ ઇચ્છતી હતી કે તેનું સ્વાગત પણ તે તેવી જ રીતે કરી શકે. પણ આજે પરિસ્થિતિ અલગ હતી. મૃદુલાને સમજાઈ તો ગયું કે લક્ષ્મી મુશ્કેલીમાં છે અને તે ઇચ્છે છે કે તે તેને મદદ કરે. જોકે તેઓ કંઈ પૈસાદાર તો નહોતાં, પણ પહેલાં કરતાં તેમની આર્થિક સ્થિતિ સારી હતી. આ પહેલાં લક્ષ્મીએ ક્યારેય પોતાના ભાઈ પાસે મદદ માંગી નહોતી.

લક્ષ્મી નાહીધોઈ પરવારી ગઈ અને પછી તેણે મૃદુલાને એક છાબડી ભેટમાં આપી. છાબડીમાં રીંગણાં, મૈસૂરના જૂઈનાં ફૂલ અને કેળાં હતાં. મૃદુલાએ ખૂબ ભાવથી, સ્નેહથી પૂછ્યું : 'મોટીબેન! તમે આ બધું મારે માટે કેમ લાવ્યાં? હવે કહો, તમે કેમ છો?'

લક્ષ્મી રડવા લાગી. ડૂસકાં ભરતાં ભરતાં તેણે કહ્યું : 'મૃદુલા, સ્વેચ્છાએ નિવૃત્તિ લીધી ત્યારે મારા પતિને કેટલીક રકમ મળી હતી. અમે થોડી લોન લીધી અને એ

પૈસાનું ધંધામાં રોકાણ કર્યું. એ વખતે અમારો હોટલનો ધંધો બહુ સરસ રીતે ચાલતો હતો. પણ અમારા ભાગીદારે અમને છેતર્યા. અમે ખૂબ ભોળા છીએ અને અમે તેનું કહ્યું જ સાચું માનતાં. અરે! ધંધાના વિકાસ માટે અમે અમારું નવું ઘર પણ ગીરવે મૂક્યું છે. હવે અત્યારે અમને ખૂબ ખોટ ગઈ છે અને પૈસેટકે પાયમાલ થઈ ગયાં છીએ. કદાચ અમારે અમારું ઘર અને અમારો ધંધો બંને ગુમાવવા પડે.'

'મોટીબેન! શંકરના ભાઈઓ આપની સાથે મૈસૂરમાં જ છે. તેઓ તમને મદદ કરી શકે તેમ નથી?'

'તેઓ કંઈ જ કામના નથી. અત્યારે અમે બહુ કપરો સમય પસાર કરી રહ્યાં છીએ અને મદદ કરવાને બદલે તેઓ અમારી સાથે વાત કરવાને પણ તૈયાર નથી. ઘસીને ના પાડી દે છે. એટલું જ નહીં, તેઓ અમારી મજાક પણ ઉડાવે છે. અમે બધું જ ગુમાવી દીધું છે. અનિલ હજી નાનો છે તેથી તે તેના પિતાને મદદ કરી શકે તેમ નથી.'

મૃદુલા થોડી વાર શાંત થઈ ગઈ. સંજય અને તેણે હજી હમણાં જ લોન ભરપાઈ કરી હતી. લક્ષ્મીને મદદ કરવી એ તેમના ગજા બહારની વાત હતી. તેને લક્ષ્મી માટે ખૂબ જ ખેદ થયો. તેમ છતાં તેણે લક્ષ્મીને પૂછ્યું : 'આ બધાંમાંથી બહાર આવવા માટે તમારે કેટલા પૈસાની જરૂર છે?'

'લગભગ 30 લાખ.'

'તમે અહીં થોડા દિવસ રોકાવ. હું સંજયને આ અંગે વાત કરું. બપોરે તે જમવા માટે આવે છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'ના મૃદુલા, હું ત્યાં સુધી અહીં રોકાઈ શકું તેમ નથી. રાજાજીનગરમાં રહેતા મારા મિત્રને મળવા મારે જવું પડે તેમ છે. તેણે અમારી પાસેથી લોન લીધી હતી ને હજી સુધી તે પાછી આપી નથી. હું તેને મળીને રાત્રે અહીં પાછી આવીશ.'

લક્ષ્મીએ નાસ્તો કર્યો અને તે દિવસ પૂરતી તે ઘર બહાર ગઈ. મૃદુલાને ખૂબ ચિંતા થતી હતી. તેને એવું લાગતું હતું કે જાણે આ તેનો પોતાનો જ પ્રશ્ન ના હોય!

જ્યારે સંજય રોજના કરતાં થોડો વહેલો ઘરે આવ્યો. મૃદુલાને નવાઈ લાગી. તેણે પૂછ્યું : 'આજે આટલા વહેલા કેવી રીતે આવી શક્યા? શું કોઈ મદદનીશની ગોઠવણ કરી દીધી?'

'રોઝમેરીએ હવે ઘણું બધું કામ સંભાળી લીધું છે. તેથી મારા વહીવટી કામમાંથી મને થોડીક મુક્તિ મળે છે ને હું સમય મેળવી શકું છું.'

જ્યારે તેણે નવીસવી હૉસ્પિટલ શરૂ કરેલી ત્યારે દર્દીઓ પાસેથી કન્સલ્ટેશન ફી માંગવાનું સંજયને થોડુંક અજુગતું લાગતું હતું. સરકારી દવાખાનામાં તો આવી કોઈ

ફી માટે વાત જ થતી નહીં. સંજય ઍલેક્ષ સાથે બેસતો અને તેના કામ માટે પૈસા લેવાનો આગ્રહ રાખતો હતો. કયા દર્દી પાસે કેટલી ફી એ પણ નક્કી કરવામાં તેણે મદદ કરી. જેમકે, કુદરતી પ્રસૂતિ, સિઝેરીઅન, ટ્યુબટેસ્ટિંગ અને બીજા પ્રકારની ચકાસણીઓ વગેરે માટે કેટલી ફી લઈ શકાય તે પણ તેણે નક્કી કરી આપ્યું.

કેટલાક ચતુર, હોંશિયાર દર્દીઓ કહેતા : 'ડૉક્ટર, તમને આપવા માટેના પૈસા આજે અમારી પાસે નથી. અમે બીજી વખત બતાવવા આવીએ ત્યારે આપીશું તો ચાલશે ને!'

સંજય ક્યારેય ના નહોતો પાડી શકતો ને પછી તે વાત જ તે ભૂલી જતો. પછી જ્યારે દર્દી બીજી વખત આવતો, ત્યારે આગળની મુલાકાતની બાકી રહેલી ફીની વાત તેને યાદ જ નહોતી રહેતી ને દર્દી પોતે તો ક્યારેય જાતે આપતો જ નહીં. તેની અસર હૉસ્પિટલની આવક પર થતી. હૉસ્પિટલની આવકમાં નુકસાન થતું. થોડા મહિના પછી ઍલેક્ષે સંજયને કહ્યું : 'આ રીતે તો તું ધંધો ચલાવી ન શકે. મારે તો વારંવાર ધંધા માટે પ્રવાસે જવું પડે છે ને તું આવા દર્દીઓને ઓળખી નથી શકતો. આપણે એક હોંશિયાર સેક્રેટરી રાખીએ. આપણે તેને દર મહિને ૩૦૦૦નો પગાર આપીશું. તારી ઑફિસની બહાર તેને એક ટેબલ ગોઠવી આપીશું, ત્યાં તે બેસશે. જરાય ખચકાટ વગર તે પૈસાની વાત કરશે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજય સહમત થયો અને તેને રાહતની લાગણી થઈ. પૈસા બાબત દર્દીને કહેવું તેને ક્યારેય ગમતું નહીં. આ રીતે રોઝમેરીની નિમણૂક થઈ. ઍલેક્ષ તેના કુટુંબને વર્ષોથી ઓળખતો હતો. તેણે વિજ્ઞાન પ્રવાહમાં સ્નાતકની પદવી મેળવી હતી. ચર્ચની મદદ વગર તે પોતાનો સ્નાતક સુધીનો અભ્યાસ પણ પૂરો કરી ન શકત. પછી તેણે બે વર્ષનો નર્સિંગનો અભ્યાસ શરૂ કર્યો. પણ જ્યારે તે પ્રથમ વર્ષમાં હતી ત્યારે જ તેના પિતાનું અવસાન થયું. અભ્યાસ અધૂરો રાખ્યા સિવાય તેની પાસે બીજો કોઈ વિકલ્પ નહોતો. કુટુંબને ટકાવવા માટે તેણે નોકરી કરવી જરૂરી હતી. ઍલેક્ષે તેને નોકરી પર રાખી ને નર્સિંગ હોમના પ્રથમ માળે તેના રહેવાની ગોઠવણ પણ કરી આપી. થોડાં જ વર્ષોમાં રોઝમેરીએ મુખ્ય નર્સ તરીકે કામ કરવા માંડ્યું.

દવાખાનાના હવે તે બધાં જ હિસાબકિતાબો સારી રીતે સંભાળી શકતી હતી. તેની બુદ્ધિમત્તા અને પ્રામાણિકતાને કારણે તે કદાચ બહુ કુશળ, ઉમદા ડૉક્ટર બની શકી હોત.

મૃદુલાએ સંજય પાસે લક્ષ્મીની મુશ્કેલીની વિગતે વાત કરી પણ તેણે કશું જ ન કહ્યું. ત્યાં તો તેને દવાખાનામાંથી તાત્કાલિક પહોંચવાનો ફોન આવ્યો એટલે તે તરત જ ગયો. મૃદુલાએ પોતાની સાસુને ફોન કરવાનું નક્કી કર્યું. સંજય અને મૃદુલા દર મહિને તેમને સારી એવી રકમ મોકલતાં હતાં. પણ રત્નામ્માએ હજી ઘરમાં ફોન વસાવ્યો

નહોતો કે સંજયે પણ પોતાની માને ફોન ખરીદવાનું કહ્યું પણ નહોતું. કોઈ જાણતું નથી કે એ પૈસા ક્યાં જાય છે અને કોઈ તેને પૂછતું પણ નહી. જોકે રત્નામ્મા પાસે ફોન નહોતો પણ તેની બાજુની દુકાનમાં ફોન હતો. એ લોકો એટલા સારા, કે જ્યારે તેનો ફોન આવે ત્યારે તેને જરૂર બોલાવતા. તેથી મૃદુલાએ તેની સાસુને ફોન કર્યો અને કહ્યું : 'અમ્મા, મોટીબેન અહી આવ્યાં છે. તે બહુ ખરાબ સ્થિતિમાં છે. તેમનો કઠીન સમય ચાલી રહ્યો છે. તેમને ૩૦ લાખ રૂપિયાની જરૂર છે.'

મૃદુલાએ લક્ષ્મીની મુલાકાતની વાત કરી, પણ સામી બાજુએ તો એકદમ શાંતિ હતી. મૃદુલાને થયું કદાચ ફોન કપાઈ ગયો હશે. તેથી તેણે ફરી કહ્યું : 'હલ્લો, હલ્લો, અમ્મા! તમને મારો અવાજ સંભળાય છે?'

'હા, હું તને સાંભળી રહી છું. પણ તું શા માટે વાત કરે છે? તે ગઈ કાલે જ અહી આવી હતી ને હા, તેણે મને કહ્યું હતું કે હવે તેની પાસે કોઈ જ પૈસો નથી. પણ તેણે ૩૦ લાખની વાત નહોતી કરી. તે જ્યારથી પરણી છે ત્યારથી હું એને કહેતી આવી છું કે તારા ખોટા ખર્ચા ઘટાડ, મોભા માટે મરી ન પડ. પણ આજ સુધી તેણે મારી વાત ક્યારેય સાંભળી નથી. જે હોય તે, તેને મદદ કરવી કે નહી તે તું નક્કી કરજે. હું એમાં કંઈ જ માથું મારવાની નથી.'

રત્નામ્માએ ફોન મૂકી દીધો. મૃદુલાને લાગ્યું કે લક્ષ્મી આગલા જ દિવસે માના ઘરે જઈ આવી હતી છતાંય તે અંગે તેણે તેને કશું જ કહ્યું નહી?! લક્ષ્મી અને શંકરને પોતાનું નવું ઘર વેચી દેવું પડશે એ બાબતે તેને ખૂબ દુ:ખ થયું.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજય જ્યારે હૉસ્પિટલમાંથી પાછો આવ્યો, ત્યારે મૃદુલાને લાગ્યું કે સંજય પણ તેની માતાની જેમ જ વિચારે છે. તેણે કહ્યું : 'જો હું લક્ષ્મીને આર્થિક મદદ કરીશ તો પણ તેનો કશો જ અર્થ નથી. કારણ કે શંકર અને લક્ષ્મી કમાય તેના કરતાં વધુ વાપરવાની ટેવવાળાં છે. પણ તે મારી બહેન છે, માટે મારે તેને માટે કંઈક કરવું જોઈએ.'

'સંજય, લક્ષ્મી રાત્રે પાછી આવે તે પહેલાં આપણે નક્કી કરી દેવું જોઈએ કે આપણે તેને કેવી મદદ કરી શકીએ.'

'મૃદુલા, આપણી પાસે કંઈ એવા પૈસા નથી. હું તેમના ઘરમાં બે વર્ષ રહ્યો હતો અને એ લોકો કેવું જીવે છે તેની મને ખબર છે. તેઓ દેખાડો ખૂબ જ કરે છે. હું તેમને લોન આપવા માંગતો નથી કારણ કે તેઓ પૈસા ક્યારેય પાછા આપશે નહી. જો શંકર સંમત થાય તો હું દવાખાનામાં દર મહિને તેને પગાર મળતો રહે તે રીતે નોકરીએ રાખું. પણ તેમણે જુદાં જ રહેવાનું, આપણાં ઘરમાં નહી જ. આનાથી વધારે મદદ હું કરી શકું તેમ નથી. આ મારો અંતિમ નિર્ણય છે.'

મૃદુલા શાંત રહી. તે થોડી વ્યથિત થઈ ગઈ કારણ કે સંજયે તેનો અભિપ્રાય શું છે તે વિષે કશું જ પૂછ્યું નહી અને પોતે એકપક્ષી નિર્ણય લઈ લીધો. પહેલી વખત તેને પોતાના લગ્નજીવનમાં અસુવિધા, અસ્વસ્થતા લાગી. તેમના નર્સિંગ હોમમાં શંકર જેવા માણસને લાવવો એ જરાય ડહાપણ ભરેલું પગલું નથી. કારણ કે તેથી સગાંસંબંધીઓમાં તેમની આર્થિક સ્થિતિ ખુલ્લી પડી જાય. ઉપરાંત, જો તેઓ એક જ શહેરમાં રહેવાનું શરૂ કરે તો પાછળથી ગમે ત્યારે ગેરસમજો થતી રહે. મૃદુલા પાછી રસોડામાં ગઈ, રસોઈ કરવા માંડી જેથી આ અંગે તેણે કશો વિચાર જ કરવો ન પડે.

❑

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

પૈસો પરિવર્તન લાવે છે

હૉસ્પિટલ શરૂ થયે ચૌદ વર્ષ પસાર થઈ ગયા. બેંગ્લોરમાં સારાં ગણાતાં પ્રસૂતિગૃહોમાં સંજયના 'સુશ્રુત નર્સિંગ હોમ'નું નામ ગૂંજવા લાગ્યું. શરૂ શરૂમાં ઘણાં બધાં માણસોએ સંજયને પસંદ નહોતો કર્યો પણ હવે તે બધાં માટે આદર્શ રૂપ બની ગયો. તેણે ઘણી ભરતી-ઓટ અનુભવી. ક્યારેક પડયો પણ પાછો શિખરે ચઢ્યો, પોતાના પુરુષાર્થથી ભવિષ્યને ઘડ્યું અને સમાજમાં પોતાનું નામ-સ્થાન બનાવ્યું.

અનિતા અને ઍલેક્ષે પૅલેસ ઑરચાર્ડમાં પોતાનું ઘર લીધું ને તેઓ ત્યાં રહેવા લાગ્યાં. જુલી શાળાના અભ્યાસમાં અંતિમ વર્ષમાં આવી. અનિતાના ડ્રાઇવર તરીકે રહેલા જયને મેના પરણી ગઈ. અનિતા અને ઍલેક્ષે તેમને રહેવા માટે જુદું મકાન અપાવ્યું.

મૃદુલા અને સંજયે તેમનું વિજયનગરવાળું ઘર વેચી દીધું અને જે.પી.નગરમાં ચાર બૅડરૂમવાળા સુંદર ઘરમાં રહેવા લાગ્યાં. હવે તેમની પાસે ત્રણ ગાડીઓ હતી. મૃદુલાએ પોતાનું કામ ચાલુ જ રાખ્યું હતું અને જયનગરની શાળામાં તે આચર્યા બની ગઈ. શિશિર મેડિકલ કૉલેજમાં ભણતો હતો. તેનું મિત્રવૃંદ ઘણું મોટું હતું. તે બુદ્ધિશાળી હતો પણ પિતા જેવો જક્કી, જિદ્દી. પિતા તેને વધારે પડતાં લાડ લડાવતા.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ડ્રાઇવર નાન્જા અને ચિક્કી એમને માટે કામ કરતો. પુટ્ટેનહલ્લીમાં ઘર ખરીદવા માટે મૃદુલા એમને મદદ કરતી. રસોઇયણ શાકામ્મા રોજ સવારે છે વાગે આવી જાય અને રાતના દસ વાગ્યા સુધી રોકાય. ત્રણેય કામ કરનારાઓ પ્રામાણિક હતાં. પણ રાત્રે તે બધાં કામવાળાં ઘરમાં રહે તેવું મૃદુલાને પસંદ નહોતું.

ક્યારેક સંજય તેના કામની મજાક ઉડાવતો : 'મૃદુલા, તું હજી સુધી શું કામ નોકરી કરે છે? તું જેટલું કમાય છે તેનાથી વધારે પૈસા તો હું આપણી ગાડીઓ, રસોઇયા અને ડ્રાઇવર પાછળ વાપરું છું. જો તું ઘરમાં જ રહે તો તે આપણાં માટે ઘણું સસ્તું, સારું પડશે.'

'તે અશક્ય છે. તું દવાખાનું શરૂ કરી શક્યો તે મારા પગારને કારણે. મારા પગારે આપણી મુશ્કેલ સ્થિતિમાં મને ટેકો આપ્યો છે અને મને મારાં કામથી આનંદ મળે છે ને મારાં કામનું મને ગૌરવ છે. મારાં કામ માટે મને માન છે. હું તે કદી નહીં છોડું. તે મારું જીવન છે, મારા માટે પ્રાણવાયુ સમાન છે, તે માત્ર આવકનો એક સ્રોત માત્ર નથી.'

અલાદહલીમાં પણ ઘણો બધો ફેરફાર થઈ ગયો હતો. રુક્માબાઈ અને ચંપાક્કા બહુ લાંબું જીવ્યાં નહી. કિરષ્ન પોતાનાં કુટુંબ સાથે હુબલીમાં રહેવા લાગ્યો. ભીમાન્ના સાવ એકલા અટૂલા પડી ગયા. કિરષ્ન દર મહિને બે વાર આવીને પિતાને મળી જતો. પણ ભીમાન્નાની તબિયત હવે સારી રહેતી નહોતી અને ખેતરમાંથી પણ સારી ઉપજ થતી નહોતી, કારણ કે તેની દેખભાળ માટે કોઈ હતું જ નહી. ગામલોકો એમાં કામ કરવા માંગતા નહોતા. તેમને ઓછા પૈસા મળે તો પણ તેઓ હુબલીની આસપાસની ગારમેન્ટ ફેક્ટરીમાં કામ કરવાનું વધુ પસંદ કરતાં. ખેતરમાં કામ કરવું તેને તે ઊતરતી કક્ષાનું ગણતાં હતાં.

ચંપાક્કાએ પોતાની મિલકત ચંદ્રકાન્ત જોગને નામે કરી દીધી હતી. જ્યારે તેઓ અવસાન પામ્યા, ચંદ્રકાન્ત અલાદહલીમાં આવેલા. પણ તેમને જમીનમાં કોઈ રસ નહોતો. કારણ કે તે તો મુંબઈમાં સ્થિર થઈ ગયા હતા. અલાદહલી છોડતી વખતે તેમણે ભીમાન્નાને કહ્યું : 'કોઈ સારા માણસને આ મિલકત વેચી દેજો. બજારકિંમત કરતાંય ઓછી કિંમતે ખરીદે તો પણ મને કોઈ વાંધો નથી. એ પૈસામાંથી હનુમાન મંદિરનું પુનનિર્માણ થાય, તેમાં સુધારા-વધારા થાય એવું હું ઇચ્છું છું.'

મકાન સારા લત્તામાં હોવાથી તે લેવામાં ઘણાં ઘરાકોને રસ હતો. બસવંતપ્પા પાટીલ ઘર ખરીદવા ઇચ્છતા હતા પણ ભીમાન્નાએ જીવનાનુભવના અભિગમને ધ્યાનમાં રાખીને તેમને ના પાડી દીધી. તેમણે વિચાર્યું, 'બસવંતપ્પા અને તેના મિત્રો પત્તા રમવામાં અને અવનવી બીજી પ્રવૃત્તિઓ માટે ઘરનો ઉપયોગ કરશે. ચંપાક્કાના ઘરનો આવો ઉપયોગ થાય તેવું હું નથી ઇચ્છતો. આમ કરવાથી તેમના આત્માને શાંતિ ના મળે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એક દિવસની વાત છે. કોઈ પ્રધાનની પુત્રીના લગ્નમાં સંજય ગયો. તે જવાની તૈયારીમાં કરતો હતો ત્યાં તેણે પોતાની ભૂતપૂર્વ સહાયક ડૉ. લતાને જોઈ અને તે પાછો ફર્યો ને તેને મળવા ગયો. તેને મળીને લતાને આનંદ થયો હોય એવું લાગ્યું. તે તેની સાથે વાત કરવા ઈચ્છતી હતી. તેણે કહ્યું: 'સંજય, તું કેમ છે? હું તને યાદ છું? તું મને યાદ કરે છે ખરો? કદાચ દસેક વર્ષે આપણે એકબીજા ને મળીએ છીએ.'

'હું મજામાં છું.' સંજય પોતાના ભૂતકાળની અને કડવા અનુભવોની વાત કરવા નહોતો માંગતો.

'સંજય, તું જે રસ્તે આગળ વધ્યો અને જે રીતે વિકસ્યો તે હું સાચું માની જ શકતી નથી. એક વાર એક સેમિનારમાં તું પેપર રજૂ કરી રહ્યો હતો. તારી રજૂઆત ખરેખર અદ્‌ભુત અને અસરકારક હતી. હું તને અભિનંદન આપવા માંગતી હતી પણ તારી આસપાસ એટલા બધા માણસો ટોળે વળી ગયા હતા કે મને તારી પાસે આવવાની તક પણ ન મળી.'

સંજયની હૉસ્પિટલ બની તેની પૂરતી જાહેરાત થઈ ત્યાં સુધી સહાય મેળવીને સંજય મેડિકલ સેમિનારમાં જતો. તેમાંય તે મોટાભાગે શરૂઆતની અથવા પૂરો થવાના સમયની માત્ર દસ મિનિટ જ ભાગ લેતો. તેનું વક્તવ્ય ટૂંકું પણ તાકાતવાળું, પ્રભાવક રહેતું. હવે તો તે ખૂબ જ જાણીતો થઈ ગયો હતો. સંજયે વિષય બદલતાં કહ્યું : 'હવે તો તું પ્રોફેસર થઈ ગઈ હોઈશ.'

'ના. હજી નથી થઈ. સરકારી નોકરીમાં આ બધું બહુ સરળતાથી થતું નથી. તું તો બહુ નસીબદાર છે. બેંગ્લોરમાં તો તું ખૂબ પ્રતિષ્ઠિત થયો છે. તારું નામ બની ગયું છે. તારા દવાખાનામાં તારી પાસે દવા કરાવવા માટે લોકોને બે બે મહિના પહેલાં ઍપોઇન્ટમેન્ટ લેવી પડે છે તેવું મેં સાંભળ્યું છે.'

સંજય જાણતો હતો કે તે આ બધું અતિશયોક્તિપૂર્વક, વાત વધારીને કહે છે. તેણે કહ્યું : 'હોઈ શકે પણ મને તેની ખબર નથી. મારા ત્રણ અંગત મદદનીશો-સૅક્રેટરીઓ મારી ઍપોઇન્ટમેન્ટની ગોઠવણ કરે છે.'

સંજયને યાદ આવ્યું કે લતા પોતાના પિતાના સંબંધોનો કેવો ઉપયોગ કરતી હતી. તેથી તેણે પૂછ્યું : 'શું તારા પિતાજી હજી પણ કામ કરે છે?'

તેણે ઉદાસીનતાપૂર્વક કહ્યું : 'ઓહ, એ તો ઘણાં વર્ષ પહેલાં નિવૃત્ત થઈ ગયા.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'તો હજી ચુંથો તારી એકે વાર બદલી થઈ જ નથી?'

'એક વાર મૈસૂર અને એક વાર હુબલી થયેલી.'

'તો પછી બેંગ્લોર છોડવાનું તને ક્યારેય ગમ્યું જ નહી હોય, ખરું ને?'

'મારી પાસે આ બાબતે કોઈ વિકલ્પ જ નહોતો. જો હું જઉં જ નહી તો આ આરામદાયક નોકરી મારે છોડવી પડે. પણ તારે તો અમારી જેમ બદલીથી થતી પરેશાની હવે રહી જ નહી.'

'હા. જરૂર. એવું જ છે. કારણ કે મને રક્ષણ આપી શકે તેવો કોઈ ગોડફાધર મારે છે જ નહી. હું મારા પગે જ ઊભો છું. ગણતરીપૂર્વકનાં જોખમો લેવાનું હું શીખ્યો છું અને સફળ થયો છું. હવે મારે જવું જોઈએ. લતા, આવજે.'

લતા હજી વધારે વાર તેની સાથે વાત કરવા ઇચ્છતી હતી પણ સંજય બીજી દિશામાં ફરી ગયો અને આ જગ્યા તેણે છોડી ચાલવા માંડ્યું. આ એ જ લતા હતી જેણે તેની બદલી વખતે અને સુષ્માની પ્રસૂતિ વખતે તેની સાથે રમત રમી હતી. લતા તેની પ્રામાણિકતાની અને સંનિષ્ઠાની હંમેશાં મજાક કરતી હતી. હવે તે તેની સાથે વાતો

કરવા ઇચ્છે છે પણ સંજયને હવે રસ નથી. સફળતાના રસ્તે ચાલતાં ચાલતાં છેલ્લાં પંદર વર્ષમાં તેણે ઘણું જોયું અને તે ઘણું શીખ્યો.

બેંગ્લોરના અનુભવી વયસ્ક સ્ત્રીરોગ નિષ્ણાત ડૉ. રાવનું પોતાનું એક મોટું નર્સિંગ હોમ હતું. જેમાં ઘણાં મોંઘાં અદ્યતન સાધનો પણ હતાં. પણ તેમના દીકરાએ સૉફ્ટવેર કંપનીમાં કામ કરવાનું પસંદ કરેલું. તેથી ડૉ. રાવે પોતાનું આ દવાખાનું વેચવાનું નક્કી કર્યું. આ દરમિયાન, સંજય અને ઍલેક્ષે પૂરતું કમાઈ લીધું હતું કે તેઓ આ નર્સિંગ હોમ ખરીદી શકે.

સંજયને લોન લેવામાં કોઈ જ અવઢવ નહોતી. તેણે ભૂતકાળમાં અનેકવાર અનેક કારણોસર લોન લીધી જ હતી. અને હૉસ્પિટલને આધુનિક સાધનોથી વિસ્તારી હતી. તેમાં મળેલી સફળતાએ તેનામાં પૂરો આત્મવિશ્વાસ જગાડ્યો હતો. આમ તો ઍલેક્ષ સંજયનો ભાગીદાર હતો, પણ તે ભાગ્યે જ નર્સિંગ હોમમાં આવતો. તે તો બેંગ્લોરની આસપાસમાં ન્યુ ફાર્માસ્યુટિકલ્સને સ્થાપવામાં અને વધારવામાં જ વધુ વ્યસ્ત રહેતો હતો. પણ બંને જણ નફો સરખે ભાગે વહેંચતા. તેમની વચ્ચે કોઈ પ્રશ્ન નહોતો. તેમની મિત્રતા તેવી ને તેવી જ સચવાયેલી હતી.

શંકર હવે માલ્લેશ્વરમ્માં રહેવા લાગ્યો. સંજયે બરોબર તેણે પોતાના અંગૂઠા નીચે દાબ્યો છે અને કાળજીપૂર્વક તેનું ધ્યાન રાખે છે ને માર્ગદર્શન આપે છે. તેથી શંકર પણ એક આજ્ઞાંકિતની જેમ વર્તે છે. તેના દીકરા અનિલે કૉમર્સમાં સ્નાતકની ડિગ્રી મેળવવામાં ઘણાં વર્ષો કાઢ્યાં. હવે તે ઍલેક્ષની એક ફાર્માસ્યુટિકલ્સમાં વેચાણ વિભાગમાં કામ કરે છે.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મૅનેજમૅન્ટના પુસ્તકોમાંથી શીખવાનું ન મળે તેવું ઘણું બધું સંજય અનુભવોથી શીખ્યો. જ્યારે તે બાળક હતો ત્યારે તે પોતાના પિતાના શબ્દોને બહુ પવિત્ર ગણી માનતો. પણ અનુભવે તેણે વ્યવસાય ચલાવવા માટેનું પોતાનું તત્ત્વજ્ઞાન – વિચારધારા વિકસાવ્યાં. તે તેના પિતા પાસે જે શીખ્યો હતો તેના કરતાં તેનું આ તત્ત્વજ્ઞાન દરેક બાબતમાં એકદમ વિરુદ્ધ હતું. જે લોકો ખાનગી દવાખાનામાં જતાં હોય છે તે લોકો સરકારી દવાખાનામાં જતાં લોકો કરતાં અલગ હોય છે. પોસાવું એ તેનું મુખ્ય કારણ છે. દરેક દર્દીને પોતાની એક મર્યાદા-નબળાઈ હોય છે ને સંજય જાણે છે કે એ લોકોનો એ નબળાઈ એ તેની તાકત છે.

જ્યારે સંજય અને ઍલેક્ષે પ્રથમવાર હૉસ્પિટલ શરૂ કરી ત્યારે નિદાન ફી માત્ર પચાસ રૂપિયા હતી.

એક દિવસ તેણે બે દર્દીઓ વચ્ચેની વાતચીત સાંભળી. તેમાંના એક દર્દીએ કહ્યું : 'SRK નર્સિંગ હોમ ખૂબ જ સારું છે. ત્યાંના ડૉક્ટર ખૂબ હોંશિયાર છે.'

‘આવું તમે કેમ કહો છો?’

‘ત્યાં ડૉક્ટર દરેક ચકાસણી વખતે ૧૫૦ રૂપિયાની ફી લે છે. તમારે ઍપોઇન્ટમેન્ટ માટે પણ રાહ જોવી પડે. ડૉક્ટર લગભગ સતત વ્યસ્ત જ હોય છે. તે દરેક દર્દી માટે પંદર મિનિટ માંડ ફાળવી શકે છે.’

સંજયને સમજાઈ ગયું કે જો હું ફી વધારે લઉં અને ઍપોઇન્ટમેન્ટ મેળવવા માટે ઘણી રાહ જોવી પડશે, તો લોકો માનશે કે તે ઘણો સારો ડૉક્ટર છે. બીજે જ દિવસે તેણે પોતાની ફી વધારીને ૧૦૦ રૂપિયા કરી દીધી ને તેની અપેક્ષા મુજબ જ તેના દર્દીઓમાં પણ વધારો થઈ ગયો. પછી તો દર વર્ષે તે પોતાની નિદાન ફી વધારવાનું તેણે નક્કી કરી દીધું. પણ એ ખરું કે તે પોતાના દર્દી સાથે પૂરતો સમય ગાળતો અને એ બાબતે જ તેને લોકપ્રિય કરી દીધો.

જ્યારે સંજય સરકારી મેડિકલ કૉલેજમાં વર્ગો લેતો હતો, ત્યારે તેણે તેના વિદ્યાર્થીઓને કહેલું કે, ‘કુદરતી રીતે જો પ્રસૂતિ થાય તો તે ઉત્તમ છે. કારણ કે તે કુદરતી વાત છે. પણ જો તેમાં કોઈ મુશ્કેલી હોય તો જ આપણે શસ્ત્રક્રિયા સર્જરી (સિઝેરિયન) કરવી જોઈએ. દર્દીએ તે માટે પોતાની પસંદગી બતાવી હોય તો પણ તેની એ વાત સાંભળવી ન જોઈએ. તમારી આવડત, કુનેહ, કુશળતાનો ઉપયોગ કરીને તમારે નિર્ણય લેવો જોઈએ કે શું કરવું યોગ્ય છે.’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

વર્ષો પછી ખાનગી પ્રૅક્ટિસ શરૂ કર્યા બાદ, સંજયને લાગ્યું કે તે વાત સાચી નહોતી. VIP લોકો તો સિઝેરિયન જ પસંદ કરે છે. હવે બેંગ્લોરમાં ઘણી બધી સૉફ્ટવેર ઇન્ડસ્ટ્રીઝ – ઉદ્યોગોની કંપનીઓ છે ને યુવાન એન્જિનિયરો દર મહિને ઓછામાં ઓછા રૂા. ૫૦,૦૦૦/- પગાર મેળવે છે. તેઓ સારું કમાય છે તેથી તેઓ જ્યારે પ્રસૂતિગૃહોમાં આવે છે ત્યારે વધારે ખર્ચની ચિંતા કરતા નથી. પણ તેઓ ફાઇવસ્ટાર – ઉત્તમ સગવડોની અપેક્ષા રાખે છે અને સંજયની હૉસ્પિટલ તેમને સંતોષ આપે છે.

સંજય પૈસાની વ્યવસ્થા માટે પણ ઘણું બધું શીખ્યો. દરેક દર્દી ચેકથી પૈસા ન આપે. ધંધો કરનારાઓમાંના ઘણાં રોકડેથી જ વ્યવહાર કરે. સંજયે વિચાર્યું કે ઇન્કમટૅક્સ ડિપાર્ટમેન્ટને કંઈ બધી જ આવક બતાવવાની જરૂર નથી. તેથી તેની પાસે કાળા અને ધોળા બંને પ્રકારના પૈસા રહેતા. શંકર આ બધો કારોબાર બહુ સરસ રીતે કરી શકતો. તેને બહુ કડકાઈથી સૂચના આપવામાં આવી હતી કે પૈસાને લગતી કોઈપણ વાત ઘરમાં કે બહાર કરવી નહીં. એ માટે તેને ઉચ્ચક રકમ પણ આપવામાં આવતી. માત્ર વ્હાઇટ મની જ બૅન્કમાં જશે એ બાબતે શંકરે તેને નિશ્ચિંત કરી દીધો. તેણે તે માટે આગ્રહ પણ રાખ્યો. ઍલેક્ષની નવી ફૅક્ટરીમાં પણ સંજયનો ભાગ હતો. ફૅક્ટરીના વિકાસ માટે અને ચલાવવા માટે જે કંઈ ખરીદવું પડે તેમાં પેલા

બ્લૅકમનીનો ઉપયોગ થતો. લાંચ-રુશ્વત આપવામાં પણ કાળાં નાણાંનો જ ઉપયોગ થતો. મૃદુલા આ બધી વાતથી અજાણ હતી અને સંજય તેને કહેવા પણ ઇચ્છતો ન હતો. તે વ્હાઇટમનીને બૅન્કમાં રાખવાના મતની છે. સંજયને ખબર હતી કે જો મૃદુલાને બ્લૅકમનીની વાતની ખબર પડશે તો તે તેનો વિરોધ કરશે અને કહેશે કે આ અનૈતિક છે. વળી એ પણ ખરું કે તે કશું જ છાનું નહીં રાખી શકે અને દરેક વાત તે અનિતાને કરશે. સંજય એ નહોતો જાણતો કે અનિતા આ બ્લૅકમનીની વાત જાણે છે કે નહીં. ઍલેક્ષ અને તે ઘણાં ગાઢ મિત્રો છે છતાં તેઓ ક્યારેય અંગત બાબતોની ચર્ચા કરતાં નહીં. સંજયને નવાઈ લાગતી કે શા માટે દરેક સ્ત્રી પોતાની ખાનગી વાતો બીજી સ્ત્રી સાથે ચર્ચે છે. એની માતા અને બહેન આ પ્રકારનાં નહોતાં. પણ અલાદહલીની એક સાદી સરળ છોકરી માટે કાંઈ પણ ખાનગી જેવું કશું છે જ નહીં.

એક દિવસ સંજયે ઍલેક્ષને કહ્યું : 'કુદરતે આપણને મફતમાં કેટલું બધું આપ્યું છે તેની આપણને કોઈ કિંમત જ નથી. આપણે ચોમાસાની ઋતુમાં બબડાટ કરીએ છીએ પણ અખાતી પ્રદેશોમાં લોકોએ ક્યારેય વરસાદ જોયો જ નથી. તો શા માટે આપણે મૉન્સુન પૅકેજનું આયોજન ન કરી શકીએ? આપણે અખાતી પ્રદેશોના છાપામાં જાહેરાત કરાવીએ. લોકો બહુ ગંભીર નહીં પણ નાની માંદગી માટે ચોમાસામાં ભારત આવે, વરસાદ માણે, ખરીદી કરે, જંગલો જુએ અને આપણી હૉસ્પિટલમાં સારવાર લે. આપણને ખૂબ પૈસો મળે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ઍલેક્ષને નવાઈ લાગી કે સંજય હવે દરેક વિચારને પૈસા બનાવવાની યોજનામાં કેવી રીતે ફેરવી શકે છે. તેને કયારેક નવાઈ લાગતી કે આ એ જ સંજય છે જે નિદાન ફી માંગતાં પણ શરમાતો હતો! સમય બધાંને બદલી શકે છે.

થોડા દિવસો પછી સંજયે મર્સીડીઝ બેન્ઝ ખરીદવાનું નક્કી કર્યું અને મૃદુલાએ તેનો વિરોધ કર્યો. તેણે કહ્યું : 'આપણે એવી બિનજરૂરી અને ખર્ચાળ ટેવો પાડવી જ ન જોઈએ.'

'મૃદુલા, મેં ખૂબ મહેનત કરી છે ને હું ખૂબ કમાયો છું. જ્યારે મારી પાસે પૈસા નહોતા, ત્યારે મેં સ્કૂટર પણ ચલાવ્યું છે. આજે મને મર્સીડીઝની ઇચ્છા છે. તો મહેરબાની કરીને મને રોકીશ નહીં.' આવા શબ્દો વાપરી તેણે તેને કાકલૂદીપૂર્વક કહ્યું, તેથી તેણે તેનો નિર્ણય સ્વીકર્યો.

એક બપોરે અનિતા મૃદુલાને ઘેર આવી. તે ચિંતામાં હોય તેવું લાગતું હતું. મૃદુલાએ પોતાનો હાથ અનિતાના ખભા ઉપર મૂક્યો અને પૂછયું : 'અનિતા, કંઈ તકલીફ છે?'

અનિતા મૃદુલાના બૅડરૂમ ભણી દોડી. મૃદુલા તેની પાછળ ગઈ અને અનિતાએ બારણાં બંધ કરી દીધાં. પછી તે રડવા લાગી. મૃદુલાને ચિંતા થવા લાગી. તેણે પૂછયું :

‘જુલી તો મજામાં છે ને?’

‘હા.’

‘તો શું ઍલેક્ષે તને કંઈ કહ્યું?’

‘ના.’

‘ગોઆ અને મૅંગલોરમાં બધા મઝામાં છે ને?’

‘હા.’

હવે શું પૂછવું તે મૃદુલાને સમજાયું નહી. થોડા સમય પછી અનિતાએ રડવાનું બંધ કર્યું અને શાંતિથી કહ્યું : ‘મૃદુલા, હું મારી એકદમ અંગત વાત તને કહેવા માંગું છું. પણ મને વચન આપ કે તે વાત તારા સુધી જ સીમિત રહેશે.’

‘અનિતા, ચોક્કસ. એમ જ થશે.’

‘તને ખબર જ છે કે જુલી સાથે હું મારાં પિતરાઈનાં લગ્નમાં મૅંગલોર ગઈ હતી.’

‘હા, તેં મને પણ આમંત્રણ આપ્યું હતું, પણ હું આવી શકી નહોતી.’

‘ઍલેક્ષ નવી ફૅક્ટરીના કામમાં વ્યસ્ત હતો તેથી તે લગ્નમાં અમારી સાથે આવ્યો નહોતો.’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

‘હા, પણ તેય બરાબર જ છે ને! અનિતા.’

‘હા, મને ખબર છે કે તે યોગ્ય જ હતું. પણ હું ત્યાંથી પાછી આવી, મને ન્હાવાનું મન થયું. મારી બાથરૂમ ક્યાં છે તેની તો તને ખબર છે.’

મૃદુલા અનિતાના ઘરના ખૂણેખૂણાને જાણતી. તે ત્યાં ઘણી વખત રહી પણ હતી. અનિતા પોતાના ઘરને ચોખ્ખું રાખવામાં અને સરસ રીતે શણગારવામાં જ પોતાનો દિવસ પસાર કરતી. અનિતાનો બૅડરૂમ ખૂબ મોટો હતો. તેમાં મોટો બાથરૂમ હતો. બાથરૂમમાં આરસનો હોજ હતો. તેની પાસે મોટો ડ્રેસિંગ રૂમ પણ હતો.

અનિતાએ બોલવાનું ચાલુ રાખ્યું : ‘મને ખૂબ ગરમી લાગતી હતી અને તેથી બાથરૂમમાં ન્હાવા ગઈ. એ પછી હું મારા વાળને ઓળવા માંગતી હતી. તેથી હેરબ્રશ કાઢવા મેં ડ્રેસિંગ ટેબલનું ડ્રોવર ખોલ્યું. પણ ભૂલથી મેં ઍલેક્ષનું ડ્રોવર ઊઘાડ્યું. તું જાણે છે તેમાં મને શું મળ્યું?’

અનિતાએ પાછું રડવાનું શરૂ કર્યું. ડૂસકાં ભરતાં ભરતાં તેણે કહ્યું: ‘કૉન્ડૉમ્સ.’

‘મને આ ન સમજાયું. તેમાં વળી ખોટું શું થયું?’

‘મૃદુલા, મૂર્ખ ના બન. અમે ક્યારેય તે વાપરતાં નથી. વળી, છેલ્લાં બે મહિનાથી મને સતત લોહી પડે છે. સંજય મારી સારવાર કરે છે. તેણે તને કહ્યું નથી?’

‘ના, તેણે કહ્યું નથી. સંજય તેના દર્દીઓ વિશે મને કશું કહેતો નથી અને મને તે માટે માન છે.’

‘હવે તું તારી જાતને મારામાં મૂક, અને એ રીતે તું હવે વિચાર. હું શું વિચારું? તું હોય તો શું કરે?’

‘અનિતા, થોડી ધીરજ રાખ. આપણે નિર્ણય પર સીધાં જ આવી જવું ન જોઈએ. તે વખતે ઍલેક્ષ શહેરમાં જ હતો?’

‘હા, મેં થોડા માણસોને પૂછ્યું હતું અને તેઓએ મને જણાવ્યું હતું કે તે વખતે તે બેંગ્લોરમાં જ હતો. જ્યારે હું પ્રવાસે ગઈ હોઉં ત્યારે હંમેશાં અમે અમારો બેડરૂમ બંધ જ રાખીએ છીએ. ઍલેક્ષ પાસે એક ચાવી હોય છે અને મારી પાસે બીજી. મેના પાસે કોઈ ચાવીઓ હોતી નથી.’

‘મેના પણ શહેરમાં જ હતી?’

‘હા, તે પણ હતી.’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

‘અનિતા, તને મેના પર શંકા છે કે કોઈ બીજું હોય તેવું તને લાગે છે?’

‘મૃદુલા, મને કંઈ જ ખબર પડતી નથી. હું મૂંઝાઈ ગઈ છું. પણ મને મારો અંતરાત્મા કહે છે કે આ કંઈ સારું થઈ રહ્યું નથી.

‘તેં ઍલેક્ષને આ અંગે પૂછ્યું?’

‘હા. તેણે સંત મારિયાના સમ ખાધાં અને કહ્યું કે તે આ અંગે કશું જ જાણતો નથી.’

‘ત્યાં કેટલા કૉન્ડોમ્સ હતાં?’

‘દસની એક સ્ટ્રીપ હતી, પણ તેમાંની બે જગ્યા ખાલી હતી. મૃદુલા, મને પ્રામાણિકતાથી કહેજે, તારો શો અભિપ્રાય છે?’

મૃદુલા શાંત રહી. તે સભાન હતી કે તે જે કાંઈ કહેશે તો અનિતા પર તેની કેવી અસર થશે. તેથી તેણે બહુ કાળજીપૂર્વક કહ્યું : ‘ખરેખર શું બન્યું હતું તેની વિગતો મેળવ્યા વગર અને પુરાવાઓ વગર આપણે કશું જ નક્કી કરવું કે વિચારવું જોઈએ નહીં. બહુ જ તટસ્થતાથી જ વિચારવું જોઈએ. જો તું મોટું પગલું ભરીશ તો તારા

ભવિષ્ય પર એની અસર પડશે. અનિતા, ઍલેક્ષના વર્તનમાં કોઈ બદલાવ આવ્યો છે કે નહી તે વિશે તેં ઝીણવટથી નિરીક્ષણ કર્યું છે?'

'ના, હું કંઈ જ જાણતી નથી. તે ઘણી મુસાફરીઓ કરે છે. પણ બીજી જગ્યાએ, બીજા સ્થળે તે શું કરે છે એ હું જાણતી નથી. મારું મગજ કહે છે કે અત્યારે અહી કશુંક ખોટું થઈ રહ્યું છે પણ મારું હૃદય તે માનવા તૈયાર નથી. મને કહે, તેં સંજયને આ રીતે શંકાની નજરે કયારેય જોયો છે?'

'ના, જરાય નહી.'

'મૃદુલા, મેં મારા મનની શાંતિ ગુમાવી દીધી છે. એક સ્ત્રી બધું જ સહન કરી શકે પણ આવું તો નહી જ. બીકને કારણે હું આ વાતની ચર્ચા કોઈની સાથે કરી પણ ન શકું. ઍલેક્ષની બહેન બાર્બરા મારી જેટલી જ ઉંમરની છે. જો હું તેને કંઈ કહું તો તે ઉપરથી મારા પર જ આરોપ મૂકે. તો તરત જ કહે કે હું બહુ સરસ રીતે તૈયાર થતી નથી. મૃદુલા, બેવફાદારી, છેતરપિંડી, કપટ, જુઠ્ઠાણું – આ બધાં બહુ નજીકના એકબીજા સાથે જોડાયેલાં તત્ત્વો છે. બધાં જુઠ્ઠું બોલનારા છેતરતા નથી. પણ બધાં છેતરનારાં જુઠ્ઠાઓ છે. બધા છેતરનારા ઠગ નથી હોતા પણ બધા ઠગ છેતરનારા હોય છે. મેં જોયું છે કે ઍલેક્ષ ઘણીવાર તેના ધંધા માટે જુઠ્ઠું બોલે છે તેથી તેના વિશે કઈ રીતે વિચારવું એ મને સમજાતું નથી. શું સંજય તારી પાસે ક્યારે જુઠ્ઠું બોલ્યો છે?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ઘણાં લાંબા સમય બાદ આજે પહેલી જ વાર મૃદુલાએ સંજયના વ્યક્તિત્વ વિશે વિચાર્યું. તે માને છે કે તે તેને હંમેશાં સાચું જ કહે છે. જો પોતે તેની સાથે પ્રામાણિક રહે છે તો તેણે શા માટે પોતાની સાથે ખોટું બોલવું પડે? સંજય જુઠ્ઠું બોલે એ વિચારમાત્રથી જ તેને બેચેની થવા માંડી, તેને અસુખ લાગ્યું. અનિતાએ બોલવાનું ચાલુ જ રાખ્યું. 'મૃદુલા, તને ખબર છે કે જરૂર કરતાં જ્યારે વધારે પૈસો પુરુષ મેળવે છે ત્યારે તેમને પોતાની પત્ની કુરૂપ લાગવા માંડે છે. તેઓ વિચારે છે કે તેઓ વધુ સારી પત્ની મેળવી શકત. પણ તેઓ ભૂલી જાય છે કે તેમની પત્ની જ્યારે તેમને પરણી હતી ત્યારે તેઓ કશું જ નહોતા. તેમની કારકિર્દીનાં ચઢાવ-ઉતાર વખતે તે જ તેમની ટેકારૂપ બનીને સાથે રહી હતી.'

'જુલી ક્યાં છે?'

'સદ્‌ભાગ્યે તે હજી પણ મૅંગ્લોરમાં છે. આ અંગે કોઈ પણ કંઈ જાણે તેવું હું ઈચ્છતી નથી.'

'અનિતા, તારા નોકરો સાથે બહુ કળજીપૂર્વક રહેજે અને પહેલાંના જેમ જ તેમની સાથે વર્તજે. તને શંકા છે તેવું જરાય દેખાવા ના દેતી.'

‘ના, હું એવું તો નહી થવા દઉં પણ હજી સુધી હું માની શકતી નથી કે ઍલેક્ષે મને છેતરી. કેટલીકવાર મને લાગે છે કે આ બધા જ પ્રશ્નો પૈસાને કારણે છે. જો આપણી આવક નિશ્ચિત હોય તો પછી હું બધું જ જાણી શકું. પણ હવે તો હું જાણતી જ નથી કે પૈસો ક્યાંથી આવે છે અને ક્યાં વપરાય છે? મૃદુલા, તું તો મારા કરતાં વધારે બુદ્ધિશાળી છે. શું તુંય આ રીતે વિચારે છે? તને નથી લાગતું કે પૈસો આપણાં બાળકો પર પણ અસર કરે છે? મને લાગે છે કે જુલી થોડી વધારે જિદ્દી થતી જાય છે.’

મૃદુલા માને છે કે તે સાચી છે. તેણે એ જોયું છે કે શિશિર પણ બહુ જક્કી થઈ ગયો છે. તેણે અનિતાને પૂછયું : ‘તને લાગે છે કે પૈસાને કારણે ઍલેક્ષ બદલાઈ ગયો હોય?’

‘હું એવું વિચારું છું. મને જાણ જ નથી હોતી કે તે ક્યાં જાય છે અને તે શું કરે છે. તે હંમેશાં ફોન પર વ્યસ્ત હોય છે, અરે ઘરમાં હોય ત્યારે પણ આ બાબતે હું રડી રહી હતી અને તેની સાથે વાત કરતી હતી, ત્યારે પણ તેણે કોઈ પ્રકારની લાગણી ન બતાવી, સહાનુભૂતિ ન દર્શાવી.’

અનિતા ફરી રડવા માંડી. તેણે કહ્યું : ‘ખરેખર હું મારાં લગ્નજીવન માટે ખૂબ જ ચિંતિત છું.’

‘અનિતા, એમ ચિંતા ન કર. બધું સારું થઈ રહેશે. મહેરબાની કરીને રડ નહી. મને લાગે છે કે આ બાબતે તને મદદરૂપ બનવા હું સાવ લાચાર છું. તને કંઈ જ મદદ કરી શકું તેમ નથી.’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

‘મૃદુલા, તું મારે મન મારી બહેન છે અને તેથી જ હું તારી પાસે ખુલ્લા દિલે રડી શકું છું. હવે મને પહેલાં કરતાં ઘણું સારું લાગ્યું.’

મૃદુલાએ અનિતાને જમવાનો ખૂબ આગ્રહ કર્યો પણ અનિતાએ ના પાડી અને ખાધા વગર તે જતી રહી. મૃદુલા રડમસ, ઢીલી અને એકદમ શાંત થઈ ગઈ. તે એટલે સુધી કે તે રસોઇયણ શાકામ્માને તે દિવસે શું રાંધવું તે પણ બતાવી ન શકી. તેને બદલે તેણે તેને કહ્યું કે તેને જે બનાવવું હોય તે બનાવે અને પછી તે પોતાના ઓરડામાં જતી રહી. શાકામ્માએ જોયું કે મૃદુલા કોઈક ચિંતામાં છે પણ તેણે પોતાની જાતને કહ્યું કે પોતાના માલિકના પ્રશ્નમાં માથું મારવું એ તેનું કામ નથી.

મૃદુલા પોતાના ઓરડામાં રહ્યે રહ્યે અનિતા વિશે વિચારતી રહી. તેને આઘાત લાગ્યો કે અનિતા કેવી સ્થિતિમાંથી પસાર થઈ રહી છે અને તે વખતે કેવી રીતે વર્તવું તેની પણ તેને ખબર નથી. તેણે પોતાના જીવનનું પરીક્ષણ કર્યું અને તેમાંથી સાર કાઢ્યો – એવું કંઈક થયું છે જે આ પહેલાં ક્યારેય થયું નહોતું. શું સંજય પૈસાને કારણે બદલાઈ ગયો છે? શું આની અસર શિશિર ઉપર પણ થશે અને તેનામાં પણ

બદલાવ આવી જશે? તે એ બાબતે સભાન હતી કે પૈસાને કારણે તેમનું જીવન ખૂબ સુખ- સગવડથી ભરેલું થઈ ગયું છે. પણ તેણે ક્યારેય વિચાર્યું નહોતું કે તેની સાથે કેટલીક મુશ્કેલીઓ અને બદલાવ પણ આવી શકે. જ્યારે તેમની પાસે ઓછા પૈસા હતા, ત્યારે તે કરિયાણું લેવા શિશિરને સાથે લઈ જતી અને ત્યાં દુકાનમાં પણ તેઓ હસીમજાક કરતાં. હવે કરિયાણું લેવા નોકરો જાય છે. અરે બીજી રીતે જોઈએ તો પણ તેમનું કુટુંબ બહુ થોડા સમય માટે જ એકઠું થાય છે. જ્યારે મૃદુલાને શાળામાં રજા હોય, સંજય બપોરે જમવા ઘરે આવે. બાકી તો બધાં માત્ર રોજ સાંજે જ એકબીજાંને મળે. તેમને દરેકને પોતાના અલગ ટી.વી. છે, કમ્પ્યૂટર્સ છે અને મિત્રો છે.

❑

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ચાંદીનો ચમચો

સં જયની હૉસ્પિટલનો હવે ખૂબ વિકાસ થવા માંડયો. તેમાં સો પથારીઓ થઈ. હવે તો હૉસ્પિટલમાં જ કૅન્ટીન અને દવાની દુકાન પણ શરૂ થઈ ગઈ. મૃદુલાએ શરૂઆતમાં માંસાહારી રસોઈ માટે ખૂબ વિરોધ કર્યો પણ સંજયે તેની વાત કાપી નાંખતાં કહ્યું : 'આ કોઈ મંદિર નથી. અમારે અમારા દર્દીને તેમને જેની જરૂરિયાત હોય તે પ્રમાણે આપવું પડે. ગમે તેમ તોય તેઓ અમને પૈસા આપે છે. મહેરબાની કરીને મને નીતિશાસ્ત્ર શીખવવાનો પ્રયત્ન ન કરતી.' કેટલીકવાર તો સંજય પોતે પણ કૅન્ટીનમાં ખાઈ લેતો.

એક એવી વાત ફેલાઈ હતી કે હૉસ્પિટલમાં બધાં જ ઑપરેશનો સંજય જ કરે છે, પણ તે સાચું નહોતું. તેની પાસે તેના જેટલા જ કુશળ અને સારા ડૉક્ટરોની એક ટીમ હતી જેને તે ઘણાં સારા પગારો આપતો. હા એ ખરું કે સંજય દરેક ઑપરેશન વખતે બધું તપાસતો, ધ્યાન રાખતો. તે એવી સરસ રીતે દર્દીઓ સાથે વાત કરે કે જેથી દર્દીને પોતે સુરક્ષિત છે તેવું લાગે અને તેમના મનોબળને વધુ મજબૂત કરે, તેમને પ્રેરણા મળે. હૉસ્પિટલમાં પણ તેની પોતાની એક ઑફિસ હતી. તે કહેતો હતો કે સરકારી હૉસ્પિટલોમાં અનુભવથી અને ગરીબ દર્દીઓની સારવાર કરીને તમે કંઈક શીખો. પણ ખાનગી હૉસ્પિટલોમાં તમારે છેલ્લામાં છેલ્લી શોધખોળ અને સંશોધનનાં પરિણામોથી તમારી જાતને સજજ રાખવી જોઈએ. પોતાનાં કન્સલ્ટેશન બાદ સાંજે સંજય બધા હિસાબો તપાસતો. તેને કોઈનામાં વિશ્વાસ નહોતો, ખાસ કરીને નાણાકીય બાબતો માટે. રોઝમેરી એકદમ પ્રામાણિકતાથી કામ કરતી છતાં પણ તે હિસાબો તપાસતો.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એ પૂરું થાય પછી તે ઘેર આવતો અને કુટુંબ સાથે સાંજનું ભોજન લેતો. બસ, આટલો જ સમય તે શિશિર સાથે વિતાવતો, તે બધી જ બાબતો વિશે તેની સાથે વાતો કરતો અને તેના ભવિષ્યના સંદર્ભમાં તેને સલાહ પણ આપતો. સંજયના જીવનમાં મૃદુલાની કોઈ જ મહત્ત્વની ભૂમિકા રહી નહોતી. હોસ્પિટલમાં રોઝમેરી સંજયને સહાય કરે, શંકર હિસાબકિતાબોનું ધ્યાન રાખે, શાકામ આનંદ પૂરો પાડે. સંજય ભાગ્યે જ રજા પાડે ને જ્યારે તે પરદેશ જાય ત્યારે તે માત્ર ધંધા માટે જતો. સંજયે ક્યારેય મૃદુલાને પૂછ્યું નહોતું કે દિવસ એ પૂરું થાય પછી તે ઘેર આવતો અને કુટુંબ સાથે સાંજનું ભોજન લેતો. બસ, આટલો જ સમય તે શિશિર સાથે વિતાવતો, તે બધી જ બાબતો વિશે તેની સાથે વાતો કરતો અને તેના ભવિષ્યના સંદર્ભમાં તેને સલાહ પણ આપતો. સંજયના જીવનમાં મૃદુલાની કોઈ જ મહત્ત્વની ભૂમિકા રહી નહોતી. હોસ્પિટલમાં રોઝમેરી સંજયને સહાય કરે, શંકર હિસાબકિતાબોનું ધ્યાન રાખે, શાકામમા તેને માટે

રસોઈ બનાવે અને શિશિર તેને મનોરંજન – આનંદ પૂરો પાડે. સંજય ભાગ્યે જ રજા પાડે ને જ્યારે તે પરદેશ જાય ત્યારે તે માત્ર ધંધા માટે જતો. સંજયે ક્યારેય મૃદુલાને પૂછ્યું નહોતું કે દિવસ દરમિયાન તે શું કરે છે કે, નથી પૂછ્યું અલાદહલીનાં તેના કુટુંબ વિશે. તે માનતો કે આવી નાની નાની વાતો કરવી એ સમય બગાડવા જેવું છે.

ઘરમાં પહેલા માળે શિશિર માટે આધુનિક બૅડરૂમ હતો અને ઉપલા માળે તેનું નાનકડું જિમ હતું. તેની બધી જ જરૂરિયાતોની વસ્તુઓ તેના રૂમમાં હતી, જેમ કે, એરકન્ડીશનર, ટી.વી., વીડિયો ગેઇમ સ્ટેશન્સ અને મ્યુઝિક સિસ્ટમ. તે માત્ર જમવા માટે જ નીચે આવતો.

એક દિવસ ભોજન સમયે સંજયે શિશિરને કહ્યું : 'શિશિર, જ્યારે તું દવાખાનું શરૂ કરે ત્યારે તારી પાસે ઈનફર્ટીલિટી (વંધ્યત્વ નિવારણ) સેન્ટર અને ટેસ્ટ-ટ્યૂબ બેબીઝ સેન્ટર હોવું જરૂરી છે. તેથી ઢગલો પૈસા કમાઈ શકાય. નિ:સંતાન યુગલો પોતાને બાળક થાય એ માટે ગમે તેટલો ખર્ચ કરવા તૈયાર થશે. પણ એ યાદ રાખજે કે નિ:સંતાન માતા ઘણા ડૉક્ટરો પાસેથી સલાહ લેશે, સારવાર કરાવશે પણ તારે નિરાશ નહી થવાનું. બાળક મેળવવાની ઝંખનાને કારણે તેઓ અનેક પ્રકારના અભિપ્રાય મેળવશે. તેમની આ નબળાઈને લીધે તેમનું તારે શોષણ કરવું જોઈએ અને પૈસો બનાવવો.' મૃદુલાને પોતાના પુત્ર સાથે પૈસા અંગેની ચર્ચા કરવાનું કે આવી કોઈ સલાહ આપવાનું પસંદ નહોતું. પણ તેણે તે માત્ર પોતાના પૂરતું જ સીમિત રાખ્યું.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

શિશિર બુદ્ધિશાળી હતો. મેડિકલ પ્રવેશ પરીક્ષામાં તેણે પોતાની ગુણવત્તા અને સ્ટાન્ડર્ડ જાળવી રાખ્યાં. પણ તે તો પોતાની દુનિયામાં મસ્ત હતો. થોડા દિવસો પછી તેણે તેનાં માતાપિતાને ગાડી માટે પૂછ્યું : 'મૃદુલા માનતી હતી કે શિશિર હજી વિદ્યાર્થી જ છે અને તેથી તે આ વિચારની વિરુદ્ધમાં હતી. તે ઇચ્છતી હતી કે તે પબ્લિક બસનો ઉપયોગ કરે અને એક સામાન્ય છોકરાની જેમ જીવન જીવતાં શીખે.' પણ સંજયે કહ્યું : 'મૃદુલા, આપણે એવા કપરા સમયમાંથી પસાર થયાં છીએ કે જીવનને થોડુંક સરળ બનાવવા પણ આપણી પાસે પૈસા નહોતા. હવે આ સમયે બાળકોને ઘણી બધી મહેચ્છાઓ હોય. આપણે મોટાં થઈ ગયાં છીએ તેથી આપણી ઈચ્છાઓ મરી પરવારી હોય. તેથી એને ગાડી ખરીદવા દે. તું શા માટે તેને એમ કરતાં રોકે છે?'

તેઓ દરેક વખતે આવી જ દલીલો કરતાં અને સંજય હંમેશાં વાતનો અંત આ રીતે જ લાવતો : 'શા માટે નહીં? આપણને તે પોષાય તેમ છે.'

મૃદુલાને એ ચિંતા રહેતી કે શિશિરના જીવનમાં ક્યાંય સાદગી કે શિસ્ત જ રહ્યાં નથી. તે શિશિર સાથે વાત કરવાનો પ્રયત્ન કરતી. તે કહેતી : 'શિશિર, હું પણ એક સમયે યુવાન હતી ને મારાં માતાપિતા સમૃદ્ધ હતાં, ને જે હું ઈચ્છું તે આપવાનું

તેમને પોસાય તેમ હતું. પણ હું મારી માતાની વાત સાંભળતી અને સાદગીથી જીવવાનું શીખતી.'

'ઓહ મા, તે તારી જૂના જમાનાના અલાદહલીની વિચારસરણી હતી. બેંગ્લોરમાં તે પ્રમાણે ન ચાલે.' સંજય તેના દીકરા સાથે સહમત થતો અને આ વાત મૃદુલાને બહુ જ ભયંકર રીતે અપમાનિત કરતી.

મૃદુલાની રસોઇયણ શાકામ્મા રોજ જાતજાતની પૌષ્ટિક વાનગીઓ બનાવતી. આટલી બધી વાનગીઓ માટે મૃદુલાનું માનવું જુદું હતું પણ શિશિર ખાવાનો શોખીન હતો અને એના પિતા એને ટેકો આપતા. સંજય શાકામ્માને કહેતો કે શિશિર જે કહે તે બધું તેણે બનાવવું. મૃદુલા શિશિરને સલાહ આપતી કે, 'તારે દરેક બાબતે ઍડજસ્ટ થઈ જવું જોઈએ અને ખાવાની વસ્તુઓ માટે કોઈ ફરિયાદ કરવી ના જોઈએ. જક્કી થવું એ કાંઈ સારી વાત નથી.'

પણ શિશિર તેની કોઈ વાત કાને નહોતો ધરતો. ક્યારેક એવું બનતું કે શિશિરના કહેવા મુજબ શાકામ્મા કોઈ વસ્તુ બનાવતી પણ તે બન્યા પછી તે ખાવાની ના પાડી દેતો અને માત્ર થોડા દાણા, મૅગી ખાતો અને દૂધ પી લેતો.

શાકામ્માને નવાઈ લાગતી, 'આ ઘરમાં માત્ર ત્રણ જ માણસો છે પણ મારે કેટલી બધી વાનગીઓ બનાવવી પડે છે. શિશિર ખરેખર ખૂબ વિચિત્ર છોકરો છે. પણ મૅડમ દયાળુ છે, સમજુ છે અને તે મારું ઘણું ધ્યાન રાખે છે. કેટલીકવાર શિશિર ઘણાં મિત્રોને જમવા બોલાવે છે અને ઘણીવાર તે એકલો ખાય છે. જ્યારે શિશિર મિત્રોને લઈને મોડો જમવા આવે છે, મૅડમ મને ઘેર મોકલી દે છે અને તેઓ જાતે જ બધાંને જમાડે છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એક દિવસ મૃદુલા શિશિરની રાહ જોતી બેઠી હતી. શાકામ્માએ શિશિરને ભાવતી ઘણી બધી વાનગીઓ બનાવી હતી. કદાચ તે તેના મિત્રો સાથે જમવા આવવાનો હશે. સંજય પણ શિશિરની રાહ જોતો બેઠો હતો. રાત્રે દસ વાગ્યે શાકામ્મા ગયાં અને મૃદુલાએ શિશિરને ફોન કર્યો. તેણે કહ્યું : 'સૉરી અમ્મા. આજે મારા એક ફ્રૅન્ડનો બર્થડે છે એ કહેવાનું હું ભૂલી ગયો અને અત્યારે અમે 'લીલા'માં સેલિબ્રેટ કરી રહ્યા છીએ. મેં અહીં ખાઈ લીધું છે અને હજી હવે હું અહીંથી નીકળીશ.' મૃદુલાએ સહેજ ગરમ થઈને કહ્યું : 'પણ અમે અત્યાર સુધી તારી રાહ જોતાં બેઠાં છીએ. તારા પપ્પા પણ અહીં છે ને તેમણે હજી કશું જ ખાધું નથી.'

તેના દીકરાએ વચમાં જ કહી દીધું : 'મૉમ, મેં સૉરી કહી જ દીધું છે. હું એમાં કાંઈ મદદ કરી શકું તેમ નથી.' ને તેણે ફોન મૂકી દીધો.

મૃદુલા ખૂબ બેચેન થઈ ગઈ. આટલી બધી રસોઈનું તે શું કરશે તેની તેને ચિંતા થવા લાગી. ઘરમાં માત્ર બે જ માણસો હતાં. ફ્રીઝમાં મૂકી તે એને સાચવી તો શકે પણ સંજયને હંમેશાં રોજનું તાજું બનાવેલું જ ખાવાનું ગમતું. એટલે તે આજનું વધેલું એનું એ જ ભોજન આવતી કાલે કરશે નહી. તેને થયું : 'શિશિર કંઈ હવે બાળક નથી. તે હવે યુવાન છે. મને તેના આવા બેદરકારીભર્યા સ્વભાવથી ખૂબ દુ:ખ થાય છે.'

સંજયે તેની સામે જોયું અને કહ્યું : 'મૃદુલા, કંઈ કરી ન બેસતી. તે હજી બાળક છે અને તે તેની રીતે આનંદ કરવા માંગે છે. તેણે તારી માફી પણ માંગી, પોતાનો ખેદ પણ વ્યક્ત કર્યો.'

આ વાતથી મૃદુલા વધુ અકળાઈ. તેણે બહુ કઠોરતાથી કહ્યું : 'તું હંમેશાં તેને જ સાથ આપે છે. જો તેને અત્યારે શિસ્તનું ભાન કરાવવામાં નહી આવે તો તે ક્યારેય શિસ્ત શીખશે નહી.'

'મૃદુલા, હવે સમય બદલાઈ ગયો છે. જો તું તેના પર કાબૂ જમાવવા જઈશ, તો તે કદાચ ઘર છોડી દેશે અને જુદો રહેવા જતો રહેશે. તે આપણું એક માત્ર સંતાન છે. તારે આ સમજવું પડશે અને તેની સાથે ગોઠવાવું પડશે.'

'મને તારી સાથે પરણે ચોવીસ વર્ષ થયાં. તું જેવું ઇચ્છે છે તે પ્રમાણે હું ગોઠવાઈ નથી? તેં મારા પ્રમાણે ગોઠવવાના ક્યારેય પ્રયત્ન કર્યો છે? તું તેવું જ વિચારે છે કે તું જે ઇચ્છે તે જ સાચું છે અને તે તારી પાસેથી આ શીખ્યો છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'હા. જરૂર. હું જે વિચારું છું તે સાચું જ છે. એ જ મારી સફળતાનું મુખ્ય કારણ છે. વાસ્તવિક જીવન કેવું છે એ વિશે તું શું જાણે છે? તારી દુનિયા તારી શાળા પૂરતી મર્યાદિત છે. મારા સહકાર્યકરો તરફ જો. તેઓ હજી પણ સરકારી નોકરીમાં ફર્યા કરે છે અને મારી સામું જો. મેં યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લીધો. હું કોઈનીયે મદદ વગર સફળ થયો.' મૃદુલા આ સાંભળી ગુસ્સે થઈ ગઈ ને હજી કંઈ જવાબ આપે તે પહેલાં શિશિરની ગાડી અંદર આવી. તેથી તે ચૂપ રહી. શિશિરની હાજરીમાં એકદમ ઓછામાં ઓછી દલીલો અને ચર્ચા કરવી તેવો તેમનો પ્રયત્ન રહેતો અને તેમની વચ્ચે તેવો વણલખ્યો જાણે નિયમ હતો.

શિશિર સીટી વગાડતો વગાડતો અંદર આવ્યો. તેના હાથમાં ખૂબ જ મોંઘા પંદર શર્ટ હતા. તેણે કહ્યું : 'ડૅડ, તમને શર્ટ કેવા લાગ્યા?'

'તે સરસ લાગે છે! તારો ટેસ્ટ ખૂબ ઊંચો છે.' ગમે તેમ પણ મૃદુલા હજી અસ્વસ્થ હતી. તેણે ગુસ્સાથી કહ્યું : 'શિશિર! જ્યારે તારી પાસે સેંકડો શર્ટ ઘરમાં છે ત્યારે તેં શા માટે નવા શર્ટ ખરીદ્યા? મારી શાળામાં એવાં ઘણાં ગરીબ વિદ્યાર્થીઓ છે જે રોજ એકનું એક શર્ટ પહેરી લાવે છે. આમ ઉડાઉ ન બન.'

‘મૉમ, તું તેમને મારાં જૂનાં શર્ટ આપી શકે છે. મને તેનો કોઈ વાંધો નથી.’

‘શિશિર, મુદ્દો એ નથી. બિનજરૂરી વસ્તુઓ ખરીદ્યા જ કરવી એ ટેવ ખોટી છે. એક વાર ફૅશન બદલાઈ જાય, તેથી તું એ વસ્ત્રો બાજુએ મૂકી દે. એથી એક સાથે થોડી વસ્તુઓ ખરીદવાનો તું પ્રયત્ન કર અને તેમાંથી આનંદ મેળવ. તારે બચાવતાં શીખવું જોઈએ. ક્યારે તારું જીવન કપરું થઈ જશે તેની તને ખબર નથી.’

શિશિર કંઈ જવાબ આપે તે પહેલાં સંજયે જરા ઊંચા અવાજે કહ્યું : ‘મૃદુલા, નાની નાની બાબતો માટે આમ દલીલો નહીં કર. શિશિર હજી બાળક છે અને જીવનનો આનંદ માણવા માંગે છે. હું સખત મહેનત કરું છું. સવારથી રાત સુધી કામ કરું છું ને પૈસા મેળવું છું. હું તેને માટે પણ પૈસા કમાઉં છું. તેના આનંદમાં ભંગ ના પાડ. તેના મૂડને બગાડ નહીં. હું જ્યારે ઘરે આવું છું અને મારા કુટુંબ સાથે સમય પસાર કરવા ઇચ્છું છું પણ તું હંમેશાં કોઈક બખેડો શરૂ કરી દે છે.’

પોતાના પુત્રની હાજરીમાં જ તેના ગાલ પર જોરથી થપ્પડ મારવામાં આવી હોય તેવું મૃદુલાને લાગ્યું. તેનાં આંસુ સંજય જોઈ ન જાય તે માટે તે ત્યાંથી ખસી ગઈ અને પોતાના બૅડરૂમમાં જતી રહી. સીટી વગાડતો વગાડતો શિશિર ઉપલા માળે પોતાની રૂમમાં ગયો અને સંજય ટી.વી. પર સમાચારો જોવા લાગ્યો.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

દીકરી અને મા વચ્ચેના સંબંધો કરતાં પુત્ર અને મા વચ્ચેનો સંબંધ કંઈક જુદા જ પ્રકારનો છે. જ્યારે દીકરી યુવાન થાય છે ત્યારે તે તેની માની સખી બની જાય છે. પણ પુત્ર યુવાન થાય છે ત્યારે તે અજાણ્યો બની જાય છે. શિશિર દેખાવમાં તેની મા જેવો હતો પણ તેનો અવાજ, બોલવા-ચાલવાની ઢબ અને વિચારસરણી સંજય જેવી હતી. તેને કોઈની પણ સાથે બહુ લગાવ નહોતો અને યુવાન વયે તેને કોઈ આદર્શોય નહોતા. પોતાના બૅડરૂમમાં રહ્યે રહ્યે મૃદુલાને નવાઈ લાગી, ‘આ નવી પેઢી કેવી રીતે આટલી બધી વ્યવહારુ થઈ જતી હશે?’

શિશિર અને તેના મિત્રો વચ્ચેની વાતચીત તેણે યાદ કરી. શિશિર તેના મિત્રને સલાહ આપી રહ્યો હતો, ‘ખરેખર તો મેડિકલ સાયન્સમાં હવે સહેજ પણ એડવાન્ટેજ મળતો નથી. મોટો પ્રોફિટ તો મળે જ નહીં ને ઉપરથી આપણે આકરી મહેનત કરવી પડે એ જુદું. પણ તેને બદલે જો આપણે એન્જિનિયરિંગ ભણીએ અને જો સૉફ્ટવેરની નોકરી મળી જાય તો આપણે પૈસા બનાવી શકીએ. થોડાં વર્ષો પછી આપણે આપણી પોતાની કંપની શરૂ કરી શકીએ. કોઈ સૉફ્ટવેર એન્જિનિયરિંગને પરણવું એ આપણા ફાયદામાં રહે. મારી મૉમની કઝીન સરલાનો પતિ પ્રસન્ના મહિને બે લાખ કમાય છે.’

મૃદુલા આ બાબતે કંઈ જ કરી નહોતી શકતી પણ તેણે જોયું કે તેઓનું ધ્યાન માત્ર પૈસા પર જ કેન્દ્રિત છે અને કેવી રીતે વધારે પૈસા કમાવા એ જ એમનું લક્ષ્ય છે. ધંધામાં મૂલ્યો પર તો જરાય ધ્યાન આપવાનું જ નહીં. મૃદુલા આવી બધી વાતો

શિશિર સાથે કરી શકતી નહોતી. જ્યારે તેના મિત્રો ઘરે આવતાં, તેઓ તેને કહેતાં : 'તું ભારે નસીબદાર છે કે તારા પિતાને ધીકતી કમાણી છે, ને વળી તું એકમાત્ર સંતાન છે. તારે અમારી જેમ સંઘર્ષ કરવાની જરૂર જ નથી. તું તો જન્મથી રાજકુમાર છો.'

સંજય ક્યારેક શિશિર અને તેના મિત્રોની વાતચીતમાં સામેલ થતો. પોતાના પ્રખ્યાત પિતા માટે શિશિરને ગર્વ હતો. યુવાન છોકરાઓ જરાય ખચકાટ વગર તેની સાથે મિત્રની જેમ વર્તી શકતા અને સંજયને પણ તે ગમતું. તેઓ સંજયને અભિનંદન આપતાં, પોતાની ખુશાલી અને આશ્ચર્ય વ્યક્ત કરતાં અને કહેતાં : 'અંકલ, તમે આ બધું કેવી રીતે ચલાવી શકો છો?'

આ લોકો અને મૃદુલા વચ્ચે માત્ર ખોરાક બાબતે જ વાતચીત થતી. તેઓ કહેતા : 'મહેરબાની કરીને મને બહુ ભાત ન આપો' અથવા 'તમે અમારે માટે ડેઝર્ટ (જમ્યા પછી ખાવાની ગળી વાનગી) શા માટે બનાવ્યું? તેમાં ખૂબ કેલરી હોય છે.' મૃદુલાને અલાદહલીના દિવસો યાદ આવતાં. ત્યાં જમવાના ટેબલ પર બેસી બધાં કેવી જાતજાતની, વિવિધ મુદ્દાઓ પર ચર્ચાઓ કરતાં. તેને આ બધાની ખોટ સાલતી.

બહુ પહેલાં તેણે વાંચ્યું હતું તે મૃદુલાએ યાદ કર્યું – 'વીસ વર્ષની વયે, જો તમે આદર્શવાદી ન હો, તો તમે હૃદયહીન છો. જો ચાળીસ વર્ષ સુધી તમે રોયા ન હો તો તમારામાં બુદ્ધિ, મગજ પણ નથી.' તે વિચારતી કે આ છોકરાઓમાં દિલ જેવી, લાગણી જેવી કોઈ વસ્તુ જ નથી અને સંજય માનતો કે મૃદુલામાં બુદ્ધિ જ નથી.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એક દિવસની વાત છે. સંજય તેના દીકરાને સલાહ આપતો હતો, 'લોકો સફળ માણસોને જ માન આપે છે. તારા લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રીત કર અને તેની પાછળ લાગી જા. યાદ રાખજે – જીવનમાં કોઈ મિત્રો કાયમ રહેતા નથી. ઊલટાનું, તું જેમ વધારે સફળતા પ્રાપ્ત કરીશ તેમ તારે વધારે દુશ્મનો થશે.'

'ડૅડ, સફળતાના શિખરે પહોંચ્યા પછી આ યાદ રાખવું શક્ય છે? આ યાદ રહે પણ ખરું?'

'હા, તે અઘરું જરૂર છે. ટૉપ પર રહેવા માટે તારે તારા ધંધા વિષેની છેલ્લામાં છેલ્લી જાણકારી મેળવી લેવી જોઈએ, અને તેનાથી એક ડગલું આગળ ચાલવું જોઈએ. શિખરે પહોંચવું સહેલું છે, ત્યાં ટકી રહેવું ખૂબ કઠિન છે.'

'ડૅડ, હું માણસોને સાચી રીતે ઓળખી શકું અને તેમના વિશે નિર્ણય કેવી રીતે લઈ શકું?'

'કોઈને પણ સરળ તો માની ન શકાય, સ્વીકારી પણ ન લેવાય. બહુ ઓછા માણસો પર વિશ્વાસ મૂકવો અને નિયમિત રીતે તેમની ચકાસણી કરતા રહેવું. જો તને એમ લાગે કે તારી આસપાસના દરેક જણ તારો લાભ ઉઠાવી રહ્યા છે, તો તારે સભાન

થઈ જવું જોઈએ. તારી આસપાસ શું ચાલી રહ્યું છે તે તારે જાણી લેવું જોઈએ, ને ખાસ તો એ કે ક્યારેય નિરાશ ના થવું. પૈસો ખૂબ જ મહત્ત્વની બાબત છે. મોટેભાગે દરેકને પોતાની એક કિંમત હોય છે.'

'ડૅડ, તમે તેવું કેવી રીતે કહી શકો?'

'શિશિર, દરેક જણ પોતાની કિંમત મળે તો પોતાના સિદ્ધાંતો સાથે સમાધાન કરવા તૈયાર થાય છે. કેટલાક માટે એ દસ હજાર રૂપિયા હોય અને બીજા કેટલાક માટે, તે કદાચ દસ લાખ પણ હોય. પૈસો એ મોટાભાગના લોકોની મર્યાદા, નબળાઈ છે. જ્યારે હું શાળામાં હતો, છોકરાઓ મારા હાથને કારણે મારી મજાક ઉડાવતા હતા. આજે એ જ લોકો મને ''સર'' કહે છે.'

ગમે તે હો, આ સાંભળીને મૃદુલા પોતાની જાત પર કાબૂ ન રાખી શકી. તેણે કહ્યું : 'તારે આવી વાતો ન કરવી જોઈએ. બાળકો નાનાં અને નિર્દોષ હોય છે. તેમનો હેતુ તને અપમાનિત કરવાનો નહોતો. તું જરા જુદો પડતો ને તેથી તેઓ તારા વિશે વાતો કરતા હોય એમ પણ બને. જ્યારે હું શાળામાં હતી, મારે લાંબા અને જથ્થાબંધ વાળ હતા. દરેક જણ મારી મજાક કરતા અને મને 'સાપ-છોકરી' કહીને ખીજવતાં. તે વખતે હું થોડી અસ્વસ્થ જરૂર થઈ જતી હતી. પણ હવે હું તેને હસી કાઢું છું. જો પૈસો જ માત્ર આટલો બધો મહત્ત્વનો હોય તો દરેક ધનવાન માણસ સુખી જ હોત! પણ એ કાંઈ મહત્ત્વની વાત નથી. આપણા સુકોમળ દીકરાને આવી ખોટી વાત ન શીખવ.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજયે શિશિર સામું જોયું અને જવાબ આપ્યો, 'મૃદુલા, પૈસા વગર અનેક પ્રકારના ત્રાસો સહન કરવા એ માણસની લાચારી છે. તને તેની કદીયે ખબર નથી પડી કારણ કે તું હંમેશાં અમારાથી રક્ષાયેલી રહી છે. તું તારી શાળાની આચાર્યા છે અને તારી પાસે બધી સત્તા છે. તેથી શાળામાં દરેક જણ તારી વાત સાંભળે છે. હકીકતે, તારા વિચારો અવ્યવહારુ હોય છે.'

મૃદુલાને લાગ્યું કે પોતાને ઉતારી પાડવામાં આવી છે, ને તેથી તે પોતાની રૂમમાં જતી રહી. ત્યાં તેને ખ્યાલ આવ્યો કે પોતાનાં લગ્નજીવનનાં પચ્ચીસ વર્ષ પૂરાં થયાં. પણ તે દુ:ખી છે. તેનું ચિત્ત શા માટે અજંપાભર્યું થઈ ગયું છે તેનું કારણ તે એકદમ સ્પષ્ટપણે કહી શકે તેમ નથી. તેને યાદ આવ્યું કે સંજયે તેને કહ્યું હતું કે તેની કમાણીમાંથી તે થોડુંક જરૂર ગરીબોને દાનમાં આપશે. પણ તેણે આ અંગે ક્યારેય કશું જ કર્યું નથી. તે જ્યારે જ્યારે દાન કરતો, તે ત્યાં પોતાનું નામ લખાય તેવું ઈચ્છતો. માત્ર ધનવાનોને જ તેની ફી પોસાય એવી હતી. નૉર્મલ પ્રસૂતિનો તેનો ચાર્જ રૂ. ૨૫,૦૦૦/- નો હતો. ગરીબોને મદદ કરવા તેણે શું કર્યું

* * *

રાત્રે આઠ વાગ્યે એટલે શિશિરનો દિવસ ઊગે. મૃદુલા એને કહેતી કે તેણે રાત્રે વહેલા સૂઈ જવું જોઈએ અને સવારે વહેલા ઊઠવું જોઈએ – પણ એ કદી માના આ શબ્દોને ગણકારતો જ નહીં. એને બદલે આ સાંભળીને તે ઉશ્કેરાઈ જતો અને કહેતો, 'મૉમ સ્ટોપઈટ. મારા ને તારા વિચારોમાં આભજમીનનો તફાવત છે.'

શિશિર એના પિતા અને મિત્રોને કહેતો : 'મારી મૉમ ગ્રામોફોન જેવી છે. તે એકની એક વાત સતત કહ્યા જ કરે, કહ્યા જ કરે. સતત રિપિટેશન થયા જ કરે.'

તે સાંભળી સંજય ક્યારેક મજાકના રૂપમાં એને કહેતો, 'ઠીક છે, તો તું વિચાર કર કે હું એની સાથે કેવી રીતે રહેતો હોઈશ?'

જ્યારે બાપ-દીકરો તેના માટે આવી વાતો કરતા હોય ત્યારે મૃદુલા સાચું માની લેતી કે ખરેખર તેઓ આ પ્રકારે જ વિચારતા પણ હશે. તેમની આવી ટિપ્પણીઓની તેના પર ખૂબ અસર પડતી. કેટલીકવાર શિશિરને લાગતું કે તેની માતાનું દિલ દુભાયું છે ત્યારે તે બહુ જ હળવાશથી કહેતો, 'મૉમ, ડેડની માફક આ વાતને તું ખેલદિલીપૂર્વક લે, માત્ર રમત માનીને ચાલ.'

શિશિરનાં આવાં વિધાનોથી સંજય હસતો. સંજય એ બાબતે સભાન હતો કે તે બીજાઓ પ્રત્યે ક્રૂર બની શકે, પણ પોતાના પુત્ર માટે નહીં. પુત્ર એ ઘડપણ સમયનો છાંયડો આપતું વૃક્ષ છે, ઘડપણની લાકડી છે, ને જ્યારે તે ઝાડ મોટું થતું હોય ત્યારે માતાપિતાએ તેની પૂરતી કાળજી લેવી જોઈએ.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એક દિવસ શિશિર એની પથારીમાં આળસથી આળોટી રહ્યો હતો. કોયલના અવાજવાળી ઘડિયાળ બતાવી રહી હતી કે ત્યારે મધરાત થઈ હતી. એ ઘડિયાળ સંજય તેને માટે જિનીવાથી ખાસ લાવ્યો હતો. જ્યારે તે શાળાના છેલ્લા વર્ષમાં હતો ત્યારે શિશિરને પરદેશનો પ્રથમ પ્રવાસ કરવાની તીવ્ર ઇચ્છા હતી. હંમેશની જેમ મૃદુલાએ આવા પ્રવાસનો વિરોધ કરેલો. 'આમ રજાઓ ગાળવા તારે એને પરદેશ એકલો ન મોકલવો જોઈએ. હજી તે પગભર પણ નથી થયો.'

પણ શિશિરે કાંઈ ધ્યાન ન આપ્યું. તેણે વિચાર્યું કે તે આ જ કારણસર એકલો જશે કે તે અનેક દેશોમાં ફરી શકશે, બધું જોઈ શકશે અને નાની ઉંમરમાં જ અનેક પ્રકારની સંસ્કૃતિઓને જાણી-સમજી શકશે. તેણે વિચાર્યું, 'પ્રવાસ પણ શિક્ષણનો જ એક પકાર છે અને અમને તે પોષાય તેમ છે. ડૅડે તો ઘણા પ્રવાસો કર્યા છે ને તેથી દુનિયા વિશે મમ્મી કરતાં તે વધારે જાણે છે.'

ત્યાં તો તેનો ફોન રણક્યો. તે નીતાનો ફોન હતો. તે તેના વર્ગમાં હતી અને તે આધુનિક રીતરસમ પ્રમાણે ઊછરી રહી હતી. મૃદુલાને તેની આવી આધુનિકતા પસંદ

નહોતી પણ સંજય એવી કોઈ દરકાર કરતો નહોતો. નીતાએ પૂછયું : 'હાય શિશ! આવતીકાલનો તારો શું પ્રોગ્રામ છે?'

શિશિર જાણતો હતો કે નીતાએ તેના મનમાં કંઈક ગોઠવી રાખ્યું હશે તેથી તેણે જવાબ આપ્યો : 'કેમ?'

'લીલા પૅલેસમાં ડિસ્કો કરવા જવાનું તને ગમશે?' તે થોડીવાર અટકયો અને પછી કહ્યું : 'હું ઈચ્છું કે હું આવી શકું તો સારું પણ મારે બીજાં કામ છે.'

'એવું તે તું શું કરી રહ્યો છે કે જેને કારણે તું વ્યસ્ત છે? અરે આવને, શિશ! તું એક સાંજ મારી સાથે ગાળી ન શકે? હું ત્યાં આવી તને મદદ કરી શકું?'

'હા, તું આવી શકે છે. હું મારી મૉમ સાથે મંદિર જઉં છું. તું પણ આવ.'

શિશિર જાણતો હતો કે નીતાને મંદિરે જવું ગમતું નથી. તેથી તે તેનાથી છૂટી શકશે. તેણે વિચાર્યું, 'હું મૉમ સાથે ભાગ્યે જ બહાર જઉં છું. જ્યારે હું નાનો હતો, ત્યારે તેની સાથે વારંવાર મંદિરે જતો હતો. પણ ડૅડ તો કાયમ વ્યસ્ત જ રહેતા અને ક્યારેય અમારી સાથે આવતા નહી.' તેની મ્યુઝિક સિસ્ટમમાંથી મૅટાલ્લિકાના સૂરો વહેવા લાગ્યા અને શિશિર નૃત્ય કરવા લાગ્યો. તેને યાદ આવ્યું કે બાળપણમાં તેણે ખૂબ ઓછો સમય પિતા સાથે વિતાવ્યો હતો. તેની માતા જ તેની સાચી સાથીદાર હતી. તેને થયું, 'જ્યારે મૉમ શાળાએ કામ કરવા જતી, કાન્તામ્મા આજીનું ફૅમિલી મારી કૅર રાખતું હતું.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

તેણે કાન્તામ્માને ખૂબ પ્રેમથી યાદ કર્યા. તેમને તે હક્કપૂર્વક અને લાગણીથી 'આજી' કહીને બોલાવતો હતો. તેઓ બહુ ઉદાર અને ઉમદા સ્ત્રી હતાં અને તેમના વાળ ગ્રે (રાખોડી) રંગના હતા. કપાળ પર કંકુનો મોટો ચાંદલો, વાળમાં સુંદર પુષ્પો અને કાંડા પર લાલ ચટ્ટાક રંગની બંગડીઓ તે પહેરતાં. તેઓ રંગે શ્યામ પણ ઘાટીલાં હતાં અને સદાય હસતાં રહેતાં. તે તેમની લાલ રંગની બંગડીઓને ક્યારેય ભૂલી નહી શકે કારણ કે તેઓ તેને પોતાના ખોળામાં બેસાડતાં. એ જ હાથથી તેઓ તેને માટે રાગીના લાડુ બનાવતાં. તે ઘણાં વર્ષો સુધી એવી રીતે બેઠો હતો. તેઓ ખૂબ ઓછાં ઘરેણાં પહેરતાં પણ ખૂબ મોહક દેખાતાં. હજી પણ તે જ્યારે તેમને ઘરે જાય ત્યારે તેઓ એટલા જ લાડથી, પ્રેમથી તેને મળતાં. જાણે હજી પણ તે નાનો બાળક જ ન હોય! તેના કોઈ પણ મિત્રો કે સગાઓ તરફથી તેને ક્યારેય આટલો બધો પ્રેમ કે લાગણી મળ્યાં નથી.

શિયાળાની ઠંડી હોવા છતાં તેનામાં ખૂબ ગરમાવો આવી ગયો. તેમને જોયે તેને ઘણો સમય વીતી ગયો'તો. અપવાદરૂપે છેલ્લી દિવાળીને બાદ કરતાં તે હંમેશાં, નિયમિતરૂપે મુનિઅપ્પા અને કાન્તામ્માને મળવા દરેક વર્ષે ઉગદી અને દિવાળીના તહેવારોમાં જતો જ. આ વર્ષે તે મિત્રો સાથે સિંગાપોર ફરવા ગયો હતો અને તેથી તે આ

તહેવાર ચૂકી ગયો. તેણે વિચાર્યું, 'આવતે અઠવાડિયે હું ત્યાં જઈશ અને તેમને મળીશ. કાન્તામ્મા માટે સરસ ભેટ પણ લેતો જઈશ. હું તેમને માટે એક સરસ સાડી ખરીદવાનું મોમને કહીશ. છેલ્લી વખતે મેં ડૅડને કહ્યું હતું કે હું તેમને સોનાની બે બંગડીઓ આપવા ઇચ્છું છું. પણ ત્યારે ડૅડે કહ્યું હતું : 'શિશિર, જો તારાથી ઓછા ધનવાન લોકોને તું ખૂબ મોંઘી ભેટ આપે તો તેમની અપેક્ષાઓ વધતી જશે અને દરેક સમયે તેમને સંતોષવા તું સક્ષમ ન પણ હોય. હું જરૂર માનું છું કે તેમણે તારી દેખભાળ ખૂબ જ સરસ રીતે કરી હતી. તો તારે ચોક્કસ તેમને ભેટ આપવી જોઈએ, જેથી તેઓને આનંદ થાય. તેઓ તેને પ્રેમથી સ્વીકારી શકે, પણ તેનો તેમને ભાર લાગે તેવું ન થવું જોઈએ. ગમેતેમ, જો હજી પણ તારો આગ્રહ હશે તો, હું આજે જ રોઝમેરીને બે સોનાની બંગડીઓ ખરીદવાનું કહી દઈશ.' ડૅડ ચોક્કસ સાચા છે કારણ કે તેમણે દુનિયા જોઈ છે. મને એ નથી સમજાતું કે મૉમ કેમ તેમની જેમ વિચારી નથી શકતી?'

મેટાલિકાને બદલે હવે યાન્ત્રીના સૂર વહેવા લાગ્યા અને શિશિરને ભૂખ લાગી. આમ તો તેને ઘરમાં જમવું ગમતું, પણ થોડા દિવસો થાય કે તેને થોડો ચેઇન્જ ગમતો. મૃદુલા કહેતી : 'ઘરનું બનાવેલું ભોજન ઉત્તમ અને પૌષ્ટિક હોય છે. જ્યારે તું ઘરનું ખાતો નથી ત્યારે હું બેચેન થઈ જાઉં છું.'

ત્યારે શું કરવું તે શિશિરને સમજાતું નહીં. તેના પિતાએ તેને કહેલું : 'તારી મા સામે તું થોડું ખાઈ લઈ તેને ખુશ કરજો. પછી બહાર જઈને તારે જે મરજીમાં આવે તે ખાઈ લેવું.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

તેની વર્ષગાંઠે તેના પિતાએ તેને નવું ક્રેડિટ કાર્ડ આપ્યું. હવે દુનિયામાં તે કંઈ પણ કરવા સ્વતંત્ર હતો.

કિશોરાવસ્થામાં જ જ્યારે તેણે પોતાની સ્વતંત્રતા માણવાની પહેલી વાર શરૂઆત કરી ત્યારે તેની મા ગભરાઈ ગઈ હતી અને રડી પડી હતી. તેને માટે શિશિરને ખૂબ દુ:ખ થયું. પણ પછી તેણે વિચાર્યું, 'કોઈના પણ સુખ માટે હું જવાબદાર નથી. હું જેવું ઇચ્છું તેવું જીવન જીવવાનો મને હક્ક છે.'

તે તેની મા સામે બગાવત કરશે પણ પિતા સામે નહીં. તેના પિતા તેના મિત્ર હતા જેમની સાથે તે ગમે તે વિષે વાત કરી શકતો, અરે, છોકરીઓ વિશેની વાત પણ. તેની મા ઘણી જુદી હતી. તેને થતું, 'શક્ય છે કે ધાર્મિક અને સુરક્ષિત વાતાવરણમાં અલાદહલીમાં તે ઊછરી છે જ્યાં આજ્ઞાંકિતતા એક સદ્‌ગુણ ગણાય છે. મને લાગે છે કે તેનું સમગ્ર બાળપણ દરેકની આજ્ઞા પાળવામાં જ પસાર થયું હશે.'

બીજે દિવસે શિશિરને પેટ્રોલ માટે થોડા પૈસા જોઈતા હતા અને જ્યારે તેણે તેની માતાને કહ્યું ત્યારે તેણે કહ્યું કે ટેબલના ખાનામાં એનું પર્સ છે તેમાંથી તે લઈ લે. જ્યારે તેણે તેનું પર્સ ખોલ્યું ને જોયું તો તેમાં ઘણા પૈસા હતા. પણ તેમાંથી તેણે તેને

જેટલી જરૂર હતી તેટલા જ લીધા. તેણે તેની માને કહ્યું પણ ખરું કે તેણે કેટલા પૈસા લીધા છે. તેના ઘણા મિત્રો દલીલ કરતાં કે તે પોતાની જરૂરિયાત બાબતે માતાને શા માટે કહે છે? પણ તેમના તેવા અભિગમ બાબતે શિશિર ધ્યાન આપતો નહીં. તે આંખ આડા કાન કરી દેતો. તેની માતાએ તેને પ્રામાણિકતા અને સખત પરિશ્રમના પાઠ ભણાવ્યા હતા, તેનું મૂલ્ય સમજાવ્યું હતું અને તે મૂલ્યો વિશે તે તેની સાથે ચર્ચા પણ કરતી.

લગભગ એ ટેબલનું ખાનું બંધ કરવાની તૈયારીમાં હતો ત્યાં તેણે એક ફોટો-આલબમ જોયું. તેણે તે ફોટાઓ આ પહેલાં ઘણીવાર જોયા છે, પણ જ્યારે આજે તેણે તે જોવા માટે ખોલ્યું ત્યારે તેને કંઈક જુદું જ દેખાયું. તેણે પોતાની જાતને જ કહ્યું, 'મૉમ નાની હતી ત્યારે કેટલી બ્યુટીફુલ લાગતી હતી! તેની હાઈટ હોવાને કારણે મિસ ઈન્ડિયા કૉમ્પિટેશનમાં પણ જઈ શકી હોત. એક ટીચર અને એક હાઉસવાઈફ બનીને તેણે પોતાની બ્યુટી વેડફી નાંખી છે. જો હું તેની જગ્યાએ હોત તો, તો મેં મૉડલિંગ કરવાનું પસંદ કર્યું હોત ને કદાચ ડેડ કરતાં પણ વધારે પૈસા કમાયો હોત. તે પણ તેમના કરતાં ઓછા સમયમાં. તે એક લેડી ડૉક્ટર પણ થઈ શકત અને ડેડ સાથે કામ કરી શકત અને બંને ભેગાં મળીને ઘણાં નર્સિંગ હોમ બનાવી શક્યાં હોત. મૉમ પણ ઘણી ફેમસ થઈ શકત. તેણે ગવર્નમેન્ટ સ્કૂલના છોકરાઓને ભણાવવા કરતાં બધી શક્તિ વેડફી નાખી.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

શિશિર ટેબલનું ખાનું બંધ કરી પેટ્રોલ પુરાવવા પોતાની ગાડી લઈને પેટ્રોલ પંપ ગયો. તેના સહાધ્યાયીઓ નીતા અને નરેને એક બારમાં પાર્ટી રાખી હતી. તેમણે તેને પૂછ્યું કે તેઓ ડ્રિંક્સ લઈ લે પછી તે તેમને લઈ જશે અને તેમને ઘરે ઉતારી દેશે. તે હા કહીને જ્યારે અંદર ગયો, તો ત્યાં સરલા આન્ટી, પ્રસન્ના અંકલ અને તેમની દીકરી ડોલી બિયર પી રહ્યાં હતાં એ જોઈને તેને નવાઈ લાગી. જ્યારે તે છેલ્લી વાર સરલા આન્ટીને મંદિરમાં મળેલો ત્યારે તેમણે ટ્રેડિશનલ નવવારની સાડી પહેરી હતી અને સોનાનાં ખૂબ જ ઘરેણાંથી લદાયેલાં હતાં. સ્ત્રીઓ આ રીતે બિયર કે કોઈપણ પીણું પીએ એ સામે તેનો જરાય વાંધો નહોતો, પણ સરલા આન્ટીનાં આ બે સ્વરૂપો વચ્ચે મેળ નથી ખાતો.

સરલા આન્ટી તેને જોતાં જ ક્ષણ વાર તો છોભીલાં પડી ગયાં. પણ તે હસ્યાં અને તેમણે કહ્યું : 'આવ, દીકરા, અમારી સાથે જોડાઈ જા.'

'ના આન્ટી, હું ડ્રીંક લેતો નથી.'

પ્રસન્ના અંકલે મજાક કરતાં કહ્યું : 'તો તારો પહેલો પૅગ વ્હીસ્કીનો હશે.'

'ભલે, એ વખતે કંપની માટે હું તમને જરૂર બોલાવીશ.' શિશિરે બહુ ઝડપથી આવજો કહ્યું અને ત્યાંથી નીકળી ગયો.

જ્યારે તે ઘેર પહોંચ્યો અને પોતાનાં માતા-પિતાને તે બાબતે વાત કરી ત્યારે સંજયે આનંદથી કહ્યું : 'તેં એમને સાચો જ જવાબ સંભળાવ્યો.'

ગમે તે હો, પણ તેની માતાને ચિંતા થઈ. તે મોટેથી બોલી : 'સરલાએ ડ્રીંક લેવાની શી જરૂર હતી? તે એક રૂઢિચુસ્ત ઘરમાંથી આવે છે. જો તેની માતાને આવા સમાચાર મળે તો તે તો બેભાન જ થઈ જાય.'

મૃદુલાના શબ્દોથી શિશિર ખિજાવાયો. તેણે દલીલ કરી : 'મૉમ! એમાં ખોટું શું છે? બારમાં જવું એ ખરાબ છે કે તમારી દીકરી સાથે ડ્રીંક લેવું એ ખરાબ છે?'

'તો સાંભળ, તે એક સ્ત્રી છે અને તેણે આમ ડ્રીંક લેવું જોઈએ નહી.'

'તને કોણે કહ્યું કે પુરુષ હોય તો ડ્રીંક કરી શકે?'

સંજય તેના દીકરાના પક્ષમાં રહીને બોલ્યો : 'સરલા સખત મહેનત કરે છે અને તેણે અઢળક પૈસો ભેગો કર્યો છે. તેને પણ આ રીતે મઝા માણવાનો હક્ક છે.'

મૃદુલા ઉશ્કેરાઈ ગઈ અને બોલી : 'તમે કહેવા શું માંગો છો? શું સખત મહેનત કરીને હું પૈસો કમાઈ નથી?'

બાપ-દીકરો સમજી ગયા કે આ ચર્ચાનો અંત જ નહી આવે જ તથી તેઓ ઊભા થયા અને પોતપોતાના રૂમમાં જતા રહ્યા. શિશિર વિચારવા લાગ્યો, 'મૉમ ને ડૅડ ઘણાં વર્ષોથી એકબીજા સાથે રહે છે. પણ તેમની વચ્ચે ઉત્તર-દક્ષિણ ધ્રુવ જેટલું અંતર છે. શક્ય છે કે તેમનાં ઉછેર અને તેમનાં વ્યવસાયે બંનેની વિચારપ્રક્રિયા પર અસર કરી હોય. ભગવાનનો પાડ માનું કે તેઓ એક સરખા નથી. નહી તો મારો તો મરો જ થઈ જાત. મારે માટે સમય કાઢવો બહુ આકરું બની જાત. આ રીતે હું તો પરિસ્થિતિને આધારે જ મૉમ કે ડૅડનો ફાયદો ઉઠાવી શકીશ.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

❑

દુનિયાદારી

બી જે દિવસે સંજય જ્યારે ગાડી ચલાવતો હૉસ્પિટલ જઈ રહ્યો હતો ત્યારે તે મૃદુલા વિશે જ વિચારતો હતો. તેને ખ્યાલ હતો કે આગલી રાત્રે તે ખૂબ જ બેચેન હતી. તાજેતરમાં તેણે જોયું હતું કે તે એકદમ બિનવ્યવહારુ મુદ્દાઓ પર ચર્ચા કરે છે. તે કહેતી કે તેણે પહેલાં વચન આપ્યું હતું પણ તે ગરીબ માણસોને મદદ કરતો નથી. તેણે પોતાની જાતને કહ્યું : 'હા, હું મારાં આપેલાં વચનો માટે સભાન છું. પણ જ્યારે મેં આવાં વચનો આપ્યાં ત્યારે હું બિનઅનુભવી હતો. તે પછી મેં તે પૂરાં કર્યાં નથી. મૃદુલા આ વાત સમજી શકતી નથી. હકીકતે, તે એકદમ સીધીસાદી છે ને મનમાં જે આવે તે બોલી નાંખે છે. પણ આજે દેખાડો કરતા અને દંભી સમાજમાં, તમારા મનમાં જે હોય તે બધું કહી દેવું જરૂરી નથી. જ્યારે કોઈ વ્યક્તિ લગ્નપ્રસંગે અમને આમંત્રણ આપવા આવે છે ત્યારે તે તરત જ તેમને કહી દે છે કે અમે બહારગામ જવાના હોવાથી તે દિવસે ત્યાં પ્રસંગમાં આવી શકીશું નહી. ત્યારે તે બહુ તોછડું લાગે છે. તે પોતાનો બચાવ કરે છે અને કહે છે કે તે એકદમ સીધી અને પ્રામાણિક છે. પણ પ્રામાણિકતા બધે ઠેકાણે જરૂરી નથી. તેને ગમે તેટલી વાર આ સમજાવો પણ તે સમજતી જ નથી.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

જ્યારે તે હૉસ્પિટલ પહોંચ્યો, રોઝમેરીએ ઉષ્માભર્યા હાસ્યથી તેનું સ્વાગત કર્યું અને દર્દીઓની યાદી તેના હાથમાં મૂકી. જ્યારે સંજયે દર્દીઓની યાદી જોઈ અને તે દિવસના ઑપરેશનનો કાર્યક્રમ જોયો, તેને તેના પિતાના શબ્દો યાદ આવ્યા : '***તારા દર્દીમાં ઈશ્વરને જોજે,***' હા, તે ભગવાનને જુએ છે ને તે ભગવાન છે લક્ષ્મીદેવી. દરેક દર્દી તેને માટે આવકનો એક સ્રોત છે. સરકારી દવાખાનાંઓમાં દર્દીઓ ડૉક્ટરો પર આધારિત હોય છે. પણ ખાનગી દવાખાનામાં, જો એ અને એના ડૉક્ટરો દર્દીઓ સાથે સારી રીતે ન વર્તે કે તેમની બરોબર સારવાર ન કરે તો તેઓ બીજા ડૉક્ટર પાસે જતા રહેશે અને હૉસ્પિટલ વિશે અફવાઓ ફેલાવશે. હૉસ્પિટલની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા માટે આટલું જ પૂરતું છે. પ્રતિષ્ઠા જમાવવા માટે વર્ષો વીતી જાય, ને એ જાય તો ઘડીના છઠ્ઠા ભાગમાં. તે પોતાના વ્યક્તિગત સંબંધો અને પૈસાને અલગ અલગ રાખતો તેથી જ તે શંકર સાથે પણ એક ચોક્કસ પ્રકારનું અંતર રાખતો અને શંકર પણ તે સમજતો.

ત્યાં તો તેનો ફોન રણક્યો. તેની રિસેપ્શનીસ્ટે તેને કહ્યું કે ડૉ. વસુધા ફોન પર છે અને તેની સાથે વાત કરવા માંગે છે. તેને ખ્યાલ આવી ગયો કે તે કોણ છે, તેથી તેણે તેના રિસેપ્શનીસ્ટને કહ્યું કે, 'હું વ્યસ્ત છું તેથી બપોર પછી ફોન કરે,'

દર્દીઓની લાંબી લાઈન તેની રાહ જોઈ રહી હતી. યંત્રવત્ તે ઊઠ્યો અને પોતાના હાથ ધોયા. તે ખૂબ જ પ્રખ્યાત થયો હોવાને કારણે બીજા રાજ્યમાંથી પણ તેને બતાવવા દર્દીઓ આવતા. કેટલાંક લોકો કહેતાં કે તેનો સ્પર્શ જાદુઈ છે પણ ઍલેક્ષ કહેતો કે તેનામાં ઉચ્ચ પ્રકારની વેચાણશક્તિ છે.

સંજયનો તેના વિચારોએ પીછો ન છોડ્યો. બહુ પહેલાં ભીમાક્કાએ કહેલું કે મૃદુલાની કુંડળી જ એવી છે જે તેના પતિને ધનવાન કરે. આજે રત્નામ્મા પૂરા દિલથી સંમત થાય છે અને બહુ ગૌરવથી દરેકને કહે છે કે, 'મારી પુત્રવધૂ અમારા કુટુંબ માટે બહુ ભાગ્યશાળી રહી છે.'

કોઈ સાસુ આવાં વખાણ કરે એ ક્યારેક જ બને એવી ઘટના છે.

જોકે લક્ષ્મીનો અભિપ્રાય કંઈક જુદો જ છે. તે કહેતી : 'મારો ભાઈ સખત મહેનતુ છે એને તેજસ્વી અને હોંશિયાર ડૉક્ટર છે, તેથી તે સફળ થયો છે.'

અને નવાઈની વાત તો એ છે કે નણંદનું કંઈ ઉપજે તેવું નથી એ જાણવા છતાં મૃદુલા લક્ષ્મીની વાત સાથે સંમત થાય છે.

ત્યાં તો દર્દીઓ આવવા માંડ્યા અને સંજય મૃદુલાના વિચારોમાંથી બહાર આવ્યો. સમય થતાં એણે પોતાનું કામ પૂરું કર્યું. હૉસ્પિટલમાં બધે જોઈ આવ્યો, OPDનું કામ પણ પૂરું કર્યું ત્યારે બપોરના બે વાગી ગયા. તેણે વિચાર્યું કે કૅન્ટીનમાં ખાઈ લેવું સારું પડશે અને એ રીતે ત્યાંના આહારની ગુણવત્તાની ચકાસણી પણ થઈ જશે. રોઝમેરીએ સંજયના સંતુલિત આહારની ગોઠવણ કરાવી દીધી. સંજય પોતાના ખોરાક માટે ખૂબ જ સભાન હતો. સંજય પચાસનો થયો હતો અને માથાના વાળ ક્યાંક ક્યાંક સફેદ પણ થવા માંડેલા પણ કોઈ તેની સાચી ઉંમર કહી શકે નહીં તેવું તેણે શરીર સાચવ્યું હતું. તેના મોટાભાગના મિત્રો તેની તાજગીભરી યુવાની માટે અદેખાઈ કરતા હતા અને આવા યુવાન દેખાવનું શું રહસ્ય છે તે જણાવવા તેને અતિઆગ્રહ કરતા હતા. સંજય એકદમ તર્કપૂર્ણ રીતે જવાબ આપતો : 'તમારી મૈત્રી.' પણ તે જાણતો હતો કે નિયમિત કસરત અને વ્યવસ્થિત ખોરાક એ જ મુખ્ય કારણ છે.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

રોઝમેરી તો રોજ જ કૅન્ટીનમાં જમતી હતી. તેને પોતાના અને સંજયના સ્થાનના તફાવતનો ખ્યાલ હતો. તેથી જ તે અલગ ટેબલ પર જમવા બેઠી. સંજયને તેની આ રીતભાત ગમી.

તે મુખ્ય નર્સ છે અને જ્યારે કોઈ દર્દી તેને મૂર્ખ બનાવવાનો પ્રયત્ન કરે તો તેને તરત જ ખ્યાલ આવી જાય છે. તે જ્યારે નવી નવી આવેલી ને તેની નોકરીનું પ્રથમ જ વર્ષ હતું ત્યારની વાત છે. એકવાર તેણે એક દર્દીને પૈસા આપવાનું કહ્યું ત્યારે તે દર્દીએ કહ્યું : 'મેં પૈસા તો બીજી નર્સને આપી દીધાં છે.' રોઝમેરીએ તેની વાત સાચી

માની લીધી. તેના કહ્યામાં ભરોસો રાખ્યો પણ જ્યારે તેણે હિસાબો ચકાસ્યા ત્યારે ખ્યાલ આવ્યો કે પેલા દર્દીએ પૈસા આપ્યા જ નહોતા. ક્યારેક કોઈ દર્દી તેને કહેતા, 'ઓહ! પૈસા! અમારે ડૉક્ટર સાથે સારી ઓળખાણ છે. તેમણે જ અમને પૈસા આપવાની ના પાડી છે.'

આ બાબતે શું થઈ શકે તે અંગે તેણે વિચાર્યું અને તેણે એક યોજના ઘડી કાઢી. તેણે ડૉ. સંજયને ગુલાબી અને લીલા એમ બે રંગની કાગળની ચબરખીઓ આપી. જો તે ગુલાબી ચબરખી પર સહી કરે તો ચકાસણીના પૈસા ન લેવા. એટલે કે ચકાસણી ફીની માફી, બાકી પૈસા લેવા અને જો તે લીલા રંગની ચબરખી પર સહી કરે તો દર્દીએ કુલ ચુકવણીના અર્ધા પૈસા આપવા. દર્દી શું કહે છે તેને ધ્યાનમાં રાખ્યા વગર તે ચબરખીના રંગ પરથી નક્કી કરીને પૈસા લેવા માંડી.

થોડાં વર્ષો પછી દર્દીઓ નવી રમત રમવા લાગ્યા. તેઓ પોતાનું ઑપરેશન બીજી કોઈ હૉસ્પિટલમાં કરાવે, પણ પછીની સારવાર માટે અહીં આવે અને કહે, 'તમારી હૉસ્પિટલવાળા ઘામાંથી ગંદું રૂનું પૂમડું કઢવાનું ભૂલી ગયા છે. તેથી મારો ઘા રૂઝાતો નથી. હું તમારા પર કેસ કરીશ.' રોઝમેરીએ આ બાબતની ચર્ચા સંજય સાથે કરી. તેઓએ એક નવું કમ્પ્યૂટર સૉફ્ટવૅર વસાવ્યું જેમાં દર્દીની બધી માહિતી, ઑપરેશન અને બાકીની બધી જ વિગતો નોંધાયેલી રહે ને વળી દર્દીની સહી પણ તેમાં લેવાય.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

બપોરે ડૉ. વસુધાનો ફોન આવ્યો અને સંજયે રિસેપ્સનિષ્ટને તે ફોન અંદર આપવા સૂચના આપી. વસુધાએ કહ્યું : 'ડૉ. સંજય! મને આશા છે કે તમે મને ઓળખી ગયા હશો. ત્રીસ વર્ષ પહેલાં BMCના વર્ગમાં હું તમારી સહાધ્યાયી હતી. આપણે બંને એક જ વર્ગમાં સાથે ભણતાં હતાં.'

સંજય એને ભૂલ્યો નહોતો. આ એ જ વસુધા હતી જેણે એને વર્ષો પહેલાં કહેલું કે તેને સંજય માટે સહાનુભૂતિ જરૂર છે પણ પ્રેમ નથી. સંજયે કહ્યું : 'દિલગીર છું, કારણ કે હું મારા ક્લાસની ત્રણ વસુધાને ઓળખું છું. તેમાંના તમે કોણે?'

'હું તારા વર્ગમાં હતી અને સંતોષ મારો સંબંધી થતો હતો. હું તારા ઘરે પણ ક્યારેક આવતી હતી.'

'હા, હા, હવે મને ઓળખાણ પડી ગઈ.'

'તું તો બેંગ્લોરમાં ખૂબ જ પ્રસિદ્ધ થઈ ગયો છે. આપણે સારા મિત્રો છીએ એ બાબતનો મને ગર્વ છે.'

સ્વાભાવિક છે કે આજે તે તેને યાદ કરે કારણ કે આજે તે ખૂબ સફળ થયો છે, આજે તે પતિષ્ઠિત થયો છે. તેણે હેતુપૂર્વક જ તેનું નામ ન લીધું અને કહ્યું : 'હા, ડૉક્ટર, કહો, હું તમારા માટે શું કરી શકું?'

‘મારા પતિ રોટરી ક્લબના સભ્ય છે. તેઓ એક સ્વાસ્થ્ય શિબિરની શરૂઆત કરવાના છે અને તેના ઉદ્‌ઘાટન માટે તું જ એકદમ યોગ્ય વ્યક્તિ છે.’

સંજય જાણતો હતો કે આ બધું જુઠાણું છે – કાં તો તેને દાન જોઈતું હશે અથવા તેની પાસેથી કોઈક કામ કઢાવવું હશે. તે જરાય અસ્વસ્થ ન થયો. તેણે મનોમન તો નક્કી કરી દીધું હતું કે તે ઉદ્‌ઘાટન કરવા જશે નહીં, છતાંય તેણે પૂછ્યું : ‘તે ક્યારે છે?’

વસુધા જાણતી હતી કે જો તે તારીખ કહી દેશે તો તે જરૂર ના પાડી દેશે. તેથી તેણે ચાલાકીપૂર્વક કહ્યું : ‘તમને અનુકૂળ હોય તેવો કોઈ પણ દિવસ પસંદ કરીને કહો.’

પોતાની ડાયરીમાં જોયા વગર જ થોડી વાર રહીને તેણે કહ્યું : ‘માફ કરજે, મારી સેક્રેટરી કહે છે કે હવે પછીના બે મહિના પૂરેપૂરા એકદમ ટાઇટ છે તેથી હમણાં તો કોઈ તારીખ ફાળવી શકાશે નહીં. પણ જ્યારે તે વાત પાક્કી થઈ જાય તો તે પછી મને ફોન કરજે.’ તે ઉદ્ધત દેખાવા માંગતો નહોતો. તેથી તેણે તેને પૂછ્યું : ‘તારે કેટલાં બાળકો છે?’

‘મારે બે દીકરીઓ છે. મોટી દીકરી આર. વી. કૉલેજમાં કમ્પ્યૂટર સાયન્સ એન્જિનિયરિંગના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે છે અને બીજી દીકરી ક્રાઇસ્ટ કૉલેજમાં કૉમર્સના પહેલા વર્ષમાં છે.’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજયને તેના અવાજમાં રહેલા ગર્વનો ખ્યાલ આવી ગયો. પોતાના મોભાના પ્રતીક તરીકે તેણે કૉલેજોના નામ દીધાં તે વાત પણ સંજય સમજી ગયો. પછી વસુધાએ સામે પૂછ્યું : ‘ડૉક્ટર, તમારે કેટલાં બાળકો છે?’

સંજયે એ વાતની નોંધ લીધી કે તેણે તેનું નામ નહોતું લીધું, માત્ર ડૉક્ટર કહ્યું.

‘મારે શિશિર નામે એક દીકરો છે. મેડિકલની પરીક્ષાનાં પરિણામોમાં જે સૌથી પ્રથમ હતો તે નામ તેં વાંચ્યું નથી? તે મારો દીકરો, એસ. શિશિર.

વસુધાએ તે વાંચ્યું હતું પણ તેણે કહ્યું : ‘હું ખૂબ દિલગીર છું. મારી બેમાંથી એકેય દીકરીને મેડિકલ ક્ષેત્રે રસ જ નથી, તેથી તે ક્ષેત્રની છેલ્લામાં છેલ્લી માહિતીથી હું અજાણ છું. તારી વાઇફ શું કરે છે?’

‘તે ખૂબ જ બુદ્ધિશાળી છે. શિશિરનો ઉછેર તેણે જ કર્યો છે. તે મારા જેવો નથી.’

મૃદુલા શું કરે છે તે વિશે સંજય કહેતો નથી અને વસુધા બીજા પ્રશ્નો પૂછે તે પહેલાં તેણે કહ્યું : 'ભલે ત્યારે, આવજો ડૉક્ટર. આપણે સંપર્કમાં રહીશું. ટેક કૅર આવજો.'

આટલું કહી તેણે ફોન મૂકી દીધો. સંજયને થોડું ખરાબ પણ લાગ્યું. જ્યારે તેમનાં લગ્ન થયાં ત્યારે મૃદુલા ખૂબ સુંદર, દેખાવડી છોકરી હતી. જોકે તે ડૉક્ટર નહોતી. જો તે ડૉક્ટર હોત તો કદાચ બે વચ્ચે ઓછા મતભેદ હોત. હવે તે દૃઢપણે માને છે કે જો પતિ-પત્ની બંનેનું કાર્યક્ષેત્ર એક જ હોય તો તે ઘણું સારું રહે. આથી તેણે શિશિરને સલાહ પણ આપેલી કે તે કોઈ ડૉક્ટર છોકરીને જ પરણે. પતિ-પત્ની બે ભેગાં મળીને મોટું વ્યાવસાયિક સામ્રાજ્ય સ્થાપી શકે, પણ શિશિરને તો આવી કંઈ જ પડી નહોતી.

શિશિર ઘરમાં બેઠો બેઠો પિત્ઝા આવે તેની રાહ જોઈ રહ્યો હતો. સમય પસાર કરવા માટે તે દર્પણની સામે ઊભો રહ્યો અને પોતાના પ્રતિબિંબ તરફ જોવા લાગ્યો. તે જાણતો હતો કે તે દેખાવડો છે અને તે કારણે ઘણી છોકરીઓને તે ગમતો. તેની પાસે બધું જ છે – પૈસો, ભણતર અને ઉજ્જવળ ભવિષ્ય. સ્વાભાવિક રીતે કોઈ પણ છોકરીને તેને પરણવું ગમે. નીતા પણ આમાંની જ એક છે. તે તેને દરરોજ ફોન કરતી. તેથી તેની માને, મૃદુલાને ચિંતા થતી. એક દિવસ મૃદુલાએ તેને શિખામણ આપતાં કહ્યું : 'શિશિર! બધી છોકરીઓ સાથે આમ ખૂબ જ મૈત્રી ના રાખ. તું છોકરો છે. જો કંઈ ન ગમતું થાય, તો કોઈ તને દોષ નહીં દે પણ છોકરીનું નામ અને તેનું ભવિષ્ય બરબાદ થઈ જાય. આપણે પશ્ચિમી સમાજમાં રહેતાં નથી.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

આ વાતે તેને ખૂબ જ બેચેન બનાવી દીધો. તેણે માને તો તે વખતે કશું ન કહ્યું પણ તે વિચારવા લાગ્યો : 'જો છોકરીને પોતાને જ કોઈ વાંધો ન હોય, ને તેનાં પૅરન્ટ્સ જ જો તેને મારી પાસે મોકલતા હોય તો પછી મૉમને ચિંતા કરવાની શી જરૂર? સમય ઘણો બધો બદલાઈ ગયો છે પણ તે હજી ત્યાં ને ત્યાં પાછળ જ રહી છે. સરલા આન્ટી પણ ડોલીને કોઈ ને કોઈ રીતે મારી પાસે મોકલે છે અને પ્રસન્ના અંકલ પણ કંઈ કમ નથી. કેટલીકવાર તે મને જમવા માટે પણ બોલાવે છે, ડોલીને મારી સાથે છોડીને, અમને એકલા મૂકીને તે કોઈક બહાનું બતાવી જતા રહે છે. પણ મને તેમના આ ઇરાદાની ખબર છે. મને ખબર છે કે તે શા માટે આવું કરે છે. ડોલી કરતાં તો ઘણી છોકરીઓ વધારે બુદ્ધિશાળી અને સુંદર છે. તો મારે એના વિશે શા માટે વિચારવું જોઈએ?'

દરવાજાની ઘંટડી વાગી. પિત્ઝા આપવા માણસ આવ્યો હતો. શિશિર ટી-શર્ટ અને લાંબો ચડ્ડો પહેરીને પિત્ઝા લેવા નીચે ઊતર્યો. મૃદુલાએ બીલ ચૂકવી દીધું હતું. તેણે શિશિર સામે અણગમાથી જોયું.

❑

જીવનની તડકી-છાંયડી

મૃદુલાની શાળાની સહકર્મચારી અંબુજાએ પોતાના ભત્રીજાના લગ્નનું બધાંને આમંત્રણ આપ્યું અને દરેકને આવવા ખૂબ આગ્રહ કર્યો. જેવો તેણે એ રૂમ છોડ્યો કે બીજી સહકર્મચારી લીલાએ ટીકા કરી કે, 'તમને ખબર છે કે અંબુજા કેટલી લુચ્ચી છે?'

મૃદુલાએ જવાબ આપ્યો : 'મને સમજાયું નહીં.'

'તેણે આપણને તેના ભત્રીજાના લગ્નમાં આમંત્રણ આપ્યું, પણ ભત્રીજીના લગ્નમાં નહોતું આપ્યું. કારણ ખબર છે? છોકરાના લગ્નમાં જમણનો ખર્ચ છોકરીના કુટુંબ પર પડે પણ છોકરીના લગ્નમાં તો તેમણે જ ખર્ચ ભોગવવો પડે.'

મૃદુલાએ તો આવી રીતે ક્યારેય વિચાર્યું જ નહોતું. તેને તે વખતે લાગ્યું કે પોતે આમ બીજા લોકોની જેમ કેમ વિચારી શકતી નથી. તેને તે વાતની નવાઈ લાગી. તેણે લીલાને પૂછયું : 'તું ત્યાં જવાની છે?'

'મને ઇચ્છા તો નથી, પણ હું જઈશ.'

'જો તને જવાની ઈચ્છા ન હોય તો પછી ત્યાં લગ્નમાં હાજરી આપવાની શી જરૂર?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'એ તો વ્યવહાર છે.'

આ 'વ્યવહાર' શબ્દ સાંભળી મૃદુલા ફરી મૂંઝાઈ. તેને કંઈ સમજાયું નહીં.

અંબુજાના ભત્રીજાના લગ્ન રવિવારે હતા. છોકરો અને છોકરી બંને ધનવાન કુટુંબમાંથી આવતાં હતાં. તેમને અભિનંદન આપવા માટે ખૂબ મોટી, લાંબી લાઈન લાગી હતી. મૃદુલાએ નક્કી કર્યું કે ભીડ ઓછી થાય પછી જવું તેથી તે એક બાજુએ જઈને બેઠી. અચાનક તેણે લક્ષ્મીને જોઈ. તેને ત્યાં જોઈને તેને ખૂબ નવાઈ લાગી. તે ઊઠે ને લક્ષ્મી પાસે પહોંચે તે પહેલાં લક્ષ્મી ટોળામાં ખોવાઈ ગઈ. તે ખૂબ સરસ રીતે તૈયાર થઈ હતી. તેણે હીરાનો સેટ પહેર્યો હતો. જે આ ઝળહળતા પ્રકાશમાં ખૂબ ચમકતો હતો. જોકે તેણે મૃદુલાને જોઈ નહોતી.

સામાન્ય રીતે લક્ષ્મી જ્યારે મૃદુલાને ઘેર આવતી, ત્યારે તે માત્ર સોનાની બંગડીઓ જ પહેરતી. મૃદુલા લક્ષ્મી તરફ જોઈ રહી હતી તે જોઈ તેની બાજુમાં બેઠેલી એક બહેને કહ્યું : 'તમે તે બહેનને ઓળખો છો?'

મૃદુલા શાંત જ રહી. પેલાં બહેને કહેવાનું ચાલુ રાખ્યું : 'તેનાં ઘરેણાં તો જુઓ! તે કેટલાં સુંદર છે. મેં એક દિવસ તેમને ઘરેણાંની દુકાનમાં કંઈક ખરીદતાં જોયાં હતાં.'

'તમે તેને કેવી રીતે ઓળખો?'

'અમે એક જ ચિટગ્રૂપનાં મહિલા મંડળનાં સભ્યો છીએ. અમે ચિઠ્ઠીઓ દ્વારા રમત રમીએ છીએ, ગપસપ કરીએ છીએ. લક્ષ્મી તો ચિટગ્રૂપમાં સૌથી વધુ, દર મહિને ૨૦,૦૦૦/- રૂપિયા રોકે છે.'

'ઓહો! શું તે એટલી બધી ધનવાન છે?'

'અરે! તમે સુશ્રુત નર્સિંગ હોમના ડૉ. સંજયનું નામ નથી સાંભળ્યું? તે તેમની બહેન છે. ૨૦,૦૦૦/- રૂપિયા તો તેને માટે કાંઈ નથી.'

આવા મહિલા મંડળોથી મૃદુલા કંઈ અજાણ નહોતી, કારણ કે રત્નાબ્મા પણ તેનો જ એક ભાગ હતા. ગમે તેમ તોય લક્ષ્મી છેવટે તેમની જ દીકરીને!

મૃદુલા વિચારવા લાગી, 'લક્ષ્મી અને શંકરને આટલી મોટી રકમ દર મહિને રોકવી કેવી રીતે પોષાતી હશે? તેઓ માલેશ્વરમાં ભાડાનાં ઘરમાં રહે છે. લક્ષ્મી તો કોઈ કામ પણ કરતી નથી. તેમનાં કરતાં હું નાની છું, પણ કિંમતી રેશમી સાડી અને ઓછામાં ઓછું સોનું હોવા છતાં તે મને વધારે પડતું લાગે છે. પણ લક્ષ્મી તો નવવધૂની જેમ તૈયાર થઈ છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

પછી જ્યારે ત્યાં લાઈનમાં કોઈ ન રહ્યું ત્યારે નવયુગલને અભિનંદન આપવા મૃદુલા તેમની પાસે ગઈ. જ્યારે તે નવદંપતી તરફ જઈ રહી હતી ત્યાં રસ્તામાં તેને લક્ષ્મી મળી. મૃદુલાને ત્યાં જોઈ લક્ષ્મીને આઘાત લાગ્યો. તે આશ્ચર્યમાં પડી ગઈ. તેણે પોતાની જાત પર કાબૂ મેળવતાં કહ્યું : 'ઓહ મૃદુલા! મને ખબર નહોતી કે તું પણ અહીં આવવાની છે. તું કન્યા પક્ષેથી આવી છે કે વરપક્ષે?'

'વરપક્ષ તરફથી.'

'અરે, હું કન્યા પક્ષ તરફથી આવી છું. હું તો અહીં આવવા ઇચ્છતી નહોતી, પણ તેમણે ખૂબ જ આગ્રહ કર્યો. તને તો ખબર છે ને કે આ બધું કેવું છે?' પછી લક્ષ્મીએ પોતાનો અવાજ ધીમો કર્યો અને કહ્યું : 'મૃદુલા, તને તો ખબર છે ને કે મારી પાસે બહુ સોનું નથી. તેથી જ્યારે કોઈ લગ્નપ્રસંગમાં કે કાર્યક્રમોમાં જવાનું હોય છે ત્યારે મને ખૂબ અજુગતુ લાગે છે. આજે તો મૂળ સોના કરતાંય ખૂબ ચમકે તેવાં ખોટાં ઘરેણાં મળે છે. મેં આવો એક ખોટા સોનાનો સેટ ખરીદ્યો છે જે આવા લગ્નપ્રસંગમાં પહેરાય. દરેક જણ એમ જ માને કે આ સાચો છે. જો તે આ રહ્યો. તું જો. શું તને, તને પણ એવું નથી લાગતું કે આ સાચો છે?'

શો જવાબ આપવો તે મૃદુલાને સમજાયું નહીં એટલે તે શાંત રહી. તેણે વિચાર્યું, 'મને કોઈ વાતની પૂરી ખબર નથી તો પછી શા માટે મારે તેને શંકાનો લાભ ન આપવો? જો હું પૂરું સત્ય જાણતી જ ન હોઉં તો મારે કશું કહેવું જ ન જોઈએ.'

જ્યારે મૃદુલા ઘરે પહોંચી ત્યારે ફોન રણકી રહ્યો હતો. તે રત્નામ્માનો ફોન હતો. સંજયે ફોન ઉપાડી તેમની સાથે સ્પીકરફોન પરથી વાત કરી. રત્નામ્માએ કહ્યું : MLA આદિત્ય આપણા ગામમાં બહેનો માટેની કૉ-ઑપરેટીવ બૅન્કની શરૂઆત કરવા માંગે છે. સરકાર પણ આવી યોજનામાં મદદ કરશે. મારા અનુભવને કારણે તેઓએ મારી 'ચૅરમૅન' તરીકે પસંદગી કરી છે. આ માટે થાપણ તરીકે મૂકવા મારે દસ લાખ રૂપિયાની જરૂર છે. તો મારા નામે DD દ્વારા એટલી રકમ મને મોકલાવજે.'

સંજયે કહ્યું : 'મને થોડોક સમય આપ. હું તને ફરી ફોન કરીશ.'

મૃદુલાને એક વાતની નવાઈ લાગી. તે હંમેશાં એવું માનતી હતી કે રત્નામ્માને ક્યારેય પદ કે પ્રતિષ્ઠાની પડી નથી. ફોન આવ્યા પછી સંજય શાંત થઈ ગયો. મૃદુલાએ તેને પૂછ્યું : 'તમે શું માનો છો? આપણે શું કરવું જોઈએ?'

સંજયે જવાબ આપ્યો : 'હું નથી માનતો કે અમ્મા આ પદનો સ્વીકાર કરે. હું એને પાછો ફોન કરીશ અને આ વિશે વાત કરીશ.'

મૃદુલાને સારું લાગ્યું કે સંજય પણ તેની જેમ જ વિચારે છે.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મૃદુલાની પિતરાઈ બહેન સરલા દર વર્ષે પોતાને ઘેર સત્યનારાયણની મોટી પૂજા રાખતી. એ પછી તે એક લક્ઝરી બસની ગોઠવણ કરી પોતાનાં બધાં સંબંધીઓને 'તિરુપતિ'નો પ્રવાસ કરાવતી. ભીમાન્નાના ઘરમાં 'પૂર્ણિમાના દિવસ'ની જેવી ઉજવણી થતી લગભગ તેવું જ આ થતું. ભીમાન્ના સામાન્ય રીતે બધા જ તહેવારોમાં જોડાતા. પણ હવે તેઓ પોતાના ઘરમાં જ રહેતા. પોતાનું ઘર છોડી એ ક્યાંય જતા નહીં. રુક્માબાઈનાં મરણ પછી જીવનમાંથી તેમનો રસ જ ઊડી ગયો હતો. હમણાં છેલ્લાં થોડાં વર્ષોથી મૃદુલાનો ભાઈ કિરણ અને તેની પત્ની વત્સલાએ આ પ્રસંગમાં બેંગ્લોર આવવાનું શરૂ કર્યું હતું. તેઓ એક અઠવાડિયું વહેલાં આવતાં, બેંગ્લોરમાં જોવા લાયક સ્થળો જોતાં અને ખરીદી કરતાં. દર વર્ષે તેઓ સરલા સાથે તેના ઘરમાં રહેતાં અને તે મૃદુલાને અપમાનજનક લાગતું. જાણે તે કોઈ અજાણી વ્યક્તિ ન હોય તેમ એકાદ વાર થોડા કલાકો માટે તેઓ મૃદુલાને ઘેર મળવા જતાં.

આ વર્ષે મૃદુલા પોતાનું દુ:ખ છુપાવી ન શકી. સંજય સાથે તેણે આ અંગે ચર્ચા કરવા પ્રયત્ન કર્યો. તેણે કહ્યું, 'વત્સલા અને કિરણે આપણી સાથે જ રહેવું જોઈએ ને! હું કિરણની બહેન છું. સરલા સાથેના સંબંધ કરતાં આપણી સાથેનો સંબંધ શું વધુ ગાઢ ન કહેવાય?'

છાપામાંથી માથું બહાર કાઢ્યા વગર સંજયે જવાબ આપ્યો, 'લોહીના સંબંધો હોય તો જ ગાઢા સંબંધો હોય તેવું થોડું છે? સંબંધ તો તમે કેટલો સંપર્ક રાખો છો, કેટલો સાચવો છો તેના પર આધારિત હોય છે.'

'લક્ષ્મી મારી પણ બહેન છે. મેં તેની સાથે ક્યારેય ખરાબ વર્તાવ કર્યો નથી. અને છતાંય રજાઓમાં તે ક્યારેય આપણે ઘેર આવી નથી ને આપણી સાથે રહી નથી.'

સંજયે બહુ ચાતુરીથી માતાનું નામ ન લીધું જેમણે સ્વેચ્છાએ જ બેંગ્લોર આવવાની ના પાડી હતી અને તેને આરોપી બનાવે તેવી વાતો સંજય શા માટે કરે છે તે મૃદુલાને ન સમજાયું. તે બીજાઓ સાથે તો ખૂબ સભ્યતાથી ને વિવેકથી વાતો અને વર્તન કરતો, પણ તેની પત્ની સમક્ષ તે તોછડી ભાષા વાપરતો. મૃદુલાએ જવાબ આપ્યો : 'મેં ક્યારેય લક્ષ્મીને અહીં આવવાની ના નથી કહી. તે મહિલામંડળની પ્રવૃત્તિઓ અને ચિટ્ગ્રૂપોની મિટિંગોમાં જ વ્યસ્ત હોય છે. દુર્ભાગ્યે આપણા રસનાં ક્ષેત્રો સરખાં નથી. આપણે એમનાં દુશ્મન નથી તેમ જ મિત્ર પણ નથી.'

'સરલા અને તું એક સમયે ગાઢ મિત્રો હતા, પણ તોય તે આપણે ઘેર આવતી નથી, શાથી?'

'સરલા કામમાં અથવા પ્રવાસમાં વ્યસ્ત હોય છે તે આપણે ઘેર આવે ને કલાકો વિતાવે તેવી આશા હું કેવી રીતે રાખું?'

'સરલા તારા જેવી નથી. તે ખૂબ વ્યવહારુ છે. તે સખત મહેનત કરે છે અને પૈસા કમાય છે. વળી તે દુનિયાદારીને બરાબર સમજે છે.'

આ સાંભળી મૃદુલા વધારે બેચેન થઈ ગઈ. સંજયે તેના સિવાયનાં બધાનાં વખાણ કર્યાં. તેણે વળતો જવાબ આપ્યો : 'મને લાગે છે મારે તારી બહેન જેવાં થવાની જરૂર હતી, તેની જેમ મારા પતિના બધા પૈસા ખર્ચવા ને તેને રસ્તા પર લાવી દેવાની જરૂર હતી.'

સંજયને જવાબ આપવાની પણ પડી નહોતી. તે મૃદુલાને દબાવવા માંગતો હતો અને તેણે તેમ કર્યું. તેણે સિટી વગાડવા માંડી. મૃદુલાએ બોલવાનું ચાલુ જ રાખ્યું. 'લક્ષ્મી તેના બધા પૈસા ચિટ્ગ્રૂપ મહિલા મંડળમાં વાપરે છે. તેની બહેનપણીએ જ મને કહ્યું. મેં તેને ગયા અઠવાડિયે એક લગ્નપ્રસંગમાં જોઈ હતી. તેણે ઓછામાં ઓછા દસ લાખનાં ઘરેણાં પહેર્યાં હતાં ને તેણે મને કહ્યું કે તે બનાવટી છે.'

ઠંડા કલેજે સંજયે કહ્યું : 'મૃદુલા, તારે ડૉ. રામૈયાને મળવું જ જોઈએ.'

સંજયના આ વિષયાંતરથી મૃદુલાને એક આંચકો લાગ્યો. તેણે બહુ ગંભીરતાથી પૂછ્યું : 'તું પેલા બહુ જાણીતા ENT (કાન-નાક-ગળાના) ડૉક્ટરની વાત કરે છે? મારે તેમને શા માટે મળવું જોઈએ? મને કોઈ જ શારીરિક તકલીફ નથી.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'હા. હું તેની જ વાત કરું છું. તારે મળવું જ જોઈએ. જેથી કરીને તું તારી બધા જ પ્રકારની ચકાસણી કરાવી શકે. જેમકે તને કોઈએ કહ્યું કે તે ચિટ૭રૂપ સાથે સંકળાયેલી છે. તેં તે વ્યક્તિનું કહ્યું સાચું માની લીધું. હું તને જેટલા સમયથી જાણું છું તેના કરતાં વધારે સમયથી હું મારી બહેનને ઓળખું છું. તેને ક્યારેય પૈસાની પડી જ નથી. ખરેખર તો લોકોને તે મદદ કરે છે અને આ પ્રક્રિયા દરમિયાન તે પૈસા ગુમાવે છે. તે તારી પાસે શું કામ જૂઠું બોલે? જો પૈસા બચાવવાનો તારા જેવો એનો સ્વભાવ હોત તો આજે તે ખૂબ ધનવાન હોત!'

મૃદુલાને આ વાત પર ખૂબ લાગી આવ્યું કે તેના પતિને પોતાની પત્ની કરતાં વધારે વિશ્વાસ પોતાની બહેન પર છે. તે એક પળ માટે પણ એ વિચારી નહોતો શકતો કે તેની બહેન પણ કંઈક ખોટું કરી શકે. આટલું ઓછું હોય તેમ, ઘા ઉપર મીઠું ભભરાવતો હોય તેમ, તે મૃદુલાની પૈસા બચાવવાની ટેવ પર કટાક્ષ કરતો'તો. પોતાના કુટુંબનો વિચાર કર્યા વગર માત્ર પોતાના માટે પૈસા ખર્ચવા માટે લક્ષ્મી જાણીતી હતી. મૃદુલા રડી પડી. તેણે રડતાં રડતાં કહ્યું : 'આપણાં ભવિષ્ય માટે પૈસો બચાવવાનો મને આ બદલો મળ્યો. આના કરતાં તો હું ઉડાઉ થઈ હોત તો સારું થાત.'

ડૂસકાં ખાતી પત્ની સાથે વાતો કરવાની સંજયને જરાય ઇચ્છા નહોતી તેથી તે રૂમ છોડી બહાર નીકળી ગયો. મૃદુલાએ પોતાના જીવનમાં અનેકવાર એક જ ઘેરો ખાલીપો અનુભવ્યો. મોટી હૉસ્પિટલ, આ મોટું ઘર અને નોકરી પોતાનાં માટે નથી. પૈસાએ તેનું સુખ છીનવી લીધું છે. અરે, એ પોતાના પુત્રનો ઉછેર પણ પોતાની રીતે કરી ન શકી. તેનો પતિ પણ તેને સમજી શક્યો નથી. તો પછી આ જીવનનો અર્થ શો?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એરકન્ડિશન સરસ રીતે ચાલતું હોવા છતાં, ઠંડક પણ સારી હોવા છતાં સંજય મોડી રાત સુધી શાંતિથી ઊંઘી ન શક્યો. તે મનોમન વિચારતો રહ્યો : 'મૃદુલા કોઈપણ વાતમાં મારી સાથે સંમત થતી નથી. તેની પાસે સરસ ઘર છે, નોકર-ચાકર છે, ઢગલો પૈસો છે, હોનહાર પુત્ર છે અને પ્રતિષ્ઠિત પતિ છે. તેના જીવનના આ બંને પુરુષો બુદ્ધિશાળી છે અને અમારે કોઈ કુટેવ પણ નથી. લોકોને ખરેખર તેની ઈર્ષ્યા થાય છે.'

મૃદુલા કોઈ પણ પ્રકારનો ખર્ચો કરે તો સંજય તેમાં ક્યારેય માથું મારતો નહોતો. પછી તેને લક્ષ્મી વિશે વિચાર આવ્યો અને તેની બહેન માટે તેને ખૂબ દુ:ખ થયું. તેનો પતિ કોઈ ઊંચા હોદ્દો પર નહોતો, કે તેમના દીકરા અનિલને ભણવામાં કોઈ રસ નહોતો. શિશિરે એક વાર તેને ખાનગીમાં કહેલું કે અનિલ આખો દિવસ સિગારેટ ફૂંક્યા કરે છે, અને અવારનવાર દારૂની દુકાનમાં જાય છે ને દારૂ પીએ છે, તોય લક્ષ્મી ખુશ છે, સુખી છે. એ થોડુંક સોનું ખરીદે કે રેશમી સાડી ખરીદે – એ ખૂબ ઉત્સાહમાં આવી જાય છે, ખૂબ ખુશ થાય છે.

છેલ્લે પોતે કામ માટે ચેન્નાઈ ગયેલો તે વાત યાદ આવે છે. તે ત્યાંથી બે રેશમી સાડી લાવેલો. એક સાડી તેણે મૃદુલાને આપી. ત્યારે તેણે તેને કહેલું : 'આજકાલ મને રેશમી સાડી પહેરવાનું મન નથી થતું, ગમતું નથી. જ્યારે હું વિચારું છું કે રેશમ કેવી રીતે બને છે, મને કોશેટા માટે ખેદ થાય છે. કેવો બગાડ?'

તેથી સંજયે બીજી સાડી સંતાડી રાખી અને તે લક્ષ્મીને આપી, જેની ખુશીની કોઈ સીમા જ નહોતી. તેણે તે માટે તેનો ઘણીવાર આભાર માન્યો અને તેના ઉત્કૃષ્ટ રંગો અને રંગોની મેળવણી, ડિઝાઈન વગેરે વિશે ઘણી વાતો કરી. આવતે વર્ષે જ્યારે કોઈ તહેવાર હશે ત્યારે તે આ સાડી જરૂર પહેરશે તેવું તેણે વચન પણ આપ્યું.

સંજય વિચારતો, 'જીવન કેવી રીતે જીવવું જોઈએ તે મૃદુલાએ લક્ષ્મી પાસે જરૂર શીખવું જોઈએ.'

❑

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મીઠો બદલો

સં જયનો ફોન રણક્યો. તેને થયું કદાચ હૉસ્પિટલમાંથી ફોન હશે, કોઈ ઈમરજન્સી કેસ હશે ને તે ફોન લેવા ગયો. પણ તે હૉસ્પિટલમાંથી ફોન નહોતો. ફાર્માસ્યૂટીકલ કંપનીના ડાયરેક્ટર શ્રી પ્રકાશ કામતનો ફોન હતો. આ વેચાણ-અધિકારી સંજય માટે કંઈ અજાણ નહોતા. જ્યારે સંજય સરકારી દવાખાનામાં કામ કરતો હતો, ત્યારે પ્રકાશ મેડિકલ રિપ્રેઝન્ટેટીવ હતા અને ડૉ. સરોજ પાસે અવારનવાર આવતા અને દવા વિષયક સાહિત્ય અને નમૂનારૂપ દવાઓ પણ આપી જતા હતા. તે વખતે તેમણે સંજય પર ક્યારેય ધ્યાન નહોતું આપ્યું. સમય પસાર થતાં, પ્રકાશ ઉચ્ચ પદે પહોચ્યા. તેમણે જ દવાના નવા કરારો અંગે ચર્ચા કરવા સંજયને ફોન કર્યો હતો.

સંજય એ જાણતો હતો કે દવાના આવા મોટા કરારો અને સોદાઓમાં બંને જણને ઠીકઠીક લાભ થતો હોય છે. તેણે વિચાર્યું : 'પ્રકાશની કંપનીની દવાઓની ભલામણ કરવામાં મને પણ કંઈક લાભ મળવો જોઈએ. જો જુદી જુદી કંપની એક સરખી અસર કરે તેવી સારી પ્રોડક્ટર્સ કરતી હોય તો તેમાં મને શામાં વધારે લાભ છે તે અંગે મારે વિચારવું જ જોઈએ. કોઈપણ સંજોગમાં એક પક્ષને લાભ અને બીજાને નુકસાન એ તો શોષણ જ કહેવાય. તેમાંય જો આપણું નુકસાન હોય તો તે નરી મુર્ખામી જ કહેવાય. મૂદુલા આવી જટિલ બાબતો સમજી જ ના શકે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

પ્રકાશે કહ્યું : 'સર, આજે છેલ્લો દિવસ છે. મહેરબાની કરીને તમારો અંતિમ નિર્ણય અમને જણાવો.'

'મને તે વિશે જરા વિચારવા દો.'

'સર, અમારી પ્રોડક્ટસ સારી છે અને અનેક સ્થળેથી તેના સારા પ્રતિભાવો મળ્યા છે. તમારે તે અંગે જરાય ચિંતા કરવાની જરૂર નથી.'

'તેમ કહેવું તમારે માટે ખૂબ સહેલું છે. પણ ન કરે નારાયણ ને કાલ ઊઠીને કંઈક ઊંધુ થાય તો દર્દી મારું જ ગળું પકડે, તમારું નહી.'

'સર, અમે અનેક રીતે તેની ચકાસણી કરી છે.'

'તો પછી હું એનાં ટ્રાયલ રિઝલ્ટ જોવા ઇચ્છીશ.'

પ્રકાશ કામતને ખ્યાલ આવી ગયો કે સંજય સાથે કામ કરવું એ સહેલું નથી. હવે તેણે પોતાની વેચાણ-પ્રયુક્તિથી વાત કરવા માંડી. 'સર, તમે દર વર્ષે અમારી કંપનીની કેટલી દવાઓ વાપરો છો? તમને વધુમાં વધુ વળતર મળે તે અમે જોઈશું.

વળતર અમે સીધેસીધું કે પ્રત્યક્ષ આપતાં નથી, પણ અમે તમારી ચાર આંતરરાષ્ટ્રીય પ્રવાસની ગોઠવણી કરીએ અથવા એ જ પ્રકારનું બીજું કંઈક.'

'એવું નથી કે તમારી એકલાની જ કંપની મને પરદેશ મોકલે. બીજી કંપનીઓ તો મને પ્રત્યક્ષ, સીધે સીધું જ વળતર આપવા ઈચ્છે છે. તમે મને કેટલું વળતર આપી શકો તેનો છેલ્લો આંકડો હું જાણવા માંગું છું. મહેરબાની કરીને મને તે હૉસ્પિટલમાં પહોંચાડજો.'

જવાબની રાહ જોયા વિના જ સંજયે ફોન મૂકી દીધો અને પોતાનો ભૂતકાળ યાદ કરવા લાગ્યો : 'એક એવો સમય હતો જ્યારે મને વિદેશ જવા માટે મદદ મળી નહોતી, હું લાયક હોવા છતાં, મારી વાત સાચી હોવા છતાં કોઈ મદદ મળી નહોતી. એ માટે હું કેટલા બધા માણસોને મળ્યો હતો – ચિકનાન્જપ્પા, આરોગ્ય પ્રધાનના અંગત સચિવને અને બીજાં પણ ઘણાં માણસોને! મને યાદ છે કે સરકારી ઑફિસની બહાર હું કેવો લાચાર થઈ રાહ જોતો બેસતો હતો. પણ ત્યાં તરત જ ડૉ. સુરેશને એ તક મળી ગઈ કારણ કે તેના પિતાને પ્રધાન સાથે સંબંધ હતો! મેં તરત જ રાજીનામું આપી દીધું અને ખાનગી દવાખાનું શરૂ કર્યું. આ બધું ખૂબ વહેલું કરવાની મારામાં કેમ હિંમત નહોતી? શું મને મારી શક્તિમાં વિશ્વાસ નહોતો? મારી શક્તિનો મને અંદાજ નહોતો!'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજયને પોતાના માટે શરમ આવી. એને સમજાયું કે 'ભલે પુરુષ હોય કે સ્ત્રી, તેની સાચી હિંમત તેની અંદર જ હોય છે. હું જ મારો સાચો મિત્ર છું ને મારો ખરાબમાં ખરાબ શત્રુ પણ હું જ છું. હું જાણું છું કે આજે મારામાં જે હિંમત છે તે કંઈ રાતોરાત નથી આવી. જેવી મને સફળતા મળી કે હું વધારે ને વધારે આત્મવિશ્વાસુ બનતો ગયો. ઍલેક્ષે મને સૌથી પહેલી તક આપી, પણ અંતે સફળતા તો માત્ર મારી જ છે. છતાંય મારી પત્નીને મારા માટે માન નથી. જો તે ડૉક્ટર હોત તો મારા જેવો પતિ મેળવવા બદલ તેને ગૌરવ હોત!

સંજયે નિસાસો નાંખ્યો ને પોતાના નિત્યક્રમમાં લાગી ગયો.

બીજી સવારે જ્યારે તે દાઢી કરી રહ્યો હતો ત્યારે નોકરાણીએ આવીને તેને કહ્યું : 'તમારાં જૂનાં અધિકારી ડૉ. સરોજ નીચેના ખંડમાં તમને મળવા માટે રાહ જોઈ રહ્યાં છે.'

તે તેમને ઓળખી ગયો. આ એ જ ડૉ. સરોજ છે જેમણે દરેકની સામે તેને શરમિંદો કર્યો હતો. કેમ્પુનાન્જમ્માના કેસમાં તે જરાય જવાબદાર નહોતો તો પણ ડૉ. સરોજે તેનું નામ તેમાં સંડોવ્યું. તે તેની બદલી માટે સાવ કઠોર રહ્યાં હતાં. બધી જ ઘટનાઓ, તેની નજર સામેથી પસાર થઈ ગઈ. તેણે વિચાર્યું, 'તે વખતે તો એવી સ્થિતિ હતી કે કોઈ સંવેદનભર્યા માણસે આપઘાત જ કર્યો હોત! શરમ નેવે મૂકી મારા ઘરે આવવાની તેમની હિંમત કેમની ચાલી?'

તે જાણતો હતો કે તે તેનો સાથ લેવા માંગે છે. તેણે તેની નોકરાણીને બહુ જ શાંતિથી કહ્યું : 'તેમને કહે કે વરંડામાં બેસે ને મારી રાહ જુએ. હું મારું સ્નાન કરી લઈશ અને પછી તેમને મળીશ.'

તેણે ધીમે ધીમે દાઢી કરી, શાંતિથી સ્નાન કર્યું ને નિરાંતે બાથરૂમમાંથી બહાર આવ્યો. મૃદુલા અંદર આવી અને કહ્યું : 'તૈયાર થવામાં તેં આટલો બધો સમય આજે કેમ લીધો? એક ઉંમરલાયક સ્ત્રી જ્યારે તારી રાહ જોઈ રહી હોય ત્યારે આટલી વાર શા માટે કરી?'

સંજયે તેને જવાબ ન આપ્યો. તે જાણતો હતો કે તે આ વાત નહીં સમજે. મૃદુલાની દુનિયા માત્ર પુસ્તકોમાં વસે છે. પાઠ્યપુસ્તકોમાં આદર્શવાદ એક લીટીમાં જણાવવામાં આવે છે અને પછી એક મિનિટમાં તે સમજાવવામાં આવે છે. પણ આ જગત ઘણાં પ્રકારનાં સ્વાર્થી લોકોથી ભરેલું છે. તેમાં બુદ્ધિશાળી માણસ તે છે જે આ બધા સાથે યોગ્ય રીતે વ્યવહાર કરીને, ઓછામાં ઓછા સંઘર્ષ સાથે પોતાનું કામ પાર પાડી દે.

પોતાના રૂમમાં જ સવારનો નાસ્તો કર્યા બાદ તે બહાર આવ્યો અને જોયું તો ડૉ. સરોજ તેમનાં જમવાના ટેબલ પર નાસ્તો કરી રહ્યાં હતાં. તેને જોઈ તેઓ ઊભાં થઈ ગયાં. મૃદુલાએ જણાવ્યું : 'તેઓ બહાર વરંડામાં તમારી રાહ જોતાં બેઠાં હતાં. મેં તેમને અંદર બોલાવ્યાં. તેઓ તો નાસ્તો કરવાની આનાકાની કરતાં હતાં પણ મેં તેમને આગ્રહ કર્યો.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજયને મૃદુલાની આવી મૂર્ખતાભરી આતિથ્યભાવના ન ગમી. તેણે વિચાર્યું : 'જો ડૉ. સરોજ હૉસ્પિટલમાં મળવા આવ્યાં હોત તો હું તેમને પાણીનો પ્યાલો પણ ન ધરત. તેમની આગતાસ્વાગતા કરવાની કંઈ જ જરૂર નથી, તે તેને લાયક પણ નથી. પણ... પણ જો ડૉ. કમલા ક્યારેય મારે ત્યાં મને મળવા આવે તો હું તેમને એક ક્ષણ માટે રાહ ન જોવડાવું.'

તેણે પોતાને થયેલી સાચી લાગણી ન દર્શાવી. તે હસ્યો અને બોલ્યો : 'મૃદુલા, તેં ઘણું ઉત્તમ કર્યું.' પછી તેણે ડૉ. સરોજ સામે જોયું અને શાંતિથી કહ્યું : 'બેસો, બેસો! તમારું જ ઘર સમજો! હું એક સમયે તમારા હાથ નીચેનો સહાયક હતો.'

મૃદુલાએ નમ્રતાપૂર્વક માફી માંગીને રસોડામાં ગઈ. ડૉ. સરોજે સંજય સાથે વાતચીત શરૂ કરી. તેણે કહ્યું : 'સંજય, મને તારે માટે ગર્વ છે. એક સમયે તું મારી સાથે હતો. તું મારા યુનિટમાં હોવાથી મને પણ માન મળતું.'

બંને જાણતાં હતાં કે આ વિધાન હૃદયથી, દિલથી બોલાયું નથી. સંજય સમય વેડફવા માંગતો નહોતો. તેણે તેમને પૂછ્યું : 'ડૉક્ટર, તમને અત્યારે હું કેમ યાદ

આવ્યો?'

સંજયે તેમને 'મેડમ' એમ માનપૂર્વક ન સંબોધ્યા. ડૉ. સરોજે એની નોંધ લીધી. તેણે કહ્યું : 'મારી ભાણીની પ્રસૂતિ તારી હૉસ્પિટલમાં થઈ છે.'

'તમારી ભાણીનું નામ શું?'

'કમલાક્ષી.'

'ઠીક, હું દવાખાને જઈશ ત્યારે તેમને મળીશ, તેઓ તમારાં સંબંધી છે માટે હવે હું વધારે ધ્યાન રાખીશ. ડૉક્ટર, જીવનમાં નામો અને માણસો બહુ મહત્ત્વની ભૂમિકા ભજવતાં હોય છે. હું કેમ્પુનાન્જમ્માનું નામ ભૂલ્યો નથી.'

ડૉ. સરોજ કાંતો ખરેખર ભૂલી ગયાં હતાં અથવા ભૂલી ગયાંનો ઢોંગ કરતાં હતાં. તેણે પૂછ્યું. 'આ કેમ્પુનાન્જમ્મા કોણ?'

'તમને એ કેસ યાદ આવ્યો કે જેમાં બે બાળકોની ફેરબદલી થઈ ગઈ હતી અને કોઈપણ કારણ વગર એકાએક જ મારું નામ તે કેસમાં આવી ગયું હતું?'

'હા... કેટલીકવાર સરકારી હૉસ્પિટલોમાં આવું થાય છે.'

'પણ એમાંથી હું એક મોટો પાઠ જીવનમાં શીખ્યો – તે એ કે જે ડૉક્ટર દર્દીની પ્રસૂતિ પહેલાં, પ્રસૂતિ દરમિયાન અને તે પછી તેની કાળજી લે તેનું નામ હંમેશાં લખવું.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'ખરેખર તે બહુ અદ્‌ભુત વાત છે.'

'ઓકે. ડૉક્ટર, ફરી કયારેક મળીશું. આવજો.'

સંજય તેમની સાથે વધારે વાતચીત કરવા માંગતો ન હોવાથી તેણે વાતચીત ત્યાં જ અટકાવી દીધી ને પછી તેમની સામે જ એ પોતાની બેન્ઝ ગાડી ચલાવીને નીકળી ગયો. ગાડીનો અવાજ સાંભળી, મૃદુલા ઘરમાંથી બહાર આવી. તેણે એક નાનકડી ભેટ અને શ્રીફળ ડૉ. સરોજને આપ્યાં અને તેમને રિક્ષા મળે તેમાં મદદ પણ કરી. તેને થયું કે ઓટો સ્ટેન્ડ સુધી ડૉ. સરોજને લઈ જવા જેટલો વિવેક પણ સંજયે ન કર્યો તે ખૂબ ખરાબ કહેવાય.

જ્યારે સંજય હૉસ્પિટલે પહોંચ્યો, ત્યારે રોઝમેરી કોઈ દર્દી સાથે દલીલો કરી રહી હતી. તેણે રોઝમેરીને પોતાની ઑફિસમાં બોલાવી. દર્દીઓ સામે તે ક્યારેય પૈસાની ચર્ચા કરતો નહી. રોઝમેરીએ કહ્યું : 'કમલાક્ષી નામે દર્દી કહે છે કે તેની માસી તમને મળી છે અને તેને ડિસ્કાઉન્ટ આપવા માટે તમે સંમત થયા છો. મેં કહ્યું કે જ્યાં સુધી હું સાહેબની સહીવાળી ડિસ્કાઉન્ટ સ્લિપ ન જોઉં ત્યાં સુધી હું તમને ડિસ્કાઉન્ટ આપી નહી શકું. તેથી તે મારી સાથે જીભાજોડી કરવા લાગી.'

‘તું બહુ ચતુર છે, રોઝમેરી. કેસ બહુ જટિલ હતો. આપણે જે સામાન્ય મહેનતાણું લઈએ છીએ તેનાથી વધારે તેમની પાસેથી લે.’

તેને લાગ્યું કે, ‘પોતાના ગુસ્સાનો ઊભરો કાઢવાનો આ ઉત્તમ રસ્તો છે ને વળી ડૉ. સરોજે જે સવારનો નાસ્તો કર્યો છે તેની કિંમત પણ લઈ લેવાશે.’

રોઝમેરી માથું હલાવી ઑફિસની બહાર આવી.

સાંજે જ્યારે તે ઘેર આવ્યો ત્યારે મૃદુલાએ કહ્યું : ‘પ્રકાશ કામતનો ત્રણ વાર ફોન આવી ગયો. તે કહેતા હતા કે ખૂબ અગત્યનું કામ છે અને તારે તેમને અચૂક ફોન કરવો.’

સંજયે જાણે સાંભળ્યું જ ન હોય તેવો દેખાવ કર્યો. તેથી મૃદુલાએ મોટેથી કહ્યું : ‘તું કેમ કોઈ જવાબ આપતો નથી? એ એમ માનશે કે મેં તને એમના ફોન વિશે કહ્યું જ નહી હોય. તને થયું છે શું?’

જરાય ઉશ્કેરાયા વગર સંજયે જવાબ આપ્યો : ‘મને કશું થયું નથી. તને કોઈ પ્રકારનું ભાન જ નથી. મને ખ્યાલ નથી આવતો કે શૈક્ષણિક ક્ષેત્રે તને આટલી ઊંચી કક્ષા કઈ રીતે મળી?’

‘તો મારે શું કરવું જોઈએ?’

‘મહેરબાની કરીને સમજ કે પ્રકાશ કામત કે ડૉ. સરોજ એ આપણાં અંગત સ્વજનો કે પરિચિતો નથી. તેઓ મારી સાથે વ્યાવસાયિક સંબંધ ધરાવે છે. પ્રકાશ મારા થકી ધંધો કરવા માંગે છે. તેથી તે મને અસંખ્ય વાર ફોન કરશે. બીજી બાજુ તું ડૉ. સરોજને એ તારાં સગાં હોય તેમ તેમને નાસ્તા કરાવે છે અને જમાડે છે.’

મૃદુલા શાંત રહી, રસોડામાં ગઈ અને સંજય માટે કૉફી લાવી. તેણે કહ્યું : ‘તેઓ આ ઘરની બહાર તારે માટે વ્યાવસાયિક સંબંધીઓ હશે, પણ તેઓ ઘરમાં આવે ત્યારે તેઓ આપણાં મહેમાનો છે ને મેં મારી ફરજ બજાવી છે. ગઈકાલે તારી અને પ્રકાશ વચ્ચેની વાતચીત મેં સાંભળી છે. કોઈ દવાની કંપનીને ઉત્તેજન મળે તે માટે તું તેમની દવાઓ દર્દીઓને લેવાનું કહે ને તે માટે તું તેમનો આર્થિક ફાયદો ઉઠાવે તે શું તારા તરફથી ખોટું ન કહેવાય?’

સંજય ગરમ કૉફીની ધીમેથી ચૂસ્કીઓ ભરતો રહ્યો. તેણે કહ્યું : ‘આ દુનિયામાં કાંઈ જ સારું કે ખોટું નથી, ગાય પોતાના વાછરડા માટે દૂધ આપે છે. પણ આપણે જ તે દૂધ પીએ છીએ. તો તે શું ખરાબ નથી? વૃક્ષોમાં પણ જીવન છે. આપણે તેને કાપી નાંખીએ છીએ અને તેનાં લાકડાંનો ઉપયોગ કરીએ છીએ. તો તે પણ શું ખોટું ન કહેવાય? માંકડ-મચ્છર વગેરેને પણ તેમનું જીવન છે. તેઓ આપણને પજવે છે માટે શું

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

આપણે તેમને મારી નાંખતાં નથી? મોટી માછલી હંમેશાં નાની માછલીને ખાઈ જાય. તે સાચું છે ને?'

'હું તારી સાથે ચર્ચાઓ કરી શકું તેમ નથી. બસ, મને માત્ર એટલું જ લાગે છે કે આ પ્રકારે દવાઓ લખવી એ ખોટું છે.'

'પ્રકાશ કામત મને પ્રેમથી મદદ નથી કરી રહ્યો. જો તે મને એક રૂપિયાનું ડિસ્કાઉન્ટ વળતર આપશે તો પણ તે ત્રીસ રૂપિયાનો નફો કરશે. એક વાર જો ધંધાની ગોઠવણ થઈ ગઈ, તો જ્યાં સુધી બીજા કરારની વાત નહીં આવે ત્યાં સુધી તે મારી સામે જોશે પણ નહીં. મારો ભાવ પણ પૂછશે નહીં. જો તું એક આદર્શવાદી, લાગણીશીલ અને સંવેદનશીલ છે તો પછી તું માત્ર એક શિક્ષિકા જ છે, તેથી વધારે કશું જ નહીં. દુનિયામાં સફળ થવા માટે તારે કઠોર થવાની જરૂર છે.'

શિશિર દાદરનાં પગથિયાં ઊતરી રહ્યો હતો. તેણે તેના પિતાને પૂછ્યું : 'ડૅડ, મેં ને મારા મિત્રોએ આપણી ગાડી લઈને કોડાઈકેનાલ જવાનું નક્કી કર્યું છે. તો તમને કોઈ વાંધો નથી ને?'

'ચોક્કસ, તું તારી રીતે મજા કર. પણ તું આપણી ગાડી ન લઈ જઈશ.'

મૃદુલાએ તેમાં ઉમેર્યું, 'કોડાઈકેનાલ જેવી દૂરની જગ્યા માટે આવો લાંબો રસ્તો તમે છોકરાઓ જ ગાડી હંકારો એ વિચાર કંઈ મને ન ગમ્યો.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

શિશિરે તેને જવાબ આપવાની જરાય તસ્દી ન રાખી. તેણે મંજૂરી માટે તેના પિતા સામું જોયું. સંજયે કહ્યું : 'હું તને તારા આ પ્રવાસ માટે પૈસા આપવાની ના નથી પાડતો કે તને ગાડી ચલાવતાં પણ નથી રોકતો. પણ તારા મિત્રોએ દર વખતે બધું તારા તરફથી જ મળવું જોઈએ એવું નહીં વિચારવું જોઈએ. તને કશાયની ખોટ નથી એવું તારે એમને થવા ન દેવું જોઈએ. તમારે ભાગે પડતા પૈસા ખર્ચવા જોઈએ. તમે ટ્રેનમાં કોડાઈ રોડ સુધી જઈ, ત્યાંથી ટૅક્સી કરી શકો અને સરખે ભાગે ખર્ચો વહેંચી લો. ખરેખર તો આવી રીતે જ કરવું જોઈએ. અલબત્ત, છેવટનો નિર્ણય તારો છે.' સંજય જાણતો હતો કે જ્યારે જ્યારે તેણે નિર્ણય લેવાનું શિશિર પર છોડ્યું છે, ત્યારે તેણે તેના પિતાએ કહ્યું હોય તેમ જ કર્યું છે. પણ જો સંજય તેને આગ્રહપૂર્વક કહે, તો શિશિર તેનાથી ઊંધું જ કરે.

શિશિરે થોડીવાર વિચાર્યું અને કહ્યું : 'ડૅડ, દર વખતની જેમ તમે સાચા છો.'

સંજય થોડું અટક્યો અને પછી બોલવાનું ચાલુ રાખ્યું : 'શિશિર, મને ખબર છે કે થોડા સમય પછી તું વધારે અભ્યાસ કરવા માટે લંડન જવાનો છે. ત્યારે જીવનમાં પહેલી વાર તારે તારી જાતે જ બધી બાબતોની ગોઠવણ કરવી પડશે. તું સાદો રહે, પણ મૂર્ખ નહીં. ભોગ હંમેશા બકરાનો લેવાય છે, વાઘનો નહીં. કારણ કે બકરો એ નાનું

અને સૌમ્ય પ્રાણી છે. વાઘને અડકવાની કોઈ હિંમત નથી કરતું, કારણ કે તે બહુ શક્તિશાળી છે. આ દુનિયામાં દરેક સંબંધોનો આધાર તેની ઉપયોગિતા પર છે. જો માણસ બીજાઓને મદદરૂપ થઈ શકે તેમ હોય તો માણસો તેના મૃત્યુને કારણે દુ:ખી થશે. શૈક્ષણિક રીતે સારી રીતે પાસ થવું એ ઘણી સારી વાત છે, પણ તે તમને ચોક્કસ સફળતા અપાવશે જ એવું નથી. જો તારામાં સામાન્ય સૂઝબૂઝ-સમજ ન હોય અને જરૂર જેટલોય ચતુર નહીં હોય તો લોકો તારો ઉપયોગ કરીને ચાલ્યા જશે. તને ક્યાંય બાજુમાં ફેંકી દેશે.'

તેમના દીકરાને સંજયે જ શિખામણ આપી તે મૃદુલાને ગમ્યું નહીં. જ્યારે બાળક પહેલી જ વાર ઘર છોડીને જઈ રહ્યું હોય ત્યારે તેને ખૂબ પ્રેમ આપવો, તેને પ્રેમાળ-ઉમદા થવાનું શીખવવું અને સારી આદતોનું મૂલ્ય સમજાવવું જોઈએ. તે ચૂપ ન રહી શકી. તેણે કહ્યું : 'શિશિર, પણ કુટુંબમાં જ્યારે એવું થાય, તો તે સમયે તારા જીવનની શાંતિ માટે સૌને પ્રેમ આપવો ને સૌનો પ્રેમ સ્વીકરવો એ જરૂરિયાત બનશે. કોઈ પણ સંબંધમાં, સંવાદ-વાતચીત જ હંમેશાં માણસોને એક કરી શકે છે. એક સફળ માણસ બીજાઓ પર રુઆબ જમાવે છે, આધિપત્ય જમાવે છે ને માણસો માત્ર શાંતિ જળવાઈ રહે તે માટે તેને આજ્ઞાંકિત રહે છે. આ જ કારણથી મોટા સામ્રાજ્યોના કર્તાહર્તા માથાભરેલ રહેતા. તેઓ શક્તિશાળી હતા અને લોકો તેનાથી ગભરાતાં. પણ બુદ્ધ પોતાનાં નિરંહકારી અને કરુણાભર્યા સ્વભાવને કારણે બાકીનાં બધાં કરતાં જુદા રહ્યા.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

શિશિર મૂંઝાઈ ગયો ને વળી તેને ચીઢ પણ ચડી. તેણે કહ્યું : 'મૉમ, મને તારી આ લાંબી લાંબી વાતો સમજાતી નથી. મને એ ઇતિહાસના પાઠમાં કંઈ જ રસ નથી ને મહેરબાની કરીને તે તું મને શીખવવાનો પ્રયત્ન પણ ન કરીશ. ડૅડ, તમે મને નીતાના ઘેર ઉતારી જાઓ છો? પછી તે મને મૂકી જશે.'

સંજય અને શિશિર બે મિત્રોની જેમ રહેતા હતા ને મૃદુલા હરહંમેશની માફક ઓસરીમાં એકલી ઊભી રહી.

❑

પત્તાનો મહેલ

૬૭ મહિના પસાર થઈ ગયા. અનિતાએ મૃદુલાના ઘેર આવવાનું બંધ કરી દીધું. તે ખૂબ જ હતાશ, શાંત અને ધૂની થઈ ગઈ હતી. મૃદુલાને તેની ખૂબ ચિંતા થતી અને તેમાંથી બહાર કાઢવાનો તે પૂરતો પ્રયત્ન કરતી. પરંતુ તે અનિતાને સમજાવવામાં અથવા તેને પાછી સામાન્ય કરવામાં નિષ્ફળ જ રહી. અનિતા પોતાનો મોટા ભાગનો સમય બાઇબલ વાંચવામાં અથવા ચર્ચમાં જવામાં ગાળતી. તે સંપૂર્ણ શાકાહારી થઈ ગઈ હતી અને પોતાના ઘરને સુંદર સુશોભિત રાખવામાંથી એનો રસ સંપૂર્ણ ઊડી ગયો હતો. જુલીએ બારમું ધોરણ પાસ કર્યું અને દિલ્હીની LSR કૉલેજમાં પ્રવેશ લઈ લીધો હતો. તેથી અનિતા જુલીના રૂમમાં જઈને તેની પ્રાર્થના કરતી. અનિતા અને ઍલેક્ષ એકબીજા સાથે ભાગ્યે જ વાત કરતા. મોટેભાગે ઍલેક્ષ એનો વધારે પડતો સમય નવી કંપનીના કામમાં અને ખૂબ પ્રવાસોમાં ગાળતો. અરે જ્યારે તે સંજયને મળતો ત્યારે તેઓ પોતાનાં અંગત જીવન અંગે ક્યારેય વાત નહોતા કરતા.

આ દરમિયાન, લક્ષ્મી અને તેનું કુટુંબ સતત બેંગ્લોરમાં રહ્યું. પણ લક્ષ્મી ભાગ્યે જ મૃદુલાને મળતી. કોઈ કારણ વગર મૃદુલા એવી વાત પર ધ્યાન પણ ન આપતી. જ્યારે તેઓ મળતા ત્યારે લક્ષ્મીએ કોઈ જ ઘરેણાં પહેર્યાં ન હોય. મૃદુલા અવારનવાર સંજયને કહેતી: 'લક્ષ્મી અને શંકર હવે વૃદ્ધ થયાં છે. તેમની આવક ઓછી હોય પણ બેંગ્લોરમાં તેમનું ઘર અથવા કોઈ ઍપાર્ટમેન્ટ હોવું જોઈએ. સંજય, ઘર ખરીદવાનાં બધા જ પૈસા તમે ન આપો, પણ તમે પંચોત્તેર ટકા એટલે કે પોણા ભાગના પૈસા તો આપી શકો. અનિલ અને શંકર બાકીની રકમ માટે લોન લઈ શકે જેથી તેઓને બચત કરવી જ પડે અને લોન ભરપાઈ કરવી પડે. તેઓ પછી હંમેશાં તેમનો પગાર રજાઓમાં મજા કરવામાં અને સોના પાછળ વેડફશે નહીં. ભગવાન જાણે આમાં કેટલું સાચું ને કેટલું ખોટું!'

પણ સંજયે ક્યારેય આ વાતમાં રસ બતાવ્યો નહીં. તે કહેતો: 'અનિલને સારી નોકરી છે અને પોતાની જાતને મદદ કરવાનું એમણે શીખવું જોઈએ. આપણે તેમને આટલા બધા પરાધીન, પાંગળાં બનાવવાની જરૂર નથી.'

એક દિવસની વાત છે. હૉસ્પિટલના ખૂબ મહત્ત્વના કાગળો પર સંજયની સહી કરાવવા શંકર એના સ્કૂટર પર એમને ઘેર આવ્યો. મૃદુલાને બહુ ખરાબ લાગ્યું. એણે કહ્યું : 'સંજય, હું જાણતી નથી કે તેઓ પોતાનું ઘર ખરીદવા માટે સક્ષમ છે કે નહીં, પણ તું શંકરને એક ગાડી તો ખરીદીને આપી શકેને? તેમના હાલના રહેઠાણથી હૉસ્પિટલ ઘણી દૂર છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

‘ઠીક, તો પછી ગાડી ખરીદીને તું જ તેને કેમ નથી આપતી? તેના કુટુંબને તું ગાડીની ભેટ આપી શકેને? તેઓ ખૂબ ખુશ થશે.’

સંજયે જેવું કહ્યું હતું તેવું મૃદુલાએ કર્યું. લક્ષ્મીને આથી ખૂબ આનંદ થયો. તેણે કહ્યું : ‘મૃદુલા, તું મારા માટે મા કરતાંય વધારે છે. મારી માએ આ રીતની ક્યારેય અમારી કાળજી લીધી નથી. કેવી રીતે તારો આભાર માનવો એ જ મને સમજાતું નથી. હવે અનિલ જૂનું સ્કૂટર વાપરી શકશે.’

એ તો માણસમાત્રનો સ્વભાવ છે કે જો કોઈ તમને મદદ કરે, ને ત્યારે તમારા થોડાંક આભાર વચનો મદદ કરનારને ખૂબ પ્રસન્નતા આપે છે. મૃદુલા ખૂબ સરળતાથી ખુશ થઈ જતી અને લક્ષ્મીના આવા પ્રતિભાવથી તે અતિ પ્રસન્ન થઈ.

એક દિવસ મૃદુલા જયનગરના ચોથા બ્લૉક પાસેના શૉપિંગ કૉમ્પ્લેક્સ પાસે પોતાના ડ્રાઇવરની રાહ જોતી ઊભી હતી. અણધારી રીતે જ તેણે અનિલને ગાડી ચલાવતો જોયો, પણ તે ઓળખી જ ન શકી. અનિલે તેને જોઈ નહોતી. જ્યારે તે ઘેર પાછી આવી, તેણે સંજયને કહ્યું : ‘મેં અનિલને આજે બીજી ગાડીમાં જોયો. મને ખબર જ નથી કે તેની પાસે ગાડી છે. લક્ષ્મીએ મને કહ્યું જ નથી.’

‘તે ચોક્કસ કંપનીની કાર હોવી જોઈએ. એ તેની [illegible] વચ્ચેની વાત છે. મેં ઍલેક્ષને કહ્યું હતું કે અનિલ સારું કામ કરે તો એનો પગાર વધારજે કે બઢતી આપજે. અનિલ મારો માણસ છે માટે હું તેની પર કોઈ પણ પ્રકારનું દબાણ કરવા નહોતો માગતો. તને તો ખબર છે કે ધંધા બાબતે હું કેવો છું. પણ લક્ષ્મી કદાચ તે અંગે કશું જાણતી નહીં હોય.’ મૃદુલાને થયું કે કદાચ આ વાત સાચી હશે એટલે તેણે તે વાતને ટાળી દીધી.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

જીવન એમ જ પસાર થતું રહ્યું. સંજય એક આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં હાજરી આપવા ચાર દિવસ માટે મલેશિયા ગયો હતો. મૃદુલા પર હૉસ્પિટલમાંથી એક અર્જન્ટ ફોન આવ્યો. એક નવી ફાર્માસ્યૂટિકલ કંપની માટે તેમને કેટલાક અગત્યના દસ્તાવેજની તાત્કાલિક જરૂર હતી. તેણે કલાર્કને કહ્યું : ‘એવા દસ્તાવેજ અંગે મને કશી જ ખબર નથી.’

‘મૅડમ, સામાન્ય રીતે આ ફાઇલ શંકર અથવા અનિલ પાસે રહેતી હોય છે. જો તેઓ બંને મળી શકે તેમ ન હોય તો ડૉક્ટર પાસે હૉસ્પિટલના કબાટમાં તે ફાઈલ રહેતી. શું તે મને આજે મળી શકશે? તે ખૂબ મહત્ત્વનું છે.’

‘જો એવું હોય તો તમે રોઝમેરીને કહીને તે લઈ શકો.’

‘મૅડમ, રોઝમેરીએ ડૉક્ટરના કબાટને ખોલવાની ના પાડી. ચાવી તેની પાસે છે પણ તે પોતાને જોખમે તે ખોલવાની ના પાડે છે.’

આયુધ પૂજાના દિવસ સિવાય સામાન્યત: મૃદુલા દવાખાને નહોતી જતી. પણ તેને ક્લાર્ક માટે ખેદ થયો અને કહ્યું : 'ચિંતા ન કરો. હું હૉસ્પિટલ જઈશ અને ફાઈલની શોધખોળ કરીશ.'

થોડાં વર્ષો પહેલાંની વાત છે. અનુરાધાને તેમની હૉસ્પિટલમાં બાળક આવ્યું હતું. ગર્ભાધાન માટે અનેક પ્રયત્નો કરવામાં આવ્યાં હતાં. છેવટે તેને ગર્ભ રહ્યો ને પ્રસૂતિ બહુ સરળતાથી, કુદરતી રીતે જ થઈ. દરેક જણ ખુશ હતું. સંજયે આ કેસમાં સહાયક તરીકે કામ કર્યું હતું. મૃદુલાએ સંજયને કહેલું : 'મહેરબાની કરીને અનુરાધા પાસે કોઈ ફી ના લેતા. જ્યારે આપણી પાસે પૈસા નહોતા, ત્યારે કોઈ જ પ્રકારની અપેક્ષા વગર તેમણે શિશિરની દેખભાળ કરી હતી. તેમની પાસે બાળક મૂકવા માટે મને જરાય અવઢવ થતી નહોતી.'

'ચોક્કસ મૃદુલા. તું કહે છે તેમ જ થશે. જોકે નોર્મલ ડિલિવરીની ફી ૫૦,૦૦૦ રૂપિયા હોય છે પણ હું તેમની ફી નહીં લઉં. મને તારી લાગણી માટે માન છે.' મૃદુલાને ખૂબ આનંદ થયો કે છેવટે આ સમયે તો સંજયે તેની વાત સાંભળી.

બાળકના નામકરણ વિધિ વખતે તેણે અનુરાધાના પુત્રને સોનાની ચેન આપી. કન્તામ્માએ તેને પ્રેમથી આવકારી અને શિશિર માટે ખાસ રાગીનાં લાડુ બનાવ્યાં. મૃદુલા લગભગ નીકળવાની તૈયારીમાં જ હતી ત્યાં કન્તામ્માએ તેનો આભાર માન્યો અને કહ્યું, 'તારો પતિ ખૂબ સરસ માણસ છે. આટલા મોટા ડૉક્ટર હોવા છતાં તે મધરાતે પ્રસૂતિ માટે આવ્યા ને વળી અમને ૧૦,૦૦૦/- રૂપિયાનું ડિસ્કાઉન્ટ પણ આપ્યું.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મૃદુલા થોડી ચોંકી ગઈ. બરોબર ખાતરી કરવા તેણે પૂછ્યું : 'તમે કેટલી ફી આપી?'

મુનિઅપ્પાએ કહ્યું : 'ખરેખર બિલ તો રૂા. ૫૦,૦૦૦/-નું હતું. પણ સંજયે લીલી ચબરખીમાં રૂા. ૧૦,૦૦૦/- એમ લખીને આપેલું તેથી મેં ચાલીસ હજાર ચૂકવ્યા.' ગાડીમાં બેઠાં પછી મૃદુલા બહુ ગદ્‌ગદ થઈ ગઈ. તેણે વિચાર્યું : 'સંજય તેમની પાસેથી પૈસા લઈ જ કેવી રીતે શકે? આ તબક્કે ચાલીસ હજાર જેટલી રકમ સંજય માટે તો કશું જ ન કહેવાય. એમના પ્રત્યે લાગણી દર્શાવવાનો આ કેવો અવસર હતો! સંજય કેમ કશું સમજતો નથી?' જ્યારે તે ઘેર આવી, ત્યારે સંજય રોઝમેરી સાથે સ્પીકર પર વાતો કરી રહ્યો હતો. રોઝમેરીએ પૂછ્યું : 'ડૉક્ટર, ટ્રાન્સપોર્ટ સેક્રેટરીની દીકરીને કેટલું વળતર આપું? તે આવતી કાલે અહીંથી જવાની છે.'

'રોઝમેરી, તેમની પાસેથી કોઈ જ ફી ન લેતી. તેમને એક આભાર દર્શાવતો પત્ર લખ અને તેને એક સરસ છાબડીમાં મૂકી તેઓને મોકલાવ. પાછળથી કદાચ તેઓ આપણને ખૂબ ઉપયોગી નીવડશે.'

મૃદુલાનો ગુસ્સો આસમાને પહોંચી ગયો. જેવો તેણે ફોન પૂરો કર્યો કે તરત જ તેણે સંજયને પૂછયું : 'તો અનુરાધાની પ્રસૂતિ માટે તમે કેમ ફી લીધી?

સંજયે સહજપણે જવાબ આપ્યો : 'કરણ કે અનુરાધા બિલ માંગતી હતી.'

'ચોક્કસ. તેણે બિલ માટેની વાત કરી હોય, પણ તારે તો ના પાડવી જોઈતી હતી. તેં ખૂબ ખરાબ કર્યું છે.'

'તેમની પાસેથી પૈસા લેવા એમાં ખરાબ શું થઈ ગયું? અનુરાધા અને અરુણને સારી નોકરી છે ને તેમની કંપની તેમને આ ખર્ચો આપવાની હતી. તો પણ મેં દસ હજાર રૂપિયા ઓછા કર્યા હતા.'

'તો પછી તેં મને જુદું કેમ કહ્યું?'

'કારણ કે તું બેચેન થઈ જાત.'

'ઠીક, તો આજે હું એનાથીયે વધારે અસ્વસ્થ થઈ ગઈ છું.'

'એ તારો પ્રશ્ન છે.'

સંજય બીજા રૂમમાં ગયો અને પોતાની ઑફિસના કામ અંગેના ફોન કરવા લાગ્યો. તે દિવસ પછી, આયુધ પૂજાના દિવસ સિવાય મૃદુલાએ હૉસ્પિટલ જવાનું બંધ કર્યું. તેને લાગ્યું કે તેની ગેરહાજર પણ હૉસ્પિટલ તો ધમધોકર ચાલશે. તેને થયું તેની હાજરીનું કે તેના શબ્દોનું કોઈ જ મહત્ત્વ નથી.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

આજે ઘણા સમય પછી તેને જવું પડે તેવું થયું. રોઝમેરી મુખ્ય નર્સ હતી. તે સંજયનો જમણો હાથ હતી, કોની સાથે કેવા ટોનમાં વાત કરવી, કોને બિલ આપવું, ને કોની પાસે કેટલી ફી લેવી એ બધું તે જાણતી. સંજયની ગેરહાજરીમાં કયા ડૉક્ટરને બોલાવવા તેની પણ તેને ખબર હતી. પણ રોઝમેરી પોતાની મર્યાદાઓથી પણ એટલી જ સજાગ હતી. સંજયે પોતાના કબાટમાં રહેલા તેના ખાનગી દસ્તાવેજોને હાથ પણ લગાડવાની તેને મનાઈ કરી હતી.

જ્યારે હૉસ્પિટલ પહોંચીને મૃદુલાએ રોઝમેરીને ચાવી બાબતે પૂછ્યું ત્યારે રોઝમેરીએ કહ્યું, 'લો, આ રહી, મૅડમ. કબાટમાં શું છે તેની મને ખબર નથી. મેં તે કયારેય ઉઘાડ્યું નથી.'

મૃદુલાએ કબાટ ખોલ્યું ને ફાઈલની શોધખોળ કરવા માંડી. તેના હાથમાં પ્રથમ જ બેન્કની પાસબુક હાથમાં આવી. તેને નવાઈ લાગી – બધી પાસબુકો તો ઘરમાં છે. તેણે તે ખોલીને જોયું તો તે સંજય અને લક્ષ્મીના જૉઈન્ટ નામવાળી, માલેશ્વરની બેન્કની પાસબુક હતી. તેને તો આ ખાતાની કંઈ ખબર જ નહોતી. તે તો એમ જ માનતી હતી કે સંજયના સૂચન મુજબ સંજયના બધા હિસાબો અને ખાતાંઓની દેખભાળ એ જ કરતી

હતી. અૅકાઉન્ટમાં પચાસ લાખ રૂપિયા જમા હતા. આટલી મોટી રકમને કારણે તે કાંઈ ચોંકી નહોતી ગઈ, પણ હકીકત એ હતી કે તેણે સંજય પર આંધળો વિશ્વાસ મૂક્યો હતો. તે એમ જ માનતી હતી કે તેની જાણ બહાર તેના ઘરમાં કશું જ થતું નથી. બંને વચ્ચે વણલખાયેલી સમજણ હતી કે પૈસાની બાબત એ ઘરની બાબત છે, ને પોતે બધું જ જાણે છે. પણ તેની આ ભ્રમણા તૂટી ગઈ ને તે સ્તબ્ધ થઈ ગઈ.

એ જ ક્ષણે, અંદરથી તે નાના નાના ટુકડાઓમાં જાણે વેરવિખેર થઈ ગઈ. જ્યારે વિશ્વાસનો પાયો જ ડગમગી જાય, જ્યારે શ્રદ્ધા જ તૂટી જાય, તો પછી લગ્નનો અર્થ શો? એને લગ્ન જ કેમ કહી શકાય? એવાં લગ્નને ટકવવાનોય શો અર્થ? તેને માનસિક અકળામણ થવા લાગી. તેના વિચારોએ તેનો પીછો કર્યો, 'મને કહ્યા સિવાય સંજય આમ ખાતું ખોલાવી જ કેમ શકે? ખાતું આજથી પાંચ વરસ પહેલાં ખોલાયું છે. હું છેલ્લાં પાંચ વરસથી છેતરાઉં છું અને મને તેની ખબર સુધ્ધાં નથી. આ શું બેઇમાની નથી? અૅલેક્ષે અનિતાને એક રસ્તેથી છેતરી અને સંજયે મને બીજી રીતે છેતરી. આ એ જ માણસ છે કે જેણે મને એક વાર કહેલું કે – 'હું પૈસાની દેખભાળ રાખી શકું તેમ નથી. તું જ વ્યવસ્થા કરજે અને હું હૉસ્પિટલમાં વ્યવસ્થા-દેખભાળ રાખીશ.' હું અનુમાન કરું છું કે સફરજન ખરેખર ઝાડથી કંઈ બહુ દૂર પડયું નથી. જો આ ઉંમરે મારી સાસુ પૈસાની આટલી ઇચ્છા રાખતાં હોય, તો પછી તેના સાવકા પાસે આના સિવાય બીજી કઈ અપેક્ષા રાખી શકાય?

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મૃદુલાને અૅકાઉન્ટ વિશે વધારે જાણવું હતું. તેણે જોયું કે રત્નામ્માને દસ લાખ રૂપિયાનો DD કરવામાં આવ્યો છે ને સાથે પત્ર પણ છે. સંજયે પોતાની માતાને પૈસા મોકલ્યા હતા પણ તેણે મૃદુલાને એવું કહ્યું હતું કે તેણે મોકલ્યા નથી. મૃદુલાને સમજાઈ ગયું કે તે તેને વાસ્તવિક રીતે છેતરે છે. અનિલને ગાડીની ભેટ આપેલી તેનું લખાણ પણ મળ્યું. તેને યાદ આવ્યું કે સંજયે તેને કેટલી સહજતાથી કહ્યું હતું કે તે કંપનીએ આપેલી ગાડી છે. આ બધા ઉપરાંત સંજય અને લક્ષ્મીના બંનેનાં જોઇન્ટ નામે પચાસ લાખની ફિક્સ્ડ ડિપૉઝિટ પણ છે.

પણ સૌથી અગત્યનો પત્ર તો છેક તળિયે પડયો હતો. ચાર વર્ષ પહેલાં સંજયે લક્ષ્મી માટે ઘર ખરીદ્યું હતું અને તે ભાડે આપ્યું હતું. લક્ષ્મી દર મહિને ભાડું લઈ લેતી અને તેના કરતાં ઓછા ભાડાવાળા ઘરમાં રહેતી હતી. મૃદુલાને એક જ વર્ષના પાંચ લાખ સુધીના પ્રતિભા જ્વેલર્સના નામના સંખ્યાબંધ ચેક મળ્યા. હવે મૃદુલાને સમજાયું કે લક્ષ્મીના શરીર પર જે ઘરેણાં ચમકતાં હતાં તે બધાં સાચાં જ હતાં. દર વર્ષે ગૌરી મહોત્સવ નિમિત્તે તે લક્ષ્મીને દસ હજાર રૂપિયા આપતી. તેને ખબર જ નહોતી કે લક્ષ્મીએ સંજય પાસેથી પાંચ લાખ રૂપિયા લઈ લીધા છે.

એક ક્ષણ માટે તેને લક્ષ્મી પર નારાજગી થઈ ને તે બેચેન બની ગઈ. પણ પછી તેને સમજાયું કે તેનો પતિ પોતે જ તેને છેતરી રહ્યો છે, તો પછી તેણે બીજા કોઈ પર આરોપ શા માટે મૂકવો જોઈએ? તે તેની ઉપેક્ષા, મૂર્ખતા હતી કે પછી સંજયનો લુચ્ચો સ્વભાવ હતો જેને કારણે તે આવી પ્રવૃત્તિઓ કરતો હતો? તેણે કબાટ બંધ કરવાની પણ દરકાર ન રાખી અને રોઝમેરી સાથે વાત કર્યા વગર ચાલી નીકળી. તે માંડ માંડ ગાડી સુધી પહોંચી.

એક ક્ષણે તો મૃદુલાએ આત્મવિશ્વાસ ગુમાવી દીધો. તે આંખમાં આંસુનું એક ટીપું પણ લાવ્યા વગર ઘરમાં ગઈ. કંઈક ખરાબ થયું છે એ વાતનો ડ્રાઇવરને અણસાર પણ ન આવવા દીધો. તે પોતાના બેડરૂમમાં ગઈ ને બારણાં વાસી દીધાં. તે એટલી બધી અપમાનિત થઈ હતી કે તે રડી પણ ન શકી, તેને સખત આઘાત લાગ્યો હતો ને તે બેહદ ગુસ્સે ભરાઈ હતી, 'હું માની જ નથી શકતી કે સંજયે મને છેતરી છે. લગ્ન કર્યાં ત્યારથી હું પૂરેપૂરા માન અને વિશ્વાસથી તેની સાથે જીવી છું. પણ હવેનું જીવન મારે તેની સાથે શા માટે પસાર કરવું જોઈએ? મને સમજાતું નથી કે હું શું કરું?'

થોડા જ સમયમાં સંજય મલેશિયાથી પાછો આવ્યો. તે ખાસ્સી મોડી રાતે ઘેર પહોંચ્યો. તે આવીને મૃદુલાની સાથે સૂઈ ગયો ત્યારે મૃદુલાએ તેની સાથે વાત સુધ્ધાં ન કરી તેથી તેને લાગ્યું કે કંઈક નહીં બનવાનું બની ગયું છે. શિશિર પણ તેના મિત્રો સાથે દિલ્હી જ હતો, એટલે તે વધુને વધુ તો પણ હાજર નહોતો. બીજે દિવસે સવારે ડ્રાઇવર લાન્જારમે તેને કહ્યું કે મૃદુલા છેલ્લા બે દિવસથી શાળાએ પણ ગઈ નથી. તેને ખાતરી થઈ કે જરૂર કંઈક ખોટું થયું છે. સંજયને થયું, 'મૃદુલા વાતોડિયણ છે અને વિપરીત પરિસ્થિતિમાં તે લાંબો સમય રહી શકશે નહીં. થોડાં મીઠાં મૈત્રીભર્યા શબ્દોથી વાત કરીશ તો તે પાછી જેવી હતી તેવી થઈ જશે. ચાલ એની સાથે અત્યારે જ વાત કરું. નોકર-ચાકર ઘરમાં હોવા છતાં તે રોજ સવારે મારે માટે કૉફી અને નાસ્તો બનાવે છે, મારી માતાએ કે લક્ષ્મીએ ક્યારેય પોતાના પતિ માટે આવું કર્યું નથી ને કરશેય નહીં. ખરેખર પત્ની પાસેથી કેવી રીતે આદરમાન મેળવવું તેની શંકરને ખબર જ નથી.'

જ્યારે તે પોતાના બેડરૂમમાં ગયો ત્યારે મૃદુલા છત ભણી જોઈ રહી હતી ને તેની આંખમાં આંસુ હતાં. જેવો તેણે સંજયને જોયો, તે મહેમાનો માટેના બેડરૂમમાં ગઈ અને બારણું બંધ કરી દીધું. એક પણ શબ્દ બોલવાની તેને તક ન મળી.

જ્યારે સંજય સવારના નાસ્તા માટે જમવાના ટેબલ પર પહોંચ્યો, ત્યાં ખાવા માટેની કોઈ જ વસ્તુ નહોતી. રસોઇયણ શાકામ્મા ઘરમાં આવી એટલે તેણે તેમને કૉફી બનાવવાનું કહ્યું. તેણે તેને પૂછ્યું : 'સર, નાસ્તામાં શું બનાવું?'

'તમે મને કેમ પૂછો છો? મૅડમને પૂછો.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'ના, સર, છેલ્લા બે દિવસથી તેમણે કશું ખાધું જ નથી. મને તેમની ખૂબ ચિંતા થાય છે. મને લાગે છે તેમની તબિયત જરાય સારી નથી. તમે પાછા આવી ગયા તેથી મને થોડી રાહત થઈ.'

સંજયને હવે ખરેખર ચિંતા થવા લાગી. આવું પહેલી જ વાર બન્યું છે. તે ઊભો થયો અને મૃદુલાના રૂમનો દરવાજો ખખડાવ્યો, પણ તેણે દરવાજો ન ખોલ્યો. નોકરોની સામે કોઈ નાટકનું દશ્ય ભજવાય એવું એ ઈચ્છતો નહોતો. તેથી તે બહુ જ શાંતિથી હૉસ્પિટલ ગયો અને ત્યાં રોઝમેરીને મળ્યો. તેણે કહ્યું : 'સર, મૅડમને શું થયું છે? મેં તમારે ઘેર ફોન કર્યો પણ ત્યાં તો આન્સરિંગ મશીન જ જવાબ દેતું. થોડા દિવસ પહેલાં તેમને કેટલાક દસ્તાવેજ જોઈતા હશે તેથી અહીં આવ્યાં હતાં. મેં તમારા કબાટની ચાવી એમને આપી. તે પછી તેઓ કબાટને બંધ કર્યા વગર અને મને કહ્યા વગર જતાં રહ્યા.'

તેણે બધી ચાવીઓ સંજયને આપી દીધી. હવે સંજયને બધી જ વાત સમજાઈ ગઈ. મૃદુલાએ ફાઇલ જોઈ હશે અને લક્ષ્મીની મિલકતની તેને જાણ થઈ હશે. પણ તેને કંઈ ચિંતા ન થઈ. તેણે વિચાર્યું, 'મેં જે કર્યું છે તેમાં ખોટું શું છે? લક્ષ્મી મારી બહેન છે ને જ્યારે મારી પાસે કશું જ નહોતું, હું તેના ઘેર બે વર્ષ રહ્યો હતો. તેને પોતાનું ઘર પણ ન અપાવી શકે તેવો નકામો પતિ મળ્યો છે ને અનિલ પણ કંઈ સારો દીકરો નથી. મેં તો એને બ્લૅકમની જ આપ્યા છે. મૃદુલા ફરિયાદ કરશે કે મેં તેને આ વાત કહી કેમ નહીં? પણ મારે તેને બધી જ વાત કરવી એવું થોડું છે? તે કહેશે કે દરેક જણે પોતે જ પૈસો કમાવો જોઈએ. પણ તે તેનું તત્ત્વજ્ઞાન છે, તેની માન્યતા છે, મારી નહીં. હું સંજય છું, બેંગ્લોરનો સૌથી સફળ ડૉક્ટર ને હું મારી તાકાત પર પૈસો કમાયો છું. મારે કંઈ કોઈ પાસે એની વાત કરવાની જરૂર નથી. મૃદુલા આમ દુ:ખી થાય તો તે માટે હું જવાબદાર નથી. તેને પૈસાની જરાય કમી નથી. મારા પૈસાનું મારે શું કરવું તેનો નિર્ણય કરવાનો મને હક્ક છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સાંજે જ્યારે સંજય પોતાની ગાડીમાં ઘેર આવ્યો ત્યારે મૃદુલાના પ્રશ્નોના જવાબો માટે તે માનસિક તૈયાર હતો. પણ તે તેને ઘરે પહોંચ્યો ત્યારે મૃદુલાએ પોતાનાં બિસ્તરા પોટલાં ગેસ્ટ રૂમમાં ખસેડી દીધાં હતાં અને ફરીથી તે બંધ કરી દીધાં હતાં. ત્યાં કોઈ સવાલજવાબ નહી કે ન કોઈ વાતચીત, માત્ર વિચિત્ર પ્રકારની બિહામણી શાંતિ હતી.

એ પછીના થોડા દિવસો દરમિયાન જ્યારે સંજય ઘેર હોય ત્યારે મૃદુલા ગેસ્ટ રૂમમાં જ રહેતી. તેને પથારીમાંથી ઊઠવાનું પણ મન નહોતું થતું કે નહોતું તેને વાળ ઓળવાનું મન થતું કે ન તેને શાળાએ જવાનું મન થતું. તે સતત રડ્યા કરતી ને કોઈનેય મળવા માંગતી નહોતી. તેની ભૂખ મરી ગઈ'તી. તેને વાતો કરવી હતી પણ ત્યાં

તેની સાથે વાતો કરે તેવું કોઈ નહોતું. તેના પિતા હતા પણ તે ખૂબ વૃદ્ધ હતા ને આ બાબતમાં તે તેમને મુશ્કેલીમાં મૂકવા નહોતી માંગતી. તેને માત્ર અનિતામાં ભરોસો હતો જે પોતે જ પોતાના પ્રશ્નોનો સામનો કરી રહી હતી. તો પણ મૃદુલાએ તેને મળવાનું નક્કી કર્યું,

તે જ્યારે અનિતાને ઘેર પહોંચી, ત્યારે ત્યાં પણ સર્વત્ર અકળાવનારી શાંતિ હતી. અનિતા તેને ભેટી અને મૃદુલાના ખભા પર ખૂબ જ પ્રેમથી પોતાનો હાથ મૂક્યો પછી તેણે કહ્યું : 'જરૂર કંઈક થયું હોવું જોઈએ જેથી તું મને મળવા આવી છે. તું બહુ અસ્વસ્થ લાગે છે. શું થયું છે?'

અનિતાની સાચી લાગણી, નિસ્બત જોઈને મૃદુલા પોતાની જાત પર લાંબો સમય કાબૂ ન રાખી શકી અને મોટેથી રડવા લાગી. રડતાં રડતાં મૃદુલાએ બધી જ વાત અનિતાને કહી. અનિતા હસી અને તેણે બહુ ધીમેથી કહ્યું : 'મૃદુલા, રડીશ નહી. આ જીવનનો જ શો અર્થ છે? જે અસ્તિત્વ ધરાવે છે તેનો નાશ જરૂર થાય છે. સંજયે તને છેતરી છે પણ હું માનું છું આવા ખોટા પૈસા લક્ષ્મીને લાંબા ગાળે મદદ નહી કરે.'

'અનિતા, વાત પૈસાની નથી. પૈસા તો કમાવાય ખરા ને ગુમાવાય પણ. પૈસા તો આવે ને જાય. પણ પતિમાં પત્નીને વિશ્વાસ હોવા અંગેની આ વાત છે. પતિ પત્નીના અરસપરસના વિશ્વાસનો આ પ્રશ્ન છે. પૈસા આપે સો ના કરતાં આ ઘણો મોટો પ્રશ્ન છે. વિશ્વાસ લગ્નજીવનનો પાયો છે અને તે કુટુંબમાં આનંદ લાવે છે. તેના વગર આપણે કશું જ નથી. સંજય આમ વિશ્વાસભંગ કેવી રીતે કરી શકે? મેં તેનામાં મૂકેલી શ્રદ્ધાને તે કેવી રીતે તોડી શકે? – પ્રશ્ન આ છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'મૃદુલા, સંજયને માત્ર તારો જ ન માન. બીજા માણસો સાથે પણ તેને લાગણીના સંબંધો હોય. તે દરેકને સુખી કરવા ઇચ્છે છે.'

'અનિતા, હું તે જાણું છું. તેથી જ મેં તેના કુટુંબીજનો સાથે સંબંધ સાચવી રાખ્યો છે. તેઓ સાવ ઉષ્માહીન છે. મારી ઉપેક્ષા કરતા હતા તો પણ મેં સંબંધ સાચવ્યો છે. તેણે કયા હેતુથી આવું કર્યું તે તો મને કહેવું જોઈએને! તેને ખબર છે કે છેલ્લે તો હું સંમત થવાની જ છું તો પછી તેણે મને આવી રીતે કેમ છેતરી?'

'જર, જમીન અને જોરુ – આ ત્રણ વસ્તુઓ કુટુંબના સુખનો અંત લાવી દે છે. આપણે બંને જુદી જુદી રીતે છેતરાયાં છીએ. માત્ર ઈશ્વર પરની શ્રદ્ધા જ તારી શાંતિને ટકાવી શકશે.'

'પણ કેવી રીતે? શું કરવું એ જ મને સમજાતું નથી. મને મારા ઘરમાં રહેવું જ ગમતું નથી કે મને સંજય સાથે વાત કરવાનું મન પણ થતું નથી. હું ક્યાં જાઉં? આ બધું

થાય તેમાં શિશિર શું વિચારશે? ક્યારેક મને થાય છે કે હું મરી જાઉં પણ મને ખબર છે કે એ સાચો ઉકેલ નથી.'

'મને સાંભળ. ઈશ્વર ભણી જા. તેમને પ્રાર્થના કર કે તે તને સાચો રસ્તો બતાવે.'

મૃદુલાને સમજાઈ ગયું કે અનિતા સાથે વધારે વાત કરવાનો કશો અર્થ નથી, એટલે એ ત્યાંથી નીકળી ગઈ.

તેની વ્યથા જરાય ઘટી નહોતી. તેને લાગ્યું કે જે તેને દીકરીની જેમ ચાહતું હોય તેવી કોઈ મોટી વ્યક્તિ સાથે તેણે વાત કરવી જ પડશે. તે ખૂબ રડવા ઇચ્છતી હતી અને તે કહેવા માંગતી હતી કે પોતે કેટલી બધી અપમાનિત થઈ છે અને કેટલી બધી છેતરાઈ છે. તેણે કાન્તામ્મા સાથે વાત કરવાનું નક્કી કર્યું.

થોડા દિવસ પછી મૃદુલા કાન્તામ્માને મળવા ગઈ. તેને જોતાં જ કાન્તામ્માએ તેને આવકારતાં કહ્યું : 'આવ, આવ મૃદુલા. ઘણાં સમયે તને જોઈ.'

મૃદુલા અંદર ગઈ અને પલંગ પર બેઠી. કાન્તામ્મા હસ્યાં અને બોલ્યાં : 'શિશિર કેમ છે?'

'સરસ!'

'મૃદુલા, તું બહુ ફિક્કી લાગે છે બેટા, કોઈ મુશ્કેલી છે?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

આવા શબ્દો સાંભળીને તે જ ક્ષણે મૃદુલા રડવા લાગી. તે બધી જ બાબતોની ચર્ચા કરવા માંગતી હતી. પણ કેટલીક વાતો તેણે અંદર છુપાવી રાખી. કાન્તામ્માએ પૂછ્યું, 'મૃદુલા, તું કેમ રડે છે? શું તારે તારા પતિ સાથે ઝઘડો થયો છે? ખરેખર તારો પતિ ખૂબ સારો માણસ છે. એણે તને ખરાબ લાગે તેવું કહ્યું તો નહીં હોય. એ ગમે તેવું તો બોલ્યો નહીં હોય. તે ભાગ્યે જ બોલે છે. તો શિશિરે તને કંઈ કહ્યું? ઓહ! આ ઉંમરે બાળકો ગમે તેમ બોલતાં હોય છે અને પોતે શું કહ્યું તે પણ સમજતાં નથી હોતાં. તેને માફ કરી દે.'

પણ મૃદુલાએ એક હરફ પણ ન ઉચ્ચાર્યો. કાન્તામ્મા તેના બોલવાની રાહ જોઈ રહ્યાં. પણ તે કશું ન બોલી, એટલે કાન્તામ્મા તેને માટે કૉફી બનાવી લાવ્યાં અને પોતાની વાતો ચાલુ રાખી: 'ભરતી ને ઓટ એ તો જીવનનો ક્રમ છે. પણ સ્ત્રીએ ખૂબ જ ધીરજ રાખવી પડે તો જ ઘરમાં શાંતિ ટકી શકે. સીતાને યાદ કર. તેણે ખૂબ જ સહન કર્યું છતાંય તે મુશ્કેલીઓનો સામનો કરતી રહી, તે મક્કમ રહી હતી. દ્રૌપદીને યાદ કર. જો દેવીઓને પોતાને આટલું બધું સહન કરવું પડ્યું તો આપણે કોણ? આપણી શી વિસાત? તું મારા પતિને તો જાણે છે ને! તે ઘણાં લાંબા સમય સુધી આચાર્ય રહ્યા હતા

ને ઘરમાં પણ તે ખૂબ જ કડક હતા. મારાં બાળકોની તેમણે જરાય ચિંતા કરી નથી. પણ હું એમના કહ્યા પ્રમાણે કરતી ને વાત ત્યાં જ પૂરી થઈ જતી.'

કાન્તામ્માનાં જીવનમૂલ્યો વિશેના ખ્યાલોથી મૃદુલા ખૂબ જ નિરાશ થઈ. તેને સમજાઈ ગયું કે તે તેને માત્ર સંજયને અનુકૂળ થઈને રહેવાનું કહી રહ્યાં છે. કાન્તામ્મા પોતાનું દુ:ખ નહીં સમજી શકે. છતાંય મૃદુલા રડવાનું બંધ ન કરી શકી. કાન્તામ્માએ શાંતિથી અને સ્પષ્ટતાથી કહ્યું : 'રડવું એ ઉકેલ નથી. હિંમત રાખ. ઈશ્વરની તારા પર કૃપા હો અને ડૉક્ટર તારું ગૌરવ જાળવે એવું થાવ. તારાં સાસુ પણ તારી સાથે રહેતાં નથી. બીજા લોકો સામે જો. મોટા ભાગના લોકો તારા કરતાં પણ ખરાબ રીતે જીવે છે. તારી પાસે જે છે તેમાં ખુશ રહે.'

મૃદુલાએ વાત બદલતાં કહ્યું : 'મુનિઅપ્પા સર ક્યાં છે?'

'તે કોલાર ગયા છે. અમારી પાસે એક સો ઘેટાં છે. તેમના ભાઈ તેની દેખભાળ કરે છે. થોડા દિવસ પહેલાં અમે હિસાબની વાત કરી તો તેમના ભાઈએ કહ્યું કે ઘેટાં મરી ગયાં છે. અમને ખબર નથી કે તેમણે તે વેચી નાંખ્યાં છે કે નહીં? મારા પતિ તેની ચકાસણી કરવા ગયા છે. મેં તારા સરને કહ્યું કે ઘેટાંની વાત ભૂલી જાઓ અને કોઈ નવા પ્રશ્નો ઊભા ન કરશો. પણ તેમણે મારું કહ્યું સાંભળ્યું જ નહીં. પણ હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે તેમની કાળજી લે. તેની સમસ્ત પર કરુણા સતત વરસતી રહે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

ગમેતેમ, મૃદુલા ત્યાં લાંબો સમય બેસી શકી નહીં. તે ત્યાંથી જવા તૈયાર થઈ ત્યારે કાન્તામ્માએ તેને પુષ્પો, એક બ્લાઉઝ પીસ અને કંકુ આપ્યાં. મૃદુલાને તે લેવામાં ક્ષોભ થયો. તેથી કાન્તામ્માએ બહુ જ ભાવપૂર્વક કહ્યું કે, 'આજે શુક્રવાર છે અને તું મહાલક્ષ્મી સ્વરૂપ છે. જ્યારે તું બેંગ્લોર આવી, તારા પતિ પાસે કશું જ નહોતું. તેને માટે તું બહુ જ સારું ભાગ્ય લઈને આવી છે. તને આ કંકુ આપવું એ શુકન છે, માટે મહેરબાની કરીને ના ન પાડતી.' કાન્તામ્માનાં પ્રેમે તેની આંખમાં આંસુ લાવી દીધાં ને મૃદુલાએ તેમની ભેટ સ્વીકારી લીધી.

એ જ ભગ્નહૃદયે તે ઘેર પાછી આવી. જ્યારે તે ઘરમાં દાખલ થઈ રહી હતી ત્યારે ફોનની રિંગ વાગી રહી હતી. તે સરલાનો ફોન હતો. તેનાં ઘરડાં માતાપિતા હુબલીથી આવ્યાં હતા ને તેઓ મૃદુલાને મળવા ઇચ્છતાં હતાં. સરલાએ આગ્રહ કર્યો કે તે તેઓને મળવા આવે જ ને તે સતીશને તેને લેવા મોકલે છે. મૃદુલાને ક્યાંય જવાની ઇચ્છા નહોતી પણ સરલાએ ખૂબ આગ્રહ કર્યો.

થોડા સમય પછી સતીશ મૃદુલાને લેવા આવ્યો. જ્યારે બારણાની ઘંટડી વાગી ત્યારે તે રડતી હતી. તેણે બહુ ઝડપથી પોતાનું મોં ધોઈ નાંખ્યું અને બારણું ઉઘાડ્યું. સતીશ બહુ જ ચતુર અને સંવેદનશીલ હતો. તેના ધ્યાનમાં આવી ગયું કે તે રડી હતી, પણ તે શા માટે રડતી હતી તેવું તેણે ન પૂછ્યું. તે પૂછી શક્યો નહીં. હવે તેમની વચ્ચે

પહેલાં કરતાં અંતર વધી ગયું હતું. તેને યાદ આવ્યું, 'જ્યારે મૃદુલા યુવાન છોકરી હતી, ત્યારે હું તેને પ્રેમ કરું છું એ બાબત સિવાય અમે બધી જ વાતોની ચર્ચા કરતાં. પણ આજે તે કોઈકની પત્ની છે.'

સતીશે કહ્યું : 'મૃદુલા, આજે તારે અમારી સાથે જમવા આવવું જ પડશે.'

મૃદુલા તો જવા જ ઇચ્છતી નહોતી. તેણે કહ્યું :

'સતીશ, તિરુપતિ જવાની તૈયારીઓ કેવી ચાલે છે?'

'સારી. પ્રસન્નાએ ભગવાનનાં દર્શન સમેતની બધી જ જાણકારી ભેગી કરી લીધી છે. તેથી અમારે ખાસ કંઈ કરવાનું રહેતું નથી.'

'તમે કયા સમયે તિરુપતિ પહોંચશો?'

'વહેલી સવારે. પણ શૈલા અને હું પગથિયાં ચઢીને જઈશું.'

'શા માટે?'

અચકાતાં અચકાતાં સતીશે કહ્યું : 'ગયા વર્ષે શૈલા માંદી હતી ત્યારે મેં પ્રાર્થના કરેલી અને માનતા માનેલી કે તે સાજી થઈ જશે તો હું તિરુપતિ પગથિયાં ચઢીને જઈશ.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'તો તો તારે એમ કરવું જ જોઈએ. પણ શૈલાએ પગથિયાં શા માટે ચઢવા જોઈએ?'

સતીશ થોડો શરમાયો અને બોલ્યો : 'અરે મૃદુલા, તે મારી પત્ની છે, મારી અર્ધાંગી છે. હું એકલો કેવી રીતે જઈ શકું? તેને ખબર છે કે તેના વગર હું કંટાળી જઉં.'

મૃદુલાને થયું, 'વીસ વર્ષના લગ્નજીવન પછી પણ તેમના જીવનમાં મીઠાશ છે, તાજગી છે.' મૃદુલાને પહેલીવાર ઈર્ષા થઈ. તેઓ કેવું જીવે છે તે જાણવાની તેને ઇચ્છા થઈ. તેણે પૂછ્યું : 'શું બધાં કામો તમે સાથે રહીને જ કરો છો?'

'હા. શૈલા પણ કામ કરે છે. તેથી અમે બધાં કામ સરખે ભાગે વહેંચી લીધાં છે.'

'ખર્ચાની ગોઠવણ તમે કેવી રીતે કરો છો?'

આવો પ્રશ્ન સાંભળીને સતીશને નવાઈ લાગી. તેણે શાંતિથી કહ્યું : 'મૃદુલા, અમે તારા જેટલાં ધનવાન નથી. અમે અમારી માસિક આવકમાંથી, પગારમાંથી જીવીએ છીએ. અમે ભેગા થઈને અમારો કેટલો ખર્ચો છે તે ગણીએ છીએ, થોડા પૈસા બચાવીએ છીએ અને બાકીના વાપરીએ છીએ. અમારે બે દીકરીઓ છે. ઘર કેવી રીતે ચલાવાય એ પણ તેમણે શીખવું જ જોઈએ. સ્વતંત્ર રીતે કઈ રીતે જીવવું તે પણ તેમણે શીખવું

જોઈએ. મારી દરેક દીકરીને કામ સોંપવામાં આવ્યાં છે ને તે માટે તેમને પૈસા આપવામાં આવે છે.'

મૃદુલા શાંત રહી. આવી કોઈ યોજના તેના ઘરમાં ચાલી જ ન શકે કારણ કે સંજયને બધું જ પોસાય તેમ છે. સતીશે ચાલુ રાખ્યું. 'રોજ સવારે અમે પોણો કલાક ચાલવા જઈએ છીએ અને અમારા ઘરની બાબતોની ચર્ચા કરીએ છીએ. પછી ઘેર આવી, ઘરમાં જ યોગ કરીએ છીએ. સાંજે જમ્યા પછી પંદરેક મિનિટ અમે દિવસ દરમિયાન શું કર્યું તેની એકબીજાંને વાત કરવામાં ગાળીએ છીએ. વર્ષો થતાં હવે શૈલા મારી ખાસ મિત્ર બની ગઈ છે.'

'સાચે જ?' મૃદુલાએ પૂછ્યું.

'હા, તે સાચું છે.'

'મારાં માતા-પિતા વૃદ્ધ છે ને તેઓ તેમની દુનિયામાં મસ્ત છે. મારી દીકરીઓ પણ સમય આવે જતી રહેશે. તેથી હું શૈલાનો ને શૈલા મારી મિત્ર છે. આ ખરેખર સત્ય છે. તને યાદ છે જ્યારે આપણે બાળકો હતાં ત્યારે 'યક્ષ પ્રશ્ન' પાઠ સાથે મળીને વાંચ્યો હતો?'

મૃદુલાને યાદ હતું છતાંય તેણે ના પાડી. તે સતીશ પાસેથી વધારે સાંભળવા માંગતી હતી. સતીશે કહેવાનું ચાલુ રાખ્યું : 'એમાં એક પ્રશ્ન હતો કે સ્ત્રી માટે કે પુરુષ માટે સારામાં સારો મિત્ર કોણ હોઈ શકે?' તો તેનો જવાબ હતો : 'પત્ની તેના પતિ માટે અને પતિ તેની પત્નીનો સારામાં સારો મિત્ર છે.' હવે સાંભળ. હું આમાં સંમત છું. પતિ અને પત્નીએ દરેક વાતની એકબીજા સાથે ચર્ચા કરવી જોઈએ, બંનેએ બધી વાતોને વહેંચવી જોઈએ, સાથે બેસવું જોઈએ અને પ્રશ્નોનો, સમસ્યાઓનો, સંઘર્ષોનો નિકાલ લાવવો જોઈએ. નહીતર સંબંધ કેવી રીતે વિકસી અને ટકી શકે? કુટુંબ સુખી કેવી રીતે થઈ શકે?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મનની આવી અજંપાભરી હાલતમાં સરલાના ઘરે ભોજન માટે ન જવું એવું મૃદુલાએ નક્કી કર્યું. જિંદગીમાં પહેલી જ વાર તેણે બીજા માણસ, બીજા પુરુષ વિશે વિચાર્યું. સતીશના ગયા પછી તેને નવાઈ લાગી, 'જો હું કદાચ સતીશને પરણી હોત તો હું આજે છું એટલી ધનવાન ન હોત, પણ હું સંતોષપૂર્વક જીવન જીવી હોત.

સંજયને મળ્યા પહેલાં જો સતીશે પોતાનો પ્રેમ મારી પાસે પ્રગટ કર્યો હોત, તો આખી વાત જ જુદી હોત. પૈસા અને સુખ વચ્ચે કોઈ જ સંબંધ નથી. હકીકત એ છે કે સતીશ બધી વાતો વહેંચે છે અને સંજય કશું કહેતો નથી, કોઈ વાતચીત કરતો નથી. અરે! તેની લાગણીઓ, ભાવનાઓ કે વ્યથાઓ – કશું જ તે વહેંચતો નથી. પણ સતીશ તે સમજી શકે છે. તે સંતોષી છે તેથી જ તે હજી સુધી કૉલેજમાં અધ્યાપક તરીકે કામ

કરી રહ્યો છે. સમજુ ને સંતોષી માણસ પોતાનો આનંદ, પોતાનું સુખ વહેંચે છે. જ્યારે સંજય જેવો અસંતોષી માણસ અજંપો અને થાક વહેંચે છે.'

મૃદુલાએ અલાદહલીની કોયલ જેવું અનુભવ્યું. કોયલની ચારે બાજુએ કેરીઓ પાકી ગઈ હોય, પણ તે ખાઈ શકે તેમ ન હોય. કદાચ કોયલ ખરેખર દુ:ખી હોય.

મૃદુલાએ ધીમો નિસાસો નાંખ્યો.

❑

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મૂંગું રુદન

ગુડુલાએ વહેલા ઊઠીને પોતાનું રોજિંદું કામ અને ઘરની દેખભાળ કરવાનું બંધ કરી દીધું. તે એકાંતમાં છાનીમાની રડ્યાં કરતી. તે ખૂબ હતાશ થઈ ગઈ હતી. સંજય જ્યારે હૉસ્પિટલ જવા ઘરમાંથી નીકળે ત્યારે તે પથારીમાંથી ઊઠતી, સ્નાન કરતી, પછી વરંડામાં બેસતી ને આકાશ સામું જોયા કરતી. તેને દરેક પર ગુસ્સો આવતો, જ્યારે તેમની પાસે પૈસા નહોતા ત્યારે તે કેવી રીતે ઘર ચલાવતી હતી તે યાદ કરતી. તે વખતે તેની પાસે બધી જ નાણાકીય માહિતી હતી. હવે તેને થાય છે કે કશું વિચારવાનું જ નથી રહ્યું. આજ સુધી સંજયે તેની જાણ બહાર ક્યારેય તેમના ખાતામાંથી પૈસા લીધા નથી. તે હજી એવું જ માને છે કે નાણાકીય હેરફેર બધી તે જ કરે છે. પણ હકીકતે, તે વખતે સંજય સમાંતરે બીજે સ્થળે નાણાકીય વહીવટ કરતો જ હતો. તે પ્રામાણિક પતિ છે તેવો દેખાવ કરતો. પણ ખરેખર તો તેણે તેને પીઠ પાછળ ખંજર ભોંક્યું હતું. તેનું લગ્નજીવન હવે ખલાસ થઈ ગયું છે તેવું તેને લાગવા માંડ્યું.

પછી તેણે રોઝમેરી વિશે વિચારવા માંડ્યું અને તેના પર પણ ગુસ્સે થઈ. કબાટમાં રહેતી ફાઈલો અને દસ્તાવેજો પર, બીલમાં ક્યાંક ક્યાંક તેણે રોઝમેરીની સહી પણ જોઈ હતી. તેણે વિચાર્યું. 'તેનો અર્થ તો એટલો જ થાય કે રોઝમેરી બધું જ જાણતી હતી, પણ તેણે મને કહ્યું નહીં. મારાથી તેના માટે થાય તેટલું મેં બધું જ કર્યું. તેના બદલામાં તે શાંત રહી, મને અણસાર સુધ્ધાં આવવા ન દીધો. જોકે બીજી દૃષ્ટિએ જોઈએ તો મારો પતિ જ જો ગુનેગાર હોય તો હું બીજા પર આરોપ કેવી રીતે મૂકી શકું? તેણે તો મારો કશો જ વિચાર કર્યો નથી! સંજયે તો પોતાની આસપાસ એક દીવાલ રચી દીધી છે. હું સાવ એકલી પડી ગઈ.'

એ જ સમયે હૉસ્પિટલમાં એવું થયું કે રોઝમેરીની શિફ્ટ (સમય) પૂરી થઈ છતાંય તે ઘેર ન ગઈ. તે ઘેર જવા ઈચ્છતી જ નહોતી. એનો નકામો પતિ કાં તો ઘોડાઓની રેસમાં અથવા બારમાં જ રચ્યોપચ્યો રહેતો. દીકરી શશીકલા તો ઊટીમાં શાળાની હૉસ્ટેલમાં હતી. લગ્ન પહેલાં તેણે એક પ્રેમાળ કુટુંબની કલ્પના કરી હતી, પણ એ સ્વપ્ન હજી સ્વપ્ન જ રહ્યું હતું.

જ્યારે તે પોતાનાં રોજિંદાં વસ્ત્રો બદલી રહી હતી તેને મૃદુલાનો વિચાર આવ્યો ને તે લાચાર થઈ ગઈ, 'જ્યારે મૅડમે કબાટ ખોલ્યું, મને ખૂબ અજંપો થયો અને હું દુ:ખી પણ થઈ ગઈ. શું તેમને ફાઇલો અને દસ્તાવેજો મળી ગયાં હશે? મારી સાથે વાતચીત કર્યા વગર જવાનું મૅડમના સ્વભાવમાં જ નથી. તે હંમેશા જૉસેફ અને શશિ

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

વિશે પૂછપરછ કરે જ. મૅડમ અને ડૉ. સંજય બંને ખૂબ નમ્ર છે. મૅડમનું હાસ્ય સાચા દિલનું અને લાગણીસભર, અસરકારક હોય છે. લોકોની ભૂલો તે સમજી શકે છે અને તેમને માફ કરી શકે છે. શશિ જ્યારે વર્ગમાં નાપાસ થઈ હતી, ત્યારે મૃદુલા મૅડમે એક પૈસો લીધા વગર તેને ઘરમાં ભણાવી હતી. પછી શશિને ઘણા સારા માર્ક્સ આવ્યા અને બૉર્ડિંગ સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો. તેને માટે શક્ય થયું. મૅડમને જૉસેફની પીવાની આદતની ખબર હતી. શશિના ઉજ્જવળ ભવિષ્ય માટે તેમણે જ શશિને હૉસ્ટેલમાં રહેવા માટે જૉસેફને સમજાવીને તેની સંમતિ લીધી હતી. તે સાચાં હતાં. શશિ હાલ ખૂબ સુખી છે ને ભણવામાંય અસાધારણ છે. જ્યારે મારી બહેન સાયરાને તેના પતિએ તરછોડી દીધી હતી ત્યારે મૃદુલા મૅડમે તેને સીવવાનો સંચો લાવી આપ્યો હતો અને બહેનોનાં વસ્ત્રો સીવવાની દુકાન શરૂ કરી આપવામાં મદદ કરી હતી. એકવાર સાયરાએ દુકાન સરસ રીતે ચલાવવા માંડી, તેનો પતિ પાછો આવ્યો ને દુકાનના મૅનેજર તરીકે કામ કરવા લાગ્યો. પણ અત્યારે બેમાંથી એકેયને મૅડમે કરેલી મદદની યાદ નથી. તેમણે આભાર પણ માન્યો નથી. માત્ર જિસસ ખરી વાત જાણે છે.'

રોઝમેરી વસ્ત્રો બદલી પોતાની બેઠક પર બેઠી. તે સંજય વિશે વિચારવા લાગી, 'માત્ર ડૉ. સંજય જ એવી વ્યક્તિ છે જે મજબૂત રીતે પોતાનું વહાણ હંકારી શકે, સખત કામ કરી શકે અને પોતાના હાથ નીચેનાઓને કંટ્રોલમાં રાખી શકે. તેમને ખુશ કરવા ખૂબ અઘરી વાત છે. તે ખૂબ સારો પગાર અને ઇજાફાઓ આપે છે પણ હાથ નીચેના કોઈ પણ કાર્યકરોને અંગત રીતે મદદ કરતા નથી. તેમના જેવા અધિકારી મળવા એ ઘણી સારી બાબત છે. પણ આવી પ્રકૃતિવાળા પતિ સાથે જીવવું ખૂબ મુશ્કેલ છે. મૅડમ એમની સાથે કેવી રીતે રહી શકતાં હશે? તે કોઈની પણ ભૂલને વર્ષો સુધી યાદ રાખે છે, ભૂલતા નથી. તેઓ તેમની ઇચ્છા પ્રમાણે, તેમની રીતે ને તેમણે આપેલી સમય મર્યાદામાં કામ થાય તેવું જ ઇચ્છે છે. શક્ય છે કે બધા જ સફળ માણસો સ્વાર્થી હોય. પણ બીજા લોકોના જીવનમાં શું થઈ રહ્યું છે એ માટે જોવાજાણવાની શી જરૂર? મારે તો માત્ર મારા જીવન સાથે જ નિસબત રાખવી જોઈએ. જૉસેફ બહુ જિદ્દી છે. જ્યારે અમારાં લગ્ન થયાં ત્યારે તો તે એકદમ સીધો-સાદો જ હતો. પણ જેવું મેં વધારે કમાવા માંડ્યું, તેને ખરાબ આદતો પડતી ગઈ. જેવી કે લૉટરીની ટિકિટો લેવી, દારૂ પીવો વગેરે. આથી જ્યારે સંજય સરે લક્ષ્મી સાથે નવું ખાતું ખોલાવ્યું ત્યારે મને કહેવાનું મન થયું હતું કે તમે કોઈ પણ વાત પત્નીથી છુપાવશો નહીં. જો તેમણે મૅડમને સાચું કહી દીધું હોત તો મૅડમનું તેમના માટેનું માન ખૂબ વધી જાત. પણ હું મારા મનની વાત તેમને કહી શકી નહીં. તેઓ સંપૂર્ણપણે ધંધાદારી સંબંધ જ રાખે છે.'

એકાએક રોઝમેરીને ખ્યાલ આવ્યો કે તેની સામે કોઈ દર્દીનાં સગાં ચેક લઈને ઊભા છે. નવા આવનાર દર્દીના પ્રવેશ માટેનો એ ચેક હતો. દવાખાનાનો એવો નિયમ હતો કે લગભગ અડધોઅડધ એટલે કે સંપૂર્ણ ફીના પચાસ ટકા જેટલી રકમ

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એડવાન્સ રોકડેથી અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ રૂપે આગોતરા ભરવી પડે. જ્યારે રોઝમેરીએ આવનાર ભાઈને કહ્યું કે તમે રોકડેથી અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા પૈસા આપો. ત્યારે તેણે કહ્યું : 'તમે ચેક શા માટે લેતા નથી? શું તમે એમ માનો છો કે અમે ફી નહી આપીએ?'

'એવું નથી. પણ આ તો હૉસ્પિટલનો નિયમ છે.'

'અમારે ડૉક્ટર સાથે ગાઢ સંબંધ છે. અમે તેમની સાથે વાત કરી શકીએ?'

'ચોક્કસ.'

રોઝમેરીએ તેમના તરફ ફોન ખસેડ્યો. સંજય શું કહેશે તે તે જાણતી જ હતી. પણ પેલા માણસે બબડતાં બબડતાં પોતાનું પાકીટ ઉઘાડ્યું અને રોકડા પૈસા આપવા માંડ્યા. પૈસાની લેવડદેવડ પતાવ્યા બાદ રોઝમેરી હૉસ્પિટલ છોડીને નીકળી ગઈ.

થોડા દિવસો બાદ શિશિર રજાઓમાં હરીફરીને પાછો આવ્યો પણ મૃદુલાએ તેને એક શબ્દ પણ ના કહ્યો. તે શિશિર કે સંજય સાથે કોઈ પણ પ્રકારની વાતચીત કરતી જ નહી. પણ રોજ રાત્રે પથારીમાં પડી પડી રડ્યાં કરતી. શિશિર પાછો પોતાનો સામાન બાંધવામાં વ્યસ્ત થઈ ગયો કારણ કે થોડા દિવસ પછી તો તે જવાનો હતો. પોતાને સ્વતંત્ર બનવાની તક મળી હોવાને કારણે તે યુવાન હોવાથી ખૂબ ઉત્સાહી હતો. સંજયે તેને સલાહ આપતાં કહ્યું : 'શિશિર, યાદ રાખજે કે જુદા જુદા માણસો સાથે જુદી જુદી રીતે વર્તવું જોઈએ. તું ઓછો ભાવુક હોવાને કારણે સફળ થવાની તકો તારા માટે વધારે છે. તારા હાથ નીચેના સહાયકો સાથે તારે બહુ અંગત સંબંધ રાખવો જોઈએ નહી. જ્યારે જરૂર લાગે ત્યારે તેમને લઢવું પણ જોઈએ. તારે તારા ઉપરી અધિકારીની નબળાઈ પણ જાણી લેવી જોઈએ. અંગત, ગાઢ મિત્રો સાથે પણ બધી જ વાતોની વહેંચણી ન કરવી જોઈએ. ટૂંકમાં એટલું જ કે, તારે માત્ર તારા વિશે જ વિચારવું જોઈએ.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOOSE1

શિશિરને જવાનો સમય નજીક આવી ગયો. આજે પહેલી જ વાર સંજય અને મૃદુલા પોતાના દીકરાને આવજો કહેવા એરપૉર્ટ પર ગયાં. બાકી તો એરપૉર્ટ પર વિદાય કરવા જવું એ વાત તો હવે લગભગ ભુલાઈ જ ગઈ છે. શિશિર તેના પિતા સાથે ઘણીવાર આંતરરાષ્ટ્રીય પરિસંવાદોમાં જોડાયો હતો. પણ આ વખતે જ્યાં સુધી તેનું ભણવાનું પૂરું ન થાય ત્યાં સુધી તેણે એકલાએ જ ઇંગ્લૅન્ડ રહેવાનું હતું. પણ જ્યારે સ્કૂલમાં રજાઓ પડશે ત્યારે તેના માતાપિતા તેને મળવા આવશે અને એ રીતે તેમને તે વારંવાર મળી શકશે તેવું આયોજન તો કરવામાં આવ્યું જ હતું. શિશિર ગયો તેને મૃદુલા જોતી જ રહી ને ત્યાં સુધી તે અસાધારણ રીતે શાંત જ રહી.

❑

સંબંધો

શિશિરે જ્યારે પોતાનાં સ્થળાંતરની પ્રક્રિયા પૂરી કરી ત્યારે તેને જાણવા મળ્યું કે ખરાબ હવામાનને કારણે તેનું વિમાન બે કલાક મોડું ઊપડશે. તેની ટિકિટ બિઝનેસ ક્લાસની હતી તેથી તે, તે લાઉન્જમાં ગયો. ત્યાં મુકાયેલી બધી જ ખુરશીઓ ભરાયેલી હતી. બેસવા માટે એક પણ જગ્યા ખાલી નહોતી. તે બહાર આવ્યો ને તેણે જોયું તો ઇકોનોમી લાઉન્જમાં નેહા પુસ્તક વાંચતી હતી. તેને જોઈ શિશિરને ખૂબ નવાઈ લાગી. તેણે કહ્યું :

'અરે! નેહા? કેમ છે?'

તેણે વાંચવાનું બંધ કર્યું અને તેની સામે જોયું. તેના ચહેરા પર કોઈ પણ પ્રકારના અચરજના ભાવ નહોતા. શિશિરે તેને પૂછ્યું : 'તું ક્યાં જાય છે?'

તે મલકાઈ અને કહ્યું : 'ઇંગ્લેન્ડ.'

'હું પણ ત્યાં જ જાઉં છું! ઇંગ્લેન્ડમાં તું કઈ જગાએ?'

'ઑક્સફૉર્ડમાં. તું ક્યાં જાય છે? તારો શું કાર્યક્રમ છે? શું તું રજાઓ પર છે?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'વા, હું પણ ઑક્સફૉર્ડ જ જાઉં છું.' શિશિર નીચે બેઠો ને તેણે વાતચીત શરૂ કરી. 'શું તું બીજી ચૅસ ચેમ્પિયનશિપ માટે જાય છે?' તેણે કટાક્ષમાં હસતાં હસતાં કહ્યું.

'ના, હું મારા હાયર એજ્યુકેશન માટે જઉં છું.' તે હસ્યો અને ભૂતકાળમાં સરી પડ્યો.

અખિલ ભારતીય યુવા સ્પર્ધા માટે કૉલેજના વિદ્યાર્થીઓનાં બે ગ્રૂપ પસંદ થયાં હતાં. સ્પર્ધાઓ અનેક પ્રકારની હતી, જેવી કે નૃત્ય, નાટક, વકતૃત્વ અને ચેસ. કર્ણાટકમાંથી બે ગ્રૂપ હતાં – એક બેંગલોરનું અને બીજું ગ્રૂપ ચિત્રદુર્ગા ગામનું. સરકારી યુવા વિભાગના સાવ ફિક્કા અને શુષ્ક મકાનની ઑફિસમાં પાંચ સભ્યોએ સતત હાજર રહી આ બંને જૂથનાં વિદ્યાર્થીઓની સાથે વાતચીત કરી. દરેક વિદ્યાર્થીમાં એકાદ ક્ષેત્રમાં તો પ્રભુત્વ હતું જ. શિશિર તેની મેડિકલ કૉલેજ તરફથી સારા વકતા તરીકે પસંદ થયો હતો. જ્યારે તેણે ચિત્રદુર્ગાના જૂથને જોયું, તેણે વિચાર્યું, 'શું ખરેખર તેઓ રાષ્ટ્રીય સ્પર્ધા માટે પસંદગી પામ્યાં છે? એક જૂથ ગામડામાંનું હોવું જોઈએ એવા કોઈ નિયમને કારણે તેઓ પસંદ થયા હોવા જોઈએ.'

સરકારી કામકાજોમાં થાય છે તેવું જ થયું. ડિપાર્ટમેન્ટ સેક્રેટરી મોડા આવ્યા અને તેમણે ફૉર્મ્સ વહેંચવા માંડ્યાં. કશી જ પૂર્વભૂમિકા કર્યા વગર તેમણે કહ્યું : 'તમારે પાંચ દિવસ દિલ્હીમાં રહેવાનું છે. તમારા રહેઠાણ અને મુસાફરીની વ્યવસ્થા સરકાર કરશે. વિદ્યાર્થીઓને જે વળતરનો લાભ મળે છે તે પ્રમાણે તમારે ટ્રેનમાં સેકન્ડ ક્લાસ ACમાં મુસાફરી કરવાની છે ને દરરોજનું તમને ૫૦૦/- રૂપિયા ઍલાઉન્સ મળશે. તમારું જમવાનું અને રહેવાનું સરકારી ક્વાર્ટર્સમાં ગોઠવવામાં આવશે. તમે પ્રમાણમાં બધાં મોટાં છો માટે તમારી કોઈ અભ્યાસકીય પ્રવૃત્તિ સિવાયની વધારાની પ્રવૃત્તિ માટે અમે જવાબદાર નથી. યાદ રાખજો કે તમે કર્ણાટકનું પ્રતિનિધિત્વ કરી રહ્યાં છો ને રાજ્યને માટે તમારે ઝળહળતી સિદ્ધિઓ પ્રાપ્ત કરવાની છે. જો તમને આ શરતો કબૂલ હોય તો મહેરબાની કરીને ફૉર્મ પર સહી કરો.'

આજ સુધી સાંભળેલાં બધાં જ વ્યાખ્યાનોમાં આજની આ વાત ઉત્સાહ વધારે કે વિદ્યાર્થીને પ્રેરણા આપે તેવી જરાયે નહોતી. બધાંએ પોતાનાં ફૉર્મમાં સહીઓ કરવા માંડી પણ શિશિરે કહ્યું : 'નિયમો તો બધા બરાબર છે પણ હું ટ્રેનમાં મુસાફરી કરી શકું તેમ નથી. આપણે દિલ્હી પહોંચતા બે દિવસ થાય ને પાછાં આવતાં પણ. એમ કુલ ચાર દિવસ થાય. હું આટલો બધો સમય તેમાં વેડફવા માંગતો નથી. હું મારી રીતે અને મારે ખર્ચે તેની ગોઠવણ કરી લઈશ. તો તેમાં આપને કોઈ વાંધો લે?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સેક્રેટરીને ખબર હતી કે તે કોણ હતો, તેની સામે તુચ્છકારથી જોયું. તેણે મનોમન વિચાર્યું, 'આ છોકરો પૂરેપૂરો ઘમંડી છે.' પણ તેણે શિશિરને કહ્યું : 'જેવી તારી ઇચ્છા. મને લાગે છે સંજય રાવનો તું દીકરો છે?'

'હા. તમે કેવી રીતે જાણ્યું?'

'મેં તારી અરજી જોયેલી ને વળી સરનામા પરથી.' શિશિર પોતાનો સમય વેડફવા નહોતો માંગતો તેથી રૂમની બહાર નીકળી ગયો. પણ તે બહાર નીકળ્યો તે પહેલાં તેણે જોયું કે દસ પ્રતિસ્પર્ધીઓમાં માત્ર બે જ છોકરીઓ હતી. એમાંની એક બેંગ્લોરની માઉન્ટ કાર્મેલ કૉલેજમાંથી હતી. જાતજાતની હરીફાઈઓમાં તેઓ વારંવાર મળતા હોવાથી તે તેને ઓળખતો હતો. બીજી છોકરી એકદમ સાધારણ દેખાવની હતી ને એકદમ સાદા સલવાર-કમીઝ પહેર્યાં હતાં. તેણે બે ચોટલા વાળ્યા હતા. જ્યારે ડિપાર્ટમેન્ટ સેક્રેટરી અને તે વાતો કરી રહ્યા હતા ત્યારે તેણે જોયું હતું કે તે હસતી હતી.

જ્યારે તે ગાડીમાં બેસી પોતાને ઘેર જઈ રહ્યો હતો, તેણે ભાગ લેનારાઓની યાદી પર એક નજર નાંખી. સાદાં વસ્ત્રોમાં સજ્જ થયેલી એ છોકરીનું નામ 'નેહા' છે તેવો તેને ખ્યાલ આવી ગયો. તેને નવાઈ લાગી : 'સરકાર શા માટે આવી છોકરીઓને પસંદ કરે છે કે જેમણે કદાચ આ પહેલાં બેંગ્લોર જેવું શહેર પણ જોયું ન હોય!

રાષ્ટ્રીય કક્ષાની હરીફાઈમાં તેઓ કેવી રીતે પોતાનું પ્રભુત્વ બતાવી શકે? એવું પણ લાગતું નથી કે તે પોતાનાં કોઈ સંબંધને કારણે હરીફાઈમાં આવી હોય.'

પછી તે પોતાના મિત્રો સાથેની રાતની પાર્ટીના વિચારોમાં ગૂંથાઈ ગયો. તેના તરફથી એક મોટી ફેરવેલ પાર્ટી હતી.

સંજય અને મૃદુલા પણ તેમાં હાજર રહ્યાં. જાણે ખરેખર તે કૉલેજ માટે ટ્રૉફી જીતીને આવ્યો હોય તેમ બધાંએ આનંદ કર્યો. મૃદુલાએ કહ્યું : 'હજી સ્પર્ધામાં ગયો નથી. તેં કશી રજૂઆત કરી નથી તો પછી તારા મિત્રો શા માટે આવી રીતે ઉજવણી કરે છે? દબાણનો વધારો એ સ્પર્ધકની રજૂઆત પર અસર કરે છે. તને ખબર છે કે ગ્રીસમાં જૂના જમાનામાં ઑલિમ્પિક રમતો રમાતી ત્યારે વિજેતાઓને માત્ર ઑલિવ વૃક્ષોની એક શાખાનો મુકુટ બનાવી પહેરાવાતો હતો. તે રમતવીરોની રમતને સ્વસ્થ-તંદુરસ્ત અને કુદરતી બનાવતી હતી. તેમાં કોઈની સંમતિની જરૂર નહોતી, સુવર્ણ ચંદ્રકો નહોતાં અને ટેલિવિઝન પણ નહોતું. ત્યારે આવું કશું હતું જ નહીં.'

'મૉમ, સ્ટોપ ઇટ. આ કંઈ ઇતિહાસનો વર્ગ નથી.' શિશિરે જવાબ આપ્યો.

'મૃદુલા, મહેરબાની કરીને આ બધું બંધ કર. આજે યુવાનોને કેવી રીતે પ્રેરણા આપવી, હિંમત આપવી, તેમનામાં આત્મવિશ્વાસ ઊભો કરવો તે તો તને ખબર જ નથી. મને ખબર નથી પડતી કે તારી શાળામાં તું શું ભણાવે છે?'

'હું મારા વિદ્યાર્થીઓને જય અને પરાજય બંને સ્થિતિમાં સ્થિર રહેવાનું શીખવું છું.'

'મૉમ, ડૅડ, મને પાઠ ભણાવવાનું રહેવા દો. તમે બંને ખોટાં છો. મને ખબર જ નથી હું ચંદ્રક મેળવીશ કે નહીં. આ તો જતાં પહેલાં મને ખૂબ આનંદ માણવાની ઇચ્છા હતી. બસ, સૅલિબ્રેટ કરવાનો મારો આ જ માત્ર હેતુ છે.'

બધાં હસવા લાગ્યાં.

બસ, એ રીતે નેહા ને તે ત્યાં પહેલી વાર મળેલો. પોતાની મનગમતી રમત માટે તેઓ દિલ્હી ગયાં. શિશિર માટે દિલ્હી નવી જગ્યા નહોતી. જ્યારે તે નાનો હતો ત્યારે મૃદુલા તેને પહેલી વાર અહીં લાવેલી. એક શિક્ષકની જેમ તે બધાં સ્મારકો, સંગ્રહાલયો વગેરે તેને દેખાડવા માંગતી હતી. જોકે તેને એ જોવામાં કંઈ બહુ મજા નહોતી આવી. તેને તો કુલ્ફી ખાવામાં, ફૂટપાથ પર બેઠેલા ફેરિયાઓ પાસેથી ખરીદી કરવામાં અને એર-કન્ડિશન્ડ પાલિકા-બજારમાં બહુ મજા પડી હતી.

સ્પર્ધા દરમિયાન શિશિરને એ સમજાયું કે ચિત્રદુર્ગાનું ગ્રૂપ બહુ મોટા માર્જિન સાથે આગળ હતું. તેમનું સંગીત સાદું અને લોકસાહિત્યનું છે. પણ તેમની ધૂનો ખૂબ જ સ્વસ્થ, મૌલિક અને અભિભૂત કરે તેવી હતી. તેમના નૃત્યકારોએ ઉચિત રીતે

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એકબીજા સાથે મેળ ખાય તેવાં રંગીન વસ્ત્રો પહેર્યાં હતાં. પોતાની પૂર્વધારણા માટે શિશિરને નવાઈ લાગી અને તેને થોડી શરમ પણ આવી. નેહાએ નહોતો નૃત્યમાં ભાગ લીધો કે નહોતો સંગીતમાં. પણ જ્યારે તેણે પત્ર વાંચ્યો ત્યારે ખ્યાલ આવ્યો કે તે તો ચેસની સ્પર્ધામાં ભાગ લઈ રહી હતી. હવે આ સમયે તેણે વિચાર્યું કે તેણે તેને ઊતરતી ન ગણવી જોઈએ. શિશિરે વકતૃત્વ સ્પર્ધામાં પોતાની ઉત્તમ રજૂઆત કરી. પણ તે સમજી ગયો હતો કે દિલ્હીના યુવકોને તે હરાવી નહીં શકે. તેઓ આ બાબતમાં ખૂબ જ કુશળ હતા. તે બહુ અઘરી સ્પર્ધા હતી. તેને આશ્વાસન ઇનામ મળ્યું તેનાથી પણ તે ખૂબ ખુશ હતો. નેહા ત્રીજા નંબરે આવી હતી. તે ખરેખર તેનાથી પ્રભાવિત થઈ ગયો હતો.

દિલ્હીમાં તેઓ જે પાંચ દિવસ રહ્યાં તેમાં એક દિવસ તેમને રજા આપવામાં આવી હતી. તેથી તેઓ ફૅશન સ્ટુડિયો, બાર અને ચાંદની ચોક જોવા ગયા હતા. બધાં જ જાણતાં હતાં કે શાહજહાંના સમયથી ચાલતી પારથા દુકાન જોવાની અને ત્યાંનું ખાવાની દરેકને ઇચ્છા હતી. પણ નેહા આ ગ્રૂપ સાથે બહાર નહોતી ગઈ. શિશિરને કુતૂહલ હતું કે તે ક્યાં ગઈ હશે? મોડેથી જ્યારે તેણે તેને જોઈ, ત્યારે તેણે પૂછ્યું, 'મેં તને બારમાં કે ફૅશન સ્ટુડિયોમાં જોઈ નહીં. તું ક્યાં ગઈ હતી?'

'હું નેશનલ મ્યુઝિયમમાં ગઈ હતી.'

'મ્યુઝિયમમાં એવું તે શું છે? શું દિલ્હીમાં તું પત્ર તે જ જોવા આવી છે?'

'ના, હું તો સ્પર્ધા માટે આવી છું. પણ જ્યારે હું અહીં દિલ્હીમાં છું તો મને બધાં જ મ્યુઝિયમો જોવાં ગમે. મને તે જોવામાં વધુ રસ છે.

નેહાએ આથી વધારે કશું ન કહ્યું. શિશિર હસ્યો અને બોલ્યો : 'તું મારી મૉમ જેવી છે. તેને પણ મ્યુઝિયમો ખૂબ ગમે છે.'

'ખરેખર? તેઓ શું કરે છે?'

'તે એક સ્કૂલમાં ટીચર છે પણ મારા ડૅડ ડૉ. સંજય રાવ, બેંગલોરના એક અગ્રણી ગાયનૅકોલૉજિસ્ટ છે. 'સમાધાન' નામે ઇન્ફર્ટીલીટી ક્લિનિક વિશે તું કંઈ જાણે છે? મારા ડૅડે તે શરૂ કરાવેલું.'

'ના હોં! એના વિશે મેં કશું જ નથી સાંભળ્યું. સૉરી. હવે મારે જવું જોઈએ.' એના સોયની ધાર જેવા તીક્ષ્ણ શબ્દોએ શિશિરના ઉત્સાહના ફુગ્ગાને ફટાક કરતો ફોડી નાખ્યો.

એ પછી શિશિર નેહાને બેંગલોરમાં બીજી વાર મળેલો. મૃદુલા એક સાંજે બહાર જવા તૈયાર થઈ ગઈ હતી ત્યાં ફોન રણક્યો. શિશિરે તે ઉપાડ્યો તો ખબર પડી કે તે તેમના ડ્રાઇવરનો ફોન હતો. તે મૃદુલાને ડ્રાઇવર જાણ કરવા માંગતો હતો કે તે બીમાર છે તેથી આજે કામ પર તે આવી શકશે નહીં.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

શિશિર તેના મિત્રો સાથે બહાર જવાનો હતો. ત્યાં જ તેને ખ્યાલ આવ્યો કે તેની મા ગૅરેજમાંથી સ્કૂટર કાઢી રહી હતી. તેણે મોટેથી માને કહ્યું, 'મૉમ, વરસાદ પડે તેવું લાગે છે. પણ તું ચિંતા ન કરતી. તારે જ્યાં જવાનું હોય તે કહે, તને હું ત્યાં મૂકી આવીશ.'

મૃદુલાએ ખુશી ખુશી હા પાડી. જ્યારે તેઓ ગાડીમાં હતાં ત્યારે તેણે કહ્યું : 'શિશિર, હું પાછી કેવી રીતે આવીશ?'

'મૉમ, જો તારે તારા ફ્રૅન્ડને ત્યાં બહુ સમય પસાર કરવાનો ન હોય તો હું અડધો એક કલાકમાં પાછો આવી તને લઈ જઈશ. હવે મને કહે કે તારે ક્યાં જવાનું છે?'

'મારા સહકાર્યકર ચંદ્રિકાને ત્યાં ત્યાગરાજ નગરમાં. તેમણે આજે વરલક્ષ્મીપૂજા રાખી છે.'

જ્યારે તેઓ ત્યાગરાજ નગરમાં પહોંચ્યાં, ત્યારે શિશિરને ખ્યાલ આવ્યો કે તેના રસ્તાઓ ખૂબ સાંકડા હતા. તે ક્યારેય આ પહેલાં બેંગલોરના આ એરિયામાં આવ્યો નહોતો. જોકે મૃદુલા તેને રસ્તો બતાવ્યા કરતી હતી પણ ગાડી ચલાવવી તેને માટે અઘરું હતું. મૃદુલાએ જ્યારે કહ્યું કે, 'મારા મોટા ભાગના સહકાર્યકરો અહીં રહે છે. આ શાળાની નજીક છે અને શિક્ષકોના વિસ્તારમાં પોસાય તેવું છે.' ત્યારે શિશિર થોડો અસ્વસ્થ થઈ ગયો.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

જ્યારે તેઓ ચંદ્રિકાના ઘરે પહોંચ્યાં, ત્યારે તે છેક અંદર હતું ને રસ્તો ત્યાં બંધ થતો હતો. શિશિરને ચીઢ ચડી, 'મૉમ, હું મારી ગાડી પાછી કેવી રીતે વાળી શકીશ? આ સાંકડી ગલીમાં એવી કોઈ જગ્યા જ નથી. ઘરનો દરવાજો ખોલે એવું તું કોઈને કહી શકીશ? તો કદાચ કામ થઈ શકે.'

મૃદુલા નીચે ઊતરી, અંદર ગઈ ને જે પહેલું મળ્યું તેને દરવાજો ખોલવાનું કહ્યું. શિશિરના આશ્ચર્ય વચ્ચે નેહા બહાર આવી. તેણે દરવાજો ખોલ્યો અને શિશિરે ગાડી પાછી વાળી. તે હસ્યો અને બોલ્યો : 'હલ્લો! નેહા, તું અહીં કેવી રીતે?'

'આ મારા કઝીનનું ઘર છે. હું પૂજા માટે આવી છું.'

ગાડીમાં બેઠા બેઠા જ શિશિરે પૂછ્યું : 'શું તું ચિત્રદુર્ગાથી માત્ર પૂજા માટે જ આવી છે?'

'મારી બહેન નિરજા પણ બેંગલોરમાં રહે છે. તેથી હું તેને પણ મળી શકું. તું શા માટે અંદર આવતો નથી?'

'ના, મારે મારા ફ્રૅન્ડને મળવાનું છે.'

નેહાને ખૂબ વિચિત્ર લાગ્યું કે તે અંદર પણ ના આવ્યો અને તેણે પ્રસાદ પણ ના લીધો. તેથી તેણે કહ્યું : 'કંઈ નહી તો એકવાર અંદર આવી જા ને આશીર્વાદ તો લઈ લે.'

તેને તો નહોતું જ જવું, ના જ પાડવી હતી પણ તે દરમિયાન ઘરની બહાર બીજા લોકો આવ્યા અને મોટી ગાડી સામે જોવા લાગ્યા. તેથી તેને ક્ષોભ થયો ને તે બહાર આવ્યો. જ્યારે તે અંદર ગયો ને જોયું તો નાની નાની રૂમોવાળું એકદમ મધ્યમ વર્ગનું ઘર હતું. તેમાં ઘણાં માણસો હતા. પણ ઘરની અંદર શિશિરને જોઈ મૃદુલા ખુશ થઈ ને પોતાના મિત્રો સાથે તેની ઓળખાણ કરાવી.

નેહા મીઠાઈ અને ફરસાણની ડિશ લઈ બહાર આવી. શિશિરે કહ્યું : 'ના, મારે કશું ખાવું નથી. મેં ઘણું મોડું લંચ લીધું છે. મહેરબાની કરી મને માફ કરો.'

જો કે તે નેહા સાથે થોડી વધારે વાર વાત કરવા માંગતો હતો, પણ તેને તક ન મળી અને પછી તો તરત જ મા-દીકરો ત્યાંથી નીકળી ગયાં.

રસ્તે પાછા જતાં મૃદુલાએ પૂછ્યું : 'શિશિર, તું નેહાને કેવી રીતે ઓળખે? તે ચંદ્રિકાની ભાણી થાય છે. મને તેને મળવું ખરેખર ખૂબ ગમે છે. તેનાં માતા તે પિતા બંને LICમાં નોકરી કરે છે. તેમને બે દીકરીઓ છે. મોટી દીકરી સૉફ્ટવૅર એન્જિનિયરને પરણી છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'ઓહ, મારે તેના કુટુંબ વિશે કશું જ જાણવું નથી. દિલ્હીમાં જે કોમ્પિટેશન્સ હતી તેમાં તે પણ એક પાર્ટિસિપેન્ટ હતી તેથી હું તેને ઓળખું છું.'

બ્રિટિશ ઍરવેઝની મોટા અવાજમાં થયેલી જાહેરાતને કારણે શિશિર ભૂતકાળમાંથી વર્તમાનમાં આવી ગયો. તેને ખ્યાલ આવ્યો કે નેહાને તે ત્રીજી વાર મળી રહ્યો છે. નેહાએ પોતાની હૅન્ડબૅગ લીધી અને વિમાનમાં જવાની તૈયારી કરી. શિશિરે કહ્યું : 'ઠીક છે. તો હવે આપણે ઑક્સફર્ડમાં મળીશું. મને તારું email ID આપ.'

તેણે માથું હલાવ્યું ને બંનેએ અરસપરસ એકબીજાંને email ID આપ્યાં.

થોડીવાર બાદ તે પણ ગયો અને પોતાના બિઝનેસ ક્લાસમાં ગોઠવાઈ ગયો. તેને નવાઈ લાગી, 'જુદા જ દેશમાં જવાનું નેહાને કેવું લાગતું હશે? ખાસ કરીને તે જે કુટુંબ ને પ્રદેશમાંથી આવે છે ત્યારે ચિત્રદુર્ગાથી ઑક્સફર્ડ જવાનું નેહા માટે મારી જેમ સહેલું નહી હોય. ચોખ્ખા આકાશ નીચે તરતા વહાણ જેવું મારું જીવન છે. હું ઇન્ટેલિજન્ટ છું, મારે સારાં સંબંધો છે. વળી મને બેસ્ટ ગાઈડન્સ મળે છે. ખરેખર નેહાની સખત મહેનતને સલામ! તેને ચોક્કસ સ્કૉલરશિપ મળી હશે ને કદાચ થોડી લોન પણ લીધી હશે.'

આ રીતે વિચારતાં શિશિરને અનાયાસે જ આનંદ થયો. આઠ કલાક બાદ વિમાન લંડન પહોંચ્યું. સામાનની રાહ જોતી વખતે નેહા અને શિશિર ફરી પાછાં મળ્યાં. શિશિરનો સામાન પહેલો આવી ગયો ને તેણે પોતાની બૅગો લઈ લીધી. પછી જ્યાં સુધી નેહાની બૅગો ન આવે ત્યાં સુધી તેને કંપની આપવાનું તેણે નક્કી કર્યું. દુર્ભાગ્યે નેહાની બૅગો આવી નહીં. તે ખૂબ ચિંતા કરવા લાગી. શિશિર ખોવાયેલા સામાન જ્યાં રાખવામાં આવતો હતો ત્યાં ગયો ને ફરિયાદ નોંધાવી. તેને અડધો કલાક રાહ જોવાનું કહેવામાં આવ્યું. જ્યારે નેહાએ આ સાંભળ્યું, ત્યારે તેણે કહ્યું : 'મદદ માટે આપનો ખૂબ ખૂબ આભાર. પણ હું ઇચ્છું છું કે તમે હવે રાહ જોવા ઊભા ન રહો. તમે સમય ન બગાડો.' શિશિર હસ્યો. તેણે કંઈ જવાબ ન આપ્યો. તેને બદલે તેણે નેહાને પૂછ્યું : 'શું લંડનની આ તમારી પહેલી ટ્રિપ છે?'

'હા. ખરેખર તો વિમાનની મુસાફરી પણ આ મારી પ્રથમ વખતની છે.'

'તો પછી તું તારી રજાઓ કેવી રીતે પસાર કરે છે? વૅકેશનમાં તું ક્યાં જાય છે?'

'જ્યાં મારાં પૅરેન્ટ્સ હોય ત્યાં હું હોઉં છું. તેઓની નોકરીમાં બદલી થતી રહે છે. તેઓ ચિત્રદુર્ગાની નજીક રહેવાનો ખૂબ પ્રયત્ન કરે છે. કેટલીકવાર તેમાં તેઓ સફળ થાય છે ને ક્યારેક નથી પણ થતાં. બધો આધાર પરિસ્થિતિ પર હોય છે. પણ હું તેમની મુલાકાત હંમેશાં લઉં છું. બાકી તો હું ચિત્રદુર્ગામાં એકલી જ રહું છું.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'નાનકડા ગામડામાં રહેવાનું તારે માટે મુશ્કેલભર્યું નથી હોતું? બેંગ્લોર જેવા મોટા શહેરમાં એકલા રહેવું એ જુદી વાત છે.'

શિશિરને એકલા રહેવું ગમતું પણ આજે પહેલી વાર તેને સમજાયું કે પૅરેન્ટ્સ સાથે તેને રહેવું ગમે છે. તેને તેમની શિખામણો કે સૂચનો હંમેશાં નહોતાં ગમતાં, પણ તે જાણે છે કે તેઓ તેને બિનશરતી, નિ:સ્વાર્થ પ્રેમ કરે છે અને તેઓ તેની દેખભાળ કરે તે પણ તેને ગમે છે.

નેહાએ તેના વિચારોમાં ભંગ પાડતાં કહ્યું : 'શિશિર, તે કાંઈ અઘરું નથી. મેં ત્યાં મારું કુટુંબ ઊભું કર્યું છે, સંબંધો વધાર્યા છે ને મારા પિતાએ ત્યાં ઘર પણ ખરીદ્યું છે. ભલે તે નાનું છે પણ તે અમારું પોતાનું છે. મને ત્યાં રહેવું ગમે છે. મને મારા સગાંસંબંધીઓની સંગત ગમે છે. તેઓની સાથે હું ઉત્સવોમાં ભાગ લઉં છું ને આનંદ કરું છું.'

'ઑક્સફર્ડમાં તું શું કરવા માંગે છે?'

'હું સોસિયોલૉજી અને હ્યુમન બિહેવિયર વિશે ઊંડો અભ્યાસ કરવા માંગું છું. મને બે વર્ષ માટે ફેલોશિપ મળી છે.'

‘શું તેં ચેસની રમત પણ ચાલુ રાખી છે?’

‘અફકોર્સ. તે તો મારો શોખનો વિષય છે.’

‘UKમાં તારે કોઇ મિત્રો કે સંબંધીઓ છે?’

‘ના. મારા મોટા ભાગના સંબંધીઓ ચિત્રદુર્ગામાં છે અને મારા થોડા કઝીન્સ બેંગ્લોરમાં છે.’

‘તો તો તું પહેલી જ વાર તારા કુટુંબથી દૂર થઇ છે અને આટલે દૂર આવી છે.’

‘હા.’

શિશિરને નેહા માટે ખૂબ જ લાગી આવ્યું. એક એવી છોકરી જે ક્યારેય પોતાના દેશની બહાર ગઇ નથી તે કોઇપણ સંબંધીઓ વગર અને મર્યાદિત આવકમાં ઇંગ્લૅન્ડ જેવા દેશમાં એકલી રહેશે. તેને એકાએક પોતાની માની યાદ આવી. તેણે તેને ઘણી વાર કહેલું તે યાદ આવ્યું, ‘શિશિર, જ્યારે હું બેંગ્લોર આવી, હું મહિનાઓ સુધી રડી હતી. બેંગ્લોરના લોકો કરતાં મારી કન્નડા અને મારો ઉછેર, મારો ભૂતકાળ, મારું બાળપણ ઘણાં જુદાં હતાં. જાણે પરદેશ ગયા હોઇએ તેવું જ આ કહી શકાય. ઘણીવાર હું ઘેર પાછી જવા માંગતી હતી પણ મને સમજાયું હતું કે તારા પિતાનું નિધન બેંગ્લોરમાં ઉજ્જવળ છે. તેથી મેં નવાં મિત્રો બનાવવા માંડ્યાં, તેમની ટેવોનો અભ્યાસ કરવા માંડ્યો, તેમની સંસ્કૃતિનો અભ્યાસ કરવા માંડ્યો. પણ મારા હૃદયમાં તો ગામડું જ જીવતું હતું. મારે માટે ઘર એટલે હંમેશાં અલાદહલી જ રહ્યું છે.’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

શિશિરને વિચાર આવ્યો, ‘વર્ષો પહેલાં જેમ મારી મૉમને થયું હતું તેવું જ અત્યારે નેહાને પણ લાગતું હશે.’ તેણે કહ્યું : ‘હું ઑક્સફર્ડની નજીકની જહોન રેડક્લિફ્ફ હૉસ્પિટલમાં જવાનો છું. તારે જ્યારે કોઇ મદદની જરૂર હોય તો મને કહેજે.’

છેવટે નેહાની બૅગો આવી ગઇ. જેવાં તેઓ ઍરપૉર્ટની બહાર નીકળ્યાં, શિશિરે પૂછ્યું : ‘તું ઑક્સફર્ડ કેવી રીતે જઇશ?’

‘કૉલેજની વેબસાઇટ પરથી મને જણાવવામાં આવ્યું છે કે મારે હિથ્રો ઍરપૉર્ટ પર ઊતરવું, ત્યાંથી ટ્યૂબ (ભૂગર્ભ રેલ્વે) પકડીને ટાઉન જવું અને ત્યાંના સ્ટેશનેથી બસ પકડીને ઑક્સફર્ડ પહોંચવું. હું તેમની સૂચનાઓ મુજબ કરીશ.’

‘તું તેવું શા માટે કરે છે? હું ટૅક્સીમાં જવાનો છું. હું તને પણ તેમાં લઇ જઇ શકું.’

‘ના, હું એવું વિચારતી નથી. મેં તને ઘણો હેરાન કર્યો છે. હું મારી રીતે મારી ગોઠવણ કરી લઇશ.’

શિશિર થોડો ખિજાયો ને મક્કમતાથી કહ્યું : 'નેહા, સમજવાનો પ્રયત્ન કર. આ એક નવો જ દેશ છે. આ કંઈ દિલ્હી જેવું એકલા જઈ શકાય તેવું નથી. હું પણ તારા જેવો ઈન્ડિયન સ્ટુડન્ટ છું જે અહીં ચાર વર્ષ રહીને ભણવા આવ્યો છે. મોટી કૃપા થશે જો તું મારી વાત સ્વીકારશે તો. કેટલીકવાર આવું સ્વીકારી લેવું જોઈએ. મને તને મદદ કરવા દે.'

નેહા એકાદ મિનિટ ચૂપ રહી અને પછી તેણે કહ્યું : 'OK'

તેઓ હિથ્રો ઍરપૉર્ટની બહાર નીકળ્યાં અને ટૅક્સી લીધી. શિશિરને લંડનની બધી જ ખાસિયતોની ખબર હતી અને તે બધી જ વસ્તુની સરળતાથી ગોઠવણ કરી શકતો હતો.

જેવી ટૅક્સી ચાલવાની શરૂ થઈ ત્યારે શિશિરે એ વાતની નોંધ લીધી કે જેમ નાનું બાળક સુંદર રમકડાને પહેલી વાર જે રીતે જુએ તે રીતે, નેહા રસ્તા પર જોતી હતી. સામાન્ય રીતે તેના ચહેરા પર શાંતિ જ પથરાયેલી હોય પણ અત્યારે તે જોઈ શક્યો કે તે કેટલી ઉત્સાહિત છે! તેને લંડન જોઈ આનંદ પામતી જોવાનું શિશિરને ગમ્યું. જ્યારે તેનું હૉસ્ટેલ આવ્યું ત્યારે નેહા પોતાની બૅગો સાથે ઊતરી અને કહ્યું : 'મને આ રીતે લાવવા બદલ થૅન્કયુ. હવે હું મારા રૂમમાં પહોંચી જઈશ.'

શિશિરે હસતાં હસતાં પૂછ્યું : 'તારી પાસે ચાવીઓ છે?'

'અરે હા, મને ખાતરી છે કે ત્યાં ચોકીદાર હશે. તે મને મારો રૂમ બતાવશે અને મને ચાવીઓ આપી દેશે.'

શિશિર હસી પડ્યો, 'નેહા, આ ભારત નથી. અહીં જુદી જ પદ્ધતિ છે. તારે તારા ઍપાર્ટમૅન્ટમાં જવા માટે એક ખાસ પ્રકારની ચાવી હોવી જોઈએ.'

શિશિર નીચે ઊતર્યો, ઍપાર્ટમૅન્ટ ઑફિસમાં વાત કરી, ચાવીઓ મેળવી. નેહા શાંતિથી તેની પાછળ ચાલતી રહી. છેવટે તેણે નેહાને તેના રૂમમાં પહોંચાડી. જેવું તેઓએ એકબીજાને 'આવજો' કહ્યું. નેહાને એકલું લાગવા માંડ્યું. શિશિરે તેની ભીની આંખો જોઈ.

એક અઠવાડિયું પૂરું થયું. નેહાએ પોતાનાં ઍપાર્ટમૅન્ટ અને ફોન નંબર વગેરેની માહિતી email દ્વારા મોકલી. તેણે કહ્યું કે તેણે તેના ક્લાસીસ ઍટેન્ડ કરવાનું શરૂ કરી દીધું હતું. આમ તો તે ખૂબ ઈન્ટિલિજેન્ટ હતી, છતાંય બ્રિટિશ ઉચ્ચારો સમજવા તેને મુશ્કેલ પડતા. શિશિરને બહુ મુશ્કેલી ન પડી. તેની હૉસ્પિટલમાં તેનાથી વધારે અનુભવી બે ડૉક્ટરો કામ કરતા હતા, માત્ર તેમની શિફ્ટનો સમય જુદો હતો. આ ઉપરાંત તેના આ સિનિયર ડૉક્ટરોએ પોતપોતાની ગર્લફ્રેન્ડ્ઝ શોધી લીધી હતી, માત્ર એક જ વર્ષમાં.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

તે સાંજે શિશિરે નેહાને બોલાવી અને બહુ જ નરમાશથી તેને શનિવારે મળવા અંગે પૂછ્યું. તે ઇચ્છતો હતો કે તે કોઈની સાથે વાતચીત કરે. એક જ મહિનામાં, નેહા તો પાણીમાંની માછલી જેવી થઈ ગઈ. તે બરોબર ગોઠવાઈ ગઈ અને તેણે નવા મિત્રો બનાવી પણ દીધા. શિશિર સાથે તેને ખૂબ જ કમ્ફર્ટેબલ લાગતું હતું અને તેને મળવું તેને ગમતું પણ હતું. શિશિરને પણ એવું જ થતું. તે તો એક માત્ર બાળક તરીકે ઊછર્યો હતો ને ક્યારેય કોઈ સાથે કશું વહેંચવાનું, લડવાનું, રિસાવાનું-મનાવાનું, પોતાની સિક્રેટ્સને સિક્રેટ રાખવાનું કે કોઈની સાથે હરીફાઈ કરવાની – એવું કશું થયું જ નહોતું. જોકે તે છોકરાઓ અને છોકરીઓ બધાં સાથે મિત્રતાથી વર્તતો, છતાં તે પોતાને એકલા રાખવાનો પ્રયત્ન કરતો. પહેલી જ વાર એવું થયું કે જેને માટે તેને ખૂબ માન હતું તેને માટે તેને ખૂબ જ લાગણી થઈ, તેની સાથે ગાઢ રીતે જોડાયો.

❑

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

જિંદગી ભણી એક પગલું

મૃદુલાની શાળાનાં કેટલાક શિક્ષકો તેને મળવા આવ્યા. તેણે આજ સુધી આટલી લાંબી રજાઓ લીધી નહોતી અને આજે તેણે માંદગીની રજાઓ માટે અરજી કરી હતી. જ્યારે તેઓ તેને મળવા આવ્યા, દરેકે તેને જુદી જુદી સલાહો આપી. કેટલાકે કહ્યું : 'મૅડમ, જ્યાં સુધી તમારી તબિયત સારી ના થાય ત્યાં સુધી તમે કોઈ હવાખાવાના સ્થળે જાવ અને આરામ કરો. જગ્યા બદલાતાં તમે કદાચ સાજાં થઈ જાવ.' બીજાઓએ કહ્યું : 'જો તમારે પૈસાનો પ્રશ્ન ન હોય તો તમે વર્લ્ડટૂર કરી આવો.' પણ લીલાએ કહ્યું : 'જયનગરમાં હું સ્વામીજીની શિબિરમાં જતી હતી. કેવી રીતે હળવા રહેવું, આરામ મેળવવો તેની તે જુદી જુદી રીતો શીખવતા, યુક્તિઓ સમજાવતા. મને તો ઉપયોગી થઈ પડી હતી. મને લાગે છે તમે પણ પ્રયત્ન કરી શકો.'

'તને લાગે છે કે તેમ કર્યા પછી મારું મન ખુશ રહેશે?'

'મને તો એવું લાગે છે. જો તમારી ઇચ્છા હોય તો હું તમને તેમનું સરનામું આપીશ.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મૃદુલાએ તે શિબિરમાં જવાનું નક્કી કર્યું અને બીજે દિવસે તે ત્યાં ગઈ. જુદી જુદી જગ્યાના અનેક માણસો ત્યાં હતા ને દરેકને પોતાની કોઈ ને કોઈ સમસ્યાઓ હતી. આખરે સ્વામીજી આવ્યા. તેઓ યુવાન, પાતળા અને સ્વચ્છ દાઢીવાળા હતા. તેમનો ચહેરો ખૂબ જ શાંત હતો. તેમણે સફેદ ઝભ્ભો પહેર્યો હતો. તેમણે કહ્યું : 'નિરાશા એ દુ:ખનું મુખ્ય કારણ છે. અનાસક્તિ નિરાશાને હટાવે છે. અનાસક્તિ હોય તો નિરાશા અદૃશ્ય થઈ જાય. અનાસક્તિ જ્ઞાન દ્વારા આવે છે. જ્ઞાનપ્રાપ્તિ ધ્યાન દ્વારા થાય છે, તેથી તમારે ધ્યાન કેવી રીતે થાય તે જાણવું જોઈએ.'

મૃદુલા આ શબ્દનો અર્થ સમજી શકી નહીં. તે માત્ર ફરી સુખી થવા ઇચ્છતી હતી. એક અનુયાયીએ પૂછ્યું : 'સ્વામીજી, હું બહુ ઝડપથી અસ્વસ્થ થઈ જાઉં છું. હું મારા સ્વભાવને કેવી રીતે કાબૂમાં લાવી શકું?'

'તમારા મન દ્વારા. હું તમને કોઈ એક ચોક્કસ પદ્ધતિ કહી ન શકું. કારણ કે દરેક વ્યક્તિએ તે જુદી જુદી હોય. તમારા માટે શું સારું છે તે તમારે જ શોધવું પડે.'

મૃદુલાએ વિચાર્યું, 'જો હું મારા મનને કેવી રીતે કાબૂમાં રાખવું તે જાણી લઉં તો પછી મારે અહીં રહેવાની જરાય જરૂર નથી. જીવનનો આનંદ અને તેનું સૌંદર્ય શામાં છે તેનો રસ્તો જાણવામાં મને રસ છે. પણ હવે મને તો બીજા દિવસના જીવન વિશે વિચારતાં પણ ડર લાગે છે.'

મૃદુલા નિરાશ હૃદયે ઘેર પાછી આવી. બીજા દિવસે સવારે દસ વાગ્યે દરવાજાની ઘંટડી વાગી. તેણે સાંભળી પણ સોફા પર બેસી જ રહી. રસોઇયણ બહેન શાકામ્માએ દરવાજો ખોલ્યો. વાણી હતી. તે ખૂબ ખુશ દેખાતી હતી. તેના હાથમાં કંકોત્રીઓનો થોકડો હતો. જેવું તેણે મૃદુલા સામું જોયું, તેણે હસવાનું બંધ કરી દીધું. તેને ખ્યાલ આવી ગયો કે કંઈક ખોટું થયું છે. તેણે કહ્યું : 'મૅડમ, આ શું? વાત શી છે?'

આઘાત સાથે તે મૃદુલાની બાજુમાં બેસી ગઈ. વાણી એ મૃદુલાની શાળાની વિદ્યાર્થિની હતી. તે ગરીબ હતી. તેના પિતા રિક્ષા ચલાવતા. તેની માતા નથી. તે ખૂબ તેજસ્વી હતી. નાનપણથી જ તે સારા માર્ક્સથી પાસ થતી. જ્યારે તે મૃદુલાની સ્ટુડન્ટ થઈ, મૃદુલાએ તેના પિતાને બોલાવીને કહેલું : 'તેનું ભણતર ના અટકાવશો. તેનું ભવિષ્ય ઉજ્જવળ છે. તે ડૉક્ટર પણ બની શકે તેમ છે.'

'એ સાચું હોઈ શકે પણ મને તે પોસાય નહીં.'

મૃદુલાએ એ અંગે એક દિવસ વિચાર કર્યો. પછી તેણે વાણીના પિતાને ફરી બોલાવ્યા અને કહ્યું : 'તમારી દીકરીને તે MBBS થાય ત્યાં સુધી આર્થિક મદદ હું કરીશ. તમે મને માત્ર વચન આપો કે તે પૂરું ભણી ના લે ત્યાં સુધી લગ્ન તેનાં કરાવશો નહીં.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

વાણીના પિતા મુશ્કેલીથી સંમત થયા.

હવે વાણી ડૉક્ટર થઈ પણ ગઈ. મૃદુલાને એ મા જેવી જ માનતી ને તેને જ વાલી ગણતી. મૃદુલા હજી વાણીને કંઈક કહેવા સક્ષમ નહોતી. તે કેવી રીતે કહી શકે કે બેંગ્લોરના બહુ જ પ્રસિદ્ધ અને માનનીય ડૉક્ટરે તેને છેતરી હતી?

વાણીએ ફરી પૂછ્યું : 'મૅડમ, શું કંઈ ખરાબ થયું છે?'

'ના.'

'તમારી આંખો મને કહે છે કે તમે અસ્વસ્થ છો અને દુ:ખી છો.'

'ના, ના, એવું કંઈ નથી, વાણી.'

વાણીએ પોતાના હાથ મૃદુલાના ખોળામાં મૂક્યા અને બહુ જ નરમાશથી કહ્યું : 'મૅડમ, મારી મા તો વર્ષો પહેલાં મૃત્યુ પામી હતી. હું તમને મારી મા જ સમજુ છું. જો તમે મને તમારી દીકરી માનતા હો તો તમારે મને સાચી વાત કહેવી જ જોઈએ.'

આવા શબ્દો સાંભળી, મૃદુલા રડવા માંડી. વાણીએ મૃદુલાના હાથ ફરી પકડ્યા અને ફરી પ્રશ્ન પૂછ્યો : 'મૅડમ, તમે કેમ રડો છો?'

'હું ખરેખર કંટાળી ગઈ છું. થાકી ગઈ છું.'

‘ઠીક છે. તો તમે મને વ્યાવસાયિક ડૉક્ટર સમજીને બધું કહો.’

‘મારી હથેળીમાં ખૂબ જ પરસેવો થાય છે અને મારી આંગળીઓ ધ્રૂજ્યા કરે છે. આવું વારંવાર થાય છે.’

‘આ સિવાય?’

‘મને ચોવીસેય કલાક રડવાનું મન થાય છે. મને કશું જ કામ કરવાનું મન જ નથી થતું.’

‘હં... પછી?’

‘મારા હૃદયના ધબકારા ખૂબ જ ઝડપી થઈ જાય છે. મને કોઈ વાતમાં કશો રસ જ પડતો નથી. હું જાણે વેરવિખેર થઈ ગઈ છું. રાત્રે ઊંઘી પણ શકતી નથી.’

‘આ સિવાય કંઈ થાય છે?’

‘મને તૈયાર થવાનું કે લોકોને મળવાનું ગમતું નથી. તો હું સાવ એકલી પડવાય ઈચ્છતી નથી. મને બધો સમય નકારાત્મક વિચારો જ આવે છે.’

‘મૅડમ, હું કંઈ બહુ મોટી જાણકાર તો નથી. પણ મને લાગે છે તમારે કોઈ મનોવૈજ્ઞાનિક, માનસિક રોગના ડૉક્ટરને મળવું જોઈએ.’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

છેલ્લા વર્ષે વાણી માનસિક રોગની હૉસ્પિટલમાં કામ કર્યું હતું. મૃદુલાએ ચિંતાપૂર્વક કહ્યું : ‘તો તેનો અર્થ તો એ થયો ગણાય ને કે મારા મગજને, મારા મનને કંઈક થયું છે?’

‘અરે મૅડમ, જો તમે મનોચિકિત્સકને મળો તો તેનો અર્થ એવો નથી કે તમે ગાંડા છો અથવા તમારા મગજમાં કંઈક ખરાબી છે. તમે તો ભણેલાંગણેલાં છો. જો તમે આવી વાતો કરો તો અમે બીજાઓ પાસે શું અપેક્ષા રાખી શકીએ?’

મૃદુલાએ જવાબ ના આપ્યો.

‘મને લાગે છે કે તમારા કોઈ અંગત પ્રશ્નની મારી સાથે ચર્ચા કરવી એ તમારા માટે મુશ્કેલ છે. માટે તમારે કોઈ પ્રોફેશનલ ડૉક્ટરને મળવું જોઈએ. તમને તો ખબર જ છે કે શરીર અને મન એકબીજા સાથે જોડાયેલાં છે. મોટે ભાગે આના ઉપચારો તો બહુ સાદા ને સરળ હોય છે.’

મૃદુલાને ચિંતા થવા લાગી. મનોચિકિત્સક પાસેની માવજત વિશે જાણીને સંજય ને શિશિર શું માનશે? વાણી તેના મનના વિચારોને જાણી ગઈ.

‘મૅડમ, આ અંગે તમારે કોઈનેય કહેવાની જરૂર નથી. માત્ર જાઓ ને ડૉક્ટરને મળો. જો તમે ડિપ્રેશનમાં હશો તો જ તમારે તત્કાળ મદદની જરૂર રહે. મને

ખાતરી છે કે તમે બહુ ઝડપથી સાજા થઈ જશો.'

મૃદુલા શાંત રહી. વાણીએ વિષય બદલતાં કહ્યું : 'મૅડમ, મારી લગ્નની તારીખ નક્કી થઈ ગઈ છે. જો તમે મને મદદ ન કરી હોત તો હું આજે અહીં ના હોત.' તેની આંખો આભારનાં આંસુથી ઊભરાઈ ગઈ. મૃદુલાએ તેનાં આંસુ લૂછ્યાં અને કહ્યું : 'ખરેખર આ ખૂબ જ સારું થયું. લગ્ન પછી તારે શું કરવું તે અંગે કંઈ વિચાર્યું છે?'

'હું આગળ ભણીશ. મારા સર હમણાં જ રિટાયર થયા છે ને તેમણે ખાનગી દવાખાનું ખોલ્યું છે. હું તમને તે વિશેની બધી માહિતી થોડા વખત પછી આપીશ. તેઓ દયાળુ અને અનુભવી છે. તમે તેમને ચોક્કસ મળજો.'

'તારો પતિ શું કરે છે?'

'કૉલેજમાં તે મારાથી આગળ હતો. તે પણ ડૉક્ટર થઈ ગયો છે. થોડાં વર્ષો પછી અમે અમારી પોતાની હૉસ્પિટલ શરૂ કરીશું. તમારે અમારાં લગ્નમાં આવવાનું જ છે અને અમને આશીર્વાદ આપવાનાં છે.'

'હું જરૂર આવીશ.'

વાણીના ગયા પછી મૃદુલાએ તેને માટે પ્રાર્થના કરી : 'દરેક છોકરીનું સ્વપ્ન હોય છે કે તેનું લગ્ન-જીવન સુંદર હોય, પરંતુ ભાગ્ય તે સ્વપ્ન સાચું પડતું નથી. લગ્ન પછીનું જીવન એ જાણે અંધ લડાઈ હોય છે. બહુ જ થોડીક છોકરીઓ નસીબદાર હોય છે. હે ઈશ્વર વાણીને સુખી કરજો.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

બીજા દિવસે મૃદુલા ઓટોરિક્ષા કરીને વસંતકુંજમાં ડૉ. રાવના દવાખાને પહોંચી. પ્રતીક્ષાખંડમાં થોડાંક જ માણસોને બેઠેલા જોઈ તે ખૂબ ખુશ થઈ. સદ્‌ભાગ્યે તેને કોઈએ ઓળખી નહોતી. દસ મિનિટ પછી તેને ડૉક્ટરની ઑફિસમાં બોલાવવામાં આવી.

ડૉ. રાવ ભૂખરા વાળ ધરાવતા ઢીંગણા પણ મજબૂત બાંધાના અને શાંત સ્વભાવવાળા હતા. જાણે તેઓ ઘણા સમયથી મૃદુલાને ઓળખતા હોય તેમ તેની સામે જોઈ હસ્યા. શરૂઆતમાં તો તેને થોડું વિચિત્ર લાગ્યું પણ ડૉક્ટરનું વર્તન જ એવું હતું કે તેને ઘર જેવું લાગ્યું. બહુ જ નરમાશથી એમણે એનું નામ પૂછ્યું.

'ડૉક્ટર, મારું નામ મૃદુલા છે. પણ સૌ પ્રથમ તો મારી એક વિનંતી છે – મહેરબાની કરીને હું આપને મળવા આવી છું એ વાત આપ કોઈને પણ કહેશો નહીં.'

'ચિંતા ના કરીશ. હું નહીં કહું.'

'ડૉક્ટર, હું ખૂબ ડિપ્રેશનમાં આવી ગઈ છું. શું હું સંપૂર્ણ સાજી થઈ જઈશ?'

'તને કોણે કહ્યું કે તું ડિપ્રેશનમાં છે?'

‘માફ કરશો, ડૉક્ટર, મારા અનુભવ પરથી હું જાતે જ તેમ માનું છું. ઇન્ટરનેટ પર મેં મારાં લક્ષણોનો અભ્યાસ કર્યો હતો.’

‘OK, પણ તું સંપૂર્ણ સાજી થઈ જઈશ.’

‘જો તમને વાંધો ના હોય તો હું થોડા પ્રશ્નો પૂછું?’

‘મને જરાય વાંધો નથી. તું જેમ વધારે બોલીશ તેમ વધારે સારું થશે. આ બતાવે છે કે તને સારા થવામાં રસ છે.’

‘ડૉક્ટર, હું બધી જ વસ્તુઓથી થાકી ગઈ છું.’

‘મૃદુલા, તારી જાતને તું પાછી ભૂતકાળમાં ના લઈ જા. તું ઈચ્છે તો રડી શકે છે તેનાથી તારો માનસિક ભાર ઓછો થશે. એટલું યાદ રાખ કે થોડા સમય પછી તું પહેલાં હતી તેવી એકદમ સામાન્ય થઈ જઈશ.’

‘ડૉક્ટર, એ માટે કેટલો સમય લાગશે?’

‘એ તો જેવું ડિપ્રેશન. આ તો દરિયામાંના તરતા બરફના પહાડ જેવું છે. સામાન્ય રીતે બધું મટતાં લગભગ નવ મહિના લાગે છે. તારે મને એક એક દિવસને અંતરે મળવું પડશે.’

‘OK, ફાઇન.’ મૃદુલા હતું કે તે એકાદ અઠવાડિયામાં તો સાજી થઈ જશે, પણ રસ્તો સાંભળીને તે થોડી નિરાશ થઈ.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

‘શું તારા કુટુંબમાં કોઈને ડિપ્રેશનનો રોગ હતો?’

‘મને યાદ છે ત્યાં સુધી કોઈને નહોતું. શું તે વારસાગત હોય છે?’

‘કેટલાક કિસ્સામાં એવું થાય છે. એ સિવાય પણ બહારનાં પરિબળો પણ તેમાં ઘણી અસર પાડે છે. કેટલીક વખત દવાઓ જરૂરી હોય છે ને કેટલીક વાર દવા વગર પણ મટે છે. તારે દવાની જરૂર નહીં પડે.’

આમ મૃદુલાએ ડૉ. રાવને ત્યાં અઠવાડિયામાં ત્રણ વાર જવાનું શરૂ કરી દીધું.

સંજય તેના ધંધામાં વ્યસ્ત રહેતો. મૃદુલા નિયમિતપણે ડૉક્ટરને મળવા જતી તે વાત તે સમજી ન શક્યો. તેનું દૈનિક કાર્ય રાબેતા મુજબ ચાલતું હતું. મૃદુલા સાથે વાતચીતનો પ્રયત્ન પણ એ કરતો નહોતો.

તેમની આ પ્રકારની એક બેઠકમાં ડૉ. રાવે મૃદુલાને તેનાં બાળપણ અને કુટુંબ વિશે પૂછ્યું. તેણે પૂછ્યું : ‘ડૉક્ટર, હું દર્દી છું તો મારા કુટુંબની વિગતોની તમને શી જરૂર છે?’

‘મૃદુલા, હું તારા ડિપ્રેશનનું મૂળ કારણ જાણવા માંગું છું. જો તેની ખબર પડે તો પછી ઉપચાર કરવો સહેલો પડે ને તેની અસર પણ જલદી થાય. મને એટલું કહે, તું જ્યારે તું રસ્તા પરના ઘરવિહોણા માણસોને જુએ છે ત્યારે તને કેવી લાગણી થાય છે?’

‘મને થાય છે કે મારા સિવાયનાં બધાં જ સંતોષી છે.’

‘તને દયા કોના પર આવે છે?’

‘ભિખારીઓ પર. તેઓની પાસે કંઈ જ નથી.’ ને મૃદુલા રડવા લાગી.

‘મૃદુલા, હવે જ્યારે તું આવે ત્યારે તારા પતિને સાથે લેતી આવીશ?’

મૃદુલાએ કશો જ જવાબ ન આપ્યો. તેણે ડૉ. રાવને પોતાનો પતિ કોણ છે તે કહ્યું જ નહોતું. પણ ડૉ. રાવે આગ્રહ કર્યા જ કર્યો, ‘મૃદુલા, મારે તારા પતિ સાથે વાત કરવી જ પડશે. તારા જીવનમાં તેમનું બહુ મહત્ત્વનું સ્થાન છે. તે દરેક વખતે તો સાથે ન આવી શકે પણ મારે ત્રણથી ચાર બેઠકો તો તેમની સાથે કરવી જ પડશે.’ પોતે પોતાના પતિને વાત કરશે તે માટે મૃદુલા સહમત થઈ. જ્યારે તે ઘેર આવી ત્યારે સંજય CNBC પરના સમાચારો જોઈ રહ્યો હતો.

મૃદુલાએ કહ્યું : ‘હું બીમાર છું.’

TVના અવાજને જરાય ધીમો કર્યા વગર સંજયે જવાબ આપ્યો, ‘એમ! શું થયું છે?’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

‘હું ડિપ્રેશનમાં છું.’ થોડું અટક્યા બાદ મૃદુલાએ કહેવાનું ચાલુ રાખ્યું, ‘હું રાવને ત્યાં નિયમિત રીતે જઉં છું.’

‘ક્યારથી?’

‘ત્રણ અઠવાડિયાંથી. ડૉક્ટર તને મળવા માંગે છે.’

સંજય ડૉ. રાવને ઓળખતો હતો. તેણે વિચાર્યું : ‘આ તે કેવી બદનામી! મેં તેને બધું જ આપ્યું તેના બદલામાં તે મનોરોગી થઈ! તેના પ્રશ્નો માટે તે મને જવાબદાર ગણે છે? ઠીક, પણ એ ખોટી છે. મેં તેને માટે કેટલું બધું કર્યું છે? મેં તેને પૂછ્યા વગર મારી બહેનને પૈસા આપ્યા. જો તે કારણસર તે માનસિક બીમાર પડી હોય તો, તો તે બતાવે છે કે તે કેટલી નબળા મનની છે! હું ડૉ. રાવને મળવા નહીં જઉં. ત્યાં વેઇટિંગરૂમમાં હું બેસું તો લોકો મને ઓળખી જાય ને પછી એ સમાચાર ચારેબાજુએ ફેલાઈ જાય. તો પછી મારા દર્દીઓ શું વિચારે? મારી હૉસ્પિટલનું ને મારી પ્રતિષ્ઠાનું શું થાય?’

મૃદુલાએ ફરી કહ્યું : ‘ડૉ. રાવ તમને મળવા માંગે છે.’

સંજયે કોઈ પ્રતિભાવ ન આપ્યો.

મૃદુલા જાણી ગઈ કે તે ત્યાં આવવા ઇચ્છતો નથી છતાં પણ તેણે કહ્યું : 'આવતી કાલે ચાર વાગ્યે હું ત્યાં તારી રાહ જોઈશ.'

બીજે દિવસે ડૉક્ટરે આપેલા સમયે તે પહોંચ્યો નહીં. મૃદુલા થોડી મૂંઝાઈ ગઈ. ગમે તેમ કરી તેણે ડૉ. રાવને કહ્યું : 'સંજયને કોઈ ઇમરજન્સી કેસ આવ્યો હશે.'

ડૉ. રાવ સમજતા હતા. તેઓ હસ્યા અને કહ્યું : 'વાંધો નહીં, આપણી પછીની સીટિંગ વખતે તેને આવવાનું કહેજે.'

જ્યારે મૃદુલા ઘેર ગઈ, ત્યારે તેણે જોયું કે સંજય સાંજનું ભોજન લઈ રહ્યો હતો. તેણે તેને પૂછ્યું : 'તું ડૉક્ટરને ત્યાં કેમ ના આવ્યો? મેં તેમને કહ્યું કે કદાચ તારે ઇમરજન્સી આવી હશે.'

સંજયને તેમાંથી જ જવાબ મળી ગયો અને તેણે કહ્યું: 'હા, ખરી વાત છે. તેમ જ હતું.'

'તો પછીના સીટિંગમાં આવજે.'

'OK'

પણ સંજય ક્યારેય ડૉક્ટર રાવ પાસે ગયો જ નહીં. દરેક વખત મૃદુલા જુદાં જુદાં કારણો આપતી રહી. છેવટે ડૉ. રાવે કહ્યું : 'મૃદુલા, તારો પતિ એકેય સીટિંગમાં આવ્યો નથી. પણ વાંધો નહીં, આપણે તેના વગર કામ કરીશું.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સમય પસાર થતાં મૃદુલાને સારું લાગવા માંડ્યું. હવે ડૉ. રાવ તેને માટે માત્ર ડૉક્ટર ન રહ્યા. તે એક સારા મિત્ર બની રહ્યા. તેમણે તેને ના તો એકેય ઇન્જેકશન આપ્યું કે ના તો દવાની ગોળીઓ. એક દિવસ મૃદુલાએ તેમને કહ્યું: 'ડૉક્ટર, જ્યારે અમારાં લગ્ન થયાં ત્યારે મારા પતિને આ બધું ગમતું નહોતું. પછી હું જ નિર્ણયો કરતી. તેમણે ક્યારેય આર્થિક બાબતની કે પૈસાની ચિંતા જ કરી નથી.

'પછી પરિસ્થિતિ બદલાઈ. તેમણે અભ્યાસમાં જ પોતાનું બધું ધ્યાન આપ્યું અને ખૂબ મહેનત કરી. ત્યારે તેનો હેતુ માત્ર પૈસા જ નહોતો. તમારો નિર્ણય બહુ મહત્ત્વનો હતો. એ પછી તેને ઘણી જ વિકટ પરિસ્થિતિમાંથી પસાર થવું પડ્યું. જ્યાં તે અપમાનિત પણ થયો, કારણ કે તે શક્તિશાળી નહોતો. શક્ય છે કે તેથી તે માનતો થયો હોય કે પૈસો જ શક્તિ છે.'

'ડૉક્ટર, માણસને કૃતજ્ઞતા અને પ્રેમ જેવી લાગણીની પણ જરૂર હોય કે નહીં?'

'ચોક્કસ. પણ રાજકારણ અને ધંધા જેવા ક્ષેત્રોમાં જ્યાં બહુ જ ઊંચા પ્રકારની સ્પર્ધાઓ થતી હોય ત્યાં આ નબળાઈ ગણાય અને બિનજરૂરી વાહિયાત

લાગણીઓ ગણાય. ત્યાં તો લોકો બીજાને પછાડીને ટોચ પર પહોંચવાની સ્પર્ધા કરતા હોય છે.'

'પણ તેની અસર કોઈના કૌટુંબિક જીવન પર પણ પડી શકેને?'

'હા. તે પડી શકે, ને તેમ થાય છે પણ ખરું. ધંધાકીય નિયમો કરતાં કૌટુંબિક નિયમો જુદા હોય છે. તે બંનેને કોઈ એક જ માપથી માપી ન શકે. લાગણી એ સુખી કુટુંબ માટે અનિવાર્ય બાબત છે, પણ સ્પર્ધાત્મક વલણ કુટુંબને વેરવિખેર કરી શકે છે. પુરુષો ધંધામાં લાંબે ગાળે સફળ ત્યારે જ થઈ શકે છે જ્યારે તેને કુટુંબનો આધાર હોય, તેવું આંકડાઓ દર્શાવે છે.'

મૃદુલાએ કહ્યું : 'હા, તેને ટેકો આપવા માટે હું હંમેશાં પ્રયત્નશીલ રહેતી. જે હું ઇચ્છતી તે મારા પતિ ક્યારેય સમજી શક્યા નહી, પણ તેમની બહેન જે ઇચ્છતી તેને તે બરાબર સમજી શક્યા.'

'મૃદુલા, તું શું ઇચ્છે છે?'

મૃદુલા થોડી અટકી. પોતે શું ઇચ્છે છે તે એકદમ સ્પષ્ટ રીતે બતાવવા સમર્થ ન હતી. તેની પાસે બધું જ હોવા છતાં તેને કંઈક ખૂટતું હોય એમ લાગતું હતું.

ડૉ. રાવે બોલવાનું ચાલુ રાખ્યું : 'મોટા ભાગના લગ્નોમાં, સ્ત્રીઓ જાણતી જ નથી હોતી કે તેમને શું જોઈએ છે અને પુરુષો તે જાણવાનો પ્રયત્ન પણ કરતા નથી. એનાથી ઊલટું પણ સાચું હોઈ શકે. છેવટે એકબીજા પર આરોપો મૂકવાનું ચાલુ થઈ જાય. હું તને એક વાર્તા કહું છું તે સાંભળ :

'ઘણાં વર્ષો પહેલાં એક રૂપાળો રાજકુમાર હતો. એક યુદ્ધમાં તે હારી ગયો. વિજેતા રાજાએ તેનો પ્રદેશ લઈ લીધો. તે યુવાન રાજકુમારને રાજા મારી નાંખવા માંગતો હતો. પણ જ્યારે તેણે તેની યુવાની અને બુદ્ધિમત્તા તરફ જોયું, રાજાએ પોતાનો વિચાર બદલી નાંખ્યો.' રાજાએ કહ્યું : 'હું તને એક પ્રશ્ન પૂછીશ. તેના જવાબ માટે તને હું એક વર્ષની મુદત આપું છું. જો તે જવાબ સાચો હશે તો હું તને સ્વતંત્ર કરી દઈશ અને તારું રાજ્ય તને પાછું આપી દઈશ. નહીતર તારો વધ કરીશ.'

રાજકુમારે પૂછ્યું : 'પ્રશ્ન કયો છે?'

'સ્ત્રી પુરુષ પાસે શું ઇચ્છે છે?'

રાજકુમારે અનેક રાજ્યોમાં રખડવા માંડ્યું, ફરવા માંડ્યો ને ઘણાં લોકોને તેણે પૂછ્યું પણ તેને જવાબ મળ્યો નહી. છેવટે તેને જાણવા મળ્યું કે ત્યાં એક વૃદ્ધ ડાકણ છે જે કદાચ તેને મદદ કરી શકે. જ્યારે તે તેમને મળ્યો, તેણે કહ્યું : 'હું તને જવાબ તો આપીશ પણ મારી ફી ઘણી વધારે છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'મહેરબાની કરીને મને કહો.'

'તારે મને પરણવું પડશે.'

રાજકુમાર પાસે બીજો કોઈ વિકલ્પ જ નહોતો તેથી તે સંમત થયો. ડાકણે તેને પ્રતિભાવ આપતાં કહ્યું : 'દરેક સ્ત્રી પોતાનું જીવન બદલાય તેવું ઇચ્છે છે પણ એ કેવી રીતે બદલવું તે કોઈ પુરુષને સમજાતું નથી. તે તેની પત્નીને ઘણી ભેટ-સોગાદો આપે છે જે તેને ગમતી હોય, પણ તે જે ઇચ્છતી હોય તે તેને આપી શકતો નથી.'

જ્યારે રાજાએ આ સાંભળ્યું, તે ખૂબ ખુશ થયો અને રાજકુમારને પોતાનું રાજ્ય પાછું મળ્યું. પણ હવે તેણે વૃદ્ધ અને કુરૂપ ડાકણ સાથે પરણવું જ પડે. તેમનાં લગ્નની પ્રથમ રાત્રે તેની બાજુમાં બેસતાં તે ડરતો હતો, પણ તેના આશ્ચર્ય વચ્ચે તેણે જોયું તો એક સુંદર કુમારી તેની રાહ જોતી હતી. તે હસી અને બોલી, 'મારા રાજકુમાર! તમારી ધીરજ અને વચનબદ્ધતાને હું ધન્યવાદ આપું છું. હું ખૂબ સત્તાશાળી છું. હું કાં તો આખી રાત્રી અથવા આખો દિવસ, બેમાંથી એક જ સમય પૂરતી સુંદર રહી શકવા સક્ષમ છું. તમે શું પસંદ કરશો?'

રાજકુમાર વિચારમાં પડી ગયો. જો તે દિવસ દરમ્યાન સુંદર લાગે તો દરેક જણ તેનાં વખાણ કરે પણ રાત્રે તે પાછી ડાકણ બની જાય તો તેની સાથે કેવી રીતે રહેવું તે તેને માટે અઘરું થઈ પડે. જો તે રાત્રે સુંદર રહે તો દિવસ દરમિયાન આવી રાણી સાથે રહેવું તેને માટે ખૂબ અઘરું થઈ જાય.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

પણ રાજકુમાર જાણી ચૂક્યો હતો કે સ્ત્રી શું ઇચ્છે છે. તેથી તેણે કહ્યું : 'તને ઇચ્છા હોય તે પ્રમાણે તું જ પસંદ કર. ડાકણે બધો જ સમય સુંદર રહેવાનું નક્કી કર્યું.'

આ વાર્તા કહ્યા પછી ડૉ. રાવે કહ્યું : 'મૃદુલા, આપણા જેવા પુરુષપ્રધાન સમાજમાં બધા જ મહત્ત્વના નિર્ણયો પુરુષ દ્વારા જ લેવાતા હોય છે. તેની પત્નીની ઇચ્છા જાણ્યા પછી પણ નિર્ણયો તે જ લે છે. પણ પતિના પૈસા કે પદ કરતાં પણ દરેક સ્ત્રી માટે પોતાની પસંદગીની મોકળાશનું મૂલ્ય વધારે હોય છે. જ્યારે હું તારા જીવનનો વિચાર કરું છું ત્યારે લાગે છે કે તારો ઉછેર પ્રોગ્રેસિવ ફેમિલીમાં થયો છે. પણ પછી તું જુદી જ સંસ્કૃતિ અને આર્થિક રીતે પણ થોડા નીચા સ્તરવાળા કુટુંબમાં પરણી. તારી સમસ્યાઓનું એક કારણ આ પણ છે.' મૃદુલાની આંખ સામે ભૂતકાળના એક પછી એક પ્રસંગો પસાર થવા લાગ્યા.

એકવાર સંજયે તેને કહેલું : 'મૃદુલા, મને એક ગાડી બહુ જ ગમી ગઈ છે માટે મેં તારા માટે એ નવી ગાડીનો ઑર્ડર આપી દીધો છે.'

‘અરે! પણ મારી ગાડી માત્ર ત્રણ જ વર્ષ જૂની છે. મને ગમે પણ છે. હું અત્યારે તે બદલવા માંગતી નથી.’

‘ના, તું કંઈ સમજતી જ નથી. પેલી ગાડી જૂની થઈ ગઈ છે અને આપણી સ્થિતિ સાથે શોભતી નથી.’

મૃદુલાને સમજાયું જ નહીં કે શું કહેવું?

બીજા એક દિવસની વાત છે. સંજયે કહ્યું :

‘મેં એક નવા સીમેન્સ ફોનની જાહેરાત જોઈને આપણા ઘર માટે એક ફોનનો ઑર્ડર આપવાનું રોઝમેરીને કહ્યું છે.’

‘શા માટે? આપણે તેની કંઈ જરૂર નથી. આપણે ભાગ્યે જ એવા કૉલ કરીએ છીએ. વળી તે વાપરવા માટે શિશિર પણ અહીં નથી.’

‘ના. પણ હું ઇચ્છું છું કે આપણા ઘરમાં લેટેસ્ટ ટૅક્નૉલૉજીવાળાં સાધનો હોય.’

એ સમયે મૃદુલાએ પોતાની ધીરજ ગુમાવી દીધી અને ચીસ પાડીને બોલી : ‘શું આપણું ઘર એક લૅબોરેટરી છે કે તું નવી વસ્તુઓ વસાવ્યા જ કરે ને તેની સાથે પ્રયોગો કર્યા જ કરે?’

‘તારે જેવું વિચારવું હોય તેવું વિચાર. આ મારું ઘર છે ને મારો નિર્ણય એ આખરી નિર્ણય છે.’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

મૃદુલાએ ડૉ. રાવ સામે જોયું. જોકે મૃદુલાએ પોતાનો પતિ કોણ છે તે બતાવ્યું નહોતું પણ ડૉ. રાવને ખ્યાલ આવી ગયો કે તે કોણ છે પણ તેમણે તે વાત મનમાં જ રાખી.

બીજી એક બેઠક વખતે મૃદુલાએ ડૉ. રાવને કહ્યું : ‘ડૉક્ટર, મને મારી ભાભી વત્સલા માટે માન છે પણ તે મારી સાથે મૈત્રીભર્યું વર્તતી નથી. મારી નણંદ લક્ષ્મી પણ મને માનથી જોતી નથી. તો મારામાં એવી તે શું ખરાબી છે?’

‘મૃદુલા, તારામાં કશી જ ખરાબી નથી. ભારતમાં એવું છે કે જ્યારે તું એક પુરુષને પરણે છે ત્યારે તું એના કુટુંબને પણ પરણે છે. દુર્ભાગ્યે, લોકોની અપેક્ષા એવી હોય છે કે તારે પતિના કુટુંબ સાથે ગોઠવાઈ જવું જોઈએ. જ્યારે એક છોકરી વહુ બને છે ત્યારે તેના સદ્‌ગુણો નહીં પણ બિનજરૂરી રીતે તે ચર્ચાનો – ટીકાટિપ્પણનો વિષય બની જાય છે. તેની હકારાત્મક બાજુ તરફ પણ જો. તારી સાસુએ ક્યારેય તને હેરાન કરી નથી. તારા પતિને કોઈ લગ્નેતર સંબંધ નથી. તારા દીકરાને કોઈ જ ખરાબ આદત નથી. તારે એ બધા માટે આભાર માનવો જોઈએ. હા, એટલું ખરું કે તારા પતિએ તને નાણાકીય બાબતમાં છેતરી છે. પણ દુનિયામાં એવા ઘણાં પુરુષો છે જેઓ

અનેક રીતે છેતરે છે ને તે વધારે પીડાદાયક હોય છે. તું જરાક વ્યવહારુ અને થોડીક ચતુરાઈથી વિચારીશ તો તને લાગશે કે આ કંઈ એટલું બધું સિરિયસ નથી.'

'તમને લાગે છે કે લક્ષ્મી મારા જેટલી સરળતાથી છેતરાઈ હોત?'

'હું લક્ષ્મીને ઓળખતો નથી તેથી હું તેનો જવાબ આપી ન શકું. સામાન્ય રીતે જે લોકો ખૂબ જ સંવેદનશીલ હોય છે તેમને સાચા જગતને સમજવામાં, ઓળખવામાં વધારે સમયની જરૂર પડે છે. પણ જેઓ હાડમારીભર્યા, મુશ્કેલ વાતાવરણમાં ઊછર્યા હોય છે તે લોકો બહુ ઝડપથી ગોઠવાઈ જાય છે.'

'પણ સંજયે આ પહેલાં મારી જાણ બહાર ક્યારેય લક્ષ્મીને મદદ કરી નથી.'

'કારણ કે એ સમયે તમારા બે કરતાં લક્ષ્મી આર્થિક રીતે વધારે સમૃદ્ધ હતી.'

'ડૉક્ટર, શું જીવનમાં પૈસો આટલો બધો મહત્ત્વનો છે?'

ડૉ. રાવે જવાબ આપ્યો : 'હા. પૈસો ખૂબ મહત્ત્વનો છે. તે પોતે સ્થિર રહીને બીજામાં જબરજસ્ત પરિવર્તન લાવે છે. પૈસો સત્તા, શક્તિ, તાકાત, સમાજમાં મોભો અને આત્મવિશ્વાસ લાવે છે.'

'લોકો પૈસો આવતાં શા માટે બદલાઈ જતા હશે?'

'મૂર્ખા, તારા આ પ્રશ્નનો જવાબ તો માત્ર તત્ત્વજ્ઞાનીઓ જ આપી શકે. પણ હું તને જે કહું તે સાંભળ. પૈસો માણસમાં રહેલ સારા અને ખરાબ બંને ગુણોને બહાર લાવે છે. તે એક મૅગ્નિફાઇંગ ગ્લાસ છે. જ્યારે વ્યક્તિ ધનવાન બને છે, ત્યારે આજ સુધી અંદર દબાવી રાખેલી ઈચ્છાઓ બહાર આવી જાય છે. જો કોઈ સ્વાર્થી માણસ ધનવાન બને છે, તો તે પોતાના માટે જ પૈસો વાપરશે, પણ જો કોઈ ઉદાર માણસ ધનવાન થાય તો તે બીજાઓ સાથે ધન વહેંચશે. પૈસાને અડકે પણ નહીં એવો માણસ મળવો મુશ્કેલ છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'ડૉક્ટર, જ્યારે હું એટલી બધી ડિપ્રેશનમાં આવી જાઉં ત્યારે મારે શું કરવું જોઈએ?'

'ઘરમાં આળસુ બનીને બેસી રહેવું જોઈએ નહીં. તને જે ગમતું હોય તે કામ કર. વ્યાયામ જરૂરી છે. પણ સૌથી વધુ જરૂરી તો એ છે કે તારી ચિંતા તું બીજાઓ સાથે વહેંચ ને યાદ રાખજે કે ડિપ્રેશન મટાડી શકાય છે. માત્ર થોડા સમયનો સવાલ છે.'

'આવું બધું થયા પછી મને સમજાતું નથી કે હું સંજય સાથે કેવું વર્તન કરું? હું શું કરું?'

‘મૃદુલા, તારો પતિ ખૂબ સારો માણસ છે. પણ પોતાની સફળતાને કારણે તેને ખૂબ અભિમાન છે. પૈસાએ તેને શક્તિશાળી બનાવ્યો છે. જ્યાં જીવનસાથી તરીકે પુરુષ જ શક્તિશાળી હોય તેવી રૂઢિગત પ્રણાલિમાં જ તે રાચે છે. એટલે તે લઘુતાગ્રંથિથી પીડાય છે. તને કદાચ સાંભળવું નહી ગમે પણ તે સંકુલ, વિરોધાભાસી વિચારોવાળો માણસ છે. તેથી જ તેણે ક્યારેય તારી સાથે સારું કમ્યુનિકેશન્સ, સારા સંબંધો, ખુલ્લા દિલના શુદ્ધ સંબંધો પ્રસ્થાપિત કર્યા જ નથી.’

મૃદુલાના ગાલ પરથી આંસુની ધાર વહેવા માંડી. તેણે વિચાર્યું, ‘આટલો લાંબો સમય હું સંજય સાથે કેવી રીતે રહી શકી? આજે એણે મને પૈસો અને સમાજમાં મોભાનું સ્થાન અપાવ્યું પણ તે મારાં દુ:ખનો ભાગીદાર ન બન્યો. મેં તેને ટેકો આપ્યો ને સફળતાના કાંટાળા રસ્તે તેની સાથે ખભેખભો મિલાવીને હું ચાલી. જ્યારે કોઈ છોકરી પરણે છે ત્યારે પતિની વચનબદ્ધતા અને તેની સાથેના તેના ખુલ્લા દિલના વ્યવહાર, કમ્યુનિકેશન્સ પર તેના સુખના પ્રદેશના વિસ્તારનો આધાર હોય છે. થોડા માયાળુ શબ્દો, થોડીક કદર ને પુષ્પો જેવી નાનકડી ભેટો છોકરીને પોતે ખાસ હોવાનો અહેસાસ કરાવે છે. પણ સંજય માત્ર એ બતાવવા ઇચ્છે છે કે તે જ માલિક છે.’ મૃદુલાએ પૂછ્યું : ‘ડૉક્ટર, તો હવે હું શું કરું?’

‘એ તો તારા પર આધાર રાખે છે. તારો પતિ પૈસા દ્વારા પોતાની પ્રૅક્ટિસ વિશે જ બધો સમય વિચારે છે. તું તેને બદલી નહીં શકે. એ એક એવી વ્યક્તિ છે જે પોતે જ નક્કી કરી શકે કે એણે બદલાઈ જવું છે. મૃદુલા, હવે જ્યારે તું ભિખારીઓને જુએ છે ત્યારે તું શું અનુભવે છે?’

‘હું ઉદાસ થઈ જાઉં છું, પણ એટલી બધી નહીં. એમ શા માટે?’

‘કારણ કે જેમની પાસે કશું જ નથી એવા લોકો જ ભિખારીઓનો પર્યાય કહેવાય છે. તું જ્યારે અહીં આવી હતી ત્યારે અંદરથી તું સાવ ખાલીખમ હતી. તેથી તું તારી જાતને ભિખારી જેવી માનતી હતી. પણ છેલ્લા વર્ષ દરમિયાન તેં તારો આત્મવિશ્વાસ પાછો મેળવ્યો છે અને હવે તું એકદમ તંદુરસ્ત છે, સારી છે. મહેરબાની કરીને તારા પતિ પાસે કોઈ અપેક્ષાઓ રાખતી નહીં. તેનામાં પણ બદલાવ જરૂર આવશે.’

‘ખૂબ ખૂબ આભાર, ડૉક્ટર.’

જ્યારે મૃદુલાએ ડૉ. રાવની ઑફિસ છોડી, ત્યારે તેને ખૂબ જ હળવાશ લાગી ને તે ખૂબ આનંદમાં હતી. રસ્તા પરના લોકો તરફ તેણે જોયું તો તેને લાગ્યું કે દરેક જણને પોતાના પ્રશ્નો તો હોય છે જ.

❑

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

અલગતાના માર્ગે

થોડા દિવસો પછીની વાત છે.

મૃદુલા ઇચ્છતી હતી કે સંજય સાથે તે વધુ એકવાર સારવાર અંગે વાત કરે ને તે માટે પ્રયત્ન કરતી હતી, પણ સંજયને સવારે તો ક્યારેય સમય હોય જ નહી. તેથી મૃદુલાએ નક્કી કર્યું કે પોતાનું મન, પોતાના વિચારો બદલાઈ જાય તે પહેલાં તે જ રાત્રે તેની સાથે વાત કરવી. ત્યાં જ તેના વિચારોને ખલેલ પહોંચાડતી ફોનની ઘંટડી રણકી. તેણે ફોન ઉઠાવ્યો ને તે કંઈ કહે તે પહેલાં તેણે ઍલેક્ષને કહેતાં સાંભળ્યો : 'સંજય, તેં ફોન લીધો તેથી હું ખૂબ ખુશ થયો. શું મૃદુલાએ પોતાના તરફથી સંમતિ આપી દીધી?'

સંજય ખરેખર ફોન પર હતો જ. મૃદુલા ફોન પાછો મૂકવા જતી જ હતી ત્યાં તેણે પોતાનું નામ સાંભળ્યું એટલે તેને કુતૂહલ થયું અને ફોન સાંભળતી રહી. સંજયે જવાબ આપ્યો : 'ના, હું તેને કહેવા ઇચ્છતો નથી. હું તેને છેલ્લાં લગભગ ૨૫ વર્ષથી ઓળખું છું. તે આપણને સહકાર આપશે નહી. હકીકતે તો તે પ્રશ્નો ઊભા કરશે કારણ કે તે આદર્શવાદી છે. તેના બદલે સાઇલન્ટ ડિરેક્ટર તરીકે હું લક્ષ્મીને લઈશ. આ બધી વસ્તુની એને કંઈ સમજણ જ પડતી નથી. જ્યારે આપણે જરૂર હોય ત્યારે કાગળો પર સહી કરવાનું તેને કહીશું ને બદલામાં આપણે તેને થોડા પૈસા આપીશું. તેં તારા તરફથી શો વિચાર કર્યો?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'અનિતા આમાં સંકળાવવા ઈચ્છતી નથી. મારી બહેન બાર્બરા બહુ લુચ્ચી છે તેથી હું જુલીનું નામ બૉર્ડમાં મૂકીશ.'

'સરસ! તો એ પ્રોડક્ટની આપણે કિંમત શું રાખીશું?'

મૃદુલાએ ફોન નીચે મૂકી દીધો. સંજય અને ઍલેક્ષ વચ્ચેની વાતચીત સાંભળ્યા બાદ મૃદુલા પોતાના પતિ સાથે કોઈ પણ પ્રકારની વાત કરવા ઇચ્છતી નહોતી. તેમની કોઈ યોજનાઓ કે બૉર્ડમાં લક્ષ્મીને શા માટે લેવામાં આવે છે એવી કોઈ વાતની તેણે ચિંતા ના કરી. જો સંજય તેનાથી વાત છુપાવી શકતો હોય, તો પછી ઘરમાં સાથે જીવવાનું ચાલુ રાખવાનો શો અર્થ?

જો તે અનિતા જેવી હોત તો તેણે પણ પ્રભુની સેવામાં જ જીવન અર્પણ કરવાનું વિચાર્યું હોત.

જો તે લક્ષ્મી જેવી હોત તો પૈસાને કારણે તે સુખી હોત.

જો તે રોઝમેરી જેવી હોત, તો તેણે આર્થિક સ્વતંત્રતા માટે કામ કર્યું હોત!

પણ હકીકત એ હતી કે તેમાંના કોઈ જેવી તે નહોતી. તેણે વિચાર્યું, 'જો હું અહીં જ અને આ જ વાતાવરણમાં રહેવાનું ચાલુ રાખું તો મને ફરીથી ડિપ્રેશન થવાની પૂરી શક્યતા છે. જો મારે સુખી થવું હોય તો મારે મારી શરતોએ મારું જીવન જીવવું જોઈએ. પણ જો સંજય આસપાસ હોય તો તે શક્ય નથી. તે મારી મજાક કર્યા કરશે ને મારા પર પ્રભુત્વ રાખશે અને તે વાતની મારા આત્મવિશ્વાસ પર ખૂબ જ અસર થશે. એ મને જરાય મંજૂર નથી. મારે કંઈક કરવું જ રહ્યું. પણ કરવું શું?'

છેવટે તો તે વાત અંતે તેના પર જ આવીને અટકી. તેણે શું કરવું જોઈએ તે હવે તે સમજી ગઈ.

એક મહિના પછીની વાત છે. તે દિવસે સંજય અને મૃદુલાની લગ્નતારીખ હતી. તેમનાં લગ્નને પચીસ વર્ષ પૂરાં થયાં હતાં. લંડનથી સવારના પહોરમાં જ શિશિરે તેમને શુભેચ્છા આપતો ફોન કર્યો.

સાંજે લીલા પૅલેસમાં એક ભવ્ય પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. લક્ષ્મી, રોઝમેરી, શંકર અને અનિલ પાર્ટીની ગોઠવણમાં વ્યસ્ત હતાં. સાત વાગ્યે કૉકટેલ ડ્રિન્ક્સથી પાર્ટીનો પ્રારંભ થવાનો હતો ને પછી ભોજન હતું. આ દરમિયાન વચ્ચે ગમે તે સ્થળે સંજય અને મૃદુલા અરસપરસ હારતોરાની ફેરબદલી કરવાનાં હતાં. લક્ષ્મીની ઇચ્છા હતી કે દરેક મહેમાનને રિટર્ન ભેટ રૂપે કંઈક સરસ મોંઘી વસ્તુ અપાય. તેથી તેણે એક મોંઘા ઝવેરી પાસેથી ચાંદીની વસ્તુ ખરીદી હતી.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજયે આમંત્રિતોની એક યાદી બનાવી હતી. તેમાં તેણે પોતાનાથી વડીલ એવા અધિકારીઓ, ફાર્માસ્યુટિકલ ડાયરેક્ટરો ને બેંગ્લોરમાં રહેતા અન્ય મહત્ત્વના માનવંતા મહેમાનો અને ઉદ્યોગપતિઓને આમંત્ર્યા હતા. જ્યારે મૃદુલાના પિયરમાં મેઇલ દ્વારા આમંત્રણ પહોંચ્યું, ત્યારે ભીમાન્નાએ ટેલિગ્રામ દ્વારા પોતાના આશિષ તેમને મોકલાવ્યા. મૃદુલાને યાદ આવ્યું કે, સંજય જ્યારે સરસ રીતે કમાતો થયો, સફળ થયો ત્યારે તેણે પાંચ લાખ રૂપિયા પિતાને પાછા આપવા ખૂબ પ્રયત્ન કર્યો હતો. કિરષ્ન અને વત્સલા તો તે લઈ લેવા તૈયાર હતાં, ભીમાન્ના અસ્વસ્થ થઈ ગયા અને કહ્યું : 'તે પૈસા તું ગામના તળાવમાં ફેંક કે હનુમાનની પૂંછડીએ બાંધ. તારે જે કરવું હોય તે કર. હું મારી દીકરી સાથે કંઈ પૈસા ધીરવાનો ધંધો કરતો નથી. હું તે પાછા લેવાનો નથી.'

તેથી પોતે જ્યાં ભણી હતી તે પોતાની જૂની શાળાના સમારકામમાં મૃદુલાએ તે પૈસાનો ઉપયોગ કર્યો હતો.

આ સિવાય મૃદુલાએ જેમને આમંત્રણ આપેલાં તેમાંથી સરલા પાર્ટીમાં આવી, પણ અનિતા ના આવી. તેણે મૃદુલાને ફોન કર્યો અને કહ્યું : 'જ્યારે આપણે ઈશ્વર પ્રતિ જોઈએ છીએ, ત્યારે થાય છે કે તેણે કેટલી સરસ ભેટ આપણને આપી છે. તે જે

કાંઈ કરે છે તે આપણને વધુ સારા કરવા કરે છે. તેનો ખુશી ખુશી સ્વીકાર જ કરવાનો હોય. મારા તરફથી તને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.'

મૃદુલાએ તેના શબ્દોની મનોમન કદર કરી. રત્નામ્મા પોતાની બૅન્કના ચેરમેન તરીકેનાં કામમાં ખૂબ વ્યસ્ત હતાં તેથી તેમણે પોતાની શુભેચ્છાઓ બૅન્કના મૅનેજર સાથે મોકલી. ગમે તેમ પણ લક્ષ્મી આ પાર્ટી માટે ખૂબ ઉત્સાહી હતી. તેના વિશે વાતો કરતાં ધરાતી જ નહોતી. હજી તે એમ જ માનતી હતી કે સંજય સાથેના તેના નાણાકીય વ્યવહારની વાતની મૃદુલાને ખબર જ નથી. તેણે મૃદુલાને કહ્યું : 'હું તારા માટે લાલ કિનારી વાળી સફેદ કાંજીવરમની સાડી ખરીદીશ ને સંજય માટે રેશમી લેંઘો-ઝભ્ભો ખરીદીશ. આ સાડી સાથે હીરાના દાગીના હોય તો તે બહુ શોભે પણ મારી પાસે તને ભેટ આપવા એટલા બધા પૈસા નથી. હું સંજયને કહીશ કે એ તારા માટે હીરાના દાગીના ખરીદી લે.'

જો એકાદ વર્ષ અગાઉ આવી વાત થઈ હોત તો મૃદુલા સાચું માની લેત, પણ આજે તે જુદી જ છે અને એણે કશું જ ન કહ્યું.

સંજય પણ પાર્ટી અંગે ઘણો ઉત્સાહીત હતો. તેણે વિચાર્યું કે મૃદુલા હવે સાજી સમી થઈ છે ને તેની સમસ્યા, તેના પ્રશ્નોમાંથી બહાર આવી ગઈ છે. તેણે મૃદુલાને પૂછ્યું : 'મૃદુલા! તારી શી ઈચ્છા છે?' મને કહે, રાજેશ્વરી પ્રવાસ કરવા ઇચ્છે છે કે તારે દાગીના લેવાં છે?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

તે એ નહોતો જાણતો કે મૃદુલાએ તેનામાં મૂકેલા વિશ્વાસને એણે ગુમાવી દીધો છે તે, તેને પાછો નહીં આપી શકે.

સાંજ પડી. લીલા પૅલેસમાં દરેક જણ મૃદુલા અને સંજયની રાહ જોતાં હતાં. પચીસ વર્ષ પહેલાં, સાદી ને શરમાળ મૃદુલા અલાદહલીના તેના ઘરમાં સંજય સાથે બહુ સાદાઈથી પરણી હતી. યોગાનુયોગ આજે તેના લગ્નની રજતજયંતિ ખૂબ જ શાનદાર, ભવ્ય રીતે ઊજવાઈ રહી હતી. ખરેખરા લગ્નપ્રસંગો થાય તેના કરતાં પણ આ પ્રસંગ ખૂબ જ દમકભમક વાળો થઈ રહ્યો હતો.

તે જ સમયે ઘરમાં કેવી સ્થિતિ હતી? સંજયે ખાસ આજની સાંજ માટે જ સિવડાવેલો અરમાની સૂટ પહેર્યો હતો. તે તૈયાર થઈને મૃદુલાની રાહ જોતો ઘરના મુખ્ય રસ્તે ઊભો હતો. મૃદુલા એના ઓરડામાં અંદર કંઈક કામમાં વ્યસ્ત હતી. સંજય થોડો અસ્વસ્થ થઈ ગયો કારણ કે હવે મોડું થઈ રહ્યું હતું. તેણે તેને મોટેથી બૂમ પાડી : 'મૃદુલા, ત્યાં તું શું કરી રહી છે? આપણે હવે મોડું થાય છે. ત્યાં દરેક જણ આપણી રાહ જુએ છે.'

ચહેરા પર શાંતિની ચમક સાથે સફેદ સુતરાઉ સાડીમાં સજ્જ મૃદુલા બહાર આવી. તેણે કહ્યું : 'હું મારો સામાન તૈયાર કરતી હતી. મારી ટ્રાન્સફર થઈ ગઈ છે.'

'ક્યાં?'

'અલાદહલી.'

સંજયને નવાઈ લાગી, 'હું શિક્ષણ મંત્રીને જાણું છું. હું તેમને કહીશ કે તે રદ કરે.'

'મહેરબાની કરીને તેવું ન કરશો. મેં જ તેમને તે કરવા કહ્યું હતું.'

'પણ તેં તો મને તે અંગે ક્યારેય કહ્યું જ નથી!'

'એ તમારે માટે કંઈ જ મહત્ત્વનું નથી.'

'તો તું હવે પાછી ક્યારે આવીશ?'

'લગભગ તો ક્યારેય નહીં.'

'તું ત્યાં ક્યાં રહીશ અને તું શું કરીશ?'

'મેં ચંપાક્કા આન્ટીનું ઘર ખરીદી લીધું છે. આ માટે તમારી મમ્મીનો આભાર કે તેમણે મને સલાહ આપી હતી કે પગારમાંથી દર મહિને મારે થોડા પૈસા બચાવવા. એ ઘર મેં મારા પૈસે ખરીદ્યું છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'તું તારા પિતા સાથે નહીં રહે?'

મૃદુલાના અવાજમાં નહોતો ગુસ્સો કે નહોતી નિરાશા. તેણે કહ્યું : 'ના, મારા જીવનનાં સૌથી મહત્ત્વનાં પચીસ વર્ષ મેં તારી સાથે ગાળ્યાં અને છતાં મને એવું લાગ્યું નથી કે હું તારા કે તારા કુટુંબની છું. હું આજે પણ બહારની જ છું. મારા પિતાનું ઘર હવે વત્સલાનું ઘર છે ને હું મારા ભાઈ કે ભાભી માટે ભારરૂપ થવા માંગતી નથી. શિશિર હવે સ્વતંત્ર છે ને હું લઈ શકું તેનાં કરતાં તું એની વધારે સારી કાળજી લઈ શકે તેમ છે. તમારા બંને પ્રત્યેની મારી ફરજ હવે પૂરી થઈ. એક પત્ની, માતા અને વહુ તરીકેની બધી ફરજો મેં પૂરેપૂરી બજાવી છે. હવે હું મારા માટે જીવવા ઈચ્છું છું. મારી પાસે મારી નોકરી છે, મારી શાળા છે અને મારું ગામડું છે. તારે મારી જરાય ચિંતા કરવાની જરૂર નથી. તમને ઇચ્છા થાય ત્યારે તું ને શિશિર મને મળવા આવી શકો છો.'

ભીત પરની ઘડિયાળમાં માંગલિક ઘડી દર્શાવતા સાડા છનો ટકોરો થયો. મૃદુલા સંજયના જવાબની રાહ જોવા ના રહી. તે ઘરમાંથી બહાર નીકળી, ઑટોરિક્ષા પકડી, ઑટોમાં તેણે પોતાની નાનકડી બૅગ મૂકી, ને પાછળ પણ જોયા વગર તેણે ઘર છોડ્યું.

સંજય એને જોતો વરંડામાં ઊભો જ રહ્યો. તેણે સ્વપ્ને પણ નહોતું કલ્પ્યું કે મૃદુલા તેને છોડી દેશે અને જતી રહેશે. તેણે હંમેશાં મૃદુલાને ખાસ ગણકારી જ નહોતી, નગણ્ય જ ગણી હતી. જો તે સરલા કે લક્ષ્મી જેવી હોત તો તેની સાથેના વર્તનમાં તે વધુ કાળજી રાખત. પણ મૃદુલાએ તો બહુ આકરો નિર્ણય લીધો અને કોઈનાય પર આરોપ મૂક્યા વગર તે ગઈ. તેને સમજાયું જ નહી કે શું કરવું?

તે ઘરમાં પાછો ગયો અને સોફા પર બેઠો. ફોન વાગી રહ્યો હતો. તેણે તે તરફ ધ્યાન પણ ન આવ્યું. પહેલી જ વાર એને થયું કે તેણે કંઈક મૂલ્યવાન ગુમાવ્યું છે. તે માનતો હતો કે પૈસાથી તે કંઈ પણ અને કોઈને પણ ખરીદી શકે છે. આજે તે બધી જ રીતે સમૃદ્ધ હોવા છતાં તેને લાગ્યું કે પોતે ભિખારી છે.

છેવટે ફોન રણકતો બંધ થયો. થોડા વખત પછી તેણે ઘર પાસે ગાડી આવીને ઊભી રહી હોય તેવો અવાજ સાંભળ્યો. કોણ આવ્યું છે તે જોવા પણ તે ઊભો ન થઈ શક્યો. ઘરમાં અંધારુંઘોર હતું. લક્ષ્મીએ ઘરમાં આવી ને લાઇટ કરી. તેણે જોયું તો તેનો ભાઈ સોફા પર બેઠો'તો – વિચારશૂન્ય અને મૂંઝાયેલો. અજવાળામાં તેણે જોયું કે તેના ભાઈનો ચહેરો સાવ ફિક્કો થઈ ગયો હતો.

'સંજય, તું આમ આવી રીતે કેમ બેઠો છે? મેં તને અસંખ્યવાર ફોન કર્યો, પણ કોઈ જવાબ જ નહી. તું ઠીક તો છે ને? મૃદુલા ક્યાં છે?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

સંજયે પોતાનો હાથ ચહેરા પર મૂક્યો ને કહ્યું : 'ઓહ! મૃદુલા, મૃદુલા!'

લક્ષ્મી તેને મળવા આખા ઘરમાં ફરી વળી. છેવટે તે બહાર આવી ને પોતાના ભાઈની સામે ઊભી રહી ને પૂછ્યું : 'આ બધું શું છે? મૃદુલા ક્યાં છે?'

'તે ગઈ.'

'તું શું કહેવા માંગે છે? ક્યાં ને ક્યારે તે ગઈ?'

સંજયે જવાબ ન આપ્યો.

'કેટલા સમયમાં તે પાછી આવશે?'

'હું જાણતો નથી.'

'તારી તબિયત ખરાબ છે કે પછી મજાક કરે છે?'

સંજયને અચાનક પાર્ટીની યાદ આવી. તેણે પોતાની જાતને તૈયાર કરી અને કહ્યું : 'લક્ષ્મી, તું પાર્ટીમાં પાછી જા ને દરેકને કહે કે મૃદુલાને ફ્રેક્ચર થયું છે. ઊભી રહે, હું જ તારી સાથે આવું છું ને બધાંને ખબર આપું છું. તેમને તેમનું ભોજન કરીને જવાનું કહું છું.'

‘પણ તે શા માટે છોડીને ગઈ? ને તેય અત્યારે?’

લક્ષ્મીના વારંવાર પૂછવા છતાંય સંજયે કોઈ જ જવાબ ના આપ્યો.

સંજય ને લક્ષ્મી લીલા પૅલેસ પહોંચ્યાં. તે લોકોથી ભરચક હતો. સંજય પોતાની જાત પર જોરજુલમ કરીને મહાપરાણે હસતો રહ્યો ને બધાંની ક્ષમા માંગતો રહ્યો, ‘તમે બધા આવ્યા તે માટે તમારા બધાનો ખૂબ ખૂબ આભાર. તમને રાહ જોવડાવી તે માટે હું ખૂબ દિલગીર છું. મૃદુલાને ફ્રેક્ચર થયું ને મારે તેની સાથે, તેની સારવારમાં ધ્યાન આપવું પડયું. પણ મહેરબાની કરીને તમે બધા ભોજન કરો ને ખૂબ આનંદ કરો.’ સંજયે રોઝમેરી અને શંકરને સૂચનાઓ આપી દીધી કે બધું બરોબર થાય તેનું ધ્યાન રાખે ને પછી પાર્ટીમાંથી તે હળવે રહીને નીકળી ગયો.

જ્યારે તે ઘરમાં પાછો આવ્યો, તે મૃદુલાથી ખૂબ દુ:ખી થયો. તેને થયું મૃદુલાએ તેને લોકો વચ્ચે કેવો શરમિંદો કરી દીધો? તે ગાંડા જેવો થઈ ગયો. તેણે નક્કી કર્યું કે તેને પાછી બોલાવશે નહીં. તેણે વિચાર્યું,‘મેં તેને કોઈ રીતે નુકસાન પહોંચાડ્યું નથી. છોડીને જતાં રહેવા માટે તેની પાસે કોઈ જ કારણ નથી. તે બેંગ્લોરના પ્રખ્યાત ગાયનેકોલૉજિસ્ટની પત્ની છે. મારી આજ્ઞા ઉથામવાની તે હિંમત કેવી રીતે કરી શકે? તેને ખ્યાલ આવવા દો કે હું કોણ છું? પછી તે તેની જાતે જ મારી પાસે આવશે. એક ભારતીય સ્ત્રી માટે એકલા જીવવું એ કંઈ સહેલું નથી. આ દરમિયાન શાકામ્મા, ચિક્કી અને નાન્જા આ ઘરની દેખરેખ કરવા પૂરતાં સક્ષમ છે.’

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

પછી તેણે પોતાનાં કપડાં બદલ્યાં ને તે ઊંઘી ગયો. એકાએક તે જાગ્યો ને ઘડિયાળ સામેં જોયું. બે વાગ્યા હતા. સંજય ઓછી ઊંઘ ધરાવતો માણસ નહોતો. પણ આજે તે ઊંઘી ન શક્યો. તેના મગજમાં બધી જ જૂની વાતો ઘૂમરાવા લાગી. મૃદુલા તેને પહેલી વાર મળેલી, તેને પોતે કેવી રીતે પકડેલી ને પછીનું જીવન તેની સાથે કેવી રીતે પસાર થયેલું તે બધું તેને યાદ આવ્યું.

સવારે ઊઠ્યો, જ્યારે તે શાકામ્મા, ચિક્કી અને નાન્જા તેના હુકમની રાહ જોતાં હતાં. શાકામ્માએ પૂછ્યું : ‘હું આજે કઈ રસોઈ બનાવું?’ નાન્જાએ કહ્યું : ‘મારે પેટ્રોલ માટે પૈસા જોઈશે.’ ચિક્કીએ ઉમેર્યું : ‘પાણીની ટાંકીમાંથી પાણી ટપકે છે.’

એકાદ મિનિટ તો સંજય મૂંઝાઈ ગયો પછી તેણે નાન્જા અને ચિક્કીને કહ્યું : ‘રોઝમેરી સાથે વાત કરો ને તેની પાસેથી પૈસા માંગી લો.’ પછી તે શાકામ્મા તરફ ફર્યો અને કહ્યું : ‘તમને જે ગમે તે બનાવો.’

‘અમ્મા ક્યારે પાછાં આવશે?’

‘કદાચ એકાદ મહિનામાં.’

પછી સંજય હૉસ્પિટલ જવા નીકળી ગયો. તેણે વિચાર્યું કે એક વાર હૉસ્પિટલે પહોંચી કામમાં તે વ્યસ્ત થઈ જશે એટલે જીવન પાછું રોજના જેવું સામાન્ય થઈ જશે. પણ અત્યારે તો પોતે અનાથ હોય તેવું તેને લાગ્યું.

જો તે રજાઓ પાડે કે કોઈપણ ઑપરેશન રદ કરે તો તેની અસર તેના નર્સિંગ હોમની પ્રતિષ્ઠા પર પડે તેની ચિંતામાં તે પડ્યો.

જ્યારે સાંજે તે પોતાની ચૅમ્બરમાંથી બહાર આવ્યો, તેણે રોઝમેરીના પતિને જોયો. લાલ ગુલાબના ગુલદસ્તા સાથે તે રોઝમેરીના ટેબલ પાસે ઊભો હતો. તેણે સ્વચ્છ વસ્ત્રો પહેર્યાં હતાં, તાજી જ દાઢી કરાવી હતી અને તે રોઝમેરીની રાહ જોઈ રહ્યો હતો. સંજયે જૉસેફ સામું જોયું. તે ભાગ્યે જ તેની સાથે વાત કરતો. પણ આજે તેણે પૂછ્યું : 'શું જૉસેફ, આજે કોઈ ખાસ પ્રસંગ છે? આજે તું ફૂલની છાબડી સાથે હૉસ્પિટલ આવ્યો છે?'

'આજે રોઝમેરીનો બર્થડે છે.'

એકાદ મિનિટ પછી રોઝમેરી તેના ટેબલ પર આવી અને સંજયને રજા અંગે પૂછ્યું. સંજયે હા પાડી અને પોતાની ચૅમ્બરમાં પાછો ગયો. તેની બારીમાંથી તેણે જોયું કે પતિ-પત્ની બંને એકબીજાંનો હાથ પકડી રસ્તો ક્રૉસ કરી રહ્યાં હતાં. એને નવાઈ લાગી કે એક સામાન્ય ફૂલોની છાબડીએ રોઝમેરીને કેટલી ખુશ કરી દીધી! તેણે મૃદુલાને ક્યારેય આવી રીતે ખુશ કરી નથી.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

તેણે રોકડ પૈસાનું રજિસ્ટર તપાસ્યું. લગભગ છ લાખ રૂપિયાની આવક થઈ હતી, પણ તેના પર તેની કોઈ અસર ન થઈ. ત્યાં તો તેનો ફોન રણક્યો. તે અનિતા હતી. તેણે તેને પૂછ્યું :

'સંજય, ગઈ કાલે શું બન્યું હતું?'

'કંઈ નહીં.'

'મને ખબર છે કે મૃદુલા તને છોડીને જતી રહી છે.'

'તને આવું કોણે કહ્યું?'

'મેં તારે ઘેર ફોન કર્યો હતો, અલાદહલીનો મૃદુલાના પિતાનો નંબર મેળવ્યો અને તેની સાથે વાત કરવાની વ્યવસ્થા કરી.' સંજયને સમજ ના પડી કે શું કહેવું? અનિતાએ બોલવાનું ચાલુ રાખ્યું, 'મૃદુલાને પાછા આવવાનું કહેવા હું ઇચ્છતી નથી. તારા તરફથી એને કોઈ પણ પ્રકારનું સુખ મળ્યું નથી. સંજય, તું ભાગ્યશાળી હતો કે તેને તું પરણ્યો. એ માટે તારે ભગવાનનો આભાર માનવો જોઈએ. હવે જ્યારે તેં એને ગુમાવી જ દીધી છે ત્યારે હૉસ્પિટલમાંથી કમાયેલા તારા પૈસાનો કશો જ અર્થ નથી. હું

તને જે કહું છું તે તને ગમશે તો નહી, પણ સાચો મિત્ર તો એ છે જે ભલે તમને ખરાબ લાગે પણ જે યોગ્ય ને સાચું હોય તે જ કહે. હા, હાઇ સોસાયટીમાં રહેતા ઘણાં માણસો તારા મિત્રો છે. તે તારી સાથે સારા બનશે ને તારી સાથે સ્મિત કરશે પણ તેઓ તારી પાછળ મશ્કરી કરશે ને મજાક કરશે. મૃદુલાને હું છેલ્લાં ત્રેવીસ વર્ષથી બહુ સારી રીતે ઓળખું છું. તારા સંઘર્ષોમાં તેણે હંમેશાં તને સાથ આપ્યો છે ને વેદનામાં સહભાગી થઈ છે. તારી માતા કે બહેન કે પુત્ર કોઈ એનું સ્થાન લઈ શકે તેમ નથી. શિશિર પરણી જશે ને તેને પોતાનું કુટુંબ હશે. તે સમયે પિતા માત્ર મહેમાન બની રહે છે. તારાં માતા માટે તો કશું જ ન કહેવું એ જ સારું છે. તારી બહેન તો તારો ઉપયોગ કરીને પૈસા કેવી રીતે બનાવવા એની જ તક શોધતી રહી છે. સાદગી, સરળતા, નિર્દોષતા અને લાગણીના સંદર્ભમાં મૃદુલાની બરોબરી કોઈ કરી શકે તેમ નથી. હું ખૂબ દિલગીર છું કે તારી અંગત બાબતે ઘણું બધું કહેવાની મેં છૂટ લઈ લીધી. પણ મારે મારા અંતરાત્માની વાત તો સાંભળવી જ જોઈએ.'

સંજય જવાબ આપે તે પહેલાં તેણે ફોન મૂકી દીધો. સંજય જાણતો હતો કે અનિતા એકદમ સીધે રસ્તે ચાલનારી વ્યક્તિ છે. તે ફોન પાસે એક મૂર્તિની જેમ જ ઊભો રહ્યો.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

થોડા જ સમયમાં બહાર તેણે લક્ષ્મીનો અવાજ સાંભળ્યો. છેવટે લક્ષ્મીએ અંદર ડોકિયું કર્યું. તેણે તેના વાળ કાળા કર્યા હતા ને સાડી સાથે શોભે તેવા ઘરેણાં પહેર્યાં હતાં. લક્ષ્મી તો અત્યારે પોતાના કરતાં પણ વધુ યુવાન અને નાની લાગતી હતી. તેણે તેને અંદર આવવાની હા પાડી ને લક્ષ્મી ને શંકર બંને અંદર આવ્યાં. તેની સામે બેઠાં. લક્ષ્મીએ પૂછ્યું : 'સંજય, તું તારી નવી કંપનીમાં મને ડિરેક્ટર બનાવવા ઇચ્છે છે? તો તેનું ઉદ્‌ઘાટન ક્યારે છે? શું છાપામાં તેની જાહેરાત થશે? મેં મારી લેડીઝ ક્લબમાં કહી જ દીધું છે. બીજી એક વાત, ગઈ કાલે સાંજે બહુ ભેટો આવી નથી. તેમાં મોટા ભાગે તો કૂલોની છાબડીઓ જ છે...'

લક્ષ્મીએ મૃદુલા વિશે કે ગઈકાલે સાંજે શું થયું હતું તે અંગે કશી જ વાત ન કરી. તે માત્ર ધંધાની-વ્યવસાયની જ વાતો કરતી રહી. સંજયને એ સમજાઈ ગયું કે લક્ષ્મી તેના ભાઈના અંગત જીવન કરતાં તેની નવી પદવી માટે વધારે ઉત્સાહી છે. તેણે કહ્યું : 'હું એના વિશે કંઈ વધારે જાણતો નથી. એ બધું તો ઍલેક્ષ સંભાળે છે તેને પૂછજે.'

'અનિલ માટે કોઈ છોકરી તારા ધ્યાનમાં છે? હું ડિરેક્ટર થઈ જાઉં પછી હું તેના લગ્ન કરાવવા ઇચ્છું છું.'

સંજયના સેલફોન પર ફોન આવ્યો ને કપલને અંદર એકલું મૂકીને તે તેના રૂમમાંથી બહાર ગયો; જ્યારે તેનો ફોન પૂરો થયો અને તે અંદર આવ્યો ત્યારે તેણે

જોયું કે શંકર તેની પત્નીને ઠપકો આપી રહ્યો હતો, 'તારામાં કંઈ સામાન્ય બુદ્ધિ પણ નથી. અનિલ માટે છોકરી શોધવાનું તેં એને કેમ કહ્યું? તે એક ગામડિયણને પરણ્યો ને તેથી અનિલ માટે પણ તે કોઈ ગામડાની જ છોકરીનું સૂચન કરે. મૃદુલા સાવ નકામી છે. તે દેખાવમાં સુંદર છે બાકી સાવ મૂર્ખ છે. મેક-અપ કરે તો કોઈ પણ વ્યક્તિ સુંદર લાગી શકે. હું માનું છું કે જો છોકરી સામાન્ય સુંદર લાગતી હોય તો ચાલે, પણ તે ધનવાન માતા-પિતાનું એકનું એક સંતાન હોવું જોઈએ.'

જ્યારે શંકરે સંજયને જોયો, એટલે તેણે વાતો કરવાની બંધ કરી દીધી. જે રીતે તેઓ મૃદુલા વિશે વાત કરતાં હતાં તે જોઈ તેને ખૂબ ખરાબ લાગ્યું. તેને સમજાયું કે એ તેની ભૂલ હતી. તેણે ક્યારેય તેની વાતને ગણકારી જ નહોતી. તેને કશું મહત્ત્વ જ આપ્યું નહોતું. આ લોકોની સામે તે તેની સાથે બહુ ખરાબ રીતે વર્ત્યો હતો, તેથી તે લોકો પણ તે જ રીતે તેની સાથે વર્તતા હતા.

તે ઘેર ગયો. ઘર ખાવા ધાયું. સાવ ખાલીખમ! તેને ચિંતા થવા લાગી કે હવે રોજ સાંજે તે ઘેર આવશે ત્યારે આજના જેવી જ સ્થિતિ હશે. પહેલાં તો અનિતાએ એની સાથે જે રીતે વાતો કરી તેથી તે અસ્વસ્થ હતો. પણ હવે ઘેર આવ્યા, એ વાતો પર તે વિચાર કરવા લાગ્યો. જો પોતે રોજ રાત્રે મૃદુલા સાથે થોડીક મિનિટો પણ વાત કરી હોત, જો તે તેની સાથે લડી હોત તો તે તેનાં જીવનનો એક અનિવાર્યનો ભાગ હોત. તેણે ચારે બાજુએ નજર ફેરવી ને મૃદુલાના પહેલા પગારમાંથી લાવેલું જૂનું ઘડિયાળ તેને દેખાયું. તેણે ખરીદેલું જૂનું સ્કૂટર પણ ગૅરેજમાં હતું.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

શાકામ્માએ તેની ચાંદીની થાળીમાં ગરમાગરમ રસોઈ પીરસી, તે ખાઈ ન શક્યો. દીવાલ પર તેણે પોતાના લગ્નનો ફોટો જોયો. મૃદુલા અને તે બંને હસતાં હતાં. તે પોતાના નિષ્ફળ લગ્નજીવન વિશે તે વિચારવા લાગ્યો અને સમજી શક્યો કે તેના હાથની અપંગતા છતાં તે તેને પરણી ને કશી જ ખાસ અપેક્ષા વગર તેણે તેને પ્રેમ કર્યો.

હવે તેના વગર ત્યાં નર્યો ખાલીપો, નરી એકલતા હતી.

❑

વધતી વેદના

સમયનો પ્રવાહ ધસમસતો વહેવા લાગ્યો ને શિશિર અને નેહા નિયમિત રીતે મળતાં રહ્યાં. શિશિરે આજ સુધી હિસ્ટ્રી કે હ્યુમેનિટીઝમાં રસ દાખવ્યો જ નહોતો. નેહા તેને જે રીતે આ બંને વિષયો સમજાવતી તેનાથી તે પ્રભાવિત થઈ ગયો હતો.

નેહા અને શિશિર બંને ઇન્ડિયન યુથ ક્લબમાં જોડાયાં ને ત્યાં તેમને ખબર પડી કે તેમાં ત્રણ વ્યક્તિ બેંગ્લોરની છે રમેશ, ઉષા અને રઘુ. વળી આ બધાં જ કન્નડા પણ બોલતાં હતાં. આ પાંચ જણના જૂથમાં માત્ર શિશિર પાસે જ પોતાની મોટર હતી. બધાં જ એવું ઇચ્છતાં હતાં કે નેહા તેમના પર આધાર રાખે. પરિસ્થિતિએ શિશિરને નાયક બનાવ્યો ને તેને તે ગમતું પણ હતું. તે એકલો જ એવો હતો કે જે ક્યાં જવું છે, ક્યાં જમવું છે અને શું કરવું છે તેનો નિર્ણય લઈ શકે. કોઈક વાર એવું થાય કે બીજાઓને તેની પસંદ ન ગમે પણ તેમ છતાં તેની સાથે રહેવું સહેલું અને સગવડભર્યું બની રહેતું. જમવામાં માત્ર તેમણે તેમના ભાગે આવતા પૈસા આપવા પડે એટલું જ! બાકી બધી વાતની જવાબદારી શિશિર ઉપાડતો.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

નેહાને આ ગમતું નહીં, તેથી કોઈવાર એ ગ્રૂપ સાથે જોડાતી નહીં. પણ શિશિર તેને આગ્રહ કરતો, 'તું આવને નેહા, તારા માટે તે સારું છે. તને મજા પડશે.'

નેહા તે જાણતી હતી કે તે સાચું નથી પણ તે અવિવેકી થવા ઇચ્છતી નહોતી કારણ કે શરૂઆતમાં તેણે તેને ખૂબ મદદ કરી હતી. એક દિવસ શિશિરે નક્કી કર્યું કે આપણે કેમ્બ્રીજ નદીમાં નૌકાવિહાર કરવો. મોટે ભાગે વિદ્યાર્થીઓ આનાથી ટેવાયેલા હતા.

જ્યારે તેઓ પાંચે જણાં બૉટમાં બેસી નૌકાવિહાર કરતાં હતાં, તેઓએ પોતાના ભાવિ જીવન વિષે ચર્ચા કરવા માંડી. રમેશ વકીલાતનું ભણતો હતો. એણે કહ્યું : 'હું એક લૉયરને પરણીશ, પછી વકીલાતની પોતાની એક નવી કંપની સ્થાપીશ.'

ઉષાએ કહ્યું : 'હું એક ધનવાનને પરણીશ જેથી મારે કોઈ કામ ન કરવું પડે. વળી કામ કર્યા વગર પણ હું મારી ઇચ્છા મુજબ વાંચી શકું, પ્રવાસો કરી શકું ને જિંદગીની મજા માણી શકું.' રઘુએ કહ્યું : 'હું ઇચ્છું છું કે મારી પત્ની મૉડલ જેવી રૂપાળી હોય અને તે આધુનિક વિચારસરણી ધરાવતી હોય.'

જ્યારે શિશિરનો વારો આવ્યો, તેણે કહ્યું : 'હું એવી છોકરીની ઇચ્છા રાખું છું કે જે મારી સાથે દલીલો ન કરે અને તે કોઈપણ પરિસ્થિતિમાં ગોઠવાઈ જાય. એક સ્ત્રી જ ઘરમાં સંસ્કાર અને વાતાવરણને સારું રાખી શકે છે, પણ ઘરની બહાર તે

આધુનિક દેખાવી જોઈએ. તે ખૂબ જ બુદ્ધિશાળી હોવી જોઈએ અને હું વખતોવખત કેવી રીતે વિચારું છું અને વર્તું છું તે સમજતી હોવી જોઈએ.'

આ સાંભળી દરેક જણ તેની સામે જોઈ હસવા લાગ્યાં. તેઓએ કહ્યું : 'તો તો પછી તારે ચાર છોકરીઓને પરણવું પડશે.'

'શા માટે? શું તેવી છોકરી મળવી મુશ્કેલ છે? મને ખાતરી છે કે આવી તો ઘણી બધી છોકરીઓ મળશે જેઓ એવી રીતે જીવવા ઈચ્છતી હોય. જેમને એવું જીવન ગમે છે. સારો પતિ મળવો એ પણ એક મોટી સિદ્ધિ છે.'

તેની આ ટિપ્પણી પર વળી પાછાં બધાં હસ્યાં. હવે નેહાનો વારો હતો. તેણે કહ્યું : 'હું એવો પુરુષ ઈચ્છું છું કે જે મને એક સ્ત્રી તરીકે માન આપે. સાથે રહીને અને વ્યક્તિગત રીતે પ્રગતિ કરવા માટે અમે એકબીજાને પૂરતી મોકળાશ આપીએ. મારે માટે ન તો પૈસો કે ન તો એની નોકરી મહત્ત્વનાં છે.'

'ઓહ! નેહા! તું તો એક એવા કાલ્પનિક માણસની ઇચ્છા રાખે છે જેનું અસ્તિત્વ જ ન હોય.' ઉષાએ કહ્યું.

થોડા મહિનાઓ પસાર થયા. નેહાએ શિશિરથી પોતાનું અંતર રાખવાનું ચાલુ જ રાખ્યું. તે મિત્રતા તો નિભાવતી. છોકરીઓ પોતાની આસપાસ ઘૂમે ને તેના બોલને ઝીલે તેવું કરવા શિશિર ટેવાયેલો હતો, પણ નેહા તેમાંથી બાકાત હતી. કારણ કે તેની પ્રકૃતિ ખૂબ જ શાંત ને ધીરજવાળી હતી. આ કારણે જ શિશિર તેના તરફ વધારે ને વધારે આકર્ષણ અનુભવતો. તેને તે ખૂબ ગમતી. તે ઈચ્છતો કે નેહા પોતાની સાથે બહાર આવે. તેઓ મોટાભાગે તો ગ્રૂપમાં ફરતાં. તેણે તેને ક્યારેય એકલીને ડિનર માટે બોલાવી નહોતી. તેણે નેહાને ફોન કર્યો અને કહ્યું : 'તું મારી સાથે આજે રાત્રે પિક્ચર જોવા આવીશ? ત્યાંથી આપણે બહાર રાત્રે જમી લઈશું. આ આપણી અંગત મુલાકાત બની રહેશે.' પણ નેહા તરફથી કોઈ જ પ્રતિભાવ ન સાંપડ્યો. તેણે કહ્યું : 'નેહા, તું કંઈક કહે તેની હું રાહ જોઉં છું.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

થોડીવાર અટક્યા પછી નેહાએ જવાબ આપ્યો : 'સૉરી, મને માફ કર. પણ હું આવી શકીશ નહીં.'

'શા માટે? શું આ પહેલાં તું કોઈ સાથે કમિટેડ છે? શું તું બીજા કોઈને મળવા જવાની છે?'

'ના, મારે એવી બીજી કોઈ જ યોજનાઓ નથી. બસ, હું આવવા ઈચ્છતી નથી એટલું જ.'

'અરે ચાલને નેહા, તારા માટે આ સારો ચેઇન્જ રહેશે. હું તને છ વાગ્યે થિયેટર પર મળીશ.'

શિશિરે ફોન મૂકી દીધો. ઘરમાં તો, જો તે થોડો વધુ આગ્રહ કરે તો તેની મૉમ તરત જ સંમત થઈ જતી. તેને ખાતરી હતી કે નેહા પણ સંમત થઈ જશે.

તે થિયેટર પર ગયો પણ નેહા સમય પર ત્યાં ન આવી. તેણે અડધો કલાક રાહ જોઈ. તે ન આવી તેથી તેને ખૂબ ખરાબ લાગ્યું. તેણે તેને ફોન કર્યો. નેહાએ ફોન ઉપાડ્યો ને કહ્યું : 'હું આવવાની નથી, એનો અર્થ એ જ કે હું સાચેસાચ આવવાની નથી.'

શિશિર ખૂબ જ ગુસ્સે થયો. તેણે નક્કી કર્યું કે થિયેટરમાં અંદર જવું અને પોતે એકલાએ પિક્ચર જોવું. પિક્ચર તો પડદા પર ચાલતું જ રહ્યું, પણ તેનું મગજ જરાયે ઠેકાણે નહોતું. શિશિરને થયું : 'મને કોઈ ના પાડી જ કેમ શકે? હું દેખાવડો, ધનવાન અને બુદ્ધિશાળી છું. મારી પાસે ઘણું બધું છે, મને ઘણું બધું મળ્યું છે. મારા પિતા મોટા માણસ છે. તેમને પોતાની હૉસ્પિટલ છે. સમાજમાં અમારી ખૂબ પ્રતિષ્ઠા છે. કોઈપણ છોકરીને આ સિવાય જોઈએ પણ શું?' તેને તેના કાન પર વિશ્વાસ જ નહોતો બેસતો. તેણે જીવનમાં ક્યારેય 'ના' શબ્દ સાંભળ્યો જ નહોતો. તેને પોતાની સખત મહેનત, બુદ્ધિમત્તા અથવા પૈસાને કારણે તેણે જે ઈચ્છ્યું તે બધું જ તેને મળ્યું અને ક્યારેક તો તેણે પોતાના ગુસ્સાને કારણે પણ મેળવ્યું હતું. જો તેણે ડોલીને બોલાવી હોત તો એ સાત સમુદ્ર પાર કરીને પણ તેની પાસે આવી હોત.'

'ચિત્રદુર્ગાની એક સાવ સામાન્ય છોકરી, ટોળામાં જેની કોઈ ઓળખ જ નથી, તેને મારા કરતાં સારો છોકરો ક્યારેય મળી જ ન શકે. જો તેણે ''ના'' પાડી છે તો તે કાં તો અવ્યવહારુ છે અથવા મૂર્ખ છે. શક્ય છે કે તેના નસીબમાં સારું-સુખી જીવન હશે જ નહીં.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

નેહા કરતાં પણ સુંદર અને સમાજમાં જેનું કંઈક સ્થાન હતું તેવી નીતા અને બીજી છોકરીઓ વિશે તે વિચારવા લાગ્યો. તેઓએ તેની સાથે ડેટ પર જવા માટે કેટલીય વિનંતી કરી હતી. તેનો ગુસ્સો કાબૂ બહાર જવા માંડ્યો, તે બેબાકળો થઈ ગયો. તેની હથેળીઓ પરસેવાથી રેબઝેબ થઈ ગઈ. પછી તે શાંત થયો ને વિચારવા લાગ્યો, 'હું શા માટે ચિત્રદુર્ગાની આ છોકરીની આટલી બધી ચિંતા કરું છું? તે કોઈપણ બાબતમાં મારી સમકક્ષ નથી. હું શા માટે તેના તરફ આકર્ષાયો? મેં તેની સમક્ષ લગ્નની દરખાસ્ત પણ મૂકી નથી. મેં તો તેને માત્ર ડેટ માટે જ બોલાવી'તી.'

શિશિર અડધું પિક્ચર જોઈને થિયેટરની બહાર આવ્યો. જમવા માટે તેણે ડિનર રિઝર્વેશન કરાવેલું તે રદ કરાવી ને પોતાના રૂમમાં ગયો.

બીજે દિવસે તે જાણવા ઈચ્છતો હતો કે ના પાડવા પાછળ તેનું કારણ શું હતું. તે નેહાની કૉલેજ પર ગયો ને લંચ માટેના સમયની રાહ જોવા લાગ્યો. તેણે તરત જ નેહાને શોધી કાઢી. તે એક ટેબલ પર પોતાનું ભોજન કરતી હતી. તે તેના ટેબલ પર

પોતાનું લંચ લેવા બેઠો. તેણે ગુસ્સાભર્યા અવાજે પૂછ્યું : 'હું જાણી શકું કે કાલે તું કેમ નહોતી આવી?'

'શિશિર, હું શા માટે નહોતી આવી તે જાણવાની તારે જરૂર નથી. તું મને આવી બાબતો માટે આગ્રહ ના કરી શકે.'

'તેનો અર્થ એ કે તારા મનમાં બીજી કોઈ વ્યક્તિ છે. જો એમ હોય તો તેં મને પહેલાં જણાવ્યું કેમ નહીં?' તેને ઈર્ષ્યા થવા માંડી.

'ના, મારા મનમાં બીજું કોઈ નથી. તું એક સારો મિત્ર છે અને સારી વ્યક્તિ છે. ગમે તે હોય, મેં તે વિશે વિચાર્યું છે અને નિર્ણય પણ લઈ લીધો છે. હું આનાં પરિણામો વિશે સભાન છું. મને તારા જેવો ધનવાન, પ્રતિષ્ઠિત અને દેખાવડો માણસ નહીં મળે તો કંઈ નહીં, એ મારે માટે સારું જ છે. મને એવી કોઈ મહત્ત્વાકાંક્ષા નથી. હું તારી સાથે ડેટ માટે આવવા ઈચ્છતી નથી.'

'છતાં હજી પણ હું કારણ જાણવા ઈચ્છું છું.' શિશિરે આગ્રહપૂર્વક કહ્યું : 'છેવટે સાચી વાત જાણીને મને ખુશી થશે.'

'શિશિર, સાચું કહેવું એ કાંઈ બહુ મોટી વાત નથી. પણ લોકો તેને કેવી રીતે લે છે એના પર એનો ઘણો આધાર છે. કેટલાક માણસો તરત જ પ્રતિભાવ આપી દે છે, કેટલાક તેનો સરળતાથી સ્વીકાર કરી લે છે અને પોતાનામાં સુધારો કરે છે. જ્યારે બીજા કોઈ ભાવનાત્મક રીતે પડી ભાંગે છે. જો તું કોઈ પણ કડવાશ વગર, તે વાત સાંભળી શકવાની, સત્ય પચાવી શકવાની ક્ષમતા ધરાવતો હોય તો પછી હું તને કહીશ.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'હા, હું તે પચાવી શકીશ, સાંભળી શકીશ. પણ મારે સત્ય જાણવું છે.'

'તો સત્ય એ છે કે આપણા બંનેની વિચારધારાઓ એકદમ અલગ છે. તારો ઉછેર જુદી રીતે થયો છે. એ ઉપરાંત જીવન પ્રત્યેનો તારો અભિગમ એકદમ જુદો છે. તારું મોડર્ન ઍજ્યુકેશન હોવા છતાં તારો માઇન્ડ સેટ બદલાયો નથી. એક સ્ત્રી પાસેથી તે માત્ર સહાયક જ છે, તેવી જ આશા રખાય છે. બધી પરિસ્થિતિમાં તેણે જ અનુકૂલન સાધવું જોઈએ તેવું જ મનાય છે. તેનો સમાધાનકારી સ્વભાવ હંમેશાં એક સદ્‌ગુણ તરીકે જ લેખાય છે. મને તે રીતે જીવવું પસંદ નથી. હું કોઈનું પગલૂછણિયું બનવા ઈચ્છતી નથી. લગ્ન એ મારે માટે અંતિમ લક્ષ્ય નથી. બીજા પણ અનેક રસ્તાઓ છે જ્યાં સ્ત્રી પોતાનું જીવન પોતાની રીતે જીવી શકે તેમ છે.'

'તો તારું એમ કહેવું છે કે જીવન પ્રત્યેનો મારો અભિગમ અલગ છે?'

'આજના સમયમાં સમાજમાં એવું મનાય છે કે પૈસાથી બધું જ ખરીદી શકાય છે, પણ હકીકત એ છે કે પૈસો ખરેખર બધું જ ખરીદી શકતો નથી. જીવન પૈસા કરતાં ઘણું મહત્ત્વનું છે. તેમાં એકબીજાં સાથે નિસ્બત હોવી, આત્મીયતા હોવી એ જરૂરી છે.

એ વસ્તુ વ્યક્તિને ઘણો આત્મસંતોષ અને સુખ-આનંદ આપે છે. જગતમાં ત્રણ પ્રકારના પુરુષો હોય છે. પહેલા પ્રકારના પુરુષોમાં મોટાભાગના એવું માનતા હોય છે કે પુરુષ જ નાયક છે અને તે એવું વિચારતા હોય છે કે તેઓ જ ચડિયાતા છે અને તેમની પત્નીએ તેમને અનુસરવું જ જોઈએ. જ્યાં સુધી તેની પત્ની તેના કહ્યા પ્રમાણે કરે, તેને અનુસરે ત્યાં સુધી તે આનંદથી પત્નીની દેખભાળ કરે છે. તે એમ માને છે કે તેણે પોતાના જેટલી દુનિયા જોઈ જ નથી. અથવા તે પોતાના જેવી બુદ્ધિશાળી નથી. પત્નીને બદલે તે જ નિર્ણયો લઈ લે છે. જીવનની આ જ રીત છે તેમ સમજી મોટા ભાગની સ્ત્રીઓ એ નિર્ણયો સ્વીકારી લે છે. જે લોકો આવું માનતા નથી કે સ્વીકારતા નથી કે આની સામે બળવો કરે છે તેમને સમાજમાં સહન કરવું પડે છે.

બીજા પ્રકારમાં એવા પુરુષો આવે, જે સ્ત્રીઓને કુશળતા પ્રાપ્ત કરવા માટે મોકળાશ આપે છે. તેઓ સ્ત્રીના કાર્યના સંદર્ભમાં પોતાનું જીવન ગોઠવે છે, સ્ત્રીના સંદર્ભમાં અનુકૂળ થઈ જાય છે ને પત્ની કરતાં એક સ્વતંત્ર વ્યક્તિત્વને કારણે તેમને સન્માન આપે છે. પણ આ કક્ષાના માણસો ખૂબ ઓછા મળે.

ત્રીજા પ્રકારમાં એવા પુરુષો આવે જેઓ પોતાની સ્ત્રીઓને સાચા અર્થમાં જીવનની સહભાગીદાર ગણે છે, સમકક્ષ ગણે છે ને બંને એકબીજાંની સાથોસાથ રહે છે. મને પહેલા પ્રકારના પુરુષો જરાય પસંદ નથી.. જરાય નહીં.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

શિશિરે તેને રોકતાં કહ્યું : 'તું એમ કહેવા માંગે છે કે હું સ્ત્રીઓ સાથે ખરાબ વર્તન કરું છું ને તેમને ઊતરતી ગણું છું? આ પ્રકારની વાતો કરવાની તારી હિંમત કેમ ચાલી?'

'શિશિર, આ બાબતને જરા સહેલાઈથી લે. મેં એ પ્રકારનું કંઈ કહ્યું જ નથી. પણ તારો અભિગમ તો એ જ છે કે સ્ત્રીઓએ જ બધી રીતે અનુકૂળ થવું જોઈએ, તેથી હું ચિંતિત છું. પાછળથી પસ્તાવું પડે એનાં કરતાં સંબંધ બાંધતાં પહેલાં એકબીજાને સમજવા એ ઘણું સારું છે. આવા જ કોઈ કારણસર મારા કુટુંબે ઘણું સહન કર્યું છે.'

'તું કહેવા શું માંગે છે?'

'મેં મારી અંગત જિંદગી વિશે ક્યારેય તારી સાથે ચર્ચા કરી નથી. મારે બહેન છે નિરજા. જેને પોતે ઘણાં લાંબા સમયથી ઓળખતી હતી તેવા પોતાના સહાધ્યાયી સાથે તે પરણી. અમને બધાંને એવું લાગ્યું કે ભલે છોકરો દેખાવડો હોય પણ તે અને તેનું કુટુંબ ખૂબ જ સત્તાધીશ સ્વભાવવાળું છે. મારાં માતાપિતાએ તેને ચેતવી પણ હતી ત્યારે નિરજાએ કંઈ ગણકાર્યું નહોતું. ત્યારે તેણે એમની વાતને એક કાનેથી સાંભળી બીજે કાને કાઢી નાંખી હતી. તેણે કહેલું કે અમારી વચ્ચે તો માત્ર મૈત્રી છે. અમારી વચ્ચે સારો પરિચય છે. પછી એ પરિચય પ્રેમમાં પરિવર્તન પામ્યો. પ્રેમને કારણે અંતે

બંને લગ્નગ્રંથિથી જોડાયાં. છેવટે તેને ખૂબ જ સહન કરવું પડયું. ઘરની બહાર બધાં સાથે તેનો પતિ ખૂબ જ સરસ રીતે વર્તતો પણ તેનાં જીવનની તમામ બાબતોમાં તે જ સત્તા ભોગવતો. નોકરીની પસંદગી, ઘર ખરીદવું, બાળક હોવું કે નહી – એ બધું તે કહે તેમ જ કરવું પડતું. તે પોતાની જાતે કશું જ કરી નહોતી શકતી, પોતાની રીતે જીવી જ નહોતી શકતી. તેને રોજ ગૂંગળામણ થવા માંડી. તે હવે ઝાઝું સહન કરી શકે તેમ હતું જ નહી. છેવટે તેઓ છૂટા પડયા અને ડિવૉર્સ લઈ લીધા. તેણે મને સલાહ આપી છે કે, 'પ્રેમ આંધળો છે ને તેથી જ હું ક્યારેય તેનો સાચો સ્વભાવ જાણી ન શકી, સમજી ન શકી. જો મેં શાંત ચિત્તે અને તટસ્થતાથી એનો વિચાર કર્યો હોત તો હું વધારે સારો નિર્ણય લઈ શકી હોત.' ડિવૉર્સની પ્રોજિસરમાંથી પસાર થવું એ તો નર્કની વેદના જેવું પીડાદાયક છે, ખાસ કરીને આપણા સમાજમાં એક છોકરી માટે તો તે ખૂબ જ વસમું છે. પેલો છોકરો તો એક જ વર્ષમાં ફરી પરણી ગયો. પણ એ પછી નિરજાએ તો બીજા છોકરાઓ જોયા જ નહી. તે એટલી બધી ભાંગી પડી હતી. એકવાર જે ભોગ બન્યું હોય તે બે વાર વિચારે. દૂધનો દાઝયો છાશ ફૂંકીને પીવે. જો બે વ્યક્તિઓને સંબંધની શરૂઆતમાં જ કંઈક અસુખ લાગતું હોય તો પછી મિત્રતા કે લગ્ન બેમાંથી એકેય તેમાં ફેરફાર લાવી શકે નહી. આવી પ્રોસિજરમાંથી પસાર થવા કરતાં કુંવારા રહેવું એ વધારે સારું છે. તેથી જ જ્યારે આપણે નૌકાવિહાર કરવા ગયાં ત્યારે મેં કહ્યું હતું કે હું સમકક્ષ જીવનસાથી ઈચ્છું છું. તું તારા સ્વજનોને પૂછ. તું સ્ત્રીઓને સાચા અર્થમાં સન્માને છે? તું તેમને સમકક્ષ પાર્ટનર માની શકે છે? તારી નેતાગીરી તો આધિપત્યપૂર્વકની હોય છે જેથી બીજાઓએ તેને અનુસરવું પડે છે. સાચી નેતાગીરી તો એ છે કે તારે બધાંનો અભિપ્રાય મેળવવો જોઈએ, તેમની જરૂરિયાતો જાણવી જોઈએ ને પછી બધાંનું હિત થાય, બધાંનું સારામાં સારું થાય તેવો નિર્ણ ય લેવાય. સાચો નેતા લાગણીથી – પ્રેમથી આગળ વધે, નહી કે સત્તાથી. તારો પોતાનો આત્મા જ તારો સૌથી મોટો ન્યાયાધીશ છે.'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

તેના જવાબની રાહ જોયા વગર નેહા બહુ શાંતિથી ટેબલ છોડી નીકળી ગઈ.

શિશિર આ આખી ઘટનાને કારણે એકદમ બેચેન થઈ ગયો. તેને શાંત થતાં થોડો સમય લાગ્યો. એ ત્યાં બેસી જ રહ્યો. તેણે વિચાર્યું, 'જો મેં સૌથી વધારે સંવાદો કોઈ સ્ત્રી સાથે કર્યા હોય તો તે મારી મૉમ સાથે. પણ મેં તેની સાથે કેટલા વિચારોની લેવડદેવડ કરી છે? મારા માટે મારા ડૅડ આદર્શ છે. તે તેમની પત્ની સાથે જેવો વ્યવહાર કરતા તેવો વ્યવહાર સ્ત્રીઓ સાથે કરવો તેવી જ મારી સમજ રહી. એમનો વ્યવહાર મારે માટે સંકેતરૂપ હતો. મૉમ કહેતી હતી કે રોલ મોડેલ્સ બહાર અસ્તિત્વ નથી ધરાવતા, તે તો ફેમિલીમાં જ હોય છે. પૅરેન્ટ્સ જ બાળકો માટે રોલ મોડેલ્સ થઈ શકે તે સાચું છે.'

તે જાણતો હતો કે બીજી છોકરીઓની જેમ નેહા તેને ગળે પડવાનો પ્રયત્ન કરતી નથી. વળી તે બાબત પણ જાણતી નહોતી કે જેને પોતે પહેલી વાર મળી તે કોણ

છે. તે મૉમ જેવી ટ્રાન્સપરન્ટ અને ઓનેસ્ટ છોકરી છે. તેને નવાઈ લાગી, 'મારી મૉમને કિયન સિવાય કોઈ પણ બાબતમાં નિર્ણય લેવાનો અધિકાર છે? તેને કોઈ જ સ્વતંત્રતા નથી. દરેક બાબતમાં મારા ડૅડ જ નિર્ણય લે અને મારી મૉમને તેને અનુસરવું જ પડે. જો તે પ્રમાણે ના કરે તો પણ નિર્ણય લેવાય અને તેને દુ:ખી જ કરે. મારી માતા જે સહન કરી રહી છે તે અંગે કે તેમની ભૂલો અંગે કોઈએ મારા પિતાને ક્યારેય કશું કહ્યું જ નહીં. તેણે આટલો બધો ભોગ આપ્યો તો પણ આજે તેની કોઈ ઓળખ નથી.'

એકાએક તેને સમજાયું કે નેહા શાના સંદર્ભમાં વાત કરી રહી હતી. તેને એકદમ આંચકો લાગ્યો. એનો અર્થ એ જ થયો કે તેના ડૅડ સાથે રહેવામાં તેની મૉમ આવા ભયંકર દુ:ખમાંથી પસાર થઈ હતી. નેહા એક આધુનિક છોકરી હોવાથી સમજી શકી હતી કે સારા પુરુષો પણ અસ્તિત્વ ધરાવતા હોય છે. જ્યારે મૃદુલા તો એ બાબતે સભાન જ નહોતી. નેહાને તે ગુમાવવા માંગતો નહોતો. તે પ્રામાણિક, દરકાર લે તેવી અને હિંમતવાળી છે. તે તેને માટે સંપૂર્ણ સંતુલિત જીવનસાથી બની રહે તેમ છે. માત્ર વધુ સારા માટે અને પોતાના માટે તેણે બદલાવું જરૂરી છે. પરિવર્તન લાવવું એ કાંઈ સહેલી વાત નથી પણ તે અશક્ય પણ નથી. જો તે પોતાનામાં બદલાવ ના લાવે તો સુખી લગ્નજીવનથી થતાં તમામ લાભો તેણે ગુમાવવા પડે.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

તેનું મન નેહા અને મૃદુલ વચ્ચે ઝોલાં ખાવા લાગ્યું. તેની મા ઘણી વાર કહેતી, 'શિશિર, આજે સમય ઘણો બદલાઈ ગયો છે. હવે છોકરીઓ સ્વતંત્ર છે. જીવનસાથી પાસેથી તેમની અપેક્ષાઓ ઘણી વધારે હોય છે. છોકરાઓએ છોકરીઓને અનુકૂળ થવા બદલાવું જોઈએ કારણ કે પરંપરાગત રીતે તો માત્ર એવું જ અપેક્ષિત હતું કે સ્ત્રીઓએ જ અનુકૂળ થવું જોઈએ અને બદલાવું જોઈએ, પણ આજનું આધુનિક જગત છોકરાઓ પણ બદલાય તેવું ઝંખે છે, તું મારી સાથે જે રીતે વર્તે છે તે રીતે તું તારી પત્ની સાથે નહીં વર્તી શકે. માત્ર પૈસાને કારણે કોઈ આધુનિક છોકરી સુખી ના થાય. એની કાળજી રાખવી, સાચા સાથીદાર થવું અને જવાબદારી નિભાવવી એ આધુનિક લગ્નોને સુખી બનાવવાની ચાવીરૂપ બાબતો છે.'

તેણે વિચાર્યું, 'મારી મૉમ આ બધામાંથી કેટલી શાંતિપૂર્વક પસાર થઈ છે – તેને સુખી થવાનો હક્ક છે.' નાના બાળકની જેમ તેને એકાએક ઘર ખૂબ યાદ આવ્યું. તે તેની માતાને વળગવા, ભેટવા ઈચ્છતો હતો. માતાની મુશ્કેલીઓના વિચારથી જ તેની આંખો આંસુઓથી ભરાઈ ગઈ. શિશિરે આજે પહેલી વાર પોતાની માતાને બીજા દૃષ્ટિકોણથી, બીજા પરિપ્રેક્ષ્યથી જોઈ. તેણે પોતાનો ફોન બહાર કાઢ્યો ને માતાને ફોન કર્યો.

ફોનની ઘંટડી વાગતી હતી. તેના પિતાએ ફોન ઉપાડ્યો. શિશિરે પૂછ્યું : 'કેમ છો, ડૅડ? મારે મૉમ સાથે વાતો કરવી છે. તમારી મેરેજ ઍનિવર્સરી કેવી રહી?'

સંજયે બહુ જ કુમાશથી આંસુભરી આંખે કહ્યું : 'બેટા, એ સેલિબ્રેટ થઈ ન શક્યું.'

'પણ કેમ?'

'કારણ કે તારી મૉમે મને છોડી દીધો છે અને તે અલાદહલી ગઈ છે.'

'ઓહ! તે ક્યારે પાછી આવશે?'

'હું જાણતો નથી.'

'કમઑન ડૅડ! મૉમ હંમેશ માટે ગુસ્સો કરે એવી નથી. તેવો તેનો સ્વભાવ જ નથી. તે થોડા જ સમયમાં જરૂર પાછી આવશે. અપસૅટ ન થાવ.'

'શિશિર, તેણે પોતાની ટ્રાન્સફર ત્યાં કરાવી દીધી છે.'

'તો તો વાત ખૂબ સિરિયસ ગણાય. તમે કાયમ તેને નિગ્લેટ કરતા અને તેની વાતને ગણકારતા નહોતા. છેવટે તમે પ્રયત્ન કરો ને તેને પાછી લાવો. જો તમે બરાબર ધ્યાન કેન્દ્રિત કરશો તો તમે જરૂર સફળ થશો.'

'ઓકે, શિશિર, બોલ કામકાજ કેવું ચાલે છે?'

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

'કામકાજ સરસ ચાલે છે. મને હૉમ અને મૉમની ખોટ સાલે છે. હું ત્યાં હતો ત્યારે હું ક્યારેય સમજી ન શક્યો કે તે કેટલી મહત્ત્વની છે. જ્યારે હું અહીંની સ્ત્રીઓને જોઉં છું, ત્યારે મને મૉમના સ્વાર્થરહિત સેક્રિફાઇઝનું મહત્ત્વ સમજાય છે. ભલે બીજી રીતે પણ એ તમારા જેટલી જ મહાન છે. ડૅડ, તેની મદદ વગર તમે આટલું મોટું સામ્રાજ્ય, આટલી મોટી હૉસ્પિટલ વગેરે ઊભું ન કરી શક્યા હોત. તે તમારી તાકાત હતી અને છે. હું ત્યાં હતો ત્યારે તેની સલાહો પર હસતો, મશ્કરી કરતો, પણ આજે હું તેના કહ્યા પ્રમાણે ચાલું છું. અરે, રાત્રે વહેલા સૂઈ જવાનું અને સવારે વહેલા ઊઠવાની વાત પણ માનું છું ને તે પ્રમાણે કરું છું. ડૅડ, માત્ર ચાર દીવાલો અને મોજશોખના ભવ્ય સાધનોથી ઘર બનતું નથી. ઘર મધર અને ફાધરથી બને છે. ચિંતા છોડો, ખુશીથી ઊભા થાવ ડૅડ! મૉમને પણ તમારા વગર જીવવું કઠિન જ પડતું હશે. તે તમને બોલાવે તેની રાહ જોતા બેસી ન રહો. તમારે જ પહેલ કરવી જોઈએ. જોકે હું પણ પ્રયત્ન કરું છું અને તેની સાથે વાત કરું છું.'

સંજયને ખૂબ નવાઈ લાગી. તેમનો પુત્ર, જે અત્યાર સુધી પોતાને હીરો તરીકે સમજતો હતો, તે ઘરથી દૂર જતાં કેવો બદલાઈ ગયો. જીવનને તે કોઈ જુદા જ પ્રકાશથી, કંઈક અલગ રીતે જ જોઈ રહ્યો છે.

બીજા દિવસે સંજય મૃદુલાના ફોનની રાહ જોઈ રહ્યો. તેણે બધા જ ફોન બહુ આતુરતાથી ઉપાડ્યા પણ તેણે તેને કૉલ ન કર્યો. મૃદુલાને ફોન કરવામાં તેને તેનો અહંકાર આડે આવતો હતો. તેનો અહમ્ તેને ફોન કરતાં રોકતો હતો.

દિવસો વિતવા લાગ્યા. પોતે જે કાંઈ કરતો હતો તેમાંથી સંજયનો રસ ધીમે ધીમે ઘટવા લાગ્યો. થોડાંક જ અઠવાડિયાંમાં હૉસ્પિટલમાંથી પણ તેનો રસ ઘટી ગયો.

શિશિર તેની તપાસ કરતો રોજ ફોન કર્યા કરતો.

❑

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

આશાનાં કિરણો

એમ કરતાં કરતાં બે મહિના પસાર થઈ ગયા.

હનુમાન મંદિરની સામે આવેલા વિશાળ વડ પર બાંધેલા હિંચકે મૃદુલા ઝૂલી રહી હતી. અત્યારે ઊદગીનો સમય હતો અને ફેબ્રુઆરી કે માર્ચ મહિનો ચાલી રહ્યો હતો. ઉનાળાની હજી શરૂઆત જ હતી. આંબાને કુમળાં રાતાં-લીલાં પાંદડાં હતાં ને કોયલ કુહૂ... કુહૂ...નો મીઠો મધુરો અવાજ કરી રહી હતી. ગામનું દરેક જણ ઉત્સવની તૈયારીમાં વ્યસ્ત હતું, છતાં મંદિર પાસે એકદમ નીરવ શાંતિ હતી.

પણ મૃદુલા તો આ બધાંથી સાવ અલિપ્ત હતી. કશા જ ભાર વગર એ મુક્ત મને ઝૂલી રહી હતી. તે ખૂબ સુખી અને ખુશ હતી.

મૃદુલા બધાં જેવી નહોતી. તે થોડી અલગ હતી. હીચકા પરથી તે તેનું ઘર જોઈ શકતી. જીવન માટે તે અતિ ઉત્સાહી હતી. તેનામાં વાંચવાની, રસોઈ કરવાની અને ચિત્રકામ કરવાની અસાધારણ શક્તિ હતી. તે દરેક ક્ષણ અર્થપૂર્ણ, સ-ફળ રીતે પસાર કરવા ઈચ્છતી હતી. સૂર્ય જાણે કે તેને માટે જ ઊગતો ને મેઘધનુષ પણ તેને માટે જ હતા. દરેક દિવસ ભરપૂર રીતે જીવતી અને દરેક સુંદર ક્ષણને તે મનભરીને માણતી.

JOIN TELEGRAM CHANNEL @BOOKHOUSE1

એકાએક મૃદુલાને લાગ્યું કે કોઈ તેના હીચકાને બંધ કરવાનો, રોકવાનો પ્રયત્ન કરી રહ્યું હતું. તેણે સફાળા પાછળ ફરીને જોયું, તો...

સંજય પોતાના એક મજબૂત હાથથી હીચકો પકડીને ઊભો હતો.

●●